પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : ર. મ. ર.

તંત્રી : ધીરુ પરીખ

સળંગ અંક ૮૮૯

જાન્યુઆરી ૨૦૦૨
વર્ષ ૭૫મું



વધ માટેના પશુને શણગારવાની સાજ-સામગ્રી. તામિલનાડુ, નિલગિરિ, ટોડાની આ શણગારસામગ્રી કોટા જાતિએ બનાવેલી છે. સમય છે ઈ.સ. ૧૮૭૫ ની આસપાસનો. એમાં સુવર્ણ, રજત, કોડીઓ, કાળા સૂતરના દોરાધાગા તથા કાપડનો ઉપયોગ કરાયો છે. ઉપર જે બે મોટા ચંદા છે તેનો વ્યાસ ૪૨ સે.મી. અને નીચેના નાના ચંદાનો વ્યાસ ૨૬.૭ સે.મી. છે. આ હારની લંબાઈ ૮ ફૂટ ૬ ઈંચની છે, અને એનું વજન ૩૦ રતલ છે.



પાઈનવૃક્ષ] [સેઝાં

સેઝાંએ યુવાવયે 'ધ ટ્રી શેકન બાઈ ધ ફ્યુરી ઑફ વિન્ડ' નામક કાવ્યરચના કરી હતી. તેમાંનો શબ્દચિતાર અહીં તેણે લૅન્ડસ્કેપમાં ઉતાર્યો છે. ૩૩" x ૩૬$\frac{3}{4}$" ના આ ચિત્રમાં પવનની થાપટો સામે ઝીંક ઝીલી રહેલા પાઈન વૃક્ષનું આબાદ ચિત્ર સર્જ્યું છે. વળખાતી ડાળીઓના લાંકમાં પવનની ગતિનો અનુભવ કરી શકાય છે.

કુમાર
KUMAR

Editor : DHIRU PARIKH

Phone : 2143745

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

An Encyclopedic Family Magazine of High Taste

1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક-વાચક રહ્યા છો. આપ એ જાણો છો કે કલાગુરુ રવિશંકર રાવળે ૧૯૨૪માં સ્થાપેલું 'કુમાર' ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે. શ્રી બચુભાઈ રાવતે એને પૂરેપૂરું સંસ્કાર્યું અને સંવર્ધ્યું. પરન્તુ વચ્ચે ત્રણ વર્ષનો આકસ્મિક સ્થગિતકાળ આવી ગયો. આથી ઈ.સ. ૨૦૦૨નું વર્ષ એના પ્રકાશન-સાતત્યનું ૭૫મું વર્ષ હશે.

આ પંચોતેર વર્ષથી 'કુમાર' સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી તો કુમાર સરેરાશ વાર્ષિક ૮૦૦ થી વધુ પૃષ્ઠોનું વાચન આપતું આવ્યું છે. એ પૃષ્ઠસંખ્યામાં હજુ પણ વૃદ્ધિ કરવાનો અમારો મનસૂબો છે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના પ્રકાશનપર્વે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહો જ અને સાથે સાથે એક નવા ગ્રાહકને નોંધી આપો. આથી આવા સંસ્કાર-પત્રને ચલાવવામાં પ્રોત્સાહન રહેશે.

આ ૭૫મા પ્રકાશનપર્વ નિમિત્તે અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષ નિમિત્તે અમે જે શાળા-મહાશાળા કે વિદ્યાર્થીઓ નવા ગ્રાહક થવા માગતા હશે તેને માટે લવાજમ માત્ર રૂ. ૧૦૦=૦૦ રાખ્યું છે. **શાળા-મહાશાળા કે વિદ્યાર્થીએ શાળાનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. આ યોજનાનો લાભ કાર્યાલયને સીધું લવાજમ મોકલનાર જ લઈ શકશે.**

આ ૨૦૦૨ના વર્ષ દરમિયાન નવા ગ્રાહક થનારને કે જેમનું લવાજમ જે તે માસમાં પૂરું થતું હોય ત્યારે નવું લવાજમ રૂ. ૧૫૦=૦૦ મોકલી ગ્રાહકપદ ચાલુ રાખનારને લગભગ ૪૦ પૃષ્ઠની એક પુસ્તિકા ભેટ મોકલાશે, જેમાં 'કુમાર'ના છેલ્લા પાને આવેલાં આરોગ્યસૂત્રો સંગૃહીત કરવામાં આવ્યાં હશે.

'કુમાર'નો ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ. ૧૦૦૦/-, અડધું પાનું રૂ. ૫૦૦/-

આ પાના પર આપ જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦=૦૦ છે તથા પરદેશનું લવાજમ હવાઈ માર્ગે રૂ. ૧૦૦૦=૦૦ અથવા ડોલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. આપના લવાજમનો ડ્રાફ્ટ-ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ ઉમેરવા. લવાજમ મનિ ઑર્ડરથી પણ મોકલી શકાય છે. રૂબરૂમાં લવાજમ ભરવા માટે કાર્યાલયનો સમય સવારે ૧૧-૦૦થી ૫-૦૦નો રહેશે.

સ્નેહાધીન

તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

વાચકો લખે છે

'કુમાર'નો અંક ૮૮૫ વાંચ્યો. શ્રી પ્રફુલ્લ રાવલે સ્વ. મનુદાદાને યોગ્ય શ્રદ્ધાંજલિ અર્પી છે. પ્રફુલ્લ રાવલ સાહિત્યના આદમી છે તેથી મનુભાઈના સાહિત્યને પણ સારી રીતે જાણે. બંને શિક્ષણ સાથે પણ સંકળાયેલા છે. આપણા ગુજરાતી સાહિત્યમાં 'કુમાર', 'ભૂમિપુત્ર' જેવા સાહિત્યનાં સામયિકો ઓછાં જોવા મળે છે તે દુઃખ કરતાં આવા સાહિત્યની કદર કરનારા પાછા છે તે આનંદની વાત છે.

-પ્રકાશ ભટ્ટ (જોશીપુરા)

*

'કુમાર' અંક ૮૮૮ આજે મળ્યો. વિશિષ્ટ મુખ-પૃષ્ઠથી શોભતું 'કુમાર' ગમ્યું. પૂઠું ઊંચકતાં જ શિવ-મૂર્તિએ પ્રભાવિત કર્યાં અને એથી આગળ વધતાં, વેદનાને અમૂર્ત માધ્યમે મૂર્ત કરતી પેનોરેમિક છબીથી જલદી આગળ વધવા મન ન થયું ! પૂઠાં પરની એ વૈવિધ્યભરી ત્રિ-છબી અસામાન્ય રહી ! છપાઈ પણ સરસ છે આનંદ થયો !

પાઘડીના વળની જેમ, ડિસેમ્બરના વર્ષભરની કારકિર્દી સાંકળિયારૂપે હાજર હોય છે. બાર અંકમાં વિપુલ સામગ્રી મળી એનું દર્શન કરાવે છે ! આ સદીનું ઓપનિંગ વર્ષ સારું રહ્યું. પંચોતેરમાનું સરસ પ્રવેશદ્વાર બન્યું !

પર્યાય યોગાદ્વિહિતામ્ વિધાતા ।
કાલેન સર્વઃ લભતે મનુષ્યઃ ॥'

વિધાતા બધું જ પર્યાયક્રમે સજાવી રાખે છે, વખત આવ્યે માનવને બધું મળે છે. 'સર્વને મારા નમસ્કાર'માં કાનનદેવી લખે છે. આ શ્લોકે મનને પૂરેપૂરું હલાવી નાખ્યું... બધો ક્ષોભ ધોઈ નાખ્યો. પરિચયલેખ સારો રહ્યો. 'ઍન ફ્રેન્કની રોજનીશી'માં મથાળાની તસ્વીર જુદી જુદી આપી વિવિધતા દેખાડી શકાય. શાસ્ત્રીય સંગીતમાં આલાપ તથા એમાં ઉમેરાતા તાલ મનને ડોલાવે છે એ સંગીતની સાર્થકતા સ્વસ્થ મનતનને પણ સ્વાસ્થ્ય આપે જ.

-રમેશ બી. શાહ (સુરત)

*

જુલાઈ ૨૦૦૧ના અંકમાં 'માધુકરી'માં 'અડાલજની વાવ - એક પ્રેમકથા'થી વાવ વિષે માહિતી મળી છે. તેમાં ખૂંચે તેવી વાત એ છે કે 'પ્રેમ કહાણી-પ્રેમકથા' શાની ? કોની ? અંદર વાંચતાં મહંમદ બેગડાની પ્રેમકથા કહેવામાં આવી છે.

એક જુલમી રાજા બીજા રાજાને હરાવે અને તેની પત્ની પર કુબુદ્ધિ કરે તેને પ્રેમ કહાની-પ્રેમકથા કહેવાય ? એ તો તેની કામાંધતા અને ત્રાસ. તેને પ્રેમકથા કહી રાણીને અન્યાય તો કર્યો છે પણ તેના સિદ્ધાંત ખાતર ધણીના કામને પૂરું કરનાર પતિવ્રતાને જુલમી બેગડા સાથે જોડી દીધેલ છે. અત્યંત બાલીશ અને વાચકોનું ધ્યાન ખેંચવા જ આ લખાણ હોય તેવું લાગે છે અથવા આપે મથાળું 'એક પ્રેમકથા' એમ બાંધેલ હોય તો તમો પણ તે માટે જવાબદાર બનો છો.

-કનુભાઈ વ્યાસ (જૂનાગઢ)

[અહીં 'પ્રેમકથા' શબ્દ વપરાયો છે તે સામાન્ય આકર્ષણના અર્થમાં છે. વળી, પ્રેમમાં શરીરનું આકર્ષણ ના જ હોય તેવો કોઈ અફર નિયમ નથી. પ્રેમ અન્યની વિધવા સાથે થવો એ કોઈ ગુનો બનતો નથી. આ આપણી વિચારસરણીની એક મર્યાદા છે. એમાં આત્મિક પ્રેમ કરતાં દેહાકર્ષણ વધુ છે એ વાત સાચી, પરન્તુ એથી એ પ્રેમકથા ના કહેવાય એમ ના કહી શકાય. હિન્દુ-મુસ્લિમ કે જુલમી-પીડિત એવા દ્વંદ્વોથી પ્રેમભાવનાને અલગ કરીને જોવી જોઈએ. - તંત્રી]

હસમુખ રાવલકૃત 'વળામણાં' લઘુકથા બદલ તેમને અભિનંદન, રમણીક સોમેશ્વર કૃત 'એટલું ઘણું' કાવ્ય પણ ગમ્યું. ચિત્રકાર અવિનાશ ઠાકર છે, પરંતુ કલાવાર્તામાં તેમનાં ચિત્રો નીચે અશ્વિન ઠાકર ભૂલથી છપાયું છે.

ઘણાં વર્ષો પહેલાં સ્કૂલ, કૉલેજમાં હતો ત્યારે 'કુમાર'નો પ્રેમી હતો. પછી કેટલાંક વર્ષ પરદેશ (ગુજરાત બહાર)માં સર્વિસ નિમિત્તે ફરવાનું થયું ત્યારે 'કુમાર' સાથેનો નાતો તૂટેલ. ફરી તેની સાથે સંપર્ક ચાલુ કર્યો છે, તથા જાળવી રાખવા માગું છું.

-ગોવિંદ ક. માંડાણી (પૂણે)

*

'કુમાર'નો અંક તૈયાર કરવામાં પડતી મહેનતનાં દર્શન પ્રત્યેક અંકમાં થાય છે. દીપોત્સવી અંક પણ પ્રસંગોચિત મુખપૃષ્ઠ અને લેખ-કાવ્યોથી શોભે છે.

શ્રી વિક્રમભાઈએ લખેલો લેખ 'પાઘડી અને સાફા'મા આપેલા સાફા કદાચ હજુ મર્યાદિત છે ! લહેરિયા સાફાવાળા વરરાજા અહીં મારા એક એ નામના મિત્ર જેવા જ લાગે છે. શ્રી વિક્રમસિંહજી મળશે ત્યારે પુછાશે.

એક વાત નોંધવા જેવી છે કે 'કુમાર'માં આવતી જાહેરાતોમાં પણ સાહિત્યનો સ્પર્શ હોય છે. એ વિચારો, કાવ્યપંક્તિઓ કાર્યાલય જ મૂકતું હશે ને ?

-ભાસ્કરભાઈ સ્વાદિયા (જામનગર)

*

'કુમાર'નો દીપોત્સવી અંક અનેક દૃષ્ટિએ હૃદ્ય અને મનોહારી જણાય છે. જોરવરસિંહ જાદવનો માણભટ્ટ વિશેનો મોહક લેખ ગમ્યો. તો નાદિર શાહ વિશેની ઈતિહાસધારામાં સુંદર માહિતી છે. તેમાં નવરત્નોનાં નામની પણ જાણકારી સારી છે. તો મંજુલાબહેન દવેનો પરિચય પણ યોગ્ય રીતે અપાયો છે. ઉપરાંત રાજા રવિવર્માનાં પત્તાં વિશેનો લેખ પણ સારો

(અનુસંધાન પૃ. ૪)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૫મું | અંક ૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જાન્યુઆરી ૭૫મું વર્ષ ૨૦૦૨

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૮૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૨થી

છે. વળી, ડૉ. પ્રિયબાળાબહેનની કલમ હમણાંથી 'કુમાર'માં સક્રિય બની એ સર્વથા આવકાર્ય ઘટના ગણું છું. એમની અભિવ્યક્તિનું નાવીન્ય અને વિષયવસ્તુને ન્યાય આપવામાં મણિકાંચન સંયોગ જણાય છે. ખગોળશાસ્ત્રીના પ્રદાન વિશેનો લેખ પણ ઊંડી જાણકારી, નિસબત અને વિદ્વત્તાનો પરિચય કરાવે છે. જો કે અન્ય ગુજરાતી માસિકો કે સામયિકોના સંદર્ભે જોઈએ તો 'કુમાર'ના અક્ષરો ઝીણા હોઈ મુસાફરી દરમ્યાન વાંચી ન શકાય એવા જણાય છે. સમયની અછતની આ ઝડપી જિંદગીમાં મુસાફરીમાં વાચન કરવાની વૃત્તિ કેળવેલા લોકોને, વૃદ્ધોને જો મોટા અક્ષરોમાં વાંચવા મળશે તો વધુ સુખકર બનશે.

'કુમાર'ના છેલ્લા બે-ત્રણ અંકો વિશે સંયુક્ત વાત કરવી છે. ડૉ. કિરણ શિંગ્લોતનો 'આપઘાત અને જાહેર માધ્યમ' ખૂબ જ ઉપયોગી લેખ હતો. બે-ત્રણ યુવાનોને લેખ વંચાવ્યો છે. યુવાશિબિરમાં પણ એ વાત મૂકીશ.

ડૉ. સુશ્રુત પટેલનો લેખ જ એક ઉત્તમ ખગોળશાસ્ત્રીનો પરિચય વિગતે કરાવી ગયો. ઉપરાંત સંસ્કૃત ગ્રંથની પ્રકરણવાર માહિતી પણ એમાં વાંચી તેથી પ્રસન્નતા થઈ. અભિનંદન.

-મધુસુદન વ્યાસ (મોડાસા)

*

'કુમાર'ના દરેક અંકમાં ઉચ્ચ કોટિનું સાહિત્ય પીરસવાથી 'કુમાર' અગાઉ કરતાં ઘણું પ્રભાવશાળી થયું છે. ઍન ફ્રેન્કની રોજનીશી અત્યંત રોચક છે. પણ મારો મત એવો છે કે દરેક હપ્તામાં ઍન ફ્રેન્ક અંગે ટૂંકમાં જો બૅકગ્રાઉન્ડ અપાય તો વચ્ચેથી વાંચતા વાચકને પણ તેમાં રહેલી એકસૂત્રતાનો અહેસાસ થાય.

-વાય.એમ. ચીત્તલવાલ (રાજકોટ)

*

કાનનબાલા દેવી-ના લખાણમાં, તેમણે લખેલ જીવનકથામાં અધૂરી રહેલી વિગતો પૂરી પાડી તે માટે આભાર. કાનનદેવીનું આ વિશેનું મૌન ખરેખર, ઉદાહરણીય છે, અને માન ઉપજાવે છે. ભવિષ્યના આત્મકથા-લેખક માટે એક બોધપાઠ છે.

મારા મત પ્રમાણે લતા મંગેશકર હજી કુંવારાં છે અને તેથી તેમને માટે 'શ્રીમતી' સંબોધન પાન નં. ૭૫૮ ઉપર આપેલ છે તે અનુચિત છે. અંક વાંચવાની મજા આવી, કારણ કે શાહી અને કાગળનો સુમેળ હતો. ભવિષ્યમાં પણ આવી રીતે 'કુમાર' છાપશો તેવી વિનંતી.

-જયંત ચૌહાણ (અમદાવાદ)

*

'કુમાર' માસિક વર્ષોથી હું વાંચું છું. અમો ૧૯૫૪થી કલકત્તા હતા. વર્ષો સુધી આવતું. આજે પણ વાંચું છું, અત્રેથી મેળવીને. એક વસ્તુ નોંધ કરી. હજી ઘણાંને 'કુમાર'ની ખબર નથી. ઘણાંને એમ છે કે, તે બંધ પડેલ છે. તેમને મારી રીતે જવાબ આપું છું. અમદાવાદથી પ્રકાશન થાય છે - અને ચાલુ જ છે. ૧૯૨૪થી 'કુમાર' જોઈએ છે. કોઈ વ્યક્તિ પાસે કે સંસ્થા પાસે હોય તો હું 'કુમાર' લેવા હું ઇચ્છુક છું. -રમેશ લી. કારિયા ('જશોદાવીલા', ૭-૮, રઘુવીરપરા, ગરેડિયા કૂવા રોડ, રાજકોટ)

નૂતન વર્ષ-નિમિત્તે 'કુમાર'ને ઘણા વાચકો તરફથી નૂતન વર્ષાભિનંદન પત્રો મળ્યા છે તેમાંના કેટલાક વાચકોના પત્રોમાં કલાત્મક ચિત્રો દોરેલાં હોય છે તેમાંની થોડી વાનગી :


હરિભાઈ દા. ટંડેલ


નિર્મલ કાપડિયા


ભગવંત વ્યાસ

બ્યાશીમા વર્ષમાં પ્રવેશે / ઉશનસ્

(શિખરિણી • સૉનેટયુગ્મક)

૧

પ્રવેશું બ્યાશીમાં, પ્રવિશત યથા કાશીની પુરી
કરી આયુર્યાત્રા લગભગ પૂરી - જાહ્નવી તટે
પુરાણા હિન્દુશો અનુભવું મને પાર્થિવ ઘટે;
હવે એકાદી દૌં ડૂબકી અહીં, ને વાત જ પૂરી;

ન કે હું સંકેલી લઉં છું અહીંથી વિસ્તૃતિ મમ :
સ્રજ્યું 'તું જાળું તે અહીંનું અહીં, જેવું હતું તથા
ન મૂકી જાઉં છું, ઘણું નિજ ઉમેરી સરવથા
હું પાંચે ભૂતોમાં જઉં છું, ધરતો અંત્ય પ્રશમ;

હું જન્મ્યો 'તો ત્યારે પૃથિવી હતી તે એ જ ન રહી,
નથી તેનાં તે સૂરજ-ગગન-તારા-ગિરિ-વન;
પ્રવેશ્યો છું સૌમાં, પ્રીતિથી પલટ્યું વૈશ્વિક મન;
મને શોધી લેજો, હઈશ સહુમાં હું ક્યહીં ક્યહીં;

વિસર્ગે ચાહ્યાથી ઊલટું-વિકસ્યો પૂર્ણ રૂપમાં,
નથી સંકોચાયો જરી કૃપણ સંકીર્ણ કૂપમાં.

૩૦-૯-૨૦૦૧

*

ચહ્યાં છે મેં રૂપો, ચહું હજીય, ચાહ્યા જ કરીશ
ભવિષ્યે હંમેશાં, ચડસ રૂપનો કાયમ મને,
પીધી છે રેખાઓ રૂપરૂપતણી માદકપણે
દૃગોએ; પાછો એ ભવભવ તૃષા લૈ હું ફરીશ;

મળ્યું જે જે કાંઈ ભવપથ મને, તે ગ્રંથી લીધું
રૂપોમાં, રેખામાં; કશુંક મુજમાં જાદુ સરખું :
હું ઇન્દ્રિયે જે કૈં અડકું, શ્રવું કે સૂંઘું, નિરખું,
બધું તે રૂપાળું ! અરણવ અમી મેં મથી પીધું;

મને તેં આપ્યું તે જગત હતું સૂનું ગગનશું
નિરાકારી, તેને રૂપ રૂપ તણો ઘાટ દઈ મેં
દીધું બાંધી, ઝાઝું રૂપ ઘડી દીધું ખાસ ચહી મેં;
હું અત્યારે દ્યાવાપૃથિવી સમ ગૂઢો ગહન છું;

રૂપોનો સ્રષ્ટા છું સક્રિય, અરૂપા ! ના'વ નજરે,
તને યે ચ્હેરો દૈ દઈશ નહીં તો, સર્જક પળે.

[illegible]-૧૦-૨૦૦૧

અનેકમી સદીમાં / ધીરુ પરીખ

(વનવેલી)

પૃથ્વી ગોળ કહેનારને પજવ્યો'તો પ્રજાએ.
કાણાને કાણો કહ્યે કડવાં લાગે વેણ,
ધીમે રહીને પૂછીએ કે શીદ ગુમાવ્યાં નેણ ?
સત્યમ્ બ્રુયાત્, પ્રિયમ્ બ્રુયાત્ ।
સત્ય માટે સાચું હશે
પણ તથ્ય માટે ?
તથ્ય તો હો મીઠું કે હો કટુ
બોલવાનું એને કેમ અટપટું ?
કહેવાશે કે શું
પૃથ્વી આસપાસ ફરે સૂર્ય ?
કહેવાશે બે વત્તા બે
બરાબર ચાર નહિ; બાર !
કહેવાશે કે હુમાયૂનો બેટો હતો બાબર ?
કે સાઈબેરિયામાં વહી રહી સાબર ?
કવિ કોઈ કથે છે કે બાપ પ્હેલાં બેટો જન્મ્યો;
કવિ અને તત્ત્વવેત્તા
અવળવાણીથી સત્ય સમજાવે.
આર્કિમીડીઝને એમ કહેવું કેમ ફાવે ?
સત્યનું ભલેને સદા થતું રહે જતન-પાલન
તથ્યનું છે તથ્યથી જ આકલન.
ઓગણીસ, વીસ, એકવીસ પછી અનેકમી
એમ સદીમાંથી સદીમાં તો આગળ જવાય
માનવના ઇતિહાસે માનવ સધાય,
નહીં કદી પાછા તો ફરાય.
ભૂગોળથી ખગોળમાં
ખગોળથી ભૂગોળમાં
આવન-જાવન થાય :
શકટ અને રથથી વિકટ જે પથ
અર્જુન ને ઑડિસ્યૂસ
સત્ય અને તથ્ય માટે
પળ્યા હતા યુદ્ધ-વાટે.
તમારા મારામાં અથ
શોધવાનો પથ :
સત્ય અને તથ્યભર્યો.
ઇતિહાસે દેહ અને આત્માનો વધ તો
કદીયે ક્યાંય ન કર્યો;
એથી સ્તો સદી પછી સદી ને
માનવ ન કદી
કૂચ એની થોભાવશે,
માનવ્યની પ્રાપ્તિને તે શોભાવશે.

ઘાવ / ઉષા ઉપાધ્યાય

(ગાન)

કાળજે એવા લાગ્યા ઘાવ
કોઈ ના કળશે...

ઊંબર સુધી આવી અંજળ
શાને પાછાં વળતાં,
અમે તમારાં સૂના નયનની
શેરીમાં ટળવળતાં.
મૂંગી ચીસ નજરમાં તરશે.
કોઈ ના કળશે.

અમે સમયની ઓકળીઓમાં
કેવા રંગો ભરતાં !
કસ્તુરીની ગંધે દોડ્યાં
હરણાં સરખું ભમતાં.
તૂટેલું તીર લોહીમાં ફરશે.
કોઈ ના કળશે.

કયા જનમના શાપ અચાનક
આળસ મરડી જાગ્યા,
પારિજાતનાં ફૂલ રે અમને
શૂળ સમાણાં વાગ્યાં.
હવે આ આંખ પળેપળ ઝરશે.
કોઈ ના કળશે.

વાવી જોઈએ / મનીષ પરમાર

(ગઝલ)

આંખમાંથી આંસુ લાવી જોઈએ,
એક ખેતર એમ વાવી જોઈએ.

હાર છે કે જીત છે કોને ખબર ?
પાન હુકમનું ઉઠાવી જોઈએ.

સાવ કોરા શ્વાસના કાગળ ઉપર,
મ્હેક તો અંગત લખાવી જોઈએ.

સર્વ લૂંટી ચાલતી પકડે સમય,
ચાલ, મોસમને મનાવી જોઈએ.

જિન્દગીમાં તું ફરી આવે કદી,
પાનખરને પણ સજાવી જોઈએ.

સૂત્રસાર

તલવારની ધાર જેવી તેજરેખા

રાધેશ્યામ શર્મા

> આપણી ચારે બાજુ સૂતેલા લોકોની ભીડ છે એટલે આપણને ખબર જ નથી પડતી કે આપણે પોતે પણ સૂઈ ગયેલા માણસ જ છીએ.
>
> ઓશો

પોતાને 'ભગવાન' મનાવવા આતુર તે હશે તેના કરતાં સમૂહમાનસ રજનીશને 'ભગવાન' માનવા-પૂજવા આતુર હોવાની સંભાવના સવિશેષ છે. જૂનાં વિશેષણોથી જલદી ઊબાઈ જનારી ચેતના રજનીશની હોવી જ જોઈએ.

અધ્યાપકમાંથી 'આચાર્ય', આચાર્યમાંથી 'ભગવાન', ભગવાનમાંથી 'ઝોર્બા ધ બુદ્ધ' અને અંતે 'ઓશો...' હવે તે પોતે જ મહાશૂન્યમાં વિલીન પામ્યા એટલે ઓશો પદને પણ ત્યાગી ઇહલોકમાંથી નીકળી ગયા. કૃષ્ણની જેમ તે આત્મા-પરમાત્મામાં માનતા હતા તો બુદ્ધની જેમ અનાતક-અનાત્માની ઘટનાનો પણ સમાદર અને સમાવેશ વ્યક્તિત્વમાં કરી શકતા. તેમને નાસ્તિક નહિ કહી શકો, તો સામાન્ય અર્થમાં આસ્તિક પણ નહિ કહી શકો. તે પોતે વ્યાખ્યાતીત રહી શકે એવા વિરોધાભાસો અને વદતોવ્યાઘાતોને આસાનીથી પીને પચાવી શકે એવા નટખટ નઠોર છતાં લાવણ્યવંતા બાળક જેવા હતા.

તેમને પૂરેપૂરા વાંચવા ન માગતા, સાંભળવા ન માગતા અથવા ઉપરચોટિયા માહિતીઓના આધારે મૂલ્યાંકન કરવા ટાંપી રહેલા કલમ-વાક્ચતુર લોકો ઓશોની ભર્ત્સનાભરી આલોચના ભલે કર્યા કરે, રજનીશ એની તુમાખીભરી અહંકારપૂર્ણ દેખાતી અભિવ્યક્તિઓમાં પણ વિચાર-વિભાવનાનો જાદુઈ તણખો પેટાવી શકતા.

ઉપર્યુક્ત સૂત્રમાં તેમણે જે તથ્યને પ્રામાણિકતાથી પ્રસ્તુત કર્યું છે તે ઓશોના જીવનગ્રાફમાં પણ પ્રતિબિંબિત થયું છે. 'મેં મૃત્યુ સિખાતા હૂં' ગ્રંથમાં ઓશોએ પોતાના આગામી અંજામની આગાહી જાણે ના કરી હોય એવાં આ વચનો સૂચક છે :

'જાગેલા માણસની આપણે જલદીથી હત્યા કરી નાખીએ છીએ, કેમ કે એવો માણસ આપણને અત્યંત કષ્ટપૂર્ણ પ્રતીત થાય છે, અત્યંત વિઘ્નકારક (disturbing) માલૂમ પડે છે.

એક અંગ્રેજ વિદ્વાન કૅનેથ વોકરે એક પુસ્તક લખ્યું છે. અને એ પુસ્તક એક ફકીર ગુર્જિયેફને અર્પણ કર્યું છે. આ સમર્પણ (dedication)માં તેણે જે શબ્દો લખ્યા છે, તે બહુ અદ્‌ભુત છે. સમર્પણવાક્યમાં તેણે લખ્યું છે : (To Gerge Gurdjief, the disturber of my slep) મારી નિદ્રામાં વિઘ્નકર્તા જ્યોર્જ ગુર્જિયેફને સમર્પિત.

થોડાક જ લોકો પાક્યા છે આ ધરતી પર, જે લોકોની ઊંઘને તોડવાની કોશિશ કરે છે, પરન્તુ તમે કોઈની ઊંઘ તોડવાફોડવાની કોશિશ કરશો તો તેઓ તમારી સામે ચોક્કસ બદલો લેવાના. કોઈ સૂતેલા માણસને જગાડવાની કોશિશ કરી જોજો, તે તમારી ગળચી ઝાલશે.

આજ સુધી મનુષ્યને આધ્યાત્મિક નિદ્રામાંથી ઢંઢોળવાની જેમણે જહેમત ઉઠાવી છે, આપણે તેમની જ ગરદન પકડી લીધેલી છે.'

આ દૃષ્ટિએ ઓશોને તમે કદાચ 'અધાર્મિક' કહી શકો છો, પણ કેટલાયે કોયડાઓ અને બહુવિધ વિષયોમાં 'ઍન્ટિ થેસિસ' આપી ઘોરતા લોકોને ઢંઢોળવાનું અપ્રિય મિશન રજનીશજીએ જ માથે લઈને, આચરી બતાવી આચાર્યકૃત્ય કર્યું એ અવિસ્મરણીય રહેવાનું. તવારીખમાં આ તેજરેખા તલવાની ધાર જેમ ઝળહળતી રહેવાની...



પ્રભુપાદ

— પ્રફુલ્લ રાવલ —

'પોતાના અંતરની ભાવનામાં આવશ્યક પરિવર્તન લાવીને જ લોકો તેમના સંઘર્ષોનો ઉકેલ આણી શકે, અને એક-બીજાં સાથે શાંતિ તથા સમૃદ્ધિથી જીવી શકે' એવી જીવનસમજ આપનાર અને પોતાને 'કૃષ્ણના દાસના દાસનો પણ અનુદાસ' તરીકે ઓળખાવનાર 'આંતરરાષ્ટ્રિય કૃષ્ણભાવનામૃત સંઘ' - **International Society for Krishna Consciousness** - ઇસ્કોન-ના સ્થાપક શ્રીલ પ્રભુપાદે, વીસમી સદીના ઉત્તરભાગમાં હરેકૃષ્ણ આંદોલન દ્વારા જીવનની સમસ્યાથી થાકીને, જીવનથી વિમુખ થનાર લોકોને ખાસ તો યુવાનોને ચૈતન્ય મહાપ્રભુના સંદેશ દ્વારા નવી દૃષ્ટિ આપી. એમણે પોતાની આજુબાજુના માનવસમાજને, કોઈ પણ ભેદભાવ વિના, જીવનના હેતુની પ્રેરણા આપી, અને સહુને માત્ર જીવન જીવવાના સિદ્ધાન્તોની નહીં,પરન્તુ વ્યવહારુ માર્ગની પણ દિશા દર્શાવી; દેશ-વિદેશમાં કૃષ્ણભાવનામૃતનો પ્રચાર-પ્રસાર કર્યો. એમના આ આંદોલનથી ભૌતિકવાદી પશ્ચિમના લોકોમાં જીવનની શાંતિની ભૂખ ઊઘડી અને અનેક વિદેશીઓ આત્માની શાંતિ-અર્થે ભારતની યાત્રાએ આવતા થયા. પ્રભુપાદના આ આંદોલનથી ભારતની આધ્યાત્મિક પ્રવૃત્તિનો પશ્ચિમને વિશેષ પરિચય થયો.

શ્રીલ પ્રભુપાદ એ નામ તો પાછળથી છેક એમની બોત્તેર વર્ષની વયે શિષ્યોએ પ્રચલિત કર્યું હતું. એનો અર્થ થાય છે - 'કૃષ્ણનાં ચરણ-કમળમાં જે નિત્ય વસે છે તે.' પરન્તુ એમનું મૂળ નામ અભયચરણ ડે હતું. પહેલી સપ્ટેમ્બર ૧૮૯૬માં ભારતના સાંસ્કૃતિક નગર કોલકત્તામાં એમનો જન્મ થયેલો. એમના પિતાનું નામ ગૌર મોહન ડે હતું. એમની માતાનું નામ રજની હતું. એમના જન્મ સમયે જ્યોતિષીએ ભવિષ્ય ભાખેલું કે - 'જ્યારે આ બાળકની ઉંમર સિત્તેર વર્ષની થશે, ત્યારે તે મહાસાગરને ઓળંગશે, એક મહાન ધર્મપ્રવર્તક બનશે, અને ૧૦૮ મંદિરો સ્થાપશે.' ૧૯૬૫માં સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીના 'જલદૂત'માં એમણે મુસાફરી શરૂ કરી ત્યારે બરાબર એમને સિત્તેર વર્ષ થયાં હતાં.

અભય ચરણ ડેના પિતા ગૌર મોહન ડેનું નિવાસસ્થાન કોલકત્તાના ૧૫૧, હૅરિસન રોડ પર આવેલું હતું. એમને કાપડનો વેપાર હતો. એમનાં પત્ની ધનાઢ્ય મલ્લિક કુટુંબનાં હતાં. એમના જ નિવાસસ્થાનના એક મકાનમાં ગૌર મોહન ડે રહેતા હતા. હૅરિસન રોડના એમના નિવાસસ્થાનની સામી બાજુએ રાધા-ગોવિંદનું મંદિર હતું. નાનો અભય પિતા ગૌર મોહન સાથે દરરોજ મંદિરે દર્શને જતો. વૈષ્ણવ સંસ્કારી એ કુટુંબમાં કૃષ્ણભાવના સહજ હતી. માંસાહાર ત્યાજ્ય હતો. 'ચૈતન્ય ચરિતામૃત' તથા 'શ્રીમદ્ ભાગવત'નું રોજ શ્રદ્ધેય વાચન થતું. આથી અભય ચરણ ડેનું માનસ બાલ્યકાળથી ધાર્મિક થતું જતું હતું. સાથે સાથે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણની ગતિ ચાલી. કૉલેજ શિક્ષણ પૂરું કરે તે પહેલાં રાધારાણી દત્ત સાથે એમના વિવાહ થઈ ગયા. કૉલેજના છેલ્લા વર્ષ દરમિયાન જ સ્વાતંત્ર્યની લડત આરંભાઈ ચૂકી હતી. અને રાષ્ટ્રિયભાવનાથી પ્રેરાઈને અભયે પદવીનો સ્વીકાર કર્યો નહોતો. એ ૧૯૨૦ની સાલ હતી. સુભાષચંદ્ર બોઝ એમનાથી એક વર્ષ આગળ અભ્યાસ કરતા હતા. સુભાષચંદ્ર બોઝની 'આઝાદ હિંદ ફોજ'ની રચના તરફ એ આકર્ષાયા પણ હતા. છતાંય એમનું દૃષ્ટિબિંદુ અલગ હતું. આથી સક્રિય રાજકારણમાં પ્રવૃત્ત થવાનું એ કાળે એમને રુચ્યું નહીં. એમને ગાંધીજી પ્રતિ અપાર શ્રદ્ધા હતી. સર્વ ક્ષેત્રે આધ્યાત્મિકતા લાવવા માટે ગાંધીજી એમને સમર્થ વ્યક્તિ લાગતા હતા. પાછળથી ૭, ડિસેમ્બર ૧૯૪૭માં એમણે ગાંધીજીને પત્ર લખ્યું હતું કે 'એક સંનિષ્ઠ મિત્ર તરીકે હું તમને કહું છું કે તમે ગૌરવહીન અપમૃત્યુ પામવા ઇચ્છતા ન હો, તો તમારે તરત જ સક્રિય રાજકારણમાંથી

નિવૃત્ત થવું જોઈએ.' રાષ્ટ્રિય ચળવળમાં એ કૂદી પડત, પરન્તુ પિતાએ ડૉ. કાર્તિકચંદ્ર બોઝ દ્વારા એમની જ સંસ્થામાં મૅનેજર તરીકે ગોઠવી દીધા અભય ચરણ ડે વ્યવસાયી બન્યા. પેલી આંદોલનની વાત વિસારે પડી ગઈ. નોકરી ચાલતી હતી, તે દરમિયાન ૧૯૨૨માં એક મિત્રના આગ્રહથી અભય ચરણ ડેની ભક્તિસિદ્ધાન્ત સરસ્વતી ઠાકુર - જે પાછળથી એમના ગુરુ થયા - સાથે મુલાકાત થઈ અને એમના જીવનને નવો વળાંક મળ્યો. ભક્તિસિદ્ધાન્ત સરસ્વતી ઠાકુરની વાણીનો પ્રભાવ અભય ચરણ પર પડ્યો. છતાંય એમનું માનસ અનેક પ્રશ્નોથી ભરેલું હતું. એનું નિવારણ પણ થયું. પછી અભય ગૌડીય મઠના ભક્તોને વિશેષ મળતા થયા. ચૈતન્ય મહાપ્રભુના ઉપદેશોનું પઠન-મનન કર્યું. ધંધાર્થે એમણે કોલકત્તાથી અલ્હાબાદ સ્થળાંતર કર્યું. ત્યાં ૧૯૩૨માં, અર્થાત્ ભક્તિસિદ્ધાન્ત સરસ્વતી ઠાકુર સાથેની પહેલી મુલાકાત પછી દસ વર્ષે દીક્ષા લીધી, અને વિધિસર ભક્તિસિદ્ધાન્ત ઠાકુરના શિષ્ય બન્યા. હવે કામ હતું ધર્મોપદેશનું. પણ અભય ચરણ માટે વેપાર બંધ કરવાનું પાલવે તેમ નહોતું. વળી પત્નીનો સહકાર નહોતો. ફાર્મસીના સેલ્સમૅન તરીકે અભય ઉત્તરભારતમાં પ્રવાસ કરતા ત્યારે પોતે સમૃદ્ધ બને તેવી ખેવના રાખતા. અને આ ખેવના પાછળ ભાવના હતી પોતાના ગુરુના મિશનનો પ્રચાર કરવાની. ધંધાના કારણે ગુરુને મળવાનું પણ ઓછું બનતું. છતાંય એમને ગુરુનું આકર્ષણ ખાસ્સું રહેતું. તેથી ખાસ કામ કાઢીને ગુરુના દર્શને જતા. ભક્તિ સિદ્ધાન્ત સરસ્વતી ઠાકુર સ્વભાવે કડક હોઈ અન્ય શિષ્યો એમને મળવાનું ટાળતા ત્યારે અભય હિંમતભેર જતા. ગુરુની લાગણી પણ હતી. છતાંય **'Fools rush in, where angels fear to tread,'** એવી અંગ્રેજી કહેવતનો ટૉણો સાંભળવા મળતો. તોય અભય જતા અને વાત્સલ્ય અનુભવતા.

ભક્તિ સિદ્ધાન્ત સરસ્વતી ઠાકુરના બાસઠમા જન્મદિને અભયે મુંબઈમાં એક કાવ્ય અને એક નિબંધ રજૂ કર્યો ત્યારે એમની પાત્રતાનો સ્વીકાર થયો. ગૌડીય મઠના મુખપત્ર 'ધ હાર્મોનિસ્ટ'માં એ બન્ને પ્રકાશિત થયાં એટલું જ નહીં, પણ ભક્તિસિદ્ધાન્ત સરસ્વતી ઠાકુરે તે જે કાંઈ લખે, તે પ્રકાશિત કરો એવી તંત્રીને સૂચના આપી. આ ઘટના ૧૯૩૫માં બની. એ જ વર્ષે વૃંદાવનમાં અભય ચરણ ડેની મુલાકાત ભક્તિ સિદ્ધાન્ત સરસ્વતી ઠાકુર સાથે થઈ તે અત્યંત સૂચક હતી. એમણે અભય પાસે પોતાના શિષ્યોની વાત કરીને પોતાની આંતર-વેદના ઠાલવી. અભય તો ગૃહસ્થ શિષ્ય હતા. એટલે એમની પાસે ત્યારે સાંભળવા સિવાય અન્ય વિકલ્પ નહોતો. ભક્તિ સિદ્ધાન્ત સરસ્વતી ઠાકુરે મંદિરના આરસપહાણ ઉખાડીને પૈસા મેળવાય એવી અપેક્ષા રાખી હતી. અને એ દ્વારા પુસ્તકો છાપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ૧૯૩૬માં એમણે આ લોકમાંથી ચિરવિદાય લીધી, તે પહેલાં અભય ચરણને જે પત્ર લખ્યો, તેમાં પણ પુસ્તકોના પ્રકાશનની વાત હતી. ૧૯૨૨ની મુલાકાત ટાણે આ જ વાત જુદી રીતે એમણે દર્શાવી હતી. એ સર્વનો વિચાર કરતાં અભયને પોતાના જીવનનું ધ્યેય મળી ગયું. ગુરુની વિદાય પછી મઠમાં વિવાદ શરૂ થયો. ત્યારે અભય ચરણ તો તટસ્થ જ રહ્યા. એ દરમિયાન વિશ્વયુદ્ધ થયું. અને બંગાળમાં દુષ્કાળ પડ્યો. વસ્તુઓની અછત હતી. જીવન દુષ્કર બન્યું હતું. આધ્યાત્મિકતા જ માનવજાતને ઉગારી શકશે એવી શ્રદ્ધાએ અભયચરણે કૃષ્ણભાવનાની વાત વ્યક્ત કરવાનો નિર્ધાર કર્યો. અને ૧૯૪૪માં **'Back to God-head'** (પ્રભુ પ્રત્યે પાછા) એ નામનું અંગ્રેજી સામયિક શરૂ કર્યું. એનું સઘળું કાર્ય એ સ્વયં જ કરતા. કાગળની અછત અને કોઈના પણ પીઠબળ વગર એ સામયિક શરૂ થયું. એનું વેચાણ પણ એ સ્વયં જ કરતા. છતાં ય આર્થિક કટોકટી નડતી. અંક પ્રકાશિત કરવાનું સરળ નહોતું. તો ય એમણે લેખન-કાર્ય ચાલુ રાખ્યું. પોતાની વિચારધારાનો શક્ય તેટલો પ્રચાર કર્યે રાખ્યો. અનેક લોકોને પત્રો લખતા. ક્યાંકથી ઉપેક્ષા મળતી. તો ય અભય ચરણ કાર્યરત રહ્યા અને કૃષ્ણભાવનાનું ગાન વહેતું રાખ્યું. સતત લેખન સાથે ઉપદેશનું કામ પણ ચાલતું હતું. એની અસર એમના વેપાર પર પડી. વેપાર ઘટવા માંડ્યો. આથી કુટુંબમાં પણ પ્રેમભાવ ઘટતો ગયો. વળી, એ દરમિયાન અલ્હાબાદના વેપારમાં મોટી ખોટ આવી. લખનઊમાં નવો ધંધો શરૂ કરવાનું વિચાર્યું. પણ આર્થિક સમસ્યાએ એ ય ન ચાલ્યું. કુટુંબ કોલકત્તામાં હતું. એ અલ્હાબાદ આવતાં-જતાં રહેતા. હવે, એમને ધંધા કરતા ઉપદેશમાં વિશેષ રસ હતો. ઝાંસીની એક સંસ્થાએ એમને વ્યાખ્યાન માટે નિમંત્રણ આપ્યું. ત્યાં એ ગયા અને એમણે આધ્યાત્મિક આંદોલન જગાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો. ત્યારે એમનું વય છપ્પન વર્ષનું હતું. એમણે ઝાંસીમાં પોતાની વિચારધારાના વિકાસ માટે ચક્રો ગતિમાન કર્યાં. પણ કોઈએ ઝાઝો રસ ન દેખાડ્યો. છતાં ય અભય ચરણના મનમાં જે ભાવના હતી તેને સાકાર કરવા 'ભક્તોનો સંઘ' **(League of Devotees)** નામની સંસ્થા સ્થાપીને રજિસ્ટર્ડ કરાવી. ત્યારે જ અલ્હાબાદના ધંધાના સ્થળે મોટી ચોરી થઈ. આ સાંભળીને અભય ચરણ થોડાંક વિચલિત તો થયા, પરન્તુ થોડી ક્ષણોમાં સ્વસ્થ થઈ ગયા. મિત્રોએ અલ્હાબાદ જવાની સલાહ આપી ત્યારે 'ના, આ તો મારા માટે ભલું થયું છે. એ જાણીને પહેલાં તો મને દિલગીરી થઈ, પરન્તુ હવે, હું સમજી શકું છું, કે મારી એ મોટી આસક્તિનો અંત આવ્યો છે, અને હવે મારું જીવન સંપૂર્ણતયા શ્રી રાધાકૃષ્ણના શરણમાં સમર્પિત બન્યું છે.' એ પછી કૌટુંબિક જવાબદારીનો અંત આણવાની ઇચ્છાએ કોલકતા ગયા. પણ અં



'જલદૂત' જહાજ



'૨૬ સેકંડ એવન્યૂ'નું શ્રીલ પ્રભુપાદનું નિવાસસ્થાન

તો શક્ય ન બન્યું. ઊલટાના જવાબદારીમાં જ ડૂબી ગયા. છતાંય ઉપદેશ આપવાની પ્રવૃત્તિ જારી રાખી હતી. એ જ્યારે ભગવદ્‌ગીતા વિષે વ્યાખ્યાન આપતા ત્યારે એમનાં પત્ની પાસેના ખંડમાં બેસીને ચા પીતાં. પત્ની અંગે એમણે નોંધ્યું છે કે 'કૃષ્ણભાવનાના પ્રસારમાં મારી સાથે મારી પત્નીને કામે લગાડવા, અને તેની મદદ મેળવવા હું બને તેટલું ઇચ્છતો, પરન્તુ તે ઘણી મક્કમ હતી. તેથી છેવટે, ત્રીસ વર્ષ પછી હું સમજી શક્યો કે, તે મને જરાય મદદરૂપ થાય તેમ ન હતી.' વળી, ચા અને પતિની પસંદગી વચ્ચે એણે ચાને પ્રાધાન્ય આપ્યું હતું. અભય ચરણની ભાગવતની હસ્તપ્રત, વિનિમય રૂપે, આપી દીધી એવું જ્યારે અભયચરણે જાણ્યું ત્યારે એમને વિશેષ ગ્લાનિ થઈ, અને મક્કમ નિર્ધારથી કુટુંબ તેમજ વેપારધંધાનો ત્યાગ કરવાનું નક્કી કર્યું. બધાંનો ત્યાગ કરીને એ ઝાંસી પહોંચી ગયા.

ઝાંસી આવ્યા ત્યારે 'ભક્તોના સંઘ' નું મકાન મહિલા મંડળને અપાઈ ગયું હતું. પોતાને રહેવાની સગવડ પણ નહોતી. કોઈનો સહારો નહોતો એથી ટૂંક સમયમાં જ એમણે ઝાંસી છોડ્યું. દિલ્હીમાં એક આશ્રમમાં જઈને રહ્યા. ત્યાં ભિક્ષા પર નભતા. મંદિરોમાં જતા. કોઈ ધર્મિષ્ઠ ધનિકને ત્યાં ભોજન લેતા. આમ, અતિ કપરો કાળ વિતાવ્યો. ૧૯૫૦ પછીનો દસકો એમના જીવનનો સંક્રાન્તિ કાળ હતો. એ એકાકી હતા. છતાંય એમનું ધ્યેય કૃષ્ણભાવનાનું આંદોલન જગાવવાનું હતું. એ ધ્યેય ન તો એ ભૂલ્યા હતા કે ન તો વિસારે પાડી દીધું હતું. એ માટે એમને આર્થિક મદદ જોઈતી હતી, તેથી મોટા ધનિકોને મળતા રહેતા. સાથે લેખનકાર્ય ચાલુ હતું. આર્થિક સહાય મળતી નહોતી અને જે મળતી તે તદ્દન ઓછી હતી. છતાંય સતત કાર્યશીલ રહીને એમણે પૈસા ઊભા કર્યા, અને **'Back to God-head'**ના તંત્રી લેખોમાં તે કાળની ભૌતિકતાની ટીકા કરતા, તો ક્યારેક એમના અંગત અનુભવો આલેખતા. છતાં એમનાં લખાણોમાં તીવ્રતા, કડવાશ, કર્કશતા કે કોઈ પૂર્વગ્રહ દેખા ન દેતા. એમની અભિવ્યક્તિ તર્કબદ્ધ રહેતી. **'Back to God-head'**ની નકલો વિના મૂલ્યે ભારત તેમજ વિદેશનાં વિવિધ સ્થળોએ મોકલતા. એમનું ધ્યેય હતું કૃષ્ણભાવનાના આંદોલનનો ફેલાવો થાય. ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિને પણ નિયમિત અંકો મોકલતા, જેનો એમને ક્યારેય પ્રતિભાવ મળતો નહોતો. છતાંય પ્રયત્નમાં એ ક્યારેય પાછા ન પડ્યા. અનેક મુશ્કેલીમાં પણ પ્રકાશન-પ્રવૃત્તિ તો ચાલુ જ રાખી.

અભય ચરણની મૂળ ભાવના હતી કૃષ્ણમય થવાની. આથી દિલ્હીને બદલે વૃંદાવનમાં રહેવાની જિજ્ઞાસા જન્મી અને એમણે વૃંદાવનમાં એક નાની ઓરડી ભાડે રાખી ને ત્યાં રહેવા લાગ્યા. વૃંદાવન એમને મન વિશેષ સ્થળ હતું. ત્યાં સતત એ કૃષ્ણની ઉપસ્થિતિ અનુભવતા. વૃંદાવનમાં થતાં કીર્તનોનું એમને ભારે ખેંચાણ હતું. એની શેરીઓમાં એ ભક્તિભાવે ફરતા અને યાત્રાળુઓનાં ટોળાં વચ્ચે 'હરેકૃષ્ણ'નું ભાવપૂર્ણ ઉચ્ચારણ કરતા. **'Back to God-head'**ના પ્રકાશન માટે વૃંદાવનથી દિલ્હી નિયમિત જતા. ત્યાં રાત્રિ રોકાણની સુવિધા નહોતી, એટલે મોડી રાતે પાછા ફરતા. સતત બાર અંકોના પ્રકાશન પછી વળી આર્થિક મુશ્કેલી આવી પડી. વગર પૈસે અંક છાપી આપવાની મુદ્રકે સ્પષ્ટ ના પાડી. લેખન-પ્રકાશન અને તદન્વયે કૃષ્ણભાવનામૃતનું પ્રસારણ એમના જીવનનું આધારબિંદુ હતું. આથી, પ્રકાશનકાર્યમાં રુકાવટ આવતાં એ ખિન્ન થઈ ગયા. વૈરાગ્યભાવનાએ એમના મનનો કબજો લીધો. એ કાળે બંગાળી ભાષામાં લખેલા એક કાવ્યમાં એમની એ મનોદશાનાં સાચાં દર્શન થાય છે. એ પછી સંન્યાસ લેવા પ્રત્યે એમનું મન વળ્યું. ભૂતકાળના અનેક પ્રસંગો યાદ આવ્યા. મથુરામાં રહેતા કેશવ મહારાજ પાસે પોતાની મનઃસ્થિતિનું બયાન કરતાં એમણે એમને સંન્યાસ લેવા ભારપૂર્વક કહ્યું. કશીક નામરજી સાથે એમણે સંન્યાસ લીધો. એ સાથે એમનું નામ અભય ચરણારવિંદ ભક્તિ વેદાન્ત સ્વામી બન્યું. પણ સંન્યાસી થવાથી એમની આંતરવ્યથા ઘટી નહીં. એમની મનીષા હતી ભક્તિવેદાન્ત સરસ્વતી ઠાકુરના ઉપદેશોને પશ્ચિમમાં પહોંચાડવાની. આ માટે પુસ્તક પ્રકાશન એ જ ઉત્તમ માર્ગ હતો એવું એ દઢપણે માનતા હતા. વારંવાર એમનું મન પ્રકાશનકાર્ય

તરફ વળતું. એમના લેખોથી પ્રભાવિત થનાર પણ એવી જ ઇચ્છા વ્યક્ત કરતા હતા. વૃંદાવન એમને અનુકૂળ ન લાગતાં, દિલ્હી મુકામ કર્યો. દિલ્હીમાં ચાંદની ચોક પાસેના રાધા-કૃષ્ણ મંદિરમાં એક ઓરડી વગર ભાડે મળી. આ વિસ્તાર છિપ્પીવાડ તરીકે ઓળખાતો હતો. ત્યાં હિન્દુ-મુસ્લિમની મિશ્ર વસ્તી હતી. થોડું દાન મળતાં, વળી **Back to God-head**નું પ્રકાશન પુનઃ આરંભ્યું. સાથે સાથે ભાગવતનો અનુવાદ અને ભાવાર્થ લખવાનો પ્રારંભ કર્યો. એક નાનકડા દીવાના અજવાળે એમનું અધ્યયન ચાલતું. તેઓ જાતે જ ટાઈપ કરતા. એમને શ્રદ્ધા હતી કે ભાગવત દ્વારા જ સંસ્કૃતિની ક્રાન્તિ સર્જાશે. ભાગવતના અનુવાદ અને ભાવાર્થનું કામ લગભગ સાઠ ગ્રંથોનું હતું. લખવાનું સરળ નહોતું, તો એનું પ્રકાશન પણ સરળ નહોતું જ. આ માટે તેઓ એક વાર ગોરખપુર પ્રેસના હનુમાનપ્રસાદ પોદ્દારને પણ મળી આવ્યા હતા. આમ, ભારે શ્રમ બાદ પહેલો ગ્રંથ પ્રસિદ્ધ થયો. એની સારી એવી પ્રશંસા થઈ. ડૉ રાધાકૃષ્ણને પણ એમના કાર્યને વખાણ્યું. આથી એમનો આત્મવિશ્વાસ વધ્યો. પણ વેચાણનું કામ કપરું હતું. આમ છતાં બીજા બે ગ્રંથોનું પ્રકાશન તો કર્યું જ. પરધર્મીઓને હિન્દુધર્મ પ્રતિ વાળવા માટે વિદેશપ્રવાસ કરવો એમને આવશ્યક લાગતો હતો. પરન્તુ જ્યાં અહીં આર્થિક સમસ્યાઓ હતી, ત્યાં વિદેશ ક્યાંથી જવાય! છતાંય એમને આત્મવિશ્વાસ હતો કે પોતે અવશ્ય વિદેશ જઈ શકશે જ. આથી સતત પ્રયત્નશીલ રહેતા આમાં ગોપાલ અગરવાલની મદદ મળી અને અમેરિકા જવાનું પ્રમાણપત્ર ઉપલબ્ધ થયું. તો ય સંકટ તો હતું જ. જવા માટેની આર્થિક વ્યવસ્થા એમની પાસે નહોતી. એમને પોતાના ગ્રંથ માટે સહાય કરનાર સુમતિ મોરારજીનું સ્મરણ થયું. પહેલાં તો એ સન્નારીએ સ્પષ્ટ ના પાડી દીધી પણ પછી અભય ચરણારવિંદની વિનંતીથી એ સંમત થયાં. અને ૧૯૬૫ના ઑગસ્ટમાં ભક્તિવેદાન્ત સ્વામી 'જલદૂત' નામના જહાજમાં અમેરિકા જવા રવાના થયા. એ સાથે એમના જીવનનો નવો અધ્યાય શરૂ થયો. આધ્યાત્મિક ધ્યેય સાથે જીવનાર વ્યક્તિની આ મથામણ હતી.

'જલદૂત' માલવાહક જહાજ હતું. એ જહાજના કૅપ્ટન અરુણ પંડ્યા હતા. એ જહાજમાં મુસાફર માટે એક કૅબિનની વ્યવસ્થા હતી. આ કૅબિનમાં અભય ચરણારવિંદ ભક્તિવેદાન્ત સ્વામીનો નિવાસ હતો. શરૂઆતની મુસાફરીમાં સ્વાસ્થ્ય સારું રહેતું નહોતું. દરિયાઈ મુસાફરી વખતે જ એમનો સિત્તેરમો જન્મદિન આવ્યો હતો. ૧૭, સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ 'જલદૂત' બોસ્ટનના કૉમન-વેલ્થ-પિયર પહોંચ્યું, જ્યાંથી ન્યૂ યોર્ક શહેર પ્રતિ પ્રયાણ કર્યું. બોસ્ટનમાં એમણે બંગાળી ભાષામાં 'અમેરિકામાં કૃષ્ણભાવનાનો ઉપદેશ' નામક કાવ્ય લખ્યું હતું, જેમાં એમની ભાવનાનો પડઘો સંભળાય છે. ૧૯, સપ્ટેમ્બરે ન્યૂ યૉર્ક પહોંચ્યા, ત્યાંથી બટલર શહેરમાં ગોપાલ અગરવાલને ઘરે પહોંચ્યા. એ પરોઢિયાના ચાર વાગ્યાનો સમય હતો. એમની પાસે ઝાઝો સામાન નહોતો. ૨૨, સપ્ટેમ્બરના રોજ 'બટલર ઈગલ' વર્તમાનપત્રમાં તો અભય ચરણારવિંદના વિષે લખાયેલા લેખનું શીર્ષક હતું : 'ભક્તિયોગના એલચી'. બસ, ત્યારથી એમના મિશનનો આરંભ થયો. એમાં ગોપાલ અગરવાલનો મોટો સહકાર. બટલરમાં મહિનો રહ્યા બાદ ૧૮, ઑક્ટોબરે ન્યૂ યૉર્ક જતાં પહેલાં તેઓ ફિલાડેલ્ફિયાની યુનિવર્સિટી ઑવ પૅન્સિલ્વેનિયાના સંસ્કૃતના પ્રાધ્યાપક ડૉ. નૉર્મન બ્રાઉનને મળી આવ્યા. ન્યૂ યૉર્કમાં ડૉ. રામમૂર્તિ મિશ્રના અતિથિ બન્યા, અને ત્યાંના ભારતીય ઉત્સવમાં નૃત્યકાર ઉદયશંકર સાથે મુલાકાત થઈ. ડૉ. મિશ્રાએ થોડો સમય એમના નિવાસસ્થાને રાખ્યા. પછી સૅન્ટ્રલ પાર્ક પાસે આવેલા પોતાના યોગસ્ટૂડિઓની નીચેના રૂમ નંબર ૩૦૭માં રહેવાની સગવડ કરી આપી. એ રૂમમાંથી એમનું ટાઈપ રાઈટ અને ટેપરેકોર્ડ ચોરાતાં બૉવરીના માળિયામાં રહેવા ગયા. બૉવરીમાં એમનું સંગીતમય કીર્તન લોકપ્રિય બન્યું. ત્યાંથી 'મેચલેસ ગિફ્ટ'માં રહેવા ગયા. એ ૨૬, સેકન્ડ એવન્યૂમાં આવેલું હતું. ત્યાં હિપ્પીઓનો સમાગમ થયો. એમાં ડૅવિડ ઍલન નામનો એકવીસ વર્ષનો યુવાન મુખ્ય હતો. એ સહુને સાચા સુખ-શાંતિની શોધ હતી. 'હરે કૃષ્ણ... હરે રામ'ના સંકીર્તનમાં નશા વગરની 'માનસ સફર' હતી. હિપ્પીઓ હરેકૃષ્ણ કીર્તનને 'એક સૌથી ઊંડા મૂળવાળા બનાવ' તરીકે ગણતા. લોઅર ઈસ્ટના સંગીતકારોએ એજ ધૂનનું એમની ક્લબમાં અનુકરણ કર્યું હતું.

અભય ચરણારવિંદ ભક્તિવેદાન્ત સ્વામીએ ૧૯૬૬માં ન્યૂ યૉર્કમાં 'આંતરરાષ્ટ્રિય કૃષ્ણભાવનામૃત સંઘ' - ઈસ્કોન-ની સ્થાપના કરી. ઝાંસીમાં રચેલા 'ભક્તોના સંઘ'ના સાત મુખ્ય મુદ્દાઓ ઈસ્કોનના હતા. વળી, એમને પોતાનું જૂનું સામયિક **'Back to God-head'** યાદ આવ્યું. એને પુનર્જીવિત કરવાનું નક્કી કર્યું, જેનું તંત્રીપદ પ્રાધ્યાપક હયગ્રીવને સોંપ્યું. રાય રામ એમના સાથી હતા. એ પહેલાં એમણે સામયિક છાપવા માટે સ્વતંત્ર છાપખાનું ઊભું કર્યું હતું. **'Back to God-head'**નો મુદ્રાલેખ હતો - 'પરમેશ્વર પ્રકાશ છે, માયા અંધકાર છે. જ્યાં પરમેશ્વર છે ત્યાં માયા નથી.'

લોઅર ઈસ્ટ સાઇડમાં 'હરેકૃષ્ણ... હરેરામ' ભક્તિઆંદોલનનું વાતાવરણ બરાબર ગોઠવાયું હતું. એટલે ત્યાંથી ૧૯૬૭ના જાન્યુઆરી મહિનામાં ભક્તિવેદાન્ત સ્વામી સાન્ફ્રાન્સિસ્કો પહોંચ્યા, ત્યારે હવાઈમથક પર હિપ્પીઓનું ટોળું એમના આગમનની પ્રતીક્ષા કરતું બેઠું હતું. ત્યાં એમનું ભવ્ય સ્વાગત થયું. ત્યાંના પ્રખ્યાત વર્તમાનપત્ર 'ધ ક્રૉનિકલ'માં એમના વિષે લખાયેલા લેખમાં એમને 'રૂઢિચુસ્ત' લેખવામાં આવ્યા હતા.

આ દરમિયાન એમનું ભગવદ્ગીતાના અનુવાદ તથા ભાવાર્થનું કામ ગતિશીલ હતું. છતાં પ્રકાશનનું કાર્ય સહેલું નહોતું. અહીં એમણે ચૈતન્ય મહાપ્રભુના જીવન તથા ઉપદેશો વિષેના ગ્રંથ 'ચૈતન્ય ચરિતામૃત'ના અનુવાદનું કાર્ય પ્રારંભ્યુ. એનું નામ રાખ્યું 'ચૈતન્ય મહાપ્રભુના દિવ્ય ઉપદેશો.' આ કામમાં ક્યારેક રાત ક્યાં પસાર થઈ જતી તેનો પણ ખયાલ રહેતો નહીં.

ભક્તિવેદાન્ત સ્વામીનું મુખ્ય ધ્યેય કૃષ્ણભાવનાના પ્રચારનું હતું. પ્રત્યેક વ્યક્તિમાં એ સદ્‌ને જોતા અને પ્રત્યેક વ્યક્તિને સદ્ શીખવતા. આથી સાન્ફ્રાન્સિસ્કોમાં રૉક નૃત્યમાં જવાનું પણ એમણે માન્યું હતું. પણ પાછળથી એ સ્થળ એમને યોગ્ય લાગ્યું નહોતું. છતાંય ભટકેલ હિપ્પીઓને કૃષ્ણ પ્રતિ વાળવા એ સતત પ્રયત્નશીલ રહ્યા હતા. આથી એમના કીર્તનમાં સંગીત સાથે નૃત્ય પણ જોવા મળે છે. નશાને એ વર્જ્ય ગણતા, છતાંય હરેકૃષ્ણ આંદોલનમાં જાણે નશો જ મુખ્ય આધાર હોય એવી છાપ પ્રારંભનાં વર્ષોમાં ઊપસી હતી. સાન્ફ્રાન્સિસ્કોમાં જગન્નાથ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા કરી અને ત્યાં રથયાત્રાનું આયોજન કર્યું. ત્યાંથી વળી ન્યૂ યૉર્ક પાછા આવ્યા. ૧૯૬૭ના જૂનમાં એમનું સ્વાસ્થ્ય કથળ્યું. આમ તો 'જલદૂત'માં મુસાફરી ટાણે દરિયો તોફાની બન્યો હતો. ત્યારે પણ એમનો અદ્ભુત બચાવ થવા પામ્યો હતો. આ દરમિયાન સાન્ફ્રાન્સિસ્કોમાં રથયાત્રા નીકળવાની હતી. એમનું સ્વાસ્થ્ય સારું ન હોવા છતાં એ ત્યાં ગયા. એ જુલાઈ મહિનો હતો. એ રથયાત્રામાં એમને પશ્ચિમે કૃષ્ણભાવનાની કરેલી સ્વીકૃતિનાં દર્શન થયાં. હવે એમનું મન ભારત પાછા ફરવા તલસતું હતું. એમણે મનોમન નિશ્ચય કર્યો હતો અને એ મુજબ ૨૪ જુલાઈ ૧૯૬૭ના રોજ એ દિલ્હી આવી પહોંચ્યા. એમના છિપ્પીવાડના જૂનાં નિવાસસ્થાને આવ્યા ત્યારે એ ઘર તદ્દન ધૂળવાળું પડ્યું હતું. તો ય ભક્તિવેદાન્ત સ્વામી ત્યાં રહ્યાં. ઑગસ્ટના પહેલાં અઠવાડિયે વૃંદાવન ગયા. ત્યાં મૅકમિલન કંપનીએ એમના ભગવદ્ગીતાના ગ્રંથનું પ્રકાશન કરવાની તૈયારી બતાવી છે એવા સમાચાર મળ્યા. આથી વળી વિદેશ જવાની ગોઠવણ શરૂ થઈ. એ વર્ષની જન્માષ્ટમીના દિવસે અર્થાત્ ૨૮ ઑગસ્ટે એમણે કીર્તનાનંદને સંન્યાસની દીક્ષા આપી. એ એમના પહેલા શિષ્ય બન્યા. વૃંદાવનમાં ઔષધ, આરામ અને મસાજથી એમનું સ્વાસ્થ્ય સુધારા પર આવ્યું. આથી એ સાન્ફ્રાન્સિસ્કો રવાના થયા. થોડો સમય ત્યાં રહીને લૉસ ઍન્જિલીઝ ગયા. પછી બૉસ્ટન ગયા. ત્યારે શિષ્યોને આગ્રહે 'પ્રભુપાદ' એવું નામ સ્વીકાર્યું. **'Back to God-head'**માં વિસ્તૃત જાણકારી પ્રસિદ્ધ થઈ હતી. ૧૯૬૮માં મોન્ટ્રિયલ હતા ત્યારે જ લંડનમાં 'ઈસ્કોન'નું કેન્દ્ર શરૂ કરવાની એમની મનીષા હતી. ૧૯૬૯માં એ વેસ્ટ વર્જિનિયા ગયા. જ્યાં ન્યૂ વૃંદાવન ઊભું કરાયેલું હતું. દરમિયાન લંડનમાં



શ્રીલ પ્રભુપાદ કિશોર દ્વારકાધીશને સંસ્કૃત મૂળાક્ષરો લખતાં શીખવે છે.

મંદિર ઊભું થયું હતું. આથી લંડન પહોંચ્યા. ત્યાંથી પાછા અમેરિકા આવ્યા. ૨૮, જુલાઈ ૧૯૭૦ના રોજ 'ઈસ્કોન'ની વ્યવસ્થા માટે ગવર્નિંગ બોર્ડની રચના કરી ત્યારે એની ચોત્રીસ શાખાઓ અસ્તિત્વ ધરાવતી હતી. એમણે 'ભક્તિવેદાન્ત બુક ટ્રસ્ટ'ની રચના પણ કરી. આ ટ્રસ્ટ આજે પણ એમના ગ્રંથોનું વિવિધ ભાષાઓમાં પ્રકાશન કરે છે. ટ્રસ્ટની રચના કર્યા બાદ એની આવકમાંથી માયાપુર, વૃંદાવન અને જગન્નાથપુરીમાં મંદિર બાંધવાની યોજના ગોઠવી. 'ઈસ્કોન'નું પ્રત્યેક મંદિર સ્વતંત્ર વહીવટ ધરાવનારું હોવું જોઈએ એવી એમની દૃઢ માન્યતા હતી.

૧૯૭૦માં પ્રભુપાદ એમના જન્મસ્થળ કોલકતા આવ્યા ત્યારે એ શહેર તોફાનોમાં સપડાયેલું હતું. નકસલવાદ વકર્યો હતો. વેપાર ધંધા ભાંગી પડ્યા હતા. ધનિક લોકો સ્થળાંતર કરી ગયા હતા. એવા વાતાવરણમાં પ્રભુપાદે કૃષ્ણ-આંદોલનના પશ્ચિમી ભક્તોને કોલકત્તાની શેરીઓમાં કીર્તન કરતા કર્યા. એની પ્રજામાનસ પર અપૂર્વ અસર પડી. લોકોમાં ચૈતન્ય આવ્યું. ઑક્ટોબર ૧૯૭૦માં પ્રભુપાદ મુંબઈ ગયા. પછી સુરત પહોંચ્યા. ૧૯૭૧માં સિડની, મોસ્કો અને નૈરોબીની યાત્રા કરી. સામ્યવાદી દેશમાં કૃષ્ણભાવના ફેલાવવી એ સહેલું કામ નહોતું. અલબત્ત, રશિયન પ્રજા ભૌતિક સુખને અંતિમ લક્ષ્ય માનનારી નહોતી. પણ એમનામાં આધ્યાત્મિકતાનો અભાવ હતો. મોસ્કોમાં એમની મુલાકાત રશિયન ઈન્ડોલૉજિના પ્રાધ્યાપક જી.જી. કોતોવ્સ્કી સાથે થઈ. પરન્તુ કૃષ્ણભાવનાનો પ્રચાર શક્ય ન બન્યો. ત્યાંની સરકાર અન્ય ધર્મના પ્રચાર બાબતે વધુ સતેજ હતી. છેવટે નારાયણ નામક એક ભારતીય યુવાન અને તેના મિત્ર ઈવાન દ્વારા એ કાર્ય એમણે સિદ્ધ કર્યું. નૈરોબીમાં પ્રભુપાદે સ્વાહિલી ભાષામાંથી અસરકારક અવતરણો ટાંકીને વ્યાખ્યાન આપ્યું. એમનો પહેલો શબ્દ હતો **Harambay** - હરમ્બે, અર્થાત સ્વાગતમ્ ભાઈઓ, એમણે કહેલું કે - 'તમે તમારી જાતનો વિકાસ સાધવા પ્રયત્ન કરો છો તો ખૂબ મજબૂત રીતે વિકાસ સાધો, ઍટમબૉમ્બ તો તૈયાર જ છે. બીજું યુદ્ધ ફાટી નીકળશે તો તરત

જ સર્વ ગગનચુંબી ઈમારતો અને દરેક વસ્તુ વિનાશ પામશે. સાચા દૃષ્ટિબિંદુથી માનવજીવનના સાચાદર્શનને સમજવા પ્રયત્ન કરો. કૃષ્ણભાવના આંદોલન તેને માટે છે.'

૧૯૭૧-૭૨ દરમિયાન પ્રભુપાદનો પ્રવાસ સતત ચાલતો રહ્યો. ઇંગ્લંડમાં મંદિરની યોજના થઈ. મુંબઈમાં જમીનની ખરીદી થઈ. મંદિર બન્યું પરન્તુ આંતરિક ખટરાગને પરિણામે મ્યુનિસિપલ સત્તાવાળાએ એને અનધિકૃત મંદિર જાહેર કરીને તોડી પાડ્યું. વળી બંધાયું. એને ન્યાયાલયે માન્ય રાખ્યું. ૧૯૭૩માં પ્રભુપાદ લંડન અને પૅરિસની મુલાકાત લઈ આવ્યા. ૧૯૭૪માં વૃંદાવનમાં મંદિર બાંધવાની યોજના કરી, જે ૧૯૭૫ના એપ્રિલમાં સાકાર થઈ. મંદિરોના નિર્માણકાર્ય સાથે યાત્રા તો ચાલુ જ હતી.

૧૯૭૫ની ૨૨ ઑગસ્ટે પ્રભુપાદે ત્યારનાં વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની મુલાકાત લઈને એમની સાથે પોતાની વિચારધારાના દસ મુદ્દાઓની ચર્ચા કરી. એમના એંશીમાં જન્મદિન ૩૧, ઑગસ્ટે પંદર ગ્રંથોનું પ્રકાશન થયું. ધીમે ધીમે પ્રભુ પાદ શિથિલ થતા જતા હતા. તોપણ ધર્મયાત્રામાં અગતિ ન આવી. કૃષ્ણભાવનાનું આંદોલન હવે વેગ પકડતું જતું હતું. 'બેક ટુ ગૉડ-હેડ'નું પ્રકાશન પૂરજોશમાં થતું હતું. એમાંથી ખૂબ આવક થતી હતી, જે મુંબઈમાં બંધાતા મંદિર માટે વપરાતી હતી. સ્પેનિશ ભાષામાં અનૂદિત થયેલી ગીતાએ લાખો ડૉલરની કમાણી કરી આપી હતી. ૧૯૭૬માં ભારતનાં મહત્ત્વનાં શહેરોની મુલાકાત સાથે મેલબોર્ન, ઑકલૅન્ડ તથા ફિજી ગયા હતા. વળી એમણે લેખનકાર્યને વેગવતું બનાવ્યું હતું. એમના ગ્રંથોને ચારેબાજુ આવકાર મળતો હતો. એમના અનુવાદો માત્ર શાબ્દિક ભાષાની પાસે અટકી જતા નહોતા, પરન્તુ એમાં એમની આધ્યાત્મિક દ્યુતિનાં દર્શન થતાં. એમની દૃષ્ટિ આવનાર યુગને પારખી શકતી.

જાન્યુઆરી ૧૯૭૭માં પ્રભુપાદ મુંબઈ પાછા આવ્યા. એમને 'ઈસ્કોન'નું બંધાયેલું મંદિર જોવાની અદમ્ય ઈચ્છા હતી. મંદિર બંધાઈ ચૂક્યું હતું. પરન્તુ ઉદ્‌ઘાટનની તારીખ નિશ્ચિત થઈ નહોતી. મુંબઈથી પ્રભુપાદ ભુવનેશ્વર ગયા. ત્યાંથી ફેબ્રુઆરીમાં માયાપુરની મુલાકાત લીધી. હોડીમાં બેસી નવદ્વીપ ગયા. ત્યાં ચઢાણવાળાં પગથિયાં ઉપર ચાલતાં ચાલતાં એમના પગ લથડતા ગબડી પડ્યા. આવું બીજી વાર બન્યું હતું. ત્યાંથી વળી, મુંબઈ ઊપડ્યા. દરમિયાન શ્રીમન્નારાયણે એમની મુલાકાત લીધી અને હૃષીકેશ જવાનું સૂચવતાં પ્રભુપાદ ત્યાં ઊપડ્યા. મે મહિનાની ગરમી પડતી હતી. ત્યાં વાતાવરણ સારું ન લાગતાં વૃંદાવન તરફ પ્રયાણ કર્યું. ત્યાં પણ હવામાન ગરમ હતું. પ્રભુપાદની તબિયત ક્રમશઃ લથડતી જતી હતી. છતાંય લંડનની યાત્રા કરી. ત્યાં ઑગસ્ટમાં એમના જન્મદિન પછી તબિયત વધુ લથડી. એથી મુંબઈ પાછા આવ્યા. પણ ત્યાં રહેવા, માટે એમનું મન ન માન્યું. અને વૃંદાવન જઈને રહ્યા. હવે વિશેષ શિથિલ થતા જતા હતા. છતાંય ઉપદેશ-લેખનકાર્ય ચાલુ હતાં. એમ જ પ્રવૃત્તિમય જીવન જીવતા ૧૪ નવેમ્બર ૧૯૭૭ની સાંજે પ્રભુપાદની જીવનલીલા સંકેલાઈ ગઈ. એ સાથે જીવનપર્યન્ત કૃષ્ણ પ્રત્યેની અપાર ભક્તિનું જાણે પૂર્ણવિરામ મુકાઈ ગયું!

આજીવન કૃષ્ણભાવનાના આંદોલન માટે મથનારા અને પુસ્તકો થકી જ પરિવર્તન આવશે તેવું માનનાર પ્રભુપાદનું સમગ્ર જીવન પ્રભુની આસ્થામય હતું. એ સંકુચિત ધાર્મિક મનોવૃત્તિથી પીડાતા નહોતા, પણ સતત હિન્દુધર્મના ગ્રંથોનું વાચન-મનન કરીને નવા વિચારને શોધતા-આવકારતા સારા ધર્મજ્ઞ પુરુષ હતા. એમનું કૃષ્ણભાવનાનું આંદોલન આજે ય વિશ્વમાં સતત ગતિશીલ છે. તે જ એમના ખુલ્લા મનની સાચી તસવીર રજૂ કરે છે. □

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

લોક પ્રિયતા શબ્દ મૃગજળ જેવો છે. જો કે કેટલાક તેનો અર્થ જાણે છે ય ખરા. કહે છે કે ચર્ચિલની સભામાં બહુ મોટી સંખ્યામાં હાજરી જોઈને તેમના એક મિત્રે તેમને કહ્યું : 'કેટલી મોટી મેદની તમને સાંભળવા આવી છે ! આ તમારી લોકપ્રિયતા સૂચવે છે.' આ સાંભળી ચર્ચિલ ઠંડકથી બોલ્યા, 'જો મને અત્યારે ફાંસી અપાતી હોત તો આનાથીય મોટો માનવમહેરામણ તે જોવા ઊમટ્યો હોત.'

સાર્થ જોડણીકોશ પ્રગટ થયો તે અગાઉ જોડણી બાબત લોકો પોતપોતાના અંતરાત્માના અવાજને અનુસરતા. એક કથા અનુસાર મૅટ્રિક પાસ થયા બાદ આપણા વાર્તાકાર ધૂમકેતુએ નોકરી માટે ટપાલખાતામાં અરજી કરી હતી. પરીક્ષકે ગુજરાતી ડિક્ટેશન લખાવ્યું. ધૂમકેતુએ વિચાર્યું કે સ્વચ્છ, સુંદર અને શુદ્ધ ગૂર્જર ગિરામાં જ લખવું, જેથી વધારે માર્ક્સ મળી જાય. તેમણે નરસિંહરાવ અને ન્હાનાલાલને વાંચેલા. એમનાથી પ્રભાવિત પણ ઘણા. 'હમે' શબ્દપ્રયોગ સંસ્કારી ગણાય એવો તેમનો ખયાલ હતો. જ્યહાં, ત્યહાં, જ્યહારે, ત્યહારે - એ યુગમાં ઉત્કૃષ્ટ શૈલીના નમૂના લેખાતા. ધૂમકેતુએ આ શૈલી અપનાવી. શિરસ્તેદારની આંખો ચમકી ઊઠી. તેમણે ધૂમકેતુને પૂછ્યું, 'અરે મિસ્ટર, તમને ગુજરાતી લખતાં પણ નથી આવડતું ?' ને આમ તેમણે પોસ્ટ ઑફિસની નોકરી ગુમાવેલી. એ નોકરી ભલે તેમને ના મળી, આપણને 'પોસ્ટ ઑફિસ' જેવી અતિ સુંદર વાર્તા તો મળી જ.

॥ અર્થ, શબ્દકોશ બહારનો ॥

ભગીરથ બ્રહ્મભટ્ટ

સુધીર આ સોસાયટીમાં રહેવા આવ્યો ત્યારથી તેની રહેણી-કરણીએ લોકોમાં કુતૂહલ જગાવ્યું હતું. તેની પ્રવૃત્તિ લોકોને રહસ્યમય લાગતી. પણ થોડા જ સમયમાં તેની પ્રવૃત્તિ વિશે લોકોને જાણ થઈ ત્યારથી સોસાયટીનાં લોકો તેને ધૂની માણસ તરીકે ઓળખતાં હતાં. હમણાં તેણે પુનર્લગ્ન કર્યાં ત્યારે પણ લોકો જાતજાતના તર્કવિતર્કો કરતા હતા.

'જોયું ઘરડી ઘોડી ને લાલ લગામ' ! તો વળી કોઈ એમ કહેતું હતું કે 'આ પણ નહિ રહે જોજો તો ખરા !' તો વળી કોઈ ત્રીજાની ધારણા એવી હતી કે '- આ બૈરી બહુ બહુ તો બાર મહિના કાઢશે, પછી જોજો ભૈ થોથામાં ને બૈ રફ્ફુ ચક્કર !'

લોકો ઉપર પ્રમાણેની ઉક્તિઓ તે નવા યુગલ પ્રત્યે આંગળી ચીંધી ચીંધીને કરતાં હતાં, એનાથી એટલું તો સ્પષ્ટ વરતાતું હતું જ કે સુધીર એનાથી ઘણી નાની ઉંમરની બાઈ સુધા સાથે પરણ્યો હતો.

સુધીર વિશ્વાસ સોસાયટીમાં બેપાંચ વરસથી રહેતો હતો. એનો અભ્યાસ એમ.એ. સુધીનો. ટપાલી એક સાથે થોકડો ટપાલ લઈને તેને ત્યાં આવે એટલે લોકોને એમ થતું હતું કે કોઈક ભણેશરી, વિદ્વાન હશે. સવારે વહેલો ઊઠી પોતાની મોટર સાઈકલ ઉપર આજુબાજુનાં ગામડાંઓમાં ચાલ્યો જાય. રાત્રે ઘણો મોડો આવે. એટલે લોકોને એની આ પ્રવૃત્તિ રહસ્યમય લાગતી. સોસાયટીમાં કોઈની સાથે ખાસ વાતચીત કરે નહિ. તેની પ્રથમ વારની પત્ની પણ એ ભલી ને એનું કામ ભલું. ઘરમાં બેઠી બેઠી કંઈનું કંઈ લખતી જ હોય. પરિણામે એ પણ સોસાયટીના સદસ્યો સાથે સંબંધો સ્થાપી શકેલી નહિ. પરિણામ સ્વરૂપે આખી સોસાયટી માટે એ કુતૂહલ જન્માવતાં પાત્રો સમાં બની ગયેલાં, પરંતુ જ્યારે એ પ્રથમ વારની પત્ની મૃત્યુ પામી ત્યારે ક્રમશઃ લોકોને ખબર પડી. લોકો એકઠા થઈ ગયાં. ત્યારે ડૉક્ટરને બોલાવાયેલા હતા. ડૉક્ટરે ફોડ પાડીને કહ્યું હતું : બહેનને ન્યૂમોનિયા હતો, ખાસ કાળજી લેવાઈ નથી એટલે...'

કોઈએ કહ્યું હતું : 'બહુ ખોટું મૈણું થયું નૈ !'

ત્યારે સુધીરે 'મૈણું' શબ્દ સાંભળીને, ઊભો થઈ એક કાગળમાં એ ટપકાવી દીધો... આજુબાજુમાં ભણેલા માણસો સાથે પછી થોડીક વાતચીત થતાં ખબર પડી કે સુધીર ચરોતર વિસ્તારની ખાસ પ્રકારની લોકબોલીનો શબ્દકોશ તૈયાર કરવાની પ્રવૃત્તિમાં રોકાયેલો હતો. અહીંયાંથી વહેલી સવારે દૂર દૂર ગામડાંઓમાં જઈને તે અસ્તાચલ પામેલા શબ્દોને કાગળ ઉપર કંડારે છે, સાચવે છે. પરિણામે એનું ચિત્ત આખો દિવસ આ પ્રકારના સંશોધન પાછળ જ રત રહેતું. તેની ઉત્તમ પત્ની, કામગરી નિર્મળા, થોડીક બેકાળજીને કારણે બીમારીમાંથી બેઠી થઈ શકી નહિ ને તે એકલો પડ્યો.

નિર્મળા પરણીને આવેલી ત્યારથી સુધીર પર ઓળઘોળ રહેતી. નિર્મળા દેખાવડી છોકરી હતી. બંને ઉષ્માપૂર્વકનું જીવન જીવતાં. પરસ્પર પૂરક બનીને જીવતાં. સુધીરનાં કાર્યોમાં, એના સાહિત્યમાં એણે પ્રેરણા પૂરી પાડેલી. સુધીરની ઘણી વાતાંઓ - કવિતાઓની નકલો કરતી, સુધારતી, શબ્દો લખતી, અર્થો શોધતી-શોધાવતી તેની સાથે જાગતી, તેને સંભળાતી. આકાશ જેવડું સુખ હતું બંનેના સદ્ભાગ્યમાં.

નિર્મળા સુધીરને સાચવતી. એની પળેપળને સાચવતી. એના શબ્દોનોય ખયાલ રાખતી પણ નિર્મળાને ન્યૂમોનિયા વળગ્યો ત્યારે સુધીર શબ્દકોષની લગનીમાંથી ચ્યુત થઈ શકેલો નહિ. પરિણામે ન્યૂમોનિયા નિર્મળાને ગળી ગયો. ત્યારે સુધીરની આંખોમાંથી પ્રાયશ્ચિત્તનો સ્રોત અભિષેકરૂપે જન્મેલો.

નિર્મળાનો દેહ જ્યારે સ્મશાનભૂમિમાં રાખ બની રહ્યો હતો ત્યારે જડ જેમ એ ઊભો હતો ત્યાં કોઈએ કહ્યું - 'કૌ આ માંણહ પોચાહરો ઘણો હોં !' તરત જ તેણે ગજવામાંથી પેન કાઢી 'પોચાહરો' શબ્દ નોંધ્યો, પછી એનાં અર્થવલયોમાં ખોવાયો. એ મનોમન 'પોચાહરો' એટલે પોચો-ઢીલો એમ અર્થ કરવા લાગ્યો... નિર્મળા નિઃશેષ થઈ ગયા પછી એ સૌની સાથે પોતાના ઘેર આવ્યો. સુધીરને આજે છેતાલીસમું બેઠું. છેતાલીસમે વર્ષે સુધીરને સહવાસની ઝંખના જાગી. તેણે નિર્ણય લીધો.

છૂટાછેડા લીધેલી સુધા વિશે કોઈ એક જગ્યાએ વાંચ્યું. વળતો જવાબ લખી મુલાકાત ગોઠવી, પોતાની મરજી પ્રદર્શિત કરી. મુલાકાત યોજાઈ. સુધા સત્તાવીસ વર્ષની નમણી યુવતી હતી. હજુ કુંવારી જણાતી હતી. કાનની મૂળ લંબાઈ કરતાં વધારે વ્યાસના ઘેરાવાવાળી કાનની રિંગો વડે પોતાના કર્ણપ્રદેશને શોભાવતી હતી. ઊંચી હતી - દેખાવડી હતી - રૂપાળી પણ કહી શકાય. અલંકારો ઓછા પહેરે છતાં અલંકૃત જણાય. બોલે ઓછું છતાં મીઢી ન કહેવાય. હસે નહિ છતાં હસમુખી નથી એમ કહેવા જતાં એને અન્યાય થાય. ઊંચી ખરી, તંદુરસ્ત ખરી, ભરાવદાર પણ ખરી. નિર્મળાની તુલનામાં ઊભી રહી શકે એવી જણાતાં સુધીરે મન મનાવ્યું.

'આપનું નામ ?' સુધીરે પૂછ્યું.

'જાણેલા પ્રશ્નોના જાણીતા ઉત્તરો આપવાથી શો ફર્ક પડશે ?'

'આપનું કામ ?'

'આપને પસંદ પડું તો આપની સાથે વીંટળાઈ જવાનું.

'હવે હું આપને એક પ્રશ્ન પૂછી શકું ?' સુધા બોલી.

'Yes, why not' સુધીરે કહ્યું.

'આપનું કામ ?'

'શબ્દકોશ તૈયાર કરવાનું. એમાં તમારે મને સહાય કરવી જ પડશે. એક મોટી ગુંજાઈશનું કામ છે એ.'

'ચોક્કસ, એ શબ્દકોશમાં મારુંય ક્યાંક નામ હશે ને !'

-બંને હસી પડેલાં. પછી ઉપરછલ્લી થોડીક વાતો કરીને વિખૂટાં પડેલાં. ભૂતકાળ ઉખેળવાથી ભવિષ્ય-વર્તમાન ઉભયની મજા મરી જતી હોય છે. ત્રિપડે બનેલી કાળની દીવાલના મધ્યમ પડને જોવા જતાં પ્રથમ પડને તોડી નાખવું જ પડે છે અને બચેલું પડ એટલું પાતળું બની જાય છે કે એની ચિંતામાં ને ચિંતામાં જીવવાની લિજ્જત હણાઈ જતી હોય છે. એ વાત બંને સારી રીતે જાણતાં હોવાથી કોઈએ એ વિશે વાત ઉખેળી જ નહીં. હા ઊછળતા સાગરમાં ભળી જવાનો હક સરિતા જેટલો જ એક નાનકડા જળબિંદુને પણ છે. નથી ? સુધીરને આનાથી સમજાઈ ગયેલું કે પોતાની વધારે પડતી ઉંમર સુધાને સ્વીકાર્ય છે. ત્યાર બાદ બંને બિનશરતી જોડાયેલાં.

સુધા છૂટાછેડા લીધેલી આશાસ્પદ યુવતી. પોતાની પ્રકૃતિમાં જ એવું કે પોતે પોતાની રીતે અંકુરાય, ફૂલે-ફાલે, એમાં પુરુષનો સહવાસ તેને આડખીલી સ્વરૂપ લાગે. તેનો સી.એ. થયેલો રાજુ નામનો પતિ આમ તો બધી રીતે બરાબર હતો. પરંતુ રાજુ પોતાની રીતે સુધાને સમજાવવા-રહેવા-જીવવા કોશિશ કરતો જે સુધાની પ્રકૃતિમાં જ નહોતું. પરિણામે સુધા રાજુથી મૂળસોતી ઊખડી ગયેલી. સુધાએ છૂટા થયા પછી એકલાં જ રહેવાનો નિર્ણય કરેલો. પરંતુ વધારે પડતા એકલતાના દિવસોએ એને સમજાવી દીધેલું કે પોતાના જીવનની સલામતી માટે પુરુષની અનિવાર્યતા છે. આમ એક ક્ષણ એના નિર્ણયને પલટાવી ગઈ હતી.

સુધા અને સુધીરનું નવું લગ્નજીવન શરૂશરૂમાં તો ખૂબ જ સુસંવાદી હતું. સુધીરના આશ્લેષમાં એને એટલો જ આનંદ ઉન્માદ આવતો. સુધીરના વર્તનથી તે ખુશ રહેતી, સુધીરનું કામ તેને ગમતું. તે પણ તેમાં મદદરૂપ બનતી. સુધીરની સાથે તે પણ દૂરદૂર ગામડે જતી. શબ્દોના સંશોધનમાં સહાયરૂપ થતી. શબ્દકોશની જેમ જ તેમણે ભવિષ્યમાં તૈયાર થનાર મકાનના નામકરણ અંગે પૂર્વકલ્પનાઓ કરી હતી... સુધા માટે આ લગ્નોત્તર આનંદફાલ એટલો બધો સમૃદ્ધ હતો કે એ પોતાની જાતને ભાગ્યશાળી માનતી. એ ઘણી વાર સુધીરને પૂછતી, 'આપણાં પ્રેમ માટે કયો શબ્દ તારા શબ્દકોશમાં છે ?' સુધીર હસતો, સુધા હસતી.

સુધીર સુધાના આગમનથી આનંદમાં રહેતો હતો. સુધાના અતીતથી અજ્ઞાત હતો છતાંય એના વર્તમાનથી ભૂતકાળનાં અઢાર વર્ષ એકદમ ભૂંસી શકતાં લાગેલાં. ઘણી વાર ભુંસાયેલી સ્લેટમાં નિર્મળા ઊપસી જતી.

સુધીર નિર્મળાને હૃદયની રાણી સમજતો હતો. શબ્દકોશ બનાવવાની મૂળ પ્રેરણા નિર્મળાએ પૂરી પાડેલી. નિર્મળાએ તેની પાસે કાવ્યો કરાવ્યાં હતાં - લેખો લખાવ્યા હતા. પ્રત્યેક શબ્દની-અર્થની એ કાળજી રાખતી. સુધાથી કશીય વાતે નિર્મળા પણ ઊતરતી તો નહોતી જ.

દર વર્ષે ૧૪મી સપ્ટેમ્બરે બંને લગ્નતિથિ ઊજવતાં; શબ્દકોશનાં પાનાંઓની પૂજા કરતાં પરસ્પરને પ્રણામ કરતાં. નિર્મળા ખરેખર નિર્મળા હતી. સ્વચ્છ અને સુઘડ. કૃત્રિમ પ્રસાધનોથી રૂપને આંજતી ત્યારે કહેતી - 'આ તો તમારા માટે જ !' ત્યારે નિર્મળાના પ્રેમમાં સુધીર ખૂંપેલો રહેતો.

નિર્મળાને ન્યૂમોનિયા થયો ત્યારે તો પથારીમાં પડી રહેવાને બદલે કૃશ અશક્ત શરીરે તેણે કામ જ કર્યે રાખેલું. પરિણામે 'શબ્દકોશ'ની અતિકાળજી લેવા જતાં 'નિર્મળા' ના દેહની પૂરતી કાળજી રાખી શકાઈ નહિ...

એક સાંજે સુધા તથા સુધીર બજારમાં ફરવા નીકળેલાં. સૂરજ ભૂંસાવાની તૈયારીમાં હતો. દરિયામાં નવું જીવન આવ્યું હતું. નિર્મળ ચાંદની, દરિયા કિનારો, દરિયાકાંઠે ઠંડી થતી સાંજના ઠંડા વાતાવરણમાં સુધીરે સુધાનો હાથ પોતાના હાથમાં લઈ કહ્યું :

'એક વાત કહું ?'

'કહો ને.'

'તને વાંધો તો નહિ આવે ને ?'

'ના, મને શું વાંધો ?' સુધા બોલી.

'કાલે ચૌદમી સપ્ટેમ્બરને ? એ મારી જૂની લગ્નતારીખ !'

'તમને એ પણ હજુ યાદ છે !' એમ કહેતાં સુધાએ તાજ્જુબી અનુભવી.

'આપણે તે ઊજવવી પડશે - પરંપરા પ્રમાણે.'

'સારું'. સુધાએ ત્યારે તો કહી નાખ્યું. પોતાનાથી સુધીરને કંઈ જ ખોટું ન લાગે એમ તેણે વાતો કરી. બીજે દિવસે વહેલી સવારે સુધીર ઊઠ્યો. ઘડિયાળમાં ચાર વાગ્યા હતા. સુધા પથારીમાં પડ્યાં પડ્યાં સુધીરની ક્રિયાઓ નિહાળી રહી. સુધીર ઊઠીને અંદરના રૂમમાં ગયો. એક બંધ ટેબલના ખાનાને ખોલ્યું. તેમાંથી કંઈક બહાર કાઢ્યું, આંખે લગાડ્યું. બ્રશ કરી, ન્હાયો-ધોયો. ભગવાનની પૂજા કરવાનો પાટલો ઢાળ્યો. પલાંઠી વાળી બેઠો. પાટલા પર 'શબ્દકોશ'નાં પાનાંઓ રાખ્યાં. પૂજા કરવાની સામગ્રી લીધી. દીવો પેટાવ્યો. બે હાથ જોડાયા. અંદરના ટેબલના

(અનુસંધાન પૃ. ૩૫)

મણિપુર

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતના ઈશાન (ઉત્તર-પૂર્વ) ખૂણે મણિપુરનું રાજ્ય આવેલું છે. તેની ઉત્તરમાં નાગાલૅન્ડ, પશ્ચિમમાં આસામ અને મિઝોરમનાં રાજ્યો તથા તેની દક્ષિણમાં મિઝોરમ અને મ્યાનમાર (બર્મા)ની આંતરરાષ્ટ્રિય સરહદ આવેલી છે. આ રાજ્યનું ક્ષેત્રફળ ૨૨,૩૨૭ ચોરસ કિલોમીટર છે. તેના ૧૭,૪૧૮ ચોરસ કિ.મી.ના વિસ્તારમાં જંગલો આવેલાં છે. તેમાંના ૧૪૬૭ ચો.કિ.મી. વિસ્તારમાં અનામત જંગલો, ૪૧૭૧ ચો.કિમી વિસ્તારમાં રક્ષિત જંગલો તથા ૧૧,૭૮૦ ચો.કિ.મી. વિસ્તારમાં બિનવર્ગીકૃત જંગલો છે. ૧૯૯૧ની વસતીગણતરી મુજબ મણિપુરની વસતી ૧૮,૩૭,૪૧૯ છે. તેની મુખ્ય ભાષા મણિપુરી છે. રાજ્યના ૬૧ ટકા લોકો મણિપુરી ભાષા બોલે છે, બાકીના ત્યાંની થાડો, માઓ, કબુઈ, કુકી, તંગખુલ વગેરે ભાષાઓ બોલે છે. રાજ્યની કુલ વસતીના ૫૮ ટકા હિંદુ, ૩૪ ટકા ખ્રિસ્તી, ૭ ટકા ઈસ્લામ તથા બાકીના લોકો બૌદ્ધ, શીખ કે જૈન ધર્મ પાળે છે. રાજ્યનાં શહેરોમાં ૨૭.૫૨ ટકા લોકો રહે છે. તથા સાક્ષરતા ૬૦ ટકા છે.

રાજ્યનું પાટનગર ઈમ્ફાલ છે. ત્યાં ખેતમજૂરોને રોજના લઘુતમ ૪૧ રૂપિયા તથા ડુંગરાળ પ્રદેશોમાં રોજના ૩૮ રૂપિયા મજૂરી પેટે ચૂકવવામાં આવે છે. રાજ્યમાં લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૧૯૨૧ છે. વહીવટ કરવા માટે મણિપુર રાજ્યને નવ જિલ્લામાં વહેંચવામાં આવ્યું છે. તેમાંના પાંચ જિલ્લા ડુંગરાળ પ્રદેશમાં તથા ચાર જિલ્લા મેદાનોમાં આવેલા છે. તેમાં ચાંડેલ, ઈમ્ફાલ વેસ્ટ, સેનાપતિ, ઈમ્ફાલ ઈસ્ટ, ચુરાચાંદપુર, થૌબલ, ઉખરૂલ વગેરે જિલ્લાનો સમાવેશ થાય છે. રાજ્યમાં ઈરિલ, થાઉબલ, ઈરંગ, ઈમ્ફાલ અને બરાક નદીઓ આવેલી છે.

મણિપુર રાજ્યની વિધાનસભા ૬૦ સભ્યોની બનેલી છે. ત્યાંથી લોકસભામાં બે તથા રાજ્યસભામાં એક સભ્ય મોકલવામાં આવે છે.

ઈતિહાસ : મણિપુરમાં પ્રાચીન સમયમાં અનેક આદિવાસી જાતિના લોકો વસતા હતા. પરન્તુ તેનો નોંધાયેલો ઈતિહાસ ઉપલબ્ધ થતો નથી. મહાભારતમાંથી પ્રાપ્ત થતા ઉલ્લેખો અનુસાર અર્જુન પ્રવાસે નીકળ્યો ત્યારે ત્યાંની રાજકુમારી ચિત્રાંગદા સાથે તેણે લગ્ન કર્યાં હતાં. ઈ.સ. ૩૩માં પખંગબા નામનો રાજા ત્યાંના એક રાજ્યની ગાદીએ બેઠો હતો. આદિવાસીઓમાં મેઈતીસ જાતિનું પ્રભુત્વ હતું. ત્યાં અનેક પ્રતાપી રાજાઓ રાજ્ય કરી ગયા હશે એમ ઈતિહાસકારો માને છે. કેટલાંક લક્ષણો દર્શાવે છે કે ખૂનખાર લડાઈઓ પણ થઈ હશે. અઢારમી સદીમાં ગરીબનવાઝ નામનો એક શક્તિશાળી રાજા થઈ ગયો. તેણે લગભગ ૪૦ વરસ રાજ્ય રાજ્ય કર્યું હતું અને મ્યાનમાર પર વિજય મેળવ્યો હતો. તેના પુત્રે



રાજગાદી મેળવવાના લોભમાં તેની હત્યા કરી હતી. ત્યાર બાદ રાજકુટુંબમાં વારસાવિગ્રહો થતા રહ્યા અને મણિપુરનું પતન થવા માંડ્યું. આંતરિક કાવતરાં થવા લાગ્યાં તથા મ્યાનમારના શાસકોએ મણિપુર પર હુમલા પણ કર્યા હતા.

અંગ્રેજોએ મણિપુર પર આધિપત્ય મેળવ્યા બાદ મ્યાનમાર સાથે થયેલી લડાઈના અંતે ૧૮૨૬માં યાંદાબુની સંધિ કરવામાં આવી. મણિપુરમાં બ્રિટિશ પોલિટિકલ એજન્ટો હતા ત્યારે પણ ૧૮૩૪થી ૧૮૬૬ દરમિયાન દેશી રાજ્યમાં ક્રાંતિઓ અને રાજાને ઉથલાવી નાખવાના પ્રયાસો થતા હતા. રાજકુટુંબનો દરેક સભ્ય રાજગાદી મેળવવા ઉત્સુક રહેતો હતો. સપ્ટેમ્બર ૧૮૯૦માં એવા એક પ્રવાસમાં મણિપુરના મહારાજાને ગાદીત્યાગ કરવો પડ્યો હતો. અંગ્રેજ સરકાર દ્વારા બળવાખોર સેનાપતિ ટિકેન્દ્રજિતસિંહની ધરપકડ કરીને તેને હદપાર કરવામાં આવ્યો હતો. પરન્તુ આસામના બ્રિટિશ ચીફ કમિશનર, પોલિટિકલ એજન્ટ અને બીજા સીનિઅર અધિકારીઓનાં ખૂન થયાં, ત્યારે બ્રિટિશ સરકારે લશ્કર મોકલીને બળવો દાબી દીધો હતો.

મણિપુરના લોકો સ્વાતંત્ર્યપ્રિય છે. અંગ્રેજો અને મણિપુરના લોકો વચ્ચે ઈમ્ફાલથી ૪૫ કિમી. દૂર ખોંગજોમમાં ઈ.સ. ૧૮૯૧માં એક યાદગાર લડાઈ થઈ હતી. તેમાં મણિપુરવાસીઓ ભાલા વડે બહાદુરીપૂર્વક પોતાની સ્વતંત્રતા માટે લડ્યા હતા. આ બનાવને ત્યાંના લોકો હજી પણ રસપૂર્વક યાદ કરે છે. આ લડાઈમાં પોતાના પ્રદેશની આઝાદીનું રક્ષણ કરવા જાનનું બલિદાન આપનાર મેઈતી તથા અન્ય આદિવાસીઓની શહીદી તથા પરાક્રમોની સ્મૃતિ માટે શહીદ-મિનાર બાંધવામાં આવ્યો છે. બ્રિટિશ સરકારે પણ મણિપુર રાજ્યને ખાલસા કરવાને બદલે અલગ દેશી રાજ્ય તરીકે સાચવી રાખ્યું હતું.

દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન – ૧૯૪૨થી ૧૯૪૪ – જપાને ભારતની સરહદે મણિપુર ઉપર હુમલો કર્યો હતો. સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજે મણિપુરનો કેટલોક વિસ્તાર કબજે કર્યો હતો. ભારત સ્વતંત્ર થયા બાદ ૧૫ ઑક્ટોબર, ૧૯૪૯ના રોજ ત્યાંના મહારાજાએ મણિપુરનું ભારત સાથે વિલીનીકરણ કર્યું. શરૂમાં તે 'સી' વર્ગનું રાજ્ય હતું. તે પછી કેન્દ્ર-શાસિત પ્રદેશ બન્યું અને ૨૧ જાન્યુઆરી ૧૯૭૨થી મણિપુર અલગ રાજ્ય બન્યું છે.

લોકો : મણિપુર રાજ્યના લોકોની વિશિષ્ટતાઓ ત્યાંના ભૌગોલિક વિસ્તાર સાથે બદલાય છે. મેઈતી લોકો મણિપુરી ભાષા બોલે છે અને તેઓ મેદાનોમાં વસે છે. કુકી, નાગ વગેરે લોકો પર્વતીય પ્રદેશોમાં વસે છે. તેઓ અલગ બોલીઓ બોલે છે. અગાઉના મણિપુરી લોકો હિંદુ ધર્મ પાળતા હતા. પરન્તુ પર્વતીય પ્રદેશોના અનેક લોકો ધર્મપરિવર્તન કરીને ખ્રિસ્તી બની ગયા છે, જ્યારે મેદાનોમાં વસતા મોટા ભાગના લોકો હિંદુ ધર્મને વળગી રહ્યા છે.

નૃત્ય : મણિપુરી નૃત્ય વિશ્વવિખ્યાત છે. ત્યાંનાં પ્રત્યેક પુરુષ, મહિલા અને બાળકની કલાની અભિવ્યક્તિ નૃત્ય દ્વારા થાય છે. ત્યાંનું શિષ્ટ નૃત્ય ઊંચા પ્રકારનું છે. તેમાં ઘણુંખરું રાધા અને કૃષ્ણનો પ્રેમ વ્યક્ત કરતી રાસલીલા રજૂ કરવામાં આવે છે. ત્યાંના શિષ્ટ નૃત્યના છ પ્રકાર ભગવાન કૃષ્ણના જીવન પર આધારિત છે. તે પ્રકારો આ પ્રમાણે છે : કુંજરાસ, મહારાસ, બસંતરાસ, નિત્યરાસ, ગોષ્ઠરાસ અને ઉદુખોલ રાસ.

લાઈ હરોબા મણિપુરનું ધાર્મિક વિધિઓ વ્યક્ત કરતું લોકનૃત્ય છે, અને મણિપુરી લોકોની માન્યતા મુજબ તે સૃષ્ટિના સર્જનની કથા કહે છે. મણિપુરમાં શૂરવીરતાનાં અનેક નૃત્યો છે. તેમાંનું સૌથી વધારે ઉશ્કેરણીજનક ત્યાંનું થાંગ-તા નૃત્ય છે. હોળીનો તહેવાર ઊજવવા વાસ્તે ઢોલ સહિત તાલબદ્ધ નૃત્ય કરવામાં આવે છે. ખમ્બા-થોઈબી લોકપ્રિય મણિપુરી નૃત્યનો પ્રકાર છે. તેમાં રાજકુમારી થોઈબી તથા ગરીબ યુવક ખમ્બા વચ્ચેના નિર્દોષ પ્રણયને કારણે તેઓને અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે. આખરે તેમના લગ્નની રાત્રિએ જ તેમનો વિચિત્ર તથા કરુણ અંત આવે છે. ત્યાંના યુવકોમાં થાબલ ચોંગબા નૃત્ય પણ ઘણું લોકપ્રિય છે.

મુખ્ય તહેવારો : મણિપુરમાં ભાગ્યે જ કોઈ મહિનો એકાદ બે તહેવારો વગરનો જતો હશે. તે બધા તહેવારો નૃત્ય અને સંગીતના પ્રસંગો હોય છે. ત્યાંનો સૌથી મોટો તહેવાર યાવ સાંગ ગૌરાંગ મહાપ્રભુની સેવામાં સમર્પિત હોય છે. યાવ સાંગના છ દિવસ દરમિયાન યુવકો તથા યુવતીઓ પ્રસિદ્ધ મણિપુરી લોકનૃત્ય થાબલ ચોંગબા કરે છે. લાઈ હરોબા નૃત્ય અગાઉની હિંદુ સંસ્કૃતિને યાદ કરે છે. રાજ્યના અન્ય તહેવારોમાં નિંગોલ, ચકૌબા, ચેઈરાઓબા, રથજાત્રા, હતોન્ગબા વગેરેનો સમાવેશ થાય છે. ઑક્ટોબર-નવેમ્બરમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનને નિરૂપતી રાસલીલાનો ઉત્સવ ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવે છે.

મુખ્ય પાક : ત્યાં મોટા ભાગના ગ્રામજનોના જીવનનિર્વાહનો મુખ્ય આધાર ખેતી ઉપર છે અને રાજ્યનું અર્થતંત્ર પણ ખેતી ઉપર આધારિત છે. ખેતીમાં વિવિધ યોજનાઓ તથા કાર્યક્રમોનો અમલ કરવા રાજ્ય સરકારે પૂરતા તાલીમબદ્ધ માણસો તૈયાર કર્યા છે. ત્યાં ૨.૧ લાખ હેક્ટર જમીનમાં ખેતી થાય છે, તેમાંથી ૧.૮૬ લાખ હેક્ટર જમીનમાં ડાંગરનો પાક થાય છે. ત્યાંનો મુખ્ય પાક ડાંગર છે. તે ઉપરાંત મકાઈ, ઘઉં અને કઠોળ પણ પકવવામાં આવે છે. કાચું રેશમ પણ મોટા પ્રમાણમાં થાય છે. વસતીના ૮૦ ટકા લોકો ખેતી પર આધાર રાખે છે. ત્યાં પાઈનેપલ, નારંગી, કેરી, પીઅર્સ વગેરે ફળો થાય છે. જંગલોની પેદાશોમાં સાગ, વાંસ, નેતર, પાઈન વગેરેનો સમાવેશ થાય છે.

ઉદ્યોગો : આ રાજ્ય ઔદ્યોગિકિરણમાં ઝડપી પ્રગતિ કરે છે. ત્યાં હૅન્ડલૂમ સૌથી મોટો ઉદ્યોગ છે. ત્રણ લાખ કાંતવાની ત્રાક પર ત્રણ લાખ માણસો રોજી મેળવે છે. ત્યાં ૯૨૪૭ નાનાં ઔદ્યોગિક એકમોમાં ૪૭,૧૫૭થી વધુ માણસોને રોજગારી મળે છે. કાપડ, કાગળ, ખાંડ, રેશમ, દવાઓ, સિમેન્ટ, પ્લાસ્ટિક, ઈલેક્ટ્રૉનિક્સ વગેરે ઉદ્યોગો વિકસ્યા છે.

પ્રાણીસૃષ્ટિ : ઈમ્ફાલથી ૫૦ કિ.મી.ના અંતરે આવેલ કેઈબુલ લામજાઓ નામના વિશ્વના એકમાત્ર તરતા રાષ્ટ્રિય ઉદ્યાનમાં સંગાઈ નામથી ઓળખાતાં અલગ પ્રકારનાં હરણ રહે છે. આ ઉદ્યાનનો ૬૭ ટકા ભાગ લોકતક જળાશયનાં પાણી ઉપર તરતા રોપા કે ઘાસ રોકે છે. આ ઉદ્યાન ૪૦ ચોરસ કિ.મી.ના વિસ્તારમાં ફેલાયેલો છે. ગિબન (વાનર), લોરિસ, ચિત્તો, લિનશાંગ વગેરે પ્રાણીઓ ત્યાં રહે છે.

વનસ્પતિ : ઈમ્ફાલથી ૧૨ કિ.મી.ના અંતરે આવેલ ખોંગામ્પાત ઓર્કિડેરિયમ ૨૦૦ એકર જમીનમાં પ્રસરેલું છે. તેમાં ૧૨૦ પ્રકારના અસામાન્ય ફૂલના છોડ જોવા મળે છે. મણિપુર રાજ્યમાં વિવિધ પ્રકારના ૪૭૨ જાતના ફૂલના છોડ થાય છે. એપ્રિલ અને મે મહિનામાં ફૂલના છોડનું ગાઢ જંગલ ત્યાં જોવા મળે છે.

વિશિષ્ટતાઓ : મણિપુરનું લોકતક જળાશય ભારતમાં મીઠા પાણીનું સૌથી મોટું સરોવર છે. તે સમુદ્ર જેવું જ દેખાય છે. આ સરોવરમાં ઘાસ તથા વિવિધ છોડના તરતા ટાપુ જેવા વિભાગો છે. તેમાંથી ત્યાંના લોકોની જરૂરિયાતની ૬૦ ટકા જેટલી માછલીઓ મળે છે. આ જળાશય ઉપર કેઈબુલ લામજાઓ રાષ્ટ્રિય ઉદ્યાનનો ભાગ તરે છે. મણિપુરમાં આવેલા મોઈરંગ કસ્બામાં ૧૪ એપ્રિલ, ૧૯૪૫ના રોજ આઝાદ હિંદ ફોજ દ્વારા પ્રથમ વાર ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. ત્યાં તૈયાર કરેલા સંગ્રહાલયમાં ફોજના સૈનિકોના ફોટા, બિલ્લા, પત્રો તથા બીજી અનેક વસ્તુઓ સાચવી રાખેલ છે.

મણિપુરમાં આવેલાં બે કબ્રસ્તાનોની મુલાકાતે ઈંગ્લેંડ તથા જપાનના પ્રવાસીઓ પ્રતિવર્ષ આવે છે. દ્વિતીય વિશ્વયુદ્ધમાં અવસાન પામનાર સૈનિકોની કબરો ઉપર તેઓ શ્રદ્ધાપૂર્વક ફૂલ ચડાવે છે.

શિરોય લિલી અથવા લૅન્ડ લિલી નામથી જાણીતાં વિશિષ્ટ પ્રકારનાં સ્વર્ગીય ફૂલ મણિપુરનાં જંગલોમાં થાય છે. તે વિશ્વમાં બીજે ક્યાંય થતાં નથી.

ખ્વાઈરામબંદ બજાર દેશનું સૌથી મોટું મહિલાઓ દ્વારા ચાલતું બજાર છે. તેમાં ૩૦૦૦ જેટલી મહિલાઓ જ દુકાનો ચલાવે છે અને વેપાર કરે છે. તે ઈમા (માતૃ) બજાર તરીકે ઓળખાય છે. મણિપુરી સ્ત્રીઓ શાલ, બ્લૅન્કેટ, સાડીઓ અને ચાદરો ઉપર આકર્ષક ભરતકામ કરે છે. તેમાંની ઘણી વસ્તુઓ વિદેશોમાં નિકાસ કરવામાં

(અનુસંધાન પૃ. ૧૯)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

જહૉન કીટ્સ : (૧૭૯૫ : ૧૮૨૧)

ઓગણીસમી સદીના આરંભના ત્રણ દાયકામાં રોમૅન્ટિક કવિતાનો જે બીજો મિષ્ટ ફાલ ઊતર્યો તેણે અંગ્રેજી સાહિત્યને સમૃદ્ધ અને પ્રભાવક બનાવ્યું. એ કવિતાના પુરસ્કર્તાઓમાં કવિ જ્હોન કીટ્સે એનાં છવીસેક વર્ષની ટૂંકી જીવનમર્યાદામાં પણ જે પ્રદાન કવિતાક્ષેત્રે કર્યું તેણે કાવ્યરસિકો તથા અગ્રણી વિવેચકોને પૂરો પરિતોષ આપ્યો.

આ જ્હોન કીટ્સ લંડનમાં એક સાધારણ કુટુંબમાં જન્મેલો (૧૭૯૫), પંદર વર્ષની ઉંમરે અનાથ બનેલો. નાનાં ભાઈબહેનનો ભાર વેઠવાનો, આર્થિક સ્થિતિ નબળી. એક સર્જનને ત્યાં નોકરી શોધી, પણ આંતરસૂઝથી તેને સમજાઈ ગયું કે એનું જીવનકાર્ય તો કાવ્યસર્જનનું છે. કીટ્સના નિશ્ચયાત્મક ઉદ્‌ગારે સર્જનને પણ વિસ્મિત કરી દીધો. પણ અનાકર્ષક દેહાકૃતિ ધરાવનારા કીટ્સે ખરેખર કાવ્યક્ષેત્રે ચમત્કાર સર્જ્યો. એ યુનિવર્સિટીનું શિક્ષણ પામેલો નહિ. પ્રાચીન ગ્રંથોનો પણ એ સ્પર્શ પામ્યો નહોતો. છતાં, સંદર્ભગ્રંથો, કેટલાક કવિમિત્રો વગેરેના સંપર્કથી તેણે પોતાનું ભાવવિશ્વ એવું તો સમૃદ્ધ કરી દીધું કે વિક્ટોરિયન યુગના કવિ ટેનિસને પ્રશંસાના ઉદ્‌ગાર કરતાં નોંધ્યું કે, જો કીટ્સ અકાળે મૃત્યુ પામ્યો ન હોત તો આપણા બધા કરતાં એ વધુ મહાન તરીકે લેખાયો હોત - એવું એનું ઉચ્ચ દર્શન હતું. **(Keats with his high spiritual vision would have been, if he had lived the greatest of all.)**

વર્ડ્ઝવર્થ, કૉલરિજ, બાયરન, શેલી જેવા સમર્થ સમકાલીન રોમૅન્ટિક કવિઓમાં કીટ્સ એની કાવ્યવિભાવનાથી, એની સૌંદર્યમીમાંસાથી અને એના વિશિષ્ટ દર્શનથી અનોખો તરી આવે છે, અને આશ્ચર્યની વાત તો એ છે કે તેની ઉત્તમ કાવ્યશક્તિ તેના જીવનનાં છેલ્લાં બેત્રણ વર્ષમાં જ પ્રગટ થઈ છે. ક્ષયની બીમારીએ અને ફૅની બ્રૉન **(Fanny Brawne)** સાથેના નિષ્ફળ પ્રેમસંબંધે તેના જીવનનું બધું ય નૂર હરી લીધું. કીટ્સની કેટલીક ઉત્તમ કાવ્યકૃતિઓ ફૅની સાથેના આરંભાયેલા તરવરાટભર્યા પ્રેમરંગને આભારી હતી.

પણ ક્ષયની બીમારી તેને ઘેરી વળી. જીવનનો અંત આવી લાગ્યો. છેલ્લા બે મહિના તો એ ફેફસાં વિના જ જીવ્યો - ડૉક્ટરને પણ એનું આશ્ચર્ય હતું. ગમે તેમ પણ છવીસેક વર્ષની આયુ-મર્યાદામાં તેણે એક વિશિષ્ટ કવિ તરીકે પોતાનું નામ સ્થાપિત કરી દીધું.



રોમૅન્ટિક કવિઓમાં કવિ શેલીની જેમ એણે પણ કલ્પનોનો **(imagery)** વૈભવ પાથરી દીધો હતો, પણ એમાં જ રાચ્યા રહેવાને બદલે તેણે પોતાને માટે અનુશાસન નિશ્ચિત કરી દીધું હતું - ઊર્મિલતાની બાબતમાં અને કાવ્યકસબની બાબતમાં કવિ શેલી એવો સંયમ ક્યારે ય સિદ્ધ કરી શક્યો નહતો.

કવિ કીટ્સનું રોમૅન્ટિસીઝમ એની ઇંદ્રિયજન્ય સંવેદના **(sensation)** પ્રત્યેની રુચિમાં, મધ્યયુગની કથા-કલા પ્રત્યેના આકર્ષણમાં, ગ્રીસની સૌંદર્યકલા પ્રત્યેના અનુરાગમાં અને કવિ કર્તવ્ય પ્રત્યેના તેના ખયાલમાં વરતાય છે. આ બધાંનું તેણે પોતાની આગવી રીતે કરેલું સંયોજન તેની મૌલિકતાની પ્રતીતિ કરાવે છે.

કીટ્સને સાહિત્યસાધનામાં લી હન્ટ **(Leigh Hunt)**ની અમૂલ્ય પ્રેરણા અને સહાય મળી ગઈ. એની કેટલીક લાક્ષણિકતાઓ સાથે કીટ્સની વિશેષતાઓની થોડીક સમાનતા પણ હતી. જોકે એની સાથેની મૈત્રીને કારણે કીટ્સની ઊગતી સાહિત્યિક કારકિર્દીને વેઠવું પણ પડ્યું હતું. એનું કારણ સાહિત્યમાં ય રાજકારણ - રાજકીય પક્ષાપક્ષી-મતભેદનું અસ્તિત્વ હતું.

લી હન્ટની કંઈક પ્રેરણા કીટ્સને ભલે પ્રાપ્ત થઈ, પણ ખરેખર તો કીટ્સના અંતરના ઊંડાણમાં જ સર્જકતાનું બીજ પડેલું હતું. એનામાં નૈસર્ગિક સંવેદના હતી. માત્ર સંવેદના નહિ, બૌદ્ધિકતાનો પણ તેની સાથે સહયોગ હતો. જ્ઞાનની એની તૃષા એવી તો પ્રબળ હતી કે ટૂંકા સમયગાળામાં પણ તે ગ્રીસની સાહિત્યકળા, પ્રાચીન કાવ્યગ્રંથો, મધ્યકાલીન સાહિત્ય વગેરેથી સુપરિચિત બની ગયો. પુનરુત્થાનના યુગનું ઉત્તમ સાહિત્ય તે પચાવી ગયો. સ્પેન્સરની 'ફેયરી ક્વીન' **(The Faerie Queen)** પર તો તે ઓળઘોળ થઈ ગયો. એની એ મહાન કૃતિની છાયા કીટ્સની કવિતામાં ય ઊતરી આવી. ચૉસર, ચૅપમેન, ફ્લેચરની કૃતિઓને ય તેણે વધાવી. શેક્સ્પીઅરની સૉનેટકળા પર અને તેમાંના વિચારદ્રવ્યથી તે મુગ્ધ બની રહ્યો અને મિલ્ટન તો તેનો માનીતો કવિ.

કીટ્સની સાહિત્યરુચિને સમૃદ્ધ કરવામાં એના પુરોગામી સર્જકોનો બહુ મોટો ફાળો હતો. અલબત્ત, કીટ્સ એ બધા સર્જકોનો ઋણી હતો, પણ કવિ તરીકે તેણે પોતાની મૌલિક પ્રતિભા સિદ્ધ કરી આપી. એક મહાન વિચારક થવાની તેની અભિલાષા

હતી. કવિ તરીકે તેને પોતાનો વિશિષ્ટ ધર્મ પ્રકાશિત કરવો હતો. ધર્મ પ્રત્યેની તેની દૃષ્ટિ મૌલિક અને આગવી હતી. એ સૌંદર્યનો અનુરાગી હતો અને એનો ધર્મ, એનું સત્ય સૌંદર્યમાં જ સમાઈ જતું હતું. સૌંદર્ય તે જ સત્ય અને સત્ય તે જ સૌંદર્ય - એ તેની આગવી પ્રતીતિ હતી. સૌંદર્યને શોધી કાઢનારી શક્તિ તે કલ્પના. બૌદ્ધિકતાનું મહત્ત્વ અવશ્ય ખરું, પણ સૌંદર્ય કરતાં તે ગૌણ. કીટ્સની સૌંદર્ય-ભાવનામાં વિશાળ નૈતિકતા આપોઆપ સમાઈ જતી હતી. એનો સૌંદર્ય પ્રત્યેનો અભિગમ વિશાળ હતો. એનો એ અભિગમ એના કુલીન આત્માને આભારી હતો. એની કાવ્યકૃતિઓમાં એ સ્પષ્ટ તરી આવતો જણાશે. કાવ્યને તેણે નૈતિક વિકાસનું સાધન માન્યું હતું. એના સામાજિક-ધાર્મિક વિચારો ભલે વિવાદાસ્પદ મનાયા હોય, પણ એણે જે ધર્મકાર્ય Mission ગણ્યું હતું તેને જ તે વફાદાર રહ્યો.

ઉચ્ચશિક્ષણના અભાવને કારણે તેના આદર્શો તેના વિચારોમાં કચાશ રહી ગયેલી જણાય તો પણ બૌદ્ધિકતા માટેની તેની ઉત્કટ જિજ્ઞાસાએ તેને ઠીકઠીક સફળતા આપી.

કીટ્સ ખરેખર તો તીવ્ર સંવેદના ધરાવનારો કવિ છે અને એ સંવેદનાની સાથે બૌદ્ધિક પ્રવૃત્તિઓનો સુયોગ નક્કર કલ્પનો અને વિચારો પ્રગટાવી શકે છે. કીટ્સની કાવ્યકલામાં ભરપૂર આવેગ છે અને તે આવેગ એને બૌદ્ધિક સૌંદર્ય તરફ નહિ પણ ઈન્દ્રિયરાગી કવિતા તરફ આકર્ષી જાય છે. શેલી કરતાં કવિ કીટ્સ આ રીતે જુદો તરી આવે છે. કીટ્સમાં ઊર્મિ તેમજ ઈંદ્રિયો દ્વારા બાહ્ય પદાર્થોના સૌંદર્યને તત્કાળ ઝીલી લેવાની નાજુક સંવેદના છે. કીટ્સ નાજુક સંવેદનાનો વિશિષ્ટ કવિ છે અને એની કવિતામાં ઈંદ્રિયગમ્ય ચિત્રોનો-વર્ણનોનો વૈભવ દેખાય છે. એનું 'ઓડ ટુ અ નાઈટિંગેલ' (Ode to a Nightingale) ઈંદ્રિયગમ્ય વર્ણનોથી સભરતાનું લાક્ષણિક ઉદાહરણ છે-

I can not see what flowers are at my feet,
Nor what soft incense hangs upon the boughs.
But in emblamed darkness, guess each sweet.
Wherewith the seasonable month endows
The grass, the thicket, and the fruit-tree wild,
White hawthorn and the pastoral eglantine,
Fast Fading violets coveered up in leaves,
And mid-may's eldest child,
The coming musk-rose, full of dewy wine,
The murmurous haun of flies on summer eves.

સુગંધ, ઉષ્મા, રંગ, સ્વાદ, નાદ - આ બધાં પંક્તિઓમાં કેવાં ગૂથાઈને આવ્યાં છે ! ઈંદ્રિયગમ્ય ચિત્રોનો અહીં વૈભવ ઠલવાયો છે.

એવો જ ઈંદ્રિયગમ્ય ચિત્રોનો અનુભવ - 'ધી ઈવ ઑવ્ સેન્ટ ઍગ્નીસ' (The Eve of St. Agnes)માં થાય છે.

If Candied apple, auinee, and plum and gourd, with jellies soother than the creamy curd.

ફળોની કુમાશ જાણે આંગળીઓના ટેરવાંથી સ્પર્શી શકાય છે અને સ્વાદનું માધુર્ય જીભથી માણી શકાય છે.

કીટ્સમાં મળતો ઈંદ્રિયગમ્ય ચિત્રો-વર્ણનોનો વૈભવ જોઈને કેટલાક વિવેચકો કીટ્સને માત્ર sensuous poet તરીકે ગણી કાઢીને તેનામાં બૌદ્ધિકતાની ઊણપ દર્શાવે છે.

પણ કીટ્સમાં વિચારદ્રવ્ય નહોતું એમ કેમ કહી શકાય ? શું એ માત્ર ઈંદ્રિયરાગી કવિતાનો કવિ હતો ? નહિ. એનામાં લાગણી અને વિચારનો સુયોગ હતો જ. 'Ode to a Nightingale'માંથી એની બૌદ્ધિકતાનો પરિચય પણ મળી રહે છે-

O, for a draught of vintage ! that hath been
cool'd a long age in the deep-delved earth,
Tasting of Flora and the country green,
Dance, and Provencal song, and Sun burnt mirth !
O for a beaker full of the warm South,
Full of true, the blusful Hippocrens,
With beaded bubbles winking at the brim,
And purple - stained mouth
That I might drink and leave the world unseen,
And with thee fade away into the forest dim.

ઉપર્યુક્ત પંક્તિઓ પરથી સ્પષ્ટ થશે કે ઈંદ્રિયો (senses)નો એ ગુલામ નથી. એ બધી કલ્પનાની કિંકરી છે.

આ બધી વાત તો કીટ્સની પરિપક્વકાળની કૃતિઓની થઈ. એ કાળ, સમયગાળો માંડ બે વર્ષનો હતો. પણ એના આરંભકાળની કારકિર્દીમાં તેણે 'એન્ડિમિયન' (Endimion) પ્રકાશિત કર્યું (૧૮૧૮). એમાં કલ્પનોનો બેફામ વૈભવ છે. સંવેદનોને છૂટો દોર મળ્યો છે. એટલે એમાં ગ્રીસની એક દંતકથા- જેમાં લૅટમોસ (Latmos)ના પહાડ પર રહેતા ગોવાળના પ્રેમમાં ચંદ્ર (Moon) હોય છે અને ગોવાળ ગુમ થઈ જાય છે - પણ એનાં વૈભવી વર્ણનોના જંગલમાં કથા ગૂંચવાઈ જાય છે. કથાનો મર્મ ચૂકી જવાય છે. ચાર હજાર પંક્તિના આ રૂપકમાં કલાસંયમ નથી... એક ઉત્સાહી કવિની ઊભરાતી શક્તિનો વ્યય છે. કવિ સ્પેન્સરની વૈભવી અલંકારશૈલીથી મુગ્ધ બનેલ કવિની આ પ્રથમ દીર્ઘ કૃતિ છે. આ રૂપકકથામાં, એન્ડિમિયનનાં આદર્શ પ્રેમ અને સૌંદર્યની શોધ વાસ્તવિકતાના સ્તર પર પહોંચતાં નથી. 'એન્ડિમિયન' પૂર્વે ઈ. ૧૮૧૭માં તેના કવિ તરીકેના વ્યાયામને પ્રગટ કરતો, વડ્ઝ્વર્થની 'Prelude' કૃતિનો સંસ્કાર દાખવતો સંગ્રહ 'Sleep and Poetry' પ્રગટ થયો હતો. 'એન્ડિમિયન'ના પ્રકાશન પછી કીટ્સને જાણે કે જીવનના અંતની પ્રતીતિ થઈ ગઈ

હોય - ક્ષયરોગ જીવલેણ બની જવાનો હોય તેમ તેની કાવ્યચેતના અતિશય ઝડપથી કાર્યરત બને છે. દસ વર્ષનું કાવ્યસર્જનનું કાર્ય એ થોડાક જ માસમાં પૂરું કરી નાખવાં ઝંખતો હોય તેમ અવનવી અને સમર્થ કૃતિઓ પ્રગટ કરતો જાય છે. 'એન્ડિમિયન' પછી 'ઇઝાબેલા ઑર ધ પૉટ ઑવ્ બેઝિલ' (**Isabella or the Pot of Besil**) ઈ. ૧૮૧૮માં પ્રસિદ્ધ થયું. એમાં એણે પ્રાસાત્મક કડીને સ્થાને ઑટાવા રૂહાઈમા (**Ottava rima**)ને પસંદગી આપી છે. એમાં વસ્તુ ઈટાલીના સુપ્રસિદ્ધ વાર્તાકાર બોકેશિયો (**Boccaccio**)ના 'ડીકામેરન'માંથી લીધું છે. રૉમેન્ટિક કવિઓ માટે મધ્યકાલીન સાહિત્યની સામગ્રી સર્જન માટે ઉત્તમ સ્રોતરૂપ હતી. કવિ કીટ્સે પણ તે ભંડાર ફેંદ્યો હતો. એમાં પ્રેમ, નિષ્ઠા અને મૃત્યુને લક્ષ્ય કરતી કરુણ કથની છે. બે શ્રીમંત નબીરા પોતાની બહેન ઇઝાબેલાના એક ઊતરતી કક્ષાના યુવાન સાથેના પ્રેમને સાંખી નહિ શકવાથી એ યુવાનને મોતને ઘાટ ઉતારીને તેનો મૃતદેહ વનમાં દાટી દે છે. તે યુવાન લોરેન્ઝો સ્વપ્નમાં ઇઝાબેલાને પોતાની હત્યા કેવી રીતે કરવામાં આવી તેની વાત કરે છે. ઇઝાબેલા સ્વપ્નકથાને આધારે વનમાંથી એના પ્રેમીના મૃતદેહનું મસ્તક કાપી લાવીને એક વિશાળ કૂંડામાં તેને દાટીને તેમાં 'બેઝિલ'નો છોડ પોતાનાં આંસુથી સીંચીને ઉછેરે છે અને છેવટે એ પાત્ર ચોરાઈ જતાં એ પણ મૃત્યુ વહાલું કરે છે. સ્વપ્નમાં વ્યક્તિ પોતાની આપવીતી કહી જાય અને એ સાચી ઠરે એ કથાતત્ત્વ મધ્યયુગીન સાહિત્યમાં પ્રચલિત છે. કીટ્સે સભાનતાપૂર્વક આ કથાને કંઈક અગમ્ય રાખી છે અને ઉચિત રીતે કલ્પનો દ્વારા કથાના મર્મને સૂચવવાની યોજના કરી છે અને આદિમ તત્ત્વોને કલાત્મક રીતિએ સૂચવીને એક પ્રેમકથાને તેણે આકર્ષક અને તાજગીભરી બનાવી છે. કથાને અંતે બેલડ (**Ballad**)નો સંકેત પણ મળે છે-

'ઇઝાબેલા'ની રચના પછી તરત કીટ્સે મિલ્ટનની ધાટીએ 'હાઈપીરિયન'માં (**Hypeion**) મહાકાવ્ય આપવાનો સ્તુતય પ્રયાસ કર્યો (ઈ. ૧૮૧૮). અહીં એણે બ્લૅન્ક વર્સ પ્રયોજ્યો. કીટ્સને માટે એ નવીન શૈલી હતી. 'એન્ડીમિયન'માં છે તેમ અહીં પણ તેણે ગ્રીક દંતકથાનો આશ્રય લીધો છે અને અહીં પણ રૂપકોની ભરમાર યોજી છે. ગ્રીસની પુરાણકથામાં દેવગણ ટાઇટન અને તેમના વીરનાયક (**Hero**) હાઈપીરિયન (સૂર્ય) સામે ઑલિમ્પિયન દેવગણ અને તેમના વીરનાયક અપોલોના યુદ્ધની રમ્ય રોમાંચક ઘટનાઓ છે. કીટ્સે અહીં કદાચ ઈશ્વર સામે સેતાનના યુદ્ધને નજર સામે રાખીને - મિલ્ટનના 'પૅરેડાઇઝ લૉસ્ટ' (**Paradise Lost**)ની દિશામાં જવાનું તાક્યું છે. એમાં મિલ્ટનની ઓજસ્વી શૈલી પકડવા ય તે મથ્યો છે. પણ એનો આ ઊંચો કૂદકો સફળ બન્યો નથી. કાવ્યત્વ અને શૈલી બંને બાબતમાં તે ઘણુંખરું નાકામયાબ નીવડ્યો છે. મિલ્ટનમાં જેમ સેતાન, એના સેનાપતિઓ, આદમ જેવાં પાત્રો સજીવ બની ઊઠે છે તેવું હાઈપીરિયનમાં થતું નથી. આખરે તો કીટ્સની પ્રતિભા એક સમર્થ ઊર્મિકવિની છે. મહાકાવ્યના વ્યોમમાં ઉડ્ડયન કરવા માટે તેની પાંખ ટૂંકી પડે.

'હાઈપીરિયન'ને તેણે ફરી મઠારીને 'ધ ફૉલ ઑવ્ હાઈપીરિયન' (**The Fall of Hyperion**) રચવાનો પ્રયત્ન કર્યો. અહીં મિલ્ટન શૈલીની અસર નહિવત્ છે. એણે આ કાવ્યમાં ચર્ચા અને ફિલસૂફી વણી લીધાં છે ખરાં, પણ એ કૃતિ ય એણે અસંતોષથી પડતી મૂકી. (ક્રમશઃ)

અનુસંધાન] મણિપુર [પૃ. ૧૬થી

આવે છે. ત્યાંની લાકડા ઉપરની કોતરણી પણ ઘણી આકર્ષક હોય છે.

અન્યાય વિરુદ્ધ વીરતાપૂર્વક લડત આપવા માટે મણિપુરની મહિલાઓએ ઇતિહાસ સર્જ્યો છે. નુપી (સ્ત્રીઓ) લાન (સંગ્રામ) મેમૉરિયલ (સ્મારક) મણિપુરી મહિલાઓના સુવર્ણ અક્ષરે લખાયેલા ઉજ્જ્વલ ઇતિહાસની યાદ અપાવે છે. કેટલાક ભ્રષ્ટ બ્રિટિશ અધિકારીઓએ ૧૯૩૯ના વર્ષમાં પાક લણવાના સમયે લોભી વેપારીઓ સાથે મળી જઈને, રાજ્યમાંથી ચોખા નિકાસ કરવાની પરવાનગી આપી હતી. ત્યારે ચોખા વિના લોકો ભૂખે મરે એવી સ્થિતિ હતી. આ પરવાનગીનો વિરોધ કરવા હજારો મહિલાઓ બિરાદર ઈરાવતની આગેવાની હેઠળ રાજાના મહેલ પર કૂચ કરીને ગઈ. તેઓએ ૧૨ ડિસેમ્બરના રોજ ચોખાની નિકાસ તાત્કાલિક અટકાવી દેવા માગણી કરી. તેમણે બ્રિટિશ અધિકારીને ઘેરી લીધો. તેને તાર ઑફિસે લઈ જઈને તાત્કાલિક મહારાજાનો સંપર્ક કરવાની ફરજ પાડી. આ દરમિયાન બે બ્રિટિશ અધિકારીઓ ૫૦૦ સૈનિકો સાથે ત્યાં આવી પહોંચ્યા. તેમણે બેયોનેટ વડે લાઠીમાર કર્યો. બસો જેટલી સ્ત્રીઓ ઘવાઈ છતાં બહાદુર મણિપુરી સ્ત્રીઓ પાછી હઠી નહિ. રાજ્યમાંથી ચોખાની નિકાસ પર પ્રતિબંધ મુકાવવામાં સ્ત્રીઓ સફળ થઈ. તે પછી સરકાર દ્વારા મુખ્ય તારઘર પાસે નુપી લાન મેમૉરિયલ (સ્ત્રીઓના સંઘર્ષનું સ્મારક) રચવામાં આવ્યું. પ્રતિવર્ષ ૧૨ ડિસેમ્બરના રોજ મણિપુરમાં રજા પાડીને નુપી લાન દિન ઊજવવામાં આવે છે.

મણિપુરની એ વિશિષ્ટતા છે કે ત્યાં સમગ્ર જમીન ગામની ગણાય છે, એટલે સૌ લોકો સહિયારી ખેતી કરે છે. ત્યાંના લોકો કુશળ ઘોડેસવારો છે. તેથી કહેવાય છે કે ઘોડા પોલો (**Horse Polo**)ની રમતની શરૂઆત આ રાજ્યમાંથી થઈ હતી. ❐

ફિલ્માકાશ-૧૩

'દેવદાસ'માં સોળે ય લલિતકળાઓનું રસાયણ !

— રજનીકુમાર પંડ્યા —

પોતાને સોંપાયેલી હિંદી ફિલ્મ 'દેવદાસ' માટે બરુઆ અતિશય ગંભીર હતા. તેમણે બંગાળી 'દેવદાસ'માં નાયક તરીકે, દિગ્દર્શક તરીકે અને પટકથાલેખક તરીકે એમ ત્રણ મોરચે કામગીરી સંભાળી હતી અને એમાં એમને જ્વલંત સફળતા મળી હતી, પણ મર્યાદિત એવા બંગાળીભાષી પ્રેક્ષકો સમક્ષ રજૂ થયું એ એક વાત હતી અને છેક સિંધથી બ્રહ્મદેશના સિમાડા સુધી વિસ્તરેલા હિંદી જાણનારા વિરાટ પ્રેક્ષક-સમુદાય સમક્ષ રજૂ થવું એમાં ડ્રોઈંગરૂમ સિંગર અને પ્લેબૅક સિંગર થવા જેટલો 'સ્કેલ'નો તફાવત હતો. બરુઆ ભલે આત્મકેન્દ્રી હતા. પણ અહમ્‌કેન્દ્રી નહોતા. કલાકાર માટે આત્મકેન્દ્રિતા એને એકાગ્રતા આપનાર નીવડે જ્યારે અહંકેન્દ્રિતા તો એનો ખુદનો પ્રતિભા-ક્ષય જ નોતરે. આ વાત એ સારી પેઠે સમજતા હતા. અને એટલે જ એ પોતે હિંદી ભાષાથી પરિચિત નહીં હોવાથી જાતે એના સંવાદો લખવાના નહોતા - પણ એ કામ માટે બી.એન. સરકારે એમની પાસે સાવ નવા નિશાળિયા, અત્યાર લગી માત્ર પોસ્ટર પેઈન્ટર કે સ્ટીલ ફોટોગ્રાફર જ રહી ચૂકેલા, સ્ત્રૈણ અવાજવાળા, દેખાવે મામૂલી જણાતા કેદાર શર્મા (ઘણા તેનો ઉચ્ચાર કિદાર શર્મા કરે છે)ને તેમની પાસે મોકલ્યા ત્યારે એમના મનમાં કોઈ નકારાત્મકતા જન્મી નહોતી. ફણી મઝુમદાર એક જગ્યાએ લખે છે તેમ કોઈ ખાઈ બહેલા સ્ક્રિપ્ટ ડાયલૉગ રાઈટર સાથે કામ પાડવા જતાં એમને ક્યાંક ટકરાવ થઈ જવાનો ડર સતાવતો હતો, એટલે એમણે કેદાર શર્માને સ્વીકાર્યા. ('આવકાર્યા' શબ્દ અહીં નહીં વાપરી શકાય.) ફણીદાની આ વાતમાં તથ્ય છે એમ 'દેવદાસ'ના સંવાદો અને ગીતો સાંભળનારા-માણનારા સૌ કબૂલ કરશે. કારણ કે બોલતી ફિલ્મ શરૂ થયાના ત્રણ-ચાર વર્ષોમાં 'બોલવા'નો રોમાંચ એટલો બધો વધી ગયો હતો કે અઢીત્રણ કલાકમાં મોટી ગંભીર-ગહન ફિલસૂફીઓ, હૃદયની બોલકી (લાઉડ) લાગણીઓ મનોભાવોનો વારંવાર ઢંઢેરો પીટતી લાંબી લાંબી વાક્યાવલીઓ - આ બધું ફિલ્મી ડાયલૉગની એક ઓળખ બની ગઈ હતી. વળી, ફિલ્મો બોલતી થઈ એટલે નાટકો સાથે સીધી જ સ્પર્ધા શરૂ થઈ. નાટકો તો લાંબાં, કાવ્યાત્મક, કાવ્યાભાસી સંવાદો ઉપર જ તાળીઓ ઉઘરાવતાં હતાં.અને એ એનું માળખું જોતાં એ સ્વાભાવિક પણ હતું, કારણ કે એમાં દૃશ્યવૈવિધ્ય અને લોકેશનના વૈવિધ્યનો અવકાશ ના મળે એટલે સંવાદપક્ષ રંજક, બોલકો અને પૂરી પકડવાળો તો હોવો જ જોઈએ. પણ એથી ય વધુ કથાના પ્રવાહને આગળ ધપાવવામાં સંવાદપક્ષ જ વાહનરૂપ રહેતો. તેથી એક સાથે ઘણી બધી અપેક્ષાઓ સંવાદો પાસેથી રહેતી.

બરુઆ પાશ્ચાત્ય, વિશેષતઃ યુરોપિયન થીએટર અને ફિલ્મોનો અભ્યાસ કરી ચૂક્યા હતા. એથી નવજાત શિશુ જેવા ભારતીય ફિલ્મોદ્યોગમાં એ યુરોપિયન ધાટીનો પ્રયોગ કરવા માગતા હતા. એમણે પોતે પટકથા લખી, પણ એ તો શેતરંજની બાજી બિછાવી દેવા જેટલું જ ગણાય. પ્યાદાની રમત તો સંવાદલેખકે જ, અલબત્ત, શતરંજના નિયમોને અધિન રહીને રમી બતાવવાની રહે.

આવા બધા જ વિચારો કરીને બરુઆએ જૂના, જાણીતા, ન્યૂ થીએટર્સના પગારદાર સંવાદલેખકોને દૂર રાખ્યા. આમ તો એ સંસ્થાના પ્રેમાંકુર અટોર્થી, શિશિરકુમાર ભાદુરી જેવા સાહિત્યકારો પટકથાની સાથોસાથ સંવાદો પણ લખી શકવાની ક્ષમતા ધરાવતા હતા. 'યહૂદી કી લડકી' જેવી ફિલ્મમાં તો મૂળ વિખ્યાત નાટ્યકાર આગા હશ્ર કાશ્મીરીના રેડિમેડ સંવાદો મળી ગયા હતા (જેમણે બિમલ રૉયનું 'યહૂદી' ૧૯૫૮ જોયું હશે તેમને પણ તેમાં વપરાયેલા 'તુમ્હારા ખૂન ખૂન ઔર હમારા ખૂન પાની ?' જેવા નાટકીય સંવાદો યાદ હશે. તે આગા હશ્ર કાશ્મીરના જ હતા.) 'નટીર પૂજા' જેવી ફિલ્મોમાં કવિવર ટાગોરની જ પૂરી પટકથા સહિત હતી. પણ સાહિત્યકારો કે પગારદાર સંવાદલેખકો પોતાની વિભાવનાને જરૂરી ઢાળામાં નહીં જ ઢાળી શકે તે વિચારે જ બરુઆએ કેદાર શર્માને ઉંબરામાં પગ મૂકવા દીધો.

અલબત્ત, તેમણે કેદાર શર્માના તેમના શાળાકૉલેજ-જીવનમાં લખેલાં નાટકોની સ્ક્રિપ્ટ જોવા માગી, પણ એ વાંચીને તો એ ઊલટાના નિરાશ થયા. એમાં પણ સંવાદોમાં શબ્દરમત, પ્રાસાનુપ્રાસની રંજકતા, ઉપદેશાત્મકતા, બેતબાજી ને એવું બધું હતું. એમણે એ બધું જોઈને તરત જ કોરાણે મૂક્યું અને એક બહુ માર્મિક વાક્ય ઉચ્ચાર્યું, 'સારું છે, તને આજ લગી આમાંથી રોટલો નથી મળ્યો !' કેદાર શર્માને તરત જ તીર નિશાન પર લાગ્યું. તેમણે પણ લાગલું જ કહ્યું : 'કબૂલ કરું છું, મને આવા લેખનમાંથી રોટલો (એ 'દાલ-ચાવલ' બોલ્યા હતા) મળ્યો હોત તો હું એમાંથી છૂટી ના શકત-એ તમારી વાત સાચી, પણ દાદા, મારી હોજરી પણ આનો રોટલો રિજેક્ટ કરે છે, તમને ખબર છે ?' બરુઆ પણ એમની હાજર-જવાબીથી ખુશ થયા. 'તમને હું કામ સોંપીશ' એવી કશી પણ હૈયાધારણ વગર એમણે સતત દસ દિવસ કેદાર શર્માને પોતાની ચૅમ્બરમાં બોલાવ્યે રાખ્યા. સતત કાળી ચા પાયે રાખી અને સતત પોતાના મનમાં પડેલા 'દેવદાસ'ના ફિલ્મરૂપને

એમની સામે સુસ્પષ્ટ કરતા રહ્યા. કેદાર શર્મા એમના ૧૯૫૨ના ફિલ્મફેરના ઇન્ટરવ્યૂમાં તેમની મજાકભરી શૈલીમાં લખે છે તેમ, 'તેઓ મને એટલી બધી કાળી ચા પાતા કે મને એક તબક્કે એવો મતિભ્રમ થયો કે મારા નખ કાળા પડી રહ્યા છે. મેં એમની આગળ એવી દહેશત વ્યક્ત કરી તો એ રજવાડી માણસ ખડખડાટ હસી પડ્યો અને કહેવા લાગ્યો, 'એવી તને ખાતરી થઈ ગઈ હોય તો થોડીક કાળી ચા તું નાક વડે પણ પીવા માંડ. તારા વાળ જિંદગીભર કાળા રહેશે.'


કેદાર શર્મા આગળ કહે છે તેમ, 'મને લાગવા માંડ્યું કે આ માણસ મને શિખવવાને બહાને પોતાની જાતને જ પાઠ પાકા કરાવી રહ્યો છે - હું એમની, જાતમાં ઊંડા ને ઊંડા ઊતરવાની આ પ્રક્રિયાને જોઈને દંગ થઈ ગયો. તેમણે એક નોટબુકમાં નવલકથા 'દેવદાસ'નું ફિલ્મ માધ્યમમાં રૂપાંતરણ કરવા માટેનું આખું હોમવર્ક ઉતારી લીધું હતું. ને તેને ખોલીને વારંવાર એમાં ચેકાચેકી કરીને સુધારા-વધારા કરતા હતા. એમના અંગ્રેજી અક્ષરો સારા, બ્રિટિશ વળાંકવાળા હતા. પણ ચેકાચેકીને કારણે એ સંસ્કૃત લિપિમાં જાણે કે પલટાઈ ગયા હતા. તેઓ મને કહેતા હતા કે લોકો પરદા પર જોશે તે ફિલ્મની આ અસલી નેગૅટિવ છે. અને ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે આ સાવ ગબડગંદી, ચૂંથાઈ ગયેલાં પાનાં અને ચેકચાકભર્યા અક્ષરોવાળી 'નેગૅટિવ'માંથી 'દેવદાસ' જેવી યુગપ્રવર્તક, સીમાચિહ્ન ફિલ્મ બની. 'બરુઆએ શરદબાબુના 'દેવદાસ'ને અમર બનાવ્યો કે બરુઆના 'દેવદાસે' શરદબાબુને અમર બનાવ્યા ?' આ પ્રશ્નના બન્ને જવાબો સાચા ઠર્યા.

તેના કારણમાં એની સબળ વાર્તા હતી કે એની માવજત ? આ પ્રશ્નનો પણ કોઈ એક ઉત્તર નથી. એના ઉત્તરમાં તો અનેક પરિબળોનો સંયુક્ત નકશો દોરવો પડે. પણ સરળ રીતે એમ સમજાવી શકાય કે એના મૂળમાં બરુઆ હતા. તેઓ ફિલ્મના માધ્યમને બરાબર સમજ્યા હતા. તેથી નવલકથાને સીધેસીધી ફિલ્મમાં ઢાળી દેવામાં કોઈ કળા નથી એમ સમજતા હતા. નવલકથામાં પડેલા પ્રાણને વ્યક્ત થવા માટે નાટક એ સંવર્ધક માધ્યમ તો ફિલ્મ એ તો એથી પણ વધુ સમર્થ સબળ માધ્યમ ગણાય. - નવલકથાના પ્રાણને હાનિ પહોંચાડવાની વાત તો ક્યાંય એમાં આવે જ નહીં, પણ એ પ્રાણને સોળે કળાએ (આ શબ્દપ્રયોગમાં કેટલી બધી લલિતકળાઓનો સંકેત વરતાય છે ?) અભિવ્યક્ત એના દરેક પરિમાણ સહિત થવાનો અવકાશ ફિલ્મ માધ્યમમાં તો જ મળે કે જો ફિલ્મ માધ્યમનાં તમામ અંગોને પૂર્ણ- પણે પ્રયોજવામાં આવે (એક્સ્પ્લોરિંગ ધેમ વિથ ઑલ ધ પોસિબિલિટીઝ ઇન્હેરન્ટ ઇન ધેમ), આ માટે જરૂર લાગે ત્યાં નવલકથામાં રહેલા કાળક્રમને ઉલટાવવો-સુલટાવવો પડે, ફ્લૅશ બેકમાં લઈ જવો પડે. ક્યાંક કોઈક સંવાદને વધુ વેધક બનાવવો પડે યા ક્યાંક એવી વેધકતા ઓગાળી નાખવી પણ પડે નવલકથામાં શબ્દો દ્વારા આલેખવામાં આવેલા બનાવોને લેખકે લખ્યા મુજબ કૅમરામાં ઝડપી લેવાથી તો માત્ર કાગળને બદલે કચકડા વાપર્યાથી વિશેષ તફાવત જોવા ના મળે; એને બદલે દશ્યાત્મકતાનો લાભ મળવાની સુવિધાને કારણે પ્રકૃતિનાં પરિબળો, વાદળ, ચંદ્ર, આકાશનો રંગ, વૃક્ષો, પક્ષીઓનાં ઉડ્ડયન અને એવા અનેક પદાર્થોને પણ કથાના અર્થને વધુ ઉપકારક રીતે યોજી શકાય.


બરુઆ અને જમુના બંગાળી 'દેવદાસ'માં

બરુઆ આ બધી બારીકીઓને બરાબર સમજ્યા હતા. તેઓ વારંવાર કેદાર શર્માને તો ઠીક પણ નવા નવા કૅમરામૅન બિમલ રૉયને આવી બધી વાતો સમજાવતા રહ્યા (આને જ કારણે હિંદી ફિલ્મોમાં પહેલી જ વાર કહી શકાય તે રીતે બિમલ રૉય દ્વારા એ ફિલ્મના ચિત્રાંકનમાં કૅમરા ઉપર લીલા ફિલ્ટરનો ઉપયોગ કરીને આકાશને વધુ ઉદાસ ગમગીન બતાવવાનો ઉપયોગ થયો.)

કેદાર શર્મા આ બધી વાતો ઉપરથી એટલું તો સમજી જ શક્યા કે શું સંવાદો કે શું ગીતો, શેમાં ય પણ બરુઆને ભારેખમ નાટકીય ભાષા પસંદ નથી. આ વાત ખુદ તેમને પણ જચી ગઈ. તેમણે સંવાદોમાં ભવ્ય ભાષાનો પ્રયોગ કરવાને બદલે સાદી બોલચાલની ભાષાનો પ્રયોગ કર્યો, લઢણો પણ રોજિંદી બોલચાલની કે સાહજિક હોય તેવી રાખી. અલ્પવિરામોવાળાં, લાંબાં વાક્યો ટાળ્યાં. કેદાર શર્મા એક જગ્યાએ લખે છે તેમ તેઓ સંવાદો લખ્યા પછી અરીસા સામે ઊભા રહીને પ્રતિબિંબને સામું પાત્ર કલ્પીને સંવાદો બોલી જતા. અને જ્યાં તેમને સામું પ્રતિબિંબ અકળાતું લાગે ત્યાં એ સંવાદને વધુ સરળ બનાવતા. કોઈ પૂછતું કે ભલા, પ્રતિબિંબ તો તમારું હોય તો એ કેવી રીતે તમને અકળાતું દેખાય ? હાજરજવાબી કેદાર શર્મા કહેતા : 'અરીસામાં હું કંકુનો ચાંદલો ચોડતો, બાજુમાં ચાવીનો ઝુડો (બંગાળી ગૃહિણીનું પ્રતીક), ફૂલની વેણી, સાડી, ચણિયો અને બ્રા સુધ્ધાં મૂકતો, જેથી



'દેવદાસ'ના સંગીતકાર તિમિર બરન

મારા જ પ્રતિબિંબમાં મને પાર્વતી કે ચંદ્રમુખીનો આભાસ થાય. બાકી પુરુષપાત્રમાં તો માત્ર કલ્પનાથી ચલાવી લેતો.

પ્રથમ નજરે બહુ હાસ્યાસ્પદ લાગે એવી આ વાત હકીકતમાં એમની નિષ્ઠાની જ પરિચાયક છે. દરેક કલાકારને પોતાની જાત સાથે તદ્રૂપ થવા માટે પોતપોતાના અંગત-આગવા કીમિયા અજમાવવા પડતા હોય છે.

આવી જ રીતે એક વાર એમને એક સંવાદ બદલવો પડ્યો. એ સંવાદ બહુ ચાવીરૂપ હતો અને શરદબાબુની નવલકથામાં પણ એ જ રીતે હતો. કેદાર શર્મા જ્યારે સંવાદ લખવા બેઠા ત્યારે વાંચવામાં ઠીક લાગતો હતો તેથી તેમણે એ સંવાદમાં થોડો ફેરફાર કર્યો. વાચકોને નવાઈ લાગશે કે થોડાઘણા બીમાર રહેવા છતાં શરદબાબુ સ્ક્રિપ્ટનો કાચો મુસદ્દો જોઈ જતા હતા. એમની મંજૂરીથી જ કામ આગળ ચાલતું હતું. (અત્યારનો મારો જાતઅનુભવ છે કે એક વાર વાર્તાના હક ખરીદી લીધા પછી લેખકને સંવાદો બતાવવાની વાત તો ગઈ જ, પરંતુ વાર્તાને તોડવામરોડવામાં આવે તો પણ લેખક હરફ કાઢી શકતો નથી.) કેદાર શર્માએ મૂળ સંવાદમાં કરેલો ફેરફાર જોઈને શરદબાબુ શર્માજીના શબ્દોમાં 'આગ બબુલા' થઈ ગયા. તેમનું બી.પી. વધી ગયું. તાબડતોબ ન્યૂ થીએટર્સના સ્ટૂડિઓમાં એક મેઈક-અપ રૂમમાં બેઠાબેઠા સંવાદો લખી રહેલા કેદાર શર્માને તેડું ગયું - (મેઈક-અપ રૂમમાં એ એટલા માટે બેઠા હતા કે ત્યાં અરીસો પણ હોય અને સ્ત્રીપ્રસાધનો પણ હોય) - શર્માજી પગરિક્ષામાં શરદબાબુના ઉતારે ગયા ત્યારે ડૉક્ટરે એમને મળવાની મના કરી ! શર્માજીએ ડૉક્ટરને પોતાની લાક્ષણિક ઢબે કહ્યું : 'ડૉક્ટર થઈને તમે જીવતીજાગતી દવાને અંદર પ્રવેશવાની મનાઈ કરો છો ?' ડૉક્ટરને મર્મ સમજતાં વાર લાગી. ત્યાં તો શરદબાબુએ જ અંદરથી બૂમ પાડી : 'આવવા દો એ પોસ્ટરિયાને અંદર ! મેં એને જ તો બોલાવ્યો છે !'

શર્માજી અંદર ગયા, ને શરદાબુએ આ એક સંવાદની બાબત પર તેમની ધૂળ કાઢી નાખી.શર્માજી શાંત ચિત્તે અવિચલભાવે સાંભળતા રહ્યા, ને પછી ધીરે ધીરે પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કર્યો : 'નવલકથાના પુસ્તકના એક પૃષ્ઠ વચ્ચે છપાયેલો સંવાદ અને સેલ્યુલોઇડની ફ્રેમની વચ્ચે મૂકવામાં આવેલો સંવાદ એ બન્ને વચ્ચે હાથમાં રહેલા અને આકાશમાં ચગેલા પતંગ જેટલો ફેર છે. પતંગ તમારો જ છે, મેં માત્ર કન્ના બાંધી છે.' સંપૂર્ણ આદરપૂર્વક પણ સચોટતાથી કહેવાયેલી આ વાત સાંભળીને શરદબાબુ હસી પડ્યા. એમનું દરદ ગાયબ થઈ ગયું. એમણે એ ફેરફાર મંજૂર રાખ્યો. આ 'ડૉક્ટર'ની વિઝિટ ફી રૂપે કાળી ચા પણ પાઈ. પોસ્ટરિયાની ગાળ પાછી ખેંચી લીધી.

નાની નાની જણાતી આ ઘટનાઓ આપણને એ સમયના મહાન લેખકો, અને બીજા કલાકારોનું માત્ર પાત્રાલેખન જ તેમની પ્રતિભાની ઉચ્ચતા પણ સ્પષ્ટ કરી આપે છે.

કેદાર શર્માએ તો એ ફિલ્મનાં ગીતો પણ લખ્યાં. 'બાલમ આયે બસો મોરે મનમેં' અને 'દુઃખ કે અબ દિન બીતત નાહીં' તો લોકો આજે છ-સાત દાયકાઓના અંતરાલ પછી પણ ગણગણે છે - હંમેશાંને માટે એ ગીતો અજરામર રહે તેવાં છે. આ બન્ને ગીતો સાયગલને કંઠે ગવાયાં છે. આ ઉપરાંત બીજા પાંચ ગીતો પણ કેદાર શર્માએ લખ્યાં. એમાંથી કે.સી.ડે.એ ગાયેલું ગીત 'મત ભૂલ મુસાફીર તુઝે જાના હી પડેગા' કંઈક વધારે લોકપ્રિય થયું. સાત ગીતો કેદાર શર્માનાં હતાં અને એક પરંપરાગત ગઝલ 'છુટે અસીર તો બદલા હુઆ જમાના થા' પહાડી સન્યાલના સ્વરમાં હતી. આ બધાં ગીતોની સફળતા પાછળ, અલબત્ત, તિમિર બરન જેવા મ્યૂઝિક ડાઈરેક્ટરનો ફાળો તો હતો જ, પણ કેદાર શર્માએ જણાવ્યા મુજબ સૌથી વધુ લોકહૃદયે વસનારાં બે ગીતો 'બાલમ આયે' અને 'દુઃખ કે અબ દિન બીતત નાહી' ની ધૂન સ્વયં સાયગલે બનાવી હતી. - આના સમર્થનમાં આપણી પાસે હવે કોઈ જ પુરાવો નથી. પણ આવું ફિલ્મ સંગીતના ક્ષેત્રમાં વારંવાર બનતું આવ્યું છે તે હકીકત છે. અમારા સન્માનનીય વડીલ કવિ શ્રી પ્રદીપજી અનેક વાર પોતે કેટલાંક ગીતોની ધૂનો હેમંતકુમાર કે બીજા સંગીતકારોને બાંધી આપતા તેવી જ તલત મહેમુદે પણ 'જહાંઆરાં' નાં પોતાનાં કેટલાંક ગીતોની ધૂનની રૂપરેખા મદનમોહનને, મન્નાડે-એ સ્વયં કેટલીક ધૂનો બર્મનદાને આપી હતી, આખરે તો આ ટીમવર્ક કરતાં પણ વધુ તો રાસાયણિક સંઘટ્ટનનું કામ છે, જેમાં કોનો કેટલો ફાળો છે તે નક્કી કરવા માટે કોઈ પેરામીટર્સ નથી. આ ગીતોએ તેમના કર્તાના નામને ગૌણ બનાવી દીધું. દેવકી બોઝે તેમના ઇન્ટર્વ્યૂમાં બીજી એક રસપ્રદ

વાત પણ લખી છે, જે માનવી મુશ્કેલ લાગે. પણ તેમનું મંતવ્ય હોવાથી ટાંકવી જરૂરી સમજું છું. તેઓ જણાવે છે કે, 'દેવદાસ'નાં ગીતો ભલે ગમે તેટલાં પણ તે આમ તો 'ફ્લ્યુક' (બનવાકાળ કે આકસ્મિકતા) સિવાય કંઈ નથી. 'દુઃખ કે દિન અબ તો' ગદ્ય જેવી શબ્દાવલી ધરાવે છે તેમાં શી કવિતા છે ? જો 'બાલમ આયે' માં પણ કંઈ ઊંચી કવિતાનો અનુભવ થાય છે ? અરે, ધ્યાનથી સાંભળશો તો સાયગલનું ગળું પણ એ ગીતોમાં બહુ પ્રભાવશાળી નથી. (આ મંતવ્ય દેવકીબાબુનું છે). આ ગીતોના રેકોર્ડિંગવેળા તેમનું ગળું થોડું બેસી ગયું હતું. (સોર થ્રોટ) એ તો પ્રભુનો પાડ કે સાવ બેસી ગયું નહોતું. એથી સાયગલે સિફતથી એવા સૂરમાં ગાયું કે ગળાની બીમારી ખુલ્લી ના પડી જાય. ખેર, ગીતો સફળ થયાં કારણ કે લોકોને ગમે તે ભોગે સફળ ગીતો જોઈતાં હતાં. વળી. દેવદાસ ફિલ્મનાં ગીતો-સંગીત વગેરે બધું જ કોઈ જુદા ઘટકરૂપે નહોતું. તે બધું તો કથાના તાણાવાણા સાથે ગૂંથાયેલું હતું. આ વસ્તુને કારણે કથાની સાથોસાથ ગીતો પણ ઊપડ્યાં.

દેવકીબાબુની નિજી વાત સાથે સંમત થાઓ કે ન થાઓ પણ છેલ્લી વાત સાથે સંમત થવું જ પડે. કથાના પોત સાથે સંગીતનું પાસું અવિભાજ્યપણે સમરસ થઈ ગયું હોય તેવી બહુ ઓછી ફિલ્મોમાં - 'દેવદાસ'ને પ્રથમ મૂકવી પડે. આ વાતના પ્રમાણ તરીકે, થોડું વિષયાંતર લાગે તો પણ દિલીપકુમાર, સુચિત્રા સેન, વૈજયંતિમાલાવાળી બિમલ રોયની ફિલ્મ 'દેવદાસ' (૧૯૫૫)ની થોડી વાત કરવી પડે. ન્યૂ થીએટર્સની ફિલ્મ અને એ ફિલ્મ વચ્ચે વીસ વરસનો ગાળો. મતલબ કે એક પેઢીનું અંતર છે અને એ અંતર પાત્રોના સંવાદ બોલવાની ઢબથી માંડીને સંગીતની લઢણને (હું કક્ષાની વાત નથી કરતો) સરખાવવાથી સ્પષ્ટ થાય જ છે. અરે, અભિનયની રીતિઓ પણ વીસ વરસમાં ખાસ્સી બદલાવ પામી. સપાટ, શૂન્યમાં તાકતા ચહેરે સાયગલ સંવાદ બોલે, ને જમુના જે રીતે ધીરે ધીરે અતિશય મંદ ગતિથી સંવાદો બોલે એને પડછે દિલીપકુમાર અવાજનાં સપાટીવૈવિધ્ય આરોહઅવરોહ (મોડ્યુલેશન)થી સંવાદો બોલે - એનો ચહેરો ભાવશૂન્ય ન હોય, અત્યંત ભાવપ્રણવ હોય, આંખો બોલકી હોય. શ્વાસની લે-મૂકમાં પણ સંવાદ નિહિત હોય, એની નશાની ચકચૂરીમાં પણ એનો પૂરો ફ્લૅશબૅક પડ્યો હોય, સામે સુચિત્રા સેનના સ્વરમાં, એની મોટી આંખો, એની નજરમાં નર્યું અકથ્ય કથિત હોય. ને સંવાદોમાં નહીં પણ અવાજમાં જ ગરિમા, ફૂંફાડો અને સંવેદનોનો સાગર મૌન પણ ઊછળતો હોય. આટલો જબરદસ્ત તફાવત માત્ર વીસ વરસના ગાળામાં જન્મી શક્યો - પણ બિમલ રૉયે કેટલીક જગ્યાએથી ગીતો દૂર ન કર્યાં - ન કરી શક્યા. કારણ કે તે કથાના પોતમાં, કથાના એક ભાગરૂપે, એક અંશરૂપે સમાયેલાં હતાં ને ખુદ શરદબાબુએ એની સરાહના કરી હતી. 'બાલમ આયે બસો મોરે મનમેં'ની જગ્યાએ કદાચ કોઈ ગીત નહોતું. પણ 'દુઃખ કે દિન અબ બીતત નહીં'ની જગ્યાએ તેમણે દિલીપકુમાર માટે ગીતની જગ્યા રાખી જ અને તે 'મીતવા નહીં આયે' તલતના કાંઈક અદ્ભુત નાદબ્રહ્મનો અનુભવ કરાવનારા ગીતની રચના ભલે


સાયગલ અને જમુના 'દેવદાસ'માં

એસ.ડી. બર્મને કરી પણ તલત મહેમુદે એમાં પોતાના કંઠ દ્વારા પ્રાણ રેડી દીધો. ન્યૂ થીએટર્સના 'દેવદાસ'માં ફૂટપાથ પર નશાથી મત્ત અવસ્થામાં સાયગલના મોઢે જે ગીત છે તે 'પિયા બીન આવત નાહી ચૈન'ની અતિવિખ્યાત ઠુમરીનું જ સરલીકરણ છે તેની જગ્યાએ તેમણે 'કિસકો ખબરથી કિસકો યકીં થા, ઐસે ભી દિન આયેંગે, જીનાભી મુશ્કેલ હોગા ઔર મરને ભી ન પાયેંગે' ગીત મૂકી દીધું. રસપ્રદ વાત એ છે કે તલત મહેમુદે ફિલ્મમાં એ શબ્દો એવી રીતે પેશ કર્યા કે જાણે દિલીપકુમાર પોતે જ બોલતા હોય ! એમણે બડી ખૂબીથી દિલીપકુમારના અવાજની નકલ કરી. એ 'દેવદાસ' જોનારા પ્રેક્ષકોના મોટા ભાગનાને એ ખબર હજી લગી નહીં હોય કે એ તલત મહેમુદનો સ્વર છે. આ લખનારને પણ તલત મહેમુદે જાતે કહ્યું ત્યારે જ ખબર પડી. પણ વધુ રસપ્રદ વાત એ નથી, એ તો એ છે કે એચ.એમ.વી. એ આ ગીતની રેકોર્ડ બહાર પાડી ત્યારે તલત મહેમુદ પાસે એ ગીતને થોડા ઑરકેસ્ટ્રા સાથે રીતસર ગવડાવીને જ પેશ કર્યું. અને એમાં એ દિલીપકુમાર નહીં પણ તલત મહેમુદ જ છે એમ વરતાઈ આવે છે. ફિલ્મમાં એક 'વર્ઝન' અને રેકોર્ડમાં બીજું, એ આમ પહેલી વાર બન્યું.

ન્યૂ થીએટર્સની વાત સાથે આ વાતનો સંબંધ એટલા માટે છે કે કથા સાથે જો કોઈ કાવ્યની પંક્તિ કે સંગીતરચના એકત્વ પામી ગઈ હોય તો એ આદર્શ સ્થિતિનું નિર્માણ થઈ ગયું ગણાય. ન્યૂ થીએટર્સે 'દેવદાસ'માં એ કરી બતાવ્યું.

'પીયા બીન આવત નાહીં ચૈન' એ એ યુગની ખાંસાહેબ અબ્દુલ કરીમખાંની વિખ્યાત ઠુમરી હતી. નવાબ વાજિદઅલી શાહ (લખનઊ) દ્વારા એની રચના અને સ્વરબાંધણી થઈ હતી. એ પછી તો સંગીતના એ ક્ષેત્રમાં પદાર્પણ કરનાર હરેક ગાયકે

એ ગાવાની કોશિશ કરી હતી. પણ ખાંસાહેબ જેટલી નિપુણતા એમાં કોઈને મળી નહોતી. એમ કહેવાતું કે બીમારને સાજા કરવા માટે ક્યારેક ખાંસાહેબ જતા (મૂળ એ હકીમોના વ્યવસાયમાંથી આવતા હતા એટલે હશે ?) ત્યારે દર્દીઓ કહેતા કે ખાંસાહેબ અમારો દર્દી આપને બિનતી કરે તો પણ 'પીયા બીન' જેવી બે પંક્તિ તો શું પણ બે શબ્દો પણ ઉચ્ચારતા નહીં. એ એટલું દર્દ પેદા કરે છે કે આજુબાજુ ઊભેલા સાથીસ્વજનો માટે પથારી ખાલી કરી દેશે ! (મતલબ કે સાજા માણસો બીમાર થઈ જશે : અને બીમાર માણસ મરી જશે.) આ પંક્તિઓ જ્યારે ખાંસાહેબની ગાયકીની પર્યાય બની ગઈ હતી ત્યારે તિમિર બરને સાયગલને એ પોતાના સ્વરમાં જ ગાવાનું સૂચન કર્યું. સાયગલ આમ તો ભારે આત્મવિશ્વાસથી ભરપૂર હતા. - પણ તેમની હિંમત ખાંસાહેબની બરોબરીમાં બેસવાની ના જ હોય તે સ્વાભાવિક છે. પણ તેમણે એ હિંમત કરી. તેમની અનુકૂળતા માટે તિમિરદા-એ એનું સરળીકરણ કરી આપ્યું. બીજા શબ્દોમાં તે 'ચીજ'ને ગીતના સ્વરૂપમાં જન્માવવાની કોશિશ કરી. સાયગલે જ્યારે એ ગાઈ બતાવી ત્યારે તિમિરદા તો બરાબર પણ ખાંસાહેબ ખુદ પ્રસન્ન થયા. આ ઠુમરી ફિલ્મમાં માત્ર એક જ મિનિટ પૂરતી આવે છે અને એ સમયે કે જ્યારે સંપૂર્ણ મદહોશીની અવસ્થામાં દેવદાસ ફૂટપાથ પર ગટર પાસે પડી જઈને પારોના રટણમાં સ્મરણ-તરબોળ હોય છે. આ ગીતની રેકોર્ડ પણ એચ.એમ.વી.એ બહાર પાડી હતી.

ફિલ્મપંડિત તજ્જ્ઞ શ્રી નલિન શાહના કહેવા મુજબ આ એકાદ લીટીના 'રિસાઈટેશનને બાદ કરતાં 'દેવદાસ'માં બીજું ગીત માત્ર 'બાલમ આયે બસો મોરે મનમેં' હતું. મતલબ કે 'દુઃખ કે દિન' નહોતું. પણ ફિલ્મ 'ચંડિદાસ'માં સાયગલના કરુણ મધુર ગાન 'તરપત બીતે દિન રૈના' લોકોને એટલું જચી ગયું હતું કે એવા કોઈ કરુણ ગાન વગર 'દેવદાસ' રિલીઝ તો થઈ, પણ લોકોને એના વિષે અસંતોષ રહ્યા કરતો હતો. એક તબક્કે સાયગલના વતન પંજાબમાં એ અસંતોષ એટલી તીવ્ર રીતે વ્યક્ત થવા માંડ્યો કે પંજાબ વિસ્તારના ડિસ્ટ્રિબ્યુટરે તાર કરીને ન્યૂ થીએટર્સને એવું કોઈ ગીત ફિલ્મમાં ઉમેરવાની વિનંતી કરી. લોકોની લાગણી સત્ય લાગી એટલે ન્યૂ થીએટર્સે તાબડતોબ સિચ્યુએશ ઊભી કરી કેદાર શર્મા પાસે ગીત લખાવ્યું અને સાયગલનો એક શૉટ વૃક્ષ નીચે બેઠા હોય એ રીતે ઝડપીને ગીતને ચિત્રાંકિત કર્યું. અને એ જ ગીત 'દુઃખ કે દિન અબ બીતત નાહી' ને કારણે ફિલ્મ ઊચકાઈ, એમ શ્રી નલિન શાહનું અંગત મંતવ્ય છે. અલબત્ત, એ ફિલ્મનાં સઘળાં અસરદાર પાસાંઓનો વિચાર કરતાં માત્ર એક જ ગીતને કારણે ફિલ્મ હિટ ગઈ એમ કહેવું જરા વધુ પડતું છે.

લઘુકથા

પંડ્યના

નસીમ હરીશ મહુવાકર

ડોશીનું મન ક્યારનુંયે આકળ-વિકળ થતું હતું. બીજાં બધાંય ગલુડિયાં પાછાં આવી, ઢાળિયામાં જઈ, ટૂંટિયું વાળી પડ્યાં હતાં. એક કાળિયું હજુયે પાછું ફર્યું નહોતું. ડોશીનું મન કાળિયામાં અટવાયા કરતું હતું. રાંધતાં-રાંધતાં કેટલીયે વખત ઊભા થઈ, ડેલી પાસે જઈને, હાથનું નેજવું કરી મીટ માંડતાં, થોડી વારે બબડતાં-બબડતાં પાછાં ફરતાં. 'કોણ જાણે કાળિયું ક્યાં વઈ ગ્યું હશે ? કાંય થ્યું તો નય હોય ને ?'

ઘરના કામમાં જીવ પરોવવા ડોશીએ ઘણીયે મથામણ કરી જોઈ, પણ જીવ ન ચોંટ્યો તે ન જ ચોંટ્યો. એક વખત તો ઢાળિયામાં ટૂંટિયું વાળી બેઠેલાં બીજાં ગલુડિયાંઓ પાસે જઈ ઠપકો આપતાં હોય એમ બોલ્યાંય ખરાં, 'લ્યા, તમે કાળિયાને ક્યાં એકલું મૂકી આવ્યાં ?' વળી ત્યાંથી ઊભાં થઈ ડેલી જઈ ઊભાં રહ્યાં.

હુક્કો ગગડાવી રહેલા ડોસા ક્યારનાયે ડોશીને તાકી રહ્યા હતા. કાળિયાની ચિંતા તો એમનેય થતી હતી. પણ ડોશીની મમત...ને હોય જ ને !

ઘણોયે વખત વહી ગયો પણ ડોશી ડેલી પાસેથી હલ્યાં નહિ. ડોસા હુક્કો એક બાજુ મૂકી ડોશી પાસે ગયા.

'લે હાલ્ય, હવે ખાઈ લે. કાળિયું આવી જાહે જ્યાં ગ્યું હશે ત્યાંથી.' પણ ડોશી હલ્યાં નહિ. ડોસા ફરીથી બોલ્યા, 'આમ ચંત્યા કર્યે કાંય વળવાનું નથ. તું તો જાણે છોકરો વયો ગ્યો હોય એવું કરેસ. ઈ તો આવી જાહે.'

ડોશી ભીની આંખે ડોસા સામું જોઈ રહ્યાં, થોડી વાર પછી ભારે હૈયે બોલ્યાં : 'મારે મન તો આ ગલુડિયાં જ..., હાંજ પડ્યે આપડું ઘર સે એમ હમજી પાસાં તો આવે સે, ને પંડ્યનાં તો...' ડોશીના ગળે ડૂમો બાઝી ગયો, આગળ બોલી શકાયું નહિ.

ગીત અને સંગીતની વાત જ એવી છે કે જેની વાત કરતાં આપણે અન્ય કલાકીય ખૂબીઓને લક્ષમાં લેવાનું વિસરી જઈએ છીએ. એ રીતે વિચારતાં 'દેવદાસ'માં બરુઆએ ડાઈરેકશન એડિટિંગ અને શૉટકટિંગમાં જે પ્રયોગો કર્યા તે અનન્ય હતા અને તેને કારણે પણ 'દેવદાસ'ની પ્રભાવકતા અનેક ગણી વધી ગઈ હતી. પ્રેક્ષકોનાં હૃદયના, સંવેદનતંત્રના તારને ઝંકૃત કરી દેનારા પ્રયોગો સંક્ષિપ્તમાં જોયા પછી આપણે દેવદાસથી આગળ 'ધૂપછાંવ' ભણી વળીશું, કે જેમાં પ્લેબૅક પદ્ધતિનો સર્વપ્રથમ પ્રયોગ થયો. (ક્રમશઃ)

'ન પહેરાય ? !'

કાલિન્દી પરીખ

'નાનકી !'

કાંઈ જવાબ આવ્યો નહીં તેથી તેણે મોટેથી બૂમ પાડતાં કહ્યું, 'નાનકી...ઈ....'

'શું છે મોટીબહેન, ક્યારનાં બૂમો પાડ્યાં કરો છો તે ?' નાનકીએ રૂઆબથી કહ્યું.

'જો નાનકી, પહેલી વાત તો એ કે હું તારી મોટીબહેન છું અને એટલે તારે મારી સાથે સભ્યતાથી વાત કરવી જોઈએ. હું જે કાંઈ પૂછું તેના વ્યવસ્થિત સરખા ઉત્તરો આપવા જોઈએ. આમ સામી જીભ ન ચલાવાય. સમજીને તું...'

'બસ બસ, બહુ ઉપદેશ દીધો. શું કામ મને બોલાવતાં હતાં એ કહોને.' નાનકીએ કહ્યું.

'શું કામ ? તે આખો દિવસ તૈયાર જ શું થયા કરે છે ? ઘરમાં કાંઈ કામકાજ હોય કે નહીં ? કે બસ આખો દિવસ ટાપટીપ જ કર્યા કરવાની ?' મોટીબહેને નાનકીના તૈયાર થવા સામે અણગમો દર્શાવતાં કહ્યું.

નાનકીએ તરત જ ખુલાસો કર્યો, 'જો મોટીબહેન, રામુકાકા આવીને બધું જ કામ કરી જાય છે. પછી હું નવરી નવરી આખો દિવસ શું કરું ?'

'નવરી નવરી શું કરું, તે ભણવા-બણવાનું છે કે નહીં ?'

નાનકીએ સનાતન સત્ય ઉચ્ચારતી હોય તેમ કહ્યું, 'આખો દિવસ કાંઈ ભણ-ભણ કરવાનું ન હોય.'

'તો શું આખો દિવસ તૈયાર જ થયા કરવાનું ?' આખરે મોટીબહેને તેનો અણગમો સ્પષ્ટ બતાવી જ દીધો. અને નાનકી પણ તે સમજતી હોઈને કહી દીધું, 'એમ કહોને, તમને હું તૈયાર થાઉં છું એ જ નથી ગમતું. બાકી તમે ય મારી જેવડાં હતાં ત્યારે બા કહેતી હતી કે અરીસા સામેથી ખસતાં જ નહોતાં. અને બાપ રે ! તમારા વાળ તો કેવડા મોટા હતા. માથું ઓળતાં અને ગૂંચ કાઢતાં પૂરો એક કલાક થતો.'

તે વધુ સાંભળવા ન રોકાઈ. સાડીના છેડાથી તેના વિશાળ કપાળને ઢાંકતાં પૂજાની ઓરડીમાં ચાલી ગઈ અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી.

નાનકી પણ જાણે પોતે કોઈ ગુનો કર્યો હોય તેમ છાનીમાની ચોપડી કાઢીને વાંચવા માંડી. પરંતુ આ કાંઈ પહેલી વાર નહોતું બન્યું. આવું તો અવારનવાર બનતું હતું.

એક વાર નાનકીએ ચણિયાચોળી પહેરવાની હઠ કરી :

'મોટીબહેન, પેલાં ઘૂઘરીવાળાં ચણિયાચોળી કાઢી આપોને.' પહેલાં તો નાનકીએ લટુડાપટુડા કર્યા, પરંતુ મોટીબહેન પર તેના લટુડાપટુડાની કોઈ અસર ન થઈ.

'શું છે તે તારે ચણિયાચોળી પહેરવાં છે અને તે ય પાછાં ઘૂઘરીવાળાં ?'

'મારે ગોરમા પૂજવા શંકરદાદાના મંદિરે જવું છે. મોળાકતનું વ્રત છે ને એટલે.'

'તે વ્રત તમે સારો પતિ મળે એટલે કરો છો કે પછી બનીઠનીને તૈયાર થઈને ભટકવા મળે એટલે કરો છો ?'

'બેય કારણથી' હાજરજવાબી નાનકીએ કહ્યું.

'બોલ્યા બેય કારણથી. વ્રત તો સારો પતિ મળે એટલે કરવાનું હોય.'

બોલતાં તો તે બોલી ગઈ. પણ પછી પોતે ઊંડા વિચારમાં પડી ગઈ. પોતે તો કેટકેટલાં વ્રતો કર્યાં હતાં : મોળાકત-જયા પાર્વતી, અરે, નકોરડા સાકરિયા સોમવાર પણ કર્યા હતા. અને તેય બેવડીને. પણ પોતે પતિસુખ પામી શકી હતી ?'

નાનકી સામી દલીલો કરતી હતી, 'તમે ય ચણિયાચોળી પહેરીને જતાં હતાં. તમે જ તો ઘૂઘરીઓ ટાંકી હતી.'

આવું બીજું ય ઘણું બબડતી હતી નાનકી, પણ તેના કાન સુધી ક્યાં કાંઈ પહોંચતું હતું ? છેવટે હઠ પર આવી જતાં નાનકી પટારો વીંખવા લાગી હતી.

આ રીતે બંને બહેનો વચ્ચે તૈયાર થવાની બાબતે અવારનવાર રકઝક ચાલ્યા કરતી. મોટીબહેન ટોક્યાં વગર રહી શકતી નહીં અને નાનકી તૈયાર થયાં વગર રહી શકતી નહીં.

એક દિવસ બપોરના ચારથી સાંજના મોડે સુધી શૃંગાર-ગૃહનું બારણું ખૂલ્યું જ નહીં. નાનકીને એની બહેનપણીઓ સાથે તેમની એક બહેનપણીના લગ્નમાં જવાનું હતું. હવે તમે જ કહો, લગ્નમાં જવાનું હોય તો તૈયાર તો થવું જ પડે ને ?

નાનકી ત્રણ-ચાર વાર આ અગાઉ પણ બારણું ખખડાવી ચૂકી હતી. મનોમન બબડી, 'પરંતુ હવે તો હદ થઈ ગઈ. સાંજના સાત વાગી ગયા. પોતે ક્યારે તૈયાર થશે ? હમણાં બધી બહેનપણીઓ અપ-ટુ-ડેટ તૈયાર થઈને આવી પહોંચશે. અને પોતાનાં તો હજી માથાનાં ય ઠેકાણાં નથી. એમ વિચારતાં ખીજમાં ને ખીજમાં નાનકીએ બારણાંને પાટું માર્યું.

બારણું તો ઊઘડી ગયું. પણ આ શું ?' મોટીબહેન આદમકદ અરીસાની સામે ઊભાં ઊભાં લાલચટ્ટક ઘરચોળાનો પાલવ સરખો કર્યા કરતાં હતાં.

નાનકીથી ન રહેવાયું, 'એ ય મોટીબહેન, આ શું કરો છો ? તમારાથી આમ ઘરચોળું ન પહેરાય.'

'હેં ! મારાથી આમ ઘરચોળું ન પહેરાય ?' અને તે ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી. ❐

'મંગળ'ના વાતાવરણમાં વિજય પ્રવેશ

સંજય ભટ્ટ

'નાસા' સંસ્થાએ ૧૯૯૯માં બે યાન 'મંગળ'ના ગ્રહની ફરતે પરિભ્રમણ કરવા છોડ્યાં હતાં, જેને નિષ્ફળતા સાંપડી હતી. આ નિષ્ફળતાનાં કારણો જાણી ઊંડી ચર્ચાવિચારણાના અંતે 'નાસા'ના યોજકો અને વિજ્ઞાનીઓએ 'ઑડિસ્સી' નામનું વધુ શક્તિશાળી યાન તૈયાર કરી એપ્રિલ ૨૦૦૧માં 'મંગળ' તરફ સફળતાપૂર્વક રવાના કર્યું હતું. છ મહિના ૨૮૬ મિલિયન માઇલની લાંબી મુસાફરી કર્યા બાદ, ગઈ ૨૩મી ઑક્ટોબરના રોજ રાત્રે ૮ વાગ્યાના સુમારે 'મંગળ'ના વાતાવરણમાં નિર્વિઘ્ને પ્રવેશ કર્યો છે. આ અગાઉ તેના એન્જિને તેની કાર્યક્ષમતાને ઘટાડી તેની ગતિને ઘટાડી નાખતાં 'મંગળ'ના ગુરુત્વાકર્ષણે તેને પોતાના વાતાવરણમાં પ્રવેશવા સહાય કરી હતી. હવે યાને તેનું નિર્ધારિત અંડાકાર પરિભ્રમણ આરંભી દીધું છે.

છ મહિના જેટલી લાંબી રાહ જોયા પછી 'નાસા'ના વિજ્ઞાનીએ અને યોજકોને આ શુભ સમાચાર રેડિયો સિગ્નલ્સ દ્વારા પ્રાપ્ત થવા પામ્યા ત્યારે તેઓ સૌ આનંદમાં આવી નાચી ઊઠ્યા હતા.

'ઑડિસ્સી'યાન હવે તેનું પરિભ્રમણ અંડાકાર કક્ષામાં ચાલુ રાખશે અને ધીમે ધીમે તેની કક્ષા નાની થતી જશે. તેના યોજકોએ જે યોજના બનાવી છે, તે મુજબ અંતે આ જાન્યુઆરી ૨૦૦૨માં યાન 'મંગળ'ની સપાટીથી ૨૫૦ માઈલના અંતરમાં ફરી તેની ફરતે ગોળાકાર ભ્રમણની શરૂઆત કરશે. આ ગોળાકાર ભ્રમણ તે ૨½ કલાકમાં પૂરું કરતું રહેશે. તેણે જે સફળતાપૂર્વક પ્રવેશ કર્યો છે તે જોતાં તેના યોજકોને સંપૂર્ણ શ્રદ્ધા છે કે, તેઓ તેમના આ પ્રયોગમાં અદ્વિતીય સફળતા અચૂક પ્રાપ્ત કરશે અને ધાર્યાં શિખરો સર કરી 'મંગળ' અંગેની અદ્ભુત માહિતી પ્રાપ્ત કરી જગતને જાણ કરશે. આ પહેલાં ઈ.સ. ૧૯૬૨થી શરૂ કરીને અમેરિકા અને રશિયાએ સોએક જેટલાં યાનો 'મંગળ' તરફ રવાના કર્યાં હતાં, જેમાંનાં લગભગ બધાં જ નિષ્ફળ ગયાં હતાં. માત્ર બે-ત્રણ યાનોએ 'મંગળ'થી ઘણા દૂરના અંતર સુધી પહોંચી તેની સપાટીના મોટી સંખ્યામાં ફોટાઓ પાડી સારી એવી માહિતી પૂરી પાડી હતી. આ દ્વારા તેના ઉપર ઊંચા પર્વતો, ખીણો, સપાટ પ્રદેશ અને ધ્રુવ પ્રદેશો ઉપર બરફ છવાયેલો હોવાની જાણકારી મળવા પામી છે.

હવે 'ઑડિસ્સી'ના યોજકો, તેમના આ કઠીન પ્રયોગ દ્વારા, નીચે જણાવેલ વધુ જાણકારી પ્રાપ્ત કરવાની અપેક્ષા સેવી રહ્યા છે :

૧. 'મંગળ'ની સપાટી ઉપર પથરાયેલાં ખનીજોમાં ક્યાં તત્ત્વો છે ?

૨. તેના કોઈ સ્થળે રાસાયણિક પદાર્થ ફેલાયલો છે ? હોય તો તેમાં ક્યાં તત્ત્વો રહેલાં છે ?

૩. તેની ઉપર છવાયેલી લાલ રંગની ધૂળની ઉપર કે નીચે ક્યાંય જળ છે ? યા તો અગાઉ હોવાનાં કોઈ ચિહ્નો છે ?


૪. તેના ઉપર સમય સમયના અંતરે આબોહવામાં કેવા ફેરફારો થાય છે ?

૫. ધ્રુવ વિસ્તાર સિવાય અન્ય કોઈ વિસ્તારમાં બરફનું આવરણ છે ? અથવા તે થતું હોવાના કોઈ સંકેત જણાય છે ?

૬. તેની સપાટી ઉપર કોઈ પણ વિસ્તારમાં ગરમ પાણીના ઝરા હાલ છે ? અથવા અગાઉ હોવાની કોઈ નિશાની પ્રાપ્ત થાય છે ?

આ માહિતી જ્યારે ઉપલબ્ધ થશે અને જો એવી જાણકારી પ્રાપ્ત થાય કે તેની ઉપર જળ છે અથવા ક્યારેય અસ્તિત્વ ધરાવતું હતું, તો એવું ચોક્કસ અનુમાન થઈ શકે કે ત્યાં ક્યારેક જીવ અને વનસ્પતિ સૃષ્ટિ અસ્તિત્વ ધરાવતી હતી. જળ એ તો આ માટેનું અગત્યનું અંગ છે. જળ હોય તો જીવન માટેનાં અન્ય જરૂરી તત્ત્વોની હસ્તિ તો હોય જ.

સૂર્યમાળામાં પૃથ્વીનો ક્રમ ત્રીજો જ્યારે મંગળનો ક્રમ ચોથો છે. સૂર્યથી પૃથ્વીનું સરેરાશ અંતર ૯૩ મિલિયન માઈલ છે, જ્યારે 'મંગળ'નું સરેરાશ અંતર ૧૪૧.૭ મિલિયન માઈલનું રહેતું હોય છે. આ ઉપરથી ગણતરી કરીએ, તો પૃથ્વી અને 'મંગળ' વચ્ચેનું અંતર લગભગ ૪૯ મિલિયન માઈલ હોવાનો અંદાજ મૂકી શકાય. કદમાં 'મંગળ' પૃથ્વી કરતાં લગભગ અડધો છે. તેનો વ્યાસ ૪૨૧૯ માઈલનો જ્યારે પૃથ્વીનો ૭૯૨૬ માઈલનો છે. 'મંગળ' ઉપર સરેરાશ ઉષ્ણાતામાન (-)૮૫ ફે. જેટલું રહેતું હોય છે. અન્ય બાબતોમાં પૃથ્વી અને મંગળમાં ઘણું સામ્ય રહેલું છે. 'મંગળ'ને બે ઉપગ્રહો પણ છે. રાત્રે તે આકાશમાં લાલાશ પડતા જોઈ શકાય છે. □



ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

અમારી નાનકડી વસાહતનું એક રોજિંદુ કર્તવ્ય -
બટાકા છોલવા

એક જણ થોડાં છાપાં લઈ આવે, બીજું લાવે છરીચપ્પુ (ને સારામાં સારું પોતાને માટે રાખી લે એ કહેવાની જરૂર નથી), ત્રીજું બટાકા લઈ આવે અને ચોથું લઈ આવે પાણી.

શ્રી ડસેલ શરૂઆત કરે. એ બટાકા સારા છોલતા નથી પણ બિલકુલ અટક્યા વિના બટાકા છોલી જાણે છે. પાછી નજર ડાબેથી જમણે ફેરવતા જાય, ખાસ જોવા કે કોઈ મારા જેવું સરસ છોલી જાણે છે કે નહિ. ના રે, કોઈને આવડતું નથી !

'જો ઍન, છોલણિયું હાથમાં આવી રીતે પકડાય અને પછી બટાકા હંમેશાં ઉપરથી નીચે સુધી સળંગ છોલાય. નાઈન, એમ નહિ...આમ !'

'પણ ડસેલસાહેબ, મને લાગે છે કે મારી રીત વધુ સહેલી છે,' તાત્કાલિક જવાબ વાળ્યો.

'પણ ઍન, મારી રીત સહુથી સારી છે. મારી વાત માન. અલબત્ત, મારા કહેવા પ્રમાણે કરવાની કાંઈ જરૂર નથી, તને ફાવે તેમ કર.'

છોલવાની ક્રિયા ચાલુ જ રહે છે. હું ત્રાંસી નજરે ડસેલને નિહાળું છું. વિચારમગ્ન ડસેલે માથું ધુણાવ્યું (મારે લીધે જ એ વાતમાં મને શંકા નથી) પણ વધુ કાંઈ જ બોલતા નથી.

હું છોલ્યે રાખું છું. મારી નજર મારી બીજી તરફ ઊભેલા પપ્પા તરફ જાય છે. પપ્પા માટે બટાકા છોલવા એ કામ નથી પણ એક કારીગીરી છે. જ્યારે પપ્પા વાંચે ત્યારે કપાળે એક કરચલી પડે છે પણ જ્યારે બટાકા છોલે કે શાક સમારે ત્યારે એ કામમાં મશગૂલ થઈ જાય છે. એમનું બટાકા છોલવાનું એક ખાસ મ્હોરું ધારણ કરે છે. અને એક વાર એ મ્હોરું ધારણ કર્યું એટલે ખલાસ, વ્યવસ્થિત છોલેલા બટાકા તૈયાર કરવામાં કોઈ વાતે મણા ન રહે.

મારું કામ ચાલુ જ છે. થોડી વાર હું ઉપર જોઉં છું ત્યાં તો મેં જોયું કે શ્રીમતી વૅનડાન ડસેલનું ધ્યાન ખેંચવા પ્રયત્નો કરી રહ્યાં છે. ડસેલ તરફ જોવાથી શરૂઆત કરી પણ ડસેલનું એથી કાંઈ ધ્યાન ગયું નહિ. એટલે એમણે આંખ મિચકાવી પણ ડસેલે બટાકા છોલ્યે રાખ્યા. બહેન હસ્યાં પણ ડસેલે જોયું નહિ. આટલી કારી ન ફાવી એટલે શ્રીમતી વૅનડાનને નવા નુસખા અજમાવ્યા સિવાય છૂટકો નહોતો. થોડી વાર બધું શાંત રહ્યું. પછી એમણે શરૂ કર્યું : 'પુટ્ટી, તમે ઍપ્રન પહેરી લ્યો ને, નહિતર કાલે આખો દિવસ તમારા સૂટના ડાઘા ધોવામાં જ મારે કાઢવા પડશે !'

'મારો સૂટ જરાય ગંદો થતો નથી.'

વળી થોડી શાંતિ. 'પુટ્ટી, તમે બેસીને છોલો ને !'

'આમ જ બરાબર છે. મને ઊભા રહેવું ગમે છે.' શાંતિ.

'પુટ્ટી, ધ્યાન રાખો, તમે તો છાંટા ઉડાડો છો !'

'હા, હું ધ્યાન રાખીશ, મારી માવડી.'

શ્રીમતી વૅનડાને વિષય બદલ્યો, 'અં... પુટ્ટી, આજે અંગ્રેજો બૉમ્બમારો કેમ નથી કરતા ?'

'કારણ કે હવામાન ખરાબ છે, કેર્લી !'

'પણ કાલે તો કેવો સરસ મજાનો દિવસ હતો, તો પણ બૉમ્બમારો ના કર્યો.'

'હવે આ વિષય અહીં જ પૂરો કરીશું ?'

'કેમ ?' આ વિષય પર કોઈ વાતો ના કરી શકે ? કે પોતાનો અભિપ્રાય પણ ના આપી શકે ?' 'ના !'

'પણ કેમ ?' 'માવડી, ચૂપ બેસ.'

'ફ્રેંક સાહેબ તો એમનાં પત્નીના દરેક સવાલનો જવાબ આપે છે.'

શ્રી વૅનડાન પોતાને સંભાળવાનો ઘણો પ્રયત્ન કરે છે. આ છેલ્લી વાતે તો ઘા પર મીઠું જ ભભરાવ્યું, પણ આટલેથી વાત મૂકી દે તો શ્રીમતી વૅનડાન શાનાં ? 'હે ભગવાન, અહીં તો કોઈ દિવસ હુમલો થવાનો જ નહિ.'

શ્રી વૅન્ડાન રાતાપીળા થઈ ગયા એ જોઈને શ્રીમતી વૅનડાનને ઑર પાનો ચડ્યો, 'આ અંગ્રેજો તો કાંઈ જ કરતા નથી !'

ને ધડાકો થયો, 'અને હવે બસ કર તારી આ બડબડ !' મમ્મીને હસવું રોકવું મુશ્કેલ થઈ પડ્યું. ને મેં કોઈ જ ભાવ વિના સીધું જોયાં કર્યું.

જો કે આ તો રોજનું થયું છે. સિવાય કે બે જણાં ઝગડ્યાં હોય. એમ વાત હોય ત્યારે બેમાંથી કોઈ એક અક્ષરેય બોલે નહિ.

વધારે બટાકા લાવવાનો વખત થયો. હું માળિયે ચડી. ત્યાં

પીટર બિલાડી પરથી બગા ચૂંટવામાં મગ્ન છે. એ મારી તરફ જોવા ગયો અને લાગ જોઈને બિલાડી છટકી તે સીધી બારીની બહાર વરસાદી ગટરમાં.

'સા...', પીટર બબડ્યો, જરાક હસી હું ત્યાંથી નીકળી ગઈ.

ગુપ્તનિવાસનો મુક્તિનો કાળ.

સાડા પાંચ : બેપના આગમનથી અમને અમારી રાત્રી પૂરતી આઝાદીનો સંકેત મળે. તરત બધાં પોતપોતાના કામે વળગી જાય. હું બેપની સાથે ઉપર જાઉં, ત્યાં બેપને પુડિંગ મળે, અમારાથી પહેલાં. એ બેસે ન બેસે કે તરત શ્રીમતી વૅનડાનની માગણીની યાદી શરૂ થાય. એની સામાન્ય રીતે શરૂઆત કંઈક આવી હોય : 'અરે હા, બેપ, મને છે ને તે.... સાંભળ બેપ' મારી સામે આંખો મિચકાવે છે. જે કોઈ ઉપર આવે એમની સમક્ષ પોતાની ઈચ્છા વ્યક્ત કરવાનું શ્રીમતી વૅનડાન ક્યારેય ચૂકતાં નથી. ને કદાચ આને લીધે જ કોઈને ઉપર જવું બહુ ગમતું નથી.

પોણા છમાં પાંચ : બેપ વિદાય થઈ. હું બે માળ નીચે એક લટાર મારવા આવી. પહેલાં જાઉં રસોડે, પછી ખાનગી ઑફિસમાં ને પછી કોલસાના ભંડકિયામાં જઈને માઉશી માટે બારણું ખોલી આવું.

આમ લાંબું ચક્કર મારી, નિરીક્ષણનું કામ પતાવી હું શ્રી કૂગ્લરની ઑફિસે પહોંચું. ત્યાં શ્રી વૅનડાન ટેબલનાં બધાં ખાનાં આજની ટપાલ શોધવા ફંફોસી રહ્યા છે. પીટર બૉશ અને વખારની ચાવી લેવા આવ્યો છે. પીમ ટાઈપરાઈટર લઈને ઉપર રવાના થાય છે. માર્ગોટ શાંતિથી ઑફિસનું કામ થઈ શકે એવી જગ્યાની શોધમાં છે. શ્રીમતી વૅનડાન ચૂલા પર ચાના પાણીની કિટલી ચડાવે છે. મમ્મી બટાકાભરેલું તપેલું લઈને નીચે આવે છે. આમ સૌ સૌના કામે ચડી જાય છે.

થોડીક વારમાં પીટર વખારમાંથી બહાર આવ્યો. અને બધાંએ એને એક જ પ્રશ્ન પૂછ્યો : 'બ્રેડ લઈ આવ્યો ?' 'ના,' એ તો ભૂલી ગયો. તરત ઘૂંટણિયે પડી જાત સંકોરીને લોખંડના ઘોડામાંથી બ્રેડ લઈ આવ્યો. પણ એટલામાં લાગ જોઈ માઉશી ભાગી ગઈ ને અંદરના ટેબલની નીચે ભરાઈ ગઈ.

હવે પીટરે ચારે બાજુ શોધખોળ શરૂ કરી, આહા, મળી, એ... બેઠી. ફરી ઘૂંટણિયે પડી અંદર જઈને બિલાડીની પૂંછડી ઝાલી બહાર કાઢી. બિલાડી ઘૂરકી ને પીટરે નિઃસાસો નાખ્યો કારણ કે બિલાડી વળી પાછી છટકી ગઈ અને હવે તો ઉપર બારીએ ચડીને બેઠી. બિચારા પીટરે બ્રેડનો કટકો ધરીને ચુચકારીને બહાર બોલાવવા પ્રયત્ન શરૂ કર્યો. ને એમ માઉશી બ્રેડના લોભે બહાર આવી અને છેવટે પીટરે બારણું બંધ કર્યું.

આ સંપૂર્ણ પ્રવેશ મેં બારણાની તડમાંથી નિહાળ્યો. અચાનક શ્રી વૅનડાન ગુસ્સામાં ને ગુસ્સામાં જોરથી બારણું બંધ કરી રવાના થયા. મેં ને માર્ગોટે એકબીજાંની સામે જોયું. અને બંને એક જ વાત વિચારી રહ્યાં હતાં : નક્કી કૂગ્લરે કોક ગોટાળો કર્યો હશે. અને ગુસ્સાના આવેશમાં એ પણ ભૂલી ગયા કે પડોશની કેગ કંપની અવાજ સાંભળી જશે.

પરસાળમાં પગલાંનો અવાજ થયો. શ્રી ડસેલ ઘરધણીની અદાથી પધાર્યા અને સીધા ગયા બારી પાસે. એક ઊંડો શ્વાસ લીધો... ને થયું છીંકાછીંક. ઉધરસ પછી ગળું સાફ કર્યું. પછી ઊપડ્યા આગલી ઑફિસમાં. ત્યાં જોયું તો પડદા ખુલ્લા હતા એટલે એમનાથી લખવા કાગળ લેવાય એમ નથી. ગુસ્સે થઈને પાછા ફરી ગયા.

ફરી એક વાર માર્ગોટ અને મેં એકબીજાંની સામે જોયું. માર્ગોટ બોલી, 'હવે પ્રિયતમાને એક પાનું ઓછું લખાશે...', મેં હકારમાં માથું હલાવ્યું.

હાથી-પગલાં સંભળાયાં, એ તો ડસેલ એમની 'પ્રિય જગ્યા' એ ગોઠવાયા એનો અવાજ.

અમારું કામ ચાલુ છે, ત્યાં ઠક, ઠક, ઠક... ત્રણ ટકોરા થયા... જમવાનો વખત થયો.

સાડા આઠને ટકોરે.... માર્ગોટ અને મમ્મી ચિંતાગ્રસ્ત છે. 'શ....પપ્પા, ઓટો શાંતિ રાખો. છૂ... પીમ ! સાડા આઠ વાગી ગયા, હવે બહાર આવી જાઓ. પાણી વાપરો મા. હળવેથી ચાલો. બાથરૂમમાં હોય ત્યારે પપ્પાને અપાતી સૂચનાનો આ છે એક નમૂનો. સાડા આઠને ટકોરે એમણે દીવાનખાનામાં હાજર થઈ જવું જોઈએ. પાણી ચાલુ કરવાનું નહિ, ફ્લશ વાપરવાનું નહિ, હલનચલન બંધ, કોઈ જ પ્રકારનો અવાજ કરવાનો નહિ. જ્યાં સુધી ઑફિસમાં લોકો ન આવી પહોંચે ત્યાં સુધી આ બધા અવાજો વખારમાં સહેલાઈથી સંભળાઈ જાય છે.

ઉપર આઠ ને વીસે બારણું ખૂલે અને હળવેથી જમીન પર ત્રણ ટકોરા પડે... એટલે કે ઍન માટે દલિયા તૈયાર છે. હું ધીમેકથી ઉપર મારો વાટકો લેવા પહોંચી જાઉં. જલદી જલદી હું નીચે પાછી આવી ગઈ. ફટાફટ માથું ઓળ્યું, પૉટી જગ્યાએ મૂકી દીધી, પથારી ઉપાડી ખાટલો સંકેલી લીધો. શાંતિ ! ઘડિયાળમાં સાડાઆઠ વાગી રહ્યા છે. શ્રીમતી વૅનડાને બૂટ કાઢી સ્લીપર પહેરી લીધાં ને આમથી તેમ આંટાફેરા શરૂ કર્યા. ચાર્લી ચૅપ્લીનનાં બહેન શ્રીમતી વૅનડાન પણ શાંત છે... બધાં જ શાંત છે.

અમારું કુટુંબ આદર્શપણાની ચરમ સીમાએ પહોંચે છે. હું વાચન-અભ્યાસ તરફ વળું છું ને માર્ગોટ પણ એમ જ કરે છે. મમ્મી-પપ્પા પણ એ જ પ્રવૃત્તિ તરફ વળે છે. પપ્પા (ડિકન્સ અને શબ્દકોશ સહિત) ઝોળ પડેલા, કિચૂડ કિચૂડ બોલતા, સરખી ગાદી-વિરહિત ખાટલાને ખૂણે વિરાજમાન થયા છે. એમ તો બે તકિયા એક ઉપર એક મૂકીને ટેકી શકાય પણ એ સિવાય એઓ

(અનુસંધાન પૃ. ૨૯)



સંગીત : જન્મજાત ગુણ

કુ. ઋચા પાંડેય/ અનુ. હર્ષદ મ. દવે

કેટલાંક લોકો જન્મથી જ બેસૂરાં હોય છે. આવા લોકોને જો ગાવા માટે કહેવામાં આવે તો એનો અવાજ બીજા માટે સારી એવી મુસીબત થઈ જાય છે. એની સામે કેટલાંક લોકો જન્મથી જ સુરીલાં હોય છે. તેઓ રડે તો પણ સૂરમાં અને ગાય તો પણ મીઠા સુરીલા અવાજમાં. આ વાત સાથે હવે તો વિજ્ઞાનીઓ પણ સહમત છે. એક અધ્યયનમાં જાણવા મળ્યું કે સંગીતની કાબેલિયત બાળકોને તેનાં મા-બાપ તરફથી મળે છે.

અધ્યયનથી એ પ્રશ્નનો જવાબ મળ્યો છે કે દુનિયામાં સંગીતકારોના કેટલાયે મશહૂર 'ઘરાના' અથવા કુટુંબો કેમ થયાં. કોઈ સંગીતકારનો પુત્ર પણ સ્વાભાવિકપણે સંગીતમાં યોગ્યતા ધરાવે છે. ઉદાહરણ તરીકે અલ્લારખાના પુત્ર ઝાકિર હુસેન, પંડિત રવિશંકરની પુત્રી અનુષ્કા અથવા એસ.ડી.બર્મનના પુત્ર આર.ડી.બર્મનને લઈ શકાય. પશ્ચિમના દેશોમાં તો સ્ટ્રૉસ અને બૉખ જેવા કેટલાયે વંશો થયા છે, કે જેઓએ સંગીતની દુનિયામાં પોતાની ધાક બેસાડી દીધી છે.

અધ્યયનની ફળશ્રુતિ સામયિક 'સાઈન્સ'ના હમણાંના જ અંકમાં પ્રકાશિત થયેલ છે તેમાં બ્રિટિશ અને અમેરિકન અભ્યાસુઓએ બ્રિટનમાં જન્મેલ ૫૬૮ જોડિયાં બહેનોનો સમાવેશ કર્યો તે પૈકી દરેક ૨૦માંથી એકની ધૂન ઓળખવાની યોગ્યતા બાકીની બહેનો કરતાં ઓછી હતી અને પ્રત્યેક ચારમાંથી એકને અવાજ ઓળખવામાં મુશ્કેલી પડતી હતી. સામાન્યપણે એમ માનવામાં આવે છે કે સંગીતની યોગ્યતા પાલન-પોષણ અને શિક્ષણથી નક્કી થાય છે.

સંશોધકોએ આ સામાન્ય માન્યતાને કસોટીની એરણે ચડાવી. જોડિયાં બહેનોને ૨૬ અલગ અલગ ધૂન સાંભળવા માટે આપવામાં આવી. તેઓને પૂછવામાં આવ્યું કે કઈ કઈ ધૂન ખોટી રીતે વાગી રહી છે ? કુલ ધૂનમાંથી અડધોઅડધ એવી હતી કે જેમાં એક કે બેસ્થળે ભૂલો મૂકવામાં-રાખવામાં આવી હતી. જાણવા મળ્યું કે આઈડેન્ટિકલ ટ્વિન્સ એટલે કે એકસરખી હોય તેવી જોડિયાં બહેનો, જેની જીન-સંરચના એક સમાન જેવી હોય છે ? એકસરખી સંગીત યોગ્યતા વાળી હોય છે. જો એક બહેને બધી ધૂનની ભૂલો ઓળખી કાઢી હોય તો એ વાતની સંભાવના વધારે છે કે એની બહેન પણ બધી ભૂલો દર્શાવી દે. જ્યારે નૉન આઈડેન્ટિકલ ટ્વિન્સ એટલે કે અલગ દેખાવવાળી જોડિયાં બહેનોમાં આ પ્રકારની ખાસિયત કાંઈક અંશે ઓછી હોય છે. તેઓમાં કેવળ ૫૦ ટકા જીન એક સમાન હોય છે.

લંડનના સેંટ થોમસ હૉસ્પિટલના ટ્વિન રિસર્ચ સેન્ટરના ડાઈરેક્ટર ટિમ સ્પેક્ટરનું માનવું એવું છે કે ધૂનો પ્રત્યે બહેરાશના ૮૦ ટકા કિસ્સાઓમાં વ્યક્તિના જીનને, પર્યાવરણીય કારણોને બદલે જવાબદાર ઠેરવી શકાય છે. આ અધ્યયન આ જ હૉસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. તેઓ કહે છે - જોકે, સંગીતને લગતી યોગ્યતાની આ કેવળ એક જ બાજુ છે, પરંતુ બેશક તેનું ઘણું ઘણું મહત્ત્વ છે. જો તમે કોઈ અવાજની વિશેષતાઓને ઓળખી ન શકો તો તમે ક્યારેય સમર્થ (મહાન) સંગીતકાર બની ન શકો.

ડૉ. સ્પેક્ટર દર્શાવે છે કે અધ્યયન કર્યા પહેલાં હું પણ એમ જ માનતો હતો કે સંગીતમય વાતાવરણ જીનનાં લક્ષણો કરતાં વધારે મહત્ત્વપૂર્ણ છે. પરંતુ હવે મને લાગે છે કે આ વાત કેવળ ૨૦ ટકા જ સાચી છે.

પરીક્ષણમાં જાણવા મળ્યું કે બધી જ એક જેવી જોડિયાં બહેનો ધૂનની ભૂલોને ઓળખવાની એકસરખી યોગ્યતા ધરાવે છે. બે બહેનોએ તો પરીક્ષણમાં સહુથી વધારે અંક મેળવ્યા, જ્યારે તેઓએ સંગીતનું માત્ર અનૌપચારિક શિક્ષણ મેળવ્યું હતું. ❒

અનુસંધાન] રોજનીશી [પૃ. ૨૮થી

ચલાવી શકશે એમ એમનું માનવું છે.

એક વાર વાંચવા માંડ્યા કે પપ્પા માથું કાઢીને ઉપર પણ જોતા નથી. વચ્ચે વચ્ચે વળી હસે અને ક્યારેક મમ્મીને એકાદો ફકરો વાચવાનો આગ્રહ પણ કરે.

'મને એ વાંચવાનો અત્યારે વખત નથી.' પપ્પાના ચહેરા પર થોડો અણગમો વરતાય છે. પણ ફરી એ વાંચનમાં ખોવાઈ ગયા. પણ થોડીક વાર પછી જ્યારે ફરી એક વાર એમના વાંચવામાં કોઈ રસપ્રદ ફકરો આવે એટલે ફરી વાર પ્રયત્ન કરી જુએ, 'મમ્મી, તારે આ ભાગ તો વાંચવો જ રહ્યો !'

મમ્મી ખાટલા પર બેઠી બેઠી સિવણકામ, ગૂંથણકામ કે વાચન કરે છે. અચાનક કોઈ વિચાર આવશે અને બોલી ઊઠશે : ઍન... યાદ રાખજે... માર્ગટ આ લખી લે જોઉં...!'

થોડી વાર પછી ફરી બધે શાંતિ છવાઈ જાય છે. માર્ગટે જોરથી ચોપડી બંધ કરી. પપ્પાએ ભવાં ચડાવ્યાં, કપાળે કરચલીઓ પડી, ભમરોએ એક જોવા જેવો આકાર ધારણ કર્યો. અને પછી ફરી મગ્નતાની કરચલી કપાળ પર પડી ને પપ્પા ફરી પુસ્તકમાં ખોવાઈ ગયા. મમ્મી ને માર્ગટ વાતે વળગ્યાં. જિજ્ઞાસાથી મારા કાન એ તરફ વળ્યા, ધીમે ધીમે પીમ પણ એમાં સામેલ થયા... નવ વાગ્યા... બ્રેકફાસ્ટનો વખત થયો....(ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

જંગલી કલકલીઓ

તા. ૨૩-૩-૯૬. આજે તો સાત્ત્વિક - કેના જેવડાં બાળકોને રસ પડે તેવી વાત લખવી છે. ૨૫મી ફેબ્રુઆરીના કરંટ સાયન્સના પૂંઠા ઉપર પંખીનું એક સરસ ચિત્ર જોયું. મને તરત જ થયું કે કેનાને આ ચિત્ર ગમશે એટલે મેં અંદર તપાસ કરી તો ખબર પડી કે તામિલનાડુના એક જંગલમાં બહુ દેખાતા જંગલી કલકલીઆ (**Jungle Babler**)નું તે ચિત્ર હતું. વળી પાનું ૩૧૬ જોવાનું પણ સૂચન હતું. વળી તંત્રીલેખમાં પણ આ પાના ૩૧૬નો ઉલ્લેખ હતો અને લખ્યું હતું કે સાદા બાઈનોક્યુલરની મદદથી પણ કેવું સરસ વૈજ્ઞાનિક સંશોધન થઈ શકે તે જાણવું હોય તો પાનું ૩૧૬ જુઓ ! એટલે હવે પાનું ૩૧૬ જોયા વગર છૂટકો ન હતો.

આપણે સામાન્ય રીતે એમ સમજીએ છીએ કે પતંગીઆં ફૂલ પર બેસે ત્યારે ફૂલનો પરાગ (પૂંકેસર કે સ્ત્રીકેસર) તેમના પગ કે મોઢાના વાળ પર ચોટી જાય અને પછી તે પતંગીઉં બીજાં ફૂલ પર બેસે એટલે ફળીકરણ થાય. પણ આ પરાગનયનની પ્રક્રિયામાં પંખીઓ પણ ભાગ ભજવે છે તેવાં અવલોકનો વિદેશમાં તો ઘણાં થયાં છે. કરંટ સાયન્સના પાના ૩૧૬ ઉપર મદ્રાસના એક સન્તાનમ્ નામના વૈજ્ઞાનિકે કરેલાં અવલોકનોની વાત છે.

પશ્ચિમ ઘાટને દક્ષિણ છેડે આવેલા એક જંગલમાં જંગલી ફૂલોના છોડવાઓનું એક ઝુંડ તેણે પસંદ કર્યું. આ ઝુંડમાં રોજનાં, નહિ નહિ તો ૭૦૦,૮૦૦ ફૂલો ઊગે છે. વળી આ ફૂલોની પાંદડીને છેડે નાનકડી નળી હોય છે, એટલે પંખીઓને નળીની અંદર ચાંચ મારી પરાગ લેવું ફાવે. આ ઝુંડથી ૧૫ મીટર દૂર એક ઝાડ પર બેસીને બાઈનોક્યુલરની મદદથી જોતાં રહેવું, રોજ સવારના સાતથી સાંજના પાંચ સુધી જોવાનું. કેટલાં પંખી આવ્યાં, ફૂલ પર બેઠાં ને ઊડી ગયાં અને એ ક્યાં ક્યાં પંખી હતાં તેની નોંધ કરતાં જવું એવો કાર્યક્રમ બનાવ્યો. તેણે ૧૧ જુદી જુદી જાતનાં પંખી નોંધ્યાં. સાથે સાથે પતંગીઆંની ૮ જાત પણ નોંધી. તેણે એક સરસ અવલોકન કર્યું. આ બધાં જ (પંખી અને પતંગીઆં) પરાગનયન કરી ફળીકરણમાં મદદ નથી કરતાં. તેણે ત્રણ ભાગ પાડ્યા (૧) પરાગનયન કરનાર (૨) ચોર, (૩) લૂટારા. તેણે નોંધેલી પંખીઓની જાતમાંથી ચાર જ જાત પરાગનયન કરે છે (એમની ચાંચ ઉપર તમને પરાગ ચોંટેલું દેખાય). પતંગીઆંની જે જાત તેમણે જોઈ તે બધી જ ચોર હતી. તે ફૂલની અંદરથી રસ (મધ) ચૂસે છે. છોડને ફળીકરણમાં મદદ નથી કરતાં. પણ પંખીઓમાં કેટલાંક તો લૂટારાં હતાં. તે ફૂલની નળીને ચાંચ મારી-(ફૂલને નુકસાન કરી)ને અંદરનું બધું મધ લૂંટી જાય છે !

સતત પાંચ દિવસ આવું અવલોકન કરી તેને જણાયું કે ફૂલોને ફળીકરણમાં સૌથી વધુ મદદ પેલો જંગલી કલકલીઓ કરે છે. આપણું જાણીતું પક્ષી બુલબુલ તો લૂટારા કક્ષાનું છે ! તેણે એ પણ જોયું કે રોજ સવારે ૯થી ૧૦ સુધીમાં અને બપોરે ૪થી ૫ સુધીમાં સૌથી વધુ પંખીઓ ફૂલો પર બેસવા આવે છે.

ફક્ત બાયનોક્યુલર જેવા સાધનથી અવલોકન કરી નવું જ્ઞાન મેળવવાની કેવી સરળ રીત !

ઋગ્વેદ અને સોમરસ

તા. ૧-૪-૯૬. ઋગ્વેદની રચના થઈ ત્યારે આર્યો ક્યા પ્રદેશમાં વસતા હશે તેની કાંઈક અટકળ ઋગ્વેદમાં આવતા સોમરસના ઉલ્લેખ ઉપરથી થઈ શકે છે. સોમ નામની, ઊભી ડાળીવાળી બહુ જ ઓછાં પાંદડાં ધરાવતી પર્વતોના ઢોળાવ પર ઊગતી વનસ્પતિની વાત ઋગ્વેદમાં આવે છે. આ સોમની ડાળીઓને ખાંડણિયામાં ખાંડીને રસ કઢાય તે સોમ રસ. સોમરસ થોડો કામોત્તેજક છે એટલે પતિ-પત્ની સાથે બેસીને ખાંડીને રસ તૈયાર કરે છે એમ પણ વાત આવે છે. ઋગ્વેદ પછી રચાયેલા અથર્વવેદમાં પર્વતીય વનસ્પતિ સોમનો ઉલ્લેખ છે. પણ તેનો વિગતે ઉલ્લેખ તો બીજા કોઈ વેદમાં નથી, તેથી સોમની આ વનસ્પતિ ઓળખી શકાય તો ઋગ્વેદના કાળની ખબર પડે.

હવે પર્વતો ઉપર ઊગતી એફેડ્રા નામની વનસ્પતિની ડાળીમાંથી અત્યારે એફેડ્રિન નામની એક દવા બને છે જેના ગુણધર્મો ઋગ્વેદમાં વર્ણવેલા સોમરસના ગુણધર્મોને ઘણા મળતા આવે છે. આ એક વાત છે. બીજી વાત એ છે કે પારસીઓના ધર્મ ગ્રંથ અવસ્તામાં પણ આવી વનસ્પતિની વાત આવે છે. અવસ્તામાં તેને હોઅમ નામ આપ્યું છે. એનો અર્થ તો એ થયો કે આર્યો અને ઝોરોસ્ટ્રીઅનો જે ડુંગરાળ પ્રદેશમાં રહેતા ત્યાં સોમ વનસ્પતિ ઊગતી હશે. આ સોમની ડાળીને આર્યો 'આંશુ' કહેતા અને પારસીઓની અવસ્તામાં તેને આસુ કહી છે. પણ આ મૂળ પારસીઓ હિમાલયમાં વસતા જ નહોતા. કારણ કે ત્યાંથી ઈરાન જાય તો વચ્ચે સિન્ધુ નદી આવે જ, પણ અવસ્તામાં સિન્ધુ જેવડી નદીનો કશો ઉલ્લેખ જ નથી. આ ઉપરથી અટકળ થઈ શકે કે ઋગ્વેદની રચના કરનાર આર્યો અને અવસ્તાની રચના કરનાર મૂળ પારસીઓ હિન્દુકુશ પર્વતમાળામાં વસતા હતા. આ પ્રદેશમાં આજે પણ સોમ શબ્દ પ્રચલિત છે. બલુચી અને પશ્તો ભાષામાં હુમ શબ્દ છે. જ્યારે ગિલગીટ, ચિત્રાલ અને નુરીસ્તાનમાં પર્વતના ઢોળાવ પર ઊગતી એફેડ્રાને આજે પણ સોમ તરીકે લોકો ઓળખે છે.

પછી જ્યારે ભારતના સિન્ધુ-ગંગા-જમનાના મેદાનમાં વસવાટ કરવા આર્યો આવ્યા ત્યારે પેલો 'સોમ' તો હિન્દુકુશના પર્વતો પર રહી ગયો. આયુર્વેદમાં સોમનો ઉલ્લેખ પણ નથી.

(અનુસંધાન પૃ. ૩૨)

સ્વ. ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન પર આધારિત નવલકથા

આઠમો રંગ

જ્યોતિ ભટ્ટ

ભારતીય આધુનિક ચિત્રકળા ક્ષેત્રે - તેના આરંભકાળે-ત્રીસીના દાયકા દરમ્યાન મહત્ત્વનું પ્રદાન કરનાર અમૃતા શેરગિલનો જન્મ ૧૯૧૩ના જાન્યુઆરીની ૩૦ તારીખે થયેલો. ૧૯૪૧ના ડિસેમ્બરની ૬ તારીખે, ૨૯ વર્ષની ઉમ્મર પૂરી કર્યા પહેલાં જ તેમનું અવસાન થયું. ડિસેમ્બર દરમ્યાન લાહોરમાં પોતાનાં ચિત્રોનું એક મોટું પ્રદર્શન યોજવાની તૈયારી ત્યારે તે કરી રહ્યાં હતાં. જોકે પ્રદર્શન તો મિત્રોએ યોજ્યું, પરંતુ તે જોવાનું અમૃતાના ભાગ્યમાં ન હતું.

માત્ર ચિત્રકાર જ નહીં, પરંતુ 'એક પ્રતિભાસંપન્ન, મેધાવી, જીવનરસથી તરબતર, પારદર્શક, સ્પષ્ટવકતા અને વિદ્રોહી નારી' તરીકે અમૃતાનું વ્યક્તિત્વ આગવું, પ્રભાવશાળી અને તેમના જમાનાથી ઘણું આગળ હતું. સ્વતંત્રપણે જીવન જીવવાના પોતાના પૂર્ણ અધિકારના આગ્રહી અમૃતા દરેક બંધનનો સ્પષ્ટ અને બેધડક શબ્દોમાં વિરોધ કરતાં હતાં.

હંગેરીઅન માતા અને ભારતીય-શીખ-પિતાની પુત્રી અમૃતાનો જન્મ હંગેરીના બુડાપેસ્ટ શહેરમાં થયેલ. બાલ્યાવસ્થાનાં આઠ વર્ષ ત્યાં ગાળ્યાં પછી ૧૯૨૧થી '૨૯ ભારતમાં રહ્યાં. ત્યાર બાદ ૧૬ વર્ષની વયે, એ સમયે કળા તથા કળાકારો માટે સ્વર્ગ મનાતા શહેર પારી(સ) ગયાં અને કળાનો અભ્યાસ કર્યો. બાલ્યાવસ્થા દરમ્યાન ગળથૂથીમાં મેળવેલ પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવને પારી(સ)ના અભ્યાસકાળનાં પાંચ વર્ષ દરમ્યાન મળેલ પોષણના પરિણામે થયેલ બૌદ્ધિક ઘડતર અને તત્કાલીન આધુનિક કળાપરંપરાઓનો નિકટનો પરિચય, પ્રભાવ અને ઊંડો અભ્યાસ હોવા છતાં ભારતીય કળા તરફ સન્માનની ભાવના સાથે કોઈ અજબ ખેંચાણ તે અનુભવવા લાગેલ. જોકે તે સમયે જેની ભારે બોલબાલા હતી તે બંગાળશૈલીના નામે થતી રહેલી 'ભારતીય સાંપ્રત કલા', તેના પુનરુત્થાનની વાતો તથા તેવી વાતો કરતા કળાકારોની કૃતિઓને અમૃતા તદ્દન પોકળ અને નિર્જીવ માનતાં હતાં. અમૃતાની કલાક્ષેત્રે કારકિર્દીના આરંભકાળે અજન્તા તથા કેરાળાનાં ભીંતચિત્રોનાં અને બાદમાં પહાડી તથા મુઘલ લઘુચિત્રોનાં સ્વરૂપોએ તેમને પ્રભાવિત કરેલાં. જોકે તેમ છતાં તેના બાહ્ય સ્વરૂપોનું અનુકરણ ક્યારેય કર્યું નહીં, પરંતુ તેના જોશીલા, જીવન્ત સત્ત્વને સમજવા અમૃતાએ ભારત આવી આજીવન સંનિષ્ઠ પ્રયત્ન કરેલો.

પોતાની પુત્રીના 'બિન્દાસ' સ્વભાવ અને વર્તનથી પરિચિત તેના પિતા સરદાર ઉમરાવસિંગનો આગ્રહ હતો કે પારી(સ)માં કળા અભ્યાસ પૂરો કર્યા પછી પણ અમૃતા યુરોપમાં જ રહે. પોતે યુરોપના વાતાવરણમાં અન્ય ઘણીબધી રીતે સુખી હોવા છતાં બધું જતું કરીને પણ ભારત પાછાં આવવા તલસી રહેલી 'ઉમરાવજાદી'એ પિતાને લખેલ પત્રમાં જણાવેલ કે 'કુટુંબ'ની ઊંચી પ્રતિષ્ઠાને હું બટ્ટો લગાડીશ એવી બીકે તમે વહાલને કોરાણે મૂકી દીધું છે એથી મને ઘણો આઘાત લાગ્યો છે. અન્ય લોકોની ખણખોદને તમે કેટલું બધું મહત્ત્વ આપ્યું છે !' પોતે ભારત પાછાં આવવા શા માટે ઇચ્છે છે તેનાં કારણો આપતાં અમૃતાએ લખેલું કે 'મને ભારતમાં, તેનાં લોકોમાં, સંસ્કૃતિમાં અને સાહિત્યમાં ઊંડો રસ છે. યુરોપમાં લાંબા રહેવાસ અને આધુનિક કળાના પ્રભાવને લીધે જ મને ભારત તથા ભારતીય ચિત્રો અને મૂર્તિઓને આસ્વાદવા જરૂરી પ્રેરણા મળી છે. ભલે વિરોધાભાસી લાગે પરંતુ મને ખાતરી છે કે જો આપણે યુરોપ આવી રહ્યાં ન હોત તો એ હકીકતથી હું ક્યારેય સભાન થઈ શકી ન હોત કે અજંતા ગુફાઓની ભીંતો પરનું એકાદું ચિત્ર કે અહીં મ્યુઝી ગીમે (**Musee Guimet**)માં સંગ્રહાયેલ ભારતીય મૂર્તિકળાના એકાદ નમૂનાનું મહત્ત્વ યુરોપીય પુનરુત્થાનકાળ (**renaissance**)ની બધી કૃતિઓથી ઘણું ચડિયાતું છે.'

અમૃતાના ટૂંકા છતાં ઘટનાસભર જીવનકાળ દરમ્યાન (સ્વ.) કાર્લ ખંડાલાવાલા અને (સ્વ.) પંડિત જવાહરલાલ નેહરુ જેવી થોડીએક વ્યક્તિઓ બાદ કરતાં કળાકાર તરીકેના તેમના વ્યક્તિત્વ અને તેમની ચિત્રકૃતિઓની અપેક્ષિત, યોગ્ય કદર કોઈએ કરેલી નહીં. જોકે આની એમણે ખાસ પરવા કરી નહીં તેમજ પોતાની માન્યતાઓમાં બાંધછોડ તો ક્યારેય કરી નહીં. એને કારણે ક્યારેક થોડો નિરુત્સાહ અનુભવવા લાગેલાં. એમની કૃતિઓ પ્રદર્શિત થવા લાગેલી અને ક્યારેક વેચાવા પણ લાગેલી, પણ આનો તેમને આનંદ ન હતો કેમકે પોતે જેને પોતાની સારી કૃતિઓ ગણતાં હતાં તેનો આમાં સમાવેશ થતો નહીં. સીમલા ફાઇન આર્ટ્સ સોસાયટીએ યોજેલ ૧૯૩૫ના



અમૃતા શેરગિલ

પ્રદર્શનમાં પોતે જેને નબળી કૃતિ માનતાં હતાં તેને નિર્ણાયકોએ આપેલ પુરસ્કારનો ચેક પરત મોકલતાં અમૃતાએ જણાવ્યું હતું કે 'જે ચીલાચાલુ રૂઢી પરંપરાનું જતન કરવા છેલ્લાં ત્રેસઠ વર્ષથી આપ સર્વે પ્રયત્નશીલ છો તેને અનુસરતા કોઈ ચિત્રકારને આ પુરસ્કાર આપી રાજી કરી શકો તે માટે હું મારો પુરસ્કાર જતો કરું છું.'

રંગો તથા રેખા પર અમૃતાનું જેવું પ્રભુત્વ હતું તેવું જ ભાષા પર પણ હતું. લેખનને વિકસાવી વ્યાવસાયિક ધોરણે અપનાવવાની સલાહ પણ તેમની એક લેખિકા મિત્રે આપેલી. એનો ઉત્તર આપતાં અમૃતાએ કહેલું કે 'એમ કરીને મારે મધ્યમ કક્ષાના અસંખ્ય લેખકોમાંના એક નથી બની રહેવું.'

ગુજરાતમાંની વીસેક કળાશાળાઓ/કૉલેજોનાં ઘણાંખરાં વિદ્યાર્થીઓ, મારી જેવા શિક્ષકો તથા કળાકારોના મોકળા અને પર્યાપ્ત વિકાસમાં બાધારૂપ બની રહેલી એક મુખ્ય સમસ્યા અંગ્રેજી ભાષા વાંચી, સમજી શકવાની તેમની મર્યાદા છે એમ મારું માનવું છે. કમભાગ્યે, આ પરિસ્થિતિનું નિવારણ કરવામાં ઉપયોગી થાય તેવું, ગુજરાતીમાં લખાયેલું કળા-વિષયક સત્ત્વશીલ, વિચારપ્રેરક તથા પ્રેરણાદાયક, માર્ગદર્શક સાહિત્ય બહુ જૂજ માત્રામાં ઉપલબ્ધ છે. આ પરિસ્થિતિમાં ઉજ્જ્વળ આશાકિરણ સમું, સુશ્રી હિમાંશી શેલતનું લખેલું પુસ્તક 'આઠમો રંગ' વાંચવાની તક હાલમાં જ મળી.

શાળાના અભ્યાસકાળથી જ હિમાંશીબહેન અમૃતા પ્રત્યે ભારે ખેંચાણ અનુભવવા લાગેલ. એ આકર્ષણ ત્યાર બાદ ચાર દાયકા સુધી જળવાઈ રહ્યું અને એમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો. આથી, અમૃતા અંગે લખાયેલ વિવિધ સાહિત્ય, વાનગોઘના પત્રોમાં વ્યક્ત થતી સંવેદનાની યાદ આપતા અમૃતાના અસંખ્ય પત્રોમાંથી બચેલા, જળવાઈ શકેલા પત્રો તથા તેમણે લખેલા થોડા લેખોય વાંચ્યા. એ ઉપરાંત દિલ્લીની 'નૅશનલ ગેલેરી ઑફ્ મૉડર્ન આર્ટ'માં સંગ્રહાયેલ, અમૃતાની કૃતિઓનો અભ્યાસ પણ કર્યો. આ બધાંને પરિણામે 'અમૃતાને નજીકથી ઓળખવાની અને જોવાની તીવ્ર ઇચ્છાએ જ આ કથા — આઠમો રંગ-લખાવાનું સાહસ હિમાંશીબહેને કર્યું, અને આપણે થયા છીએ અમૃતામય બની જઈ આત્મકથા સ્વરૂપે તેમણે લખેલી એક નવલકથા મેળવવા ભાગ્યશાળી.

સંવેદનશીલ, કળાપ્રેમી, કળામર્મી સર્જક તરીકે તથા આઝાદી મળ્યા પછી અર્ધી સદી વટાવી ચૂકેલ ભારતીય સમાજમાં આજ પર્યન્ત નારીનું જે સ્થાન અને અને દશા જોવા મળે છે તે અંગે સભાન અને ચિંતિત લેખિકા હોવાને નાતે અમૃતાની આંતરિક વ્યથા પણ તેમણે આત્મસાત્ કરી છે, અને અમૃતાના પત્રો અને લખાણની વાણી પણ તેમણે જાળવી રાખી છે.

માત્ર કાલ્પનિક નવલકથા તરીકે પણ માણી શકાય તેવું, અને કળાપ્રેમીઓ માટે ખૂબ માહિતીદાયક બની અમૃતા શેરગિલની કૃતિઓને વધુ સારી રીતે જોવા, માણવા, સમજવા માટે ઉપકારક બની રહે તેવું આ પુસ્તક 'આઠમો રંગ' ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પ્રકાશિત કર્યું છે.

વિનોદ મેઘાણીએ અનુવાદ કરેલ, વાન ગૉઘ અંગેના પુસ્તક 'સળગતાં સૂરજમુખી'ની યાદ તાજી કરાવવાની લાલચ પણ આ તબક્કે રોકી રાખવી મુશ્કેલ છે. ઘણા સમયથી વિનોદભાઈ વાન ગોઘનાં રેખાંકનો તથા ચિત્રોની ઢગલાબંધ છબીઓ/સ્લાઇડ દેખાડી તેની સાથે વાર્તાલાપ આપીને ગુજરાતભરમાં લોકોને વાન ગોઘના જીવન તથા કાર્યમાં રસ લેતા કરવા પ્રયત્નશીલ છે. 'આઠમો રંગ' હિમાંશીબહેને વિનોદભાઈને એમની ઝુંબેશમાં જોડાઈ અમૃતા શેરગિલ અંગે, કળાવિમુખ બનતી જતી ગુજરાતની પ્રજાને એ પ્રકારનો જ લાભ જો હિમાંશીબહેન આપે તો સોનામાં સુગંધ ભળશે. ❐

અનુસંધાન] પસ્તીનાંપાનાં [પૃ. ૩૦થી

આપણા મેદાની પ્રદેશમાં સોમ ઊગતો જ નથી.

હજાર વર્ષ પહેલાંની હૉસ્પિટલ

તા. ૧૧-૫-૯૬. તામિલનાડુમાં પલાર નદી અને તેની બે શાખાઓ વેગવતી અને અય્યરના ત્રિવેણી સંગમ ઉપરનાં એક ગામ તિરુમુકાડેલ પાસે પુરાતત્ત્વવેત્તાઓને એક વિષ્ણુ મંદિરની ભાળ મળી. આ મંદિરની દીવાલ પર કંડારેલ વિસ્તૃત લખાણ પરથી ખબર પડી કે ત્યાં એક વેદ-મહાવિદ્યાલય (કૉલેજ) અને એક રુગ્ણાલય (હૉસ્પિટલ) પણ હતાં. આ લેખ ૧૦૬૯ની સાલનો છે. લેખમાં સ્પષ્ટ વર્ણન છે કે હૉસ્પિટલમાં ૧૫ પથારીની વ્યવસ્થા હતી. અને આજની પરિભાષામાં કહીએ તો, દાક્તરો, કંપાઉન્ડરો અને નર્સોની ૨૪ કલાક સેવા હૉસ્પિટલમાં મળતી. હૉસ્પિટલમાં રાખવામાં આવતી દવાઓની પણ વિગત લેખમાં છે. વળી કમળો, રક્તસ્રાવ તથા ફેફસાંનાં દર્દોની ત્યાં સારવાર થતી તેવા ઉલ્લેખો પણ મળે છે. વળી દવાઓ ક્યાંથી લાવવામાં આવતી, કર્મચારીઓને કેટલું વેતન આપવામાં આવતું અને વિવિધ પ્રકારનાં દર્દોની માહિતી પણ આ લેખમાંથી મળે છે.

દેશમાં તો ઘણી જગ્યાએ શિલાલેખ અને અભિલેખો મળે છે, પણ બીજા કોઈ અભિલેખમાં દવાખાનાને લગતી સર્વ પ્રકારની આવી માહિતી મળતી નથી. આ જે મંદિરના અવશેષો પાસે રુગ્ણાલયના અવશેષો મળી આવ્યા છે - આજથી હજાર વર્ષ પૂર્વેની આ હૉસ્પિટલ વિશેની માહિતી ગયે વર્ષે જ, ૧૯૯૫માં શોધી કઢાઈ છે.

અત્યારે આપણી સિવિલ હૉસ્પિટલોમાં જે અવ્યવસ્થા આપણે જાણીએ છીએ ત્યારે ઉપરની વાત વાંચતાં એમ થાય કે હજાર વર્ષ પહેલાં આપણે કેટલા બધા સમજુ હતા! (ક્રમશઃ)

લોરેલેઈના સંગીતમાં વહેતી રૂહાઈન

ભારતી રાણે

રૂહાઈન નદીની સફર કોલોન શહેરથી સામે વહેણે અને ઊંધે પગલે શરૂ થઈ. શહેરની ચહલપહલ છોડી આગળ જતાં ગયાં, તેમ પહેલાં ઊંચી-ઊંચી ઇમારતો દેખાતી બંધ થઈ, અને છેલ્લે આભને આંબતા કોલોન કથિડ્રલના ઉન્નત ટ્વિન ટાવર પણ અદૃશ્ય થઈ ગયા. સપાટ મેદાનો વચ્ચે વસેલાં શાન્ત ગામડાં, અને હળવા ઢોળાવો પર વ્યાપ્ત હરિયાળી શાંતિ અને નિતાંત સુન્દરતા આંખ સામે છવાઈ ગયાં.


રૂહાઇન નદીનો નકશો નજર સામે હતો. સ્વિસ આલ્પ્સમાંથી નીકળીને મહાકાય લેક કૉન્સ્ટાન્સમાં વિલીન થયા પશ્ચાત્ પુનઃ જલગતિ પ્રાપ્ત કરતી એ જર્મનીમાં પ્રવેશે છે. અહીં વિરબેડેનની પૂર્વે એક નાનકડું ગામડું છે, એનું નામ વીંકલ. જર્મન ભાષામાં વીંકલનો અર્થ થાય ખૂણો. રૂહાઇન ફૉલ્સનો ભીષણ પ્રપાત ખમ્યા પછી આ વીંકલના ખૂણેથી ચકરાવો લઈ રાહિનગાઉ નામના પ્રદેશમાં પ્રવેશી, એના સુંદરતમ સ્વરૂપને પામતી રૂહાઇન, અને પછી રૂડીશેમ પાસેથી ઉત્તરાભિમુખ થઈ કોબલેન્ઝ પાસે એની મોટામાં મોટી પ્રશાખા મોસેલને મળીને પછી ઊંડા ખડકાળ, વમળમય રસ્તે લોરેલેઇની ટેકરીને સ્પર્શતી કોલોન સુધી વહી આવતી, અને પછી આગળ નેધરલૅન્ડ થઈને દરિયાને મળતી રૂહાઇનનું ચિત્ર નજર સામે હતું.

બસ, એ જ રસ્તે કોલોનથી સામે વહેણે અને પાછે પગલે અમે ધીરેધીરે પરિકથાની દુનિયામાં સરકી રહ્યાં હતાં. અહીં રૂહાઇનને કિનારે રોમન સામ્રાજ્યના ઇતિહાસની ઘણીબધી સત્યકથાઓ અને દંતકથાઓ વિખરાયેલી છે. રોમન, જર્મન, હૂણ, કાઝેક, અમેરિકન વગેરે અહીંથી પસાર થઈ ગયેલાં અનેક યોદ્ધાઓનાં પગલાંની છાપ અહીં પડેલી છે. યુરોપને ઘડનારાં પરિબળોમાં અગ્રિમ એવી આ રૂહાઇન ક્યારેક કોઈ સામ્રાજ્યની સીમારેખા બની, ક્યારેક એને કિનારે ઊભેલાં કિલ્લાઓમાં ખેલાયેલા લોહીયાળ જંગનું સમરાંગણ બની, તો ક્યારેક લાખો-કરોડો મુસાફરોની સફરની સાથીદાર બની. યુરોપના લગભગ બધા જ નોંધપાત્ર યુદ્ધોએ રૂહાઇનના કિનારાને રક્તરંજિત કર્યો. કોલોનથી મેનહેઇમ સુધીના બસો કિલોમીટરથી ઓછા એના માર્ગ પર છસોથી વધુ કિલ્લાઓ છે. તે દિવસે સાડા ચાર કલાકની સ્પીડબોટની સફરમાં એ બધાની ઝલક જોવા મળવાની હતી.

નદીનાં પાણી શાન્ત હતાં અને હવામાં તાજગી હતી. તીરે વસેલાં ગામડાં, વૃક્ષો, ટેકરીઓ અને તેના પરનાં દુર્ગ, દેવળ, ટાવર અને દ્રાક્ષના માંડવાની ઝૂકતી અટારીઓ બધું જ ઊગતા સૂર્યના પ્રકાશમાં લપેટાઈને સજીવ બની રહ્યું હતું. સમયની રેખાઓને ભૂંસતો હળવો અજવાસ કિલ્લાઓ પર રેલાઈ રહ્યો હતો. ઇતિહાસ અને તેના પરથી મનમાં જન્મતાં કલ્પનો સાથે સામે ઊભેલાં ખંડિયેરોની રેખાઓ એકાકાર થતી જતી હતી. મનમાં એક સ્પષ્ટ છબી ઊપસતી હતી, અને તેમાં યુગો સળવળી રહ્યા હતા. કિનારાની હથેળી પરથી નીકળી દ્રાક્ષની વાડીઓને વીંટળાઈને ટેકરીઓમાં વિખરાઈ જતી આંગળીઓ જેવી કેડીઓ ઉપર રૂહાઇનના નીતનવા રૂપનો ઉઘાડ જોઈને પ્રેરણા પામી, અમર સર્જન કરી જનારા સર્જકો પણ દૃષ્ટિ સામે સજીવ થવા લાગ્યા. અહીંના વળાંકોમાં છુપાયેલી રૂહાઇનની કલાત્મક મુદ્રાઓથી પ્રેરાઈને સર્જાયેલાં અમર સર્જનો, અને એમના સર્જકો અર્નીમ, બ્રેન્ટેનો, ગઅથેએ સૌની સ્મૃતિનાં હલેસે અમે રૂહાઇનના અનવદ્ય સ્વપ્નલોકમાં વિહાર કરી રહ્યાં હતાં.

દરેક કિલ્લાની એક વાર્તા, ને દરેક વળાંકે એક દંતકથા હશે. ક્યાંક બીજા રાજ્યોના હાથમાં રહીને ફરી જર્મનીમાં ભળી ગયેલાં દુર્ગની ચડતી-પડતીની કથા, ક્યાંક પ્રેમમાં પડી ગયેલા રાજાઓની વાર્તા, તો વળી ક્યાંક ઊંચી ભેખડ પરથી સંગીતના સૂર રેલાવી ખલાસીઓને ભાન ભુલાવતી સુંદરીની કથની. કિલ્લાઓ ઘણાખરા જર્જરિત હતા, પણ ઇતિહાસ તાજો હતો.

કોબલેન્ઝ આવતાં પહેલાં લોરેલેઇ હિલ્સ પાસે નદીનો પટ સાંકડો, ઊંડો અને અશ્મર હતો. જોખમી માર્ગ પર અમારી રૂહાઇન જેટ સ્થિર ગતિથી પસાર થઈ રહી હતી. વમળ રચતાં ઊંડાં પાણીને કિનારે આ રહ્યું રાજા હેગનનું પૂતળું ! નિબ્લેઝના સુવર્ણ ખજાનો રૂહાઇન નદીમાં વહાવી દેનાર રાજા હેગન ! આ રહ્યા કાળમાં દટાયેલા રિંગ ઓરકેસ્ટ્રાના સૂર અને કાન દઈને




રૂહાઇન નદીને કાંઠે વસેલું ગામ

સાંભળો તો ખરા ! દૂર દૂરથી ધીમા સ્વરે ગાઈ રહી છે પેલી લોરેલેઇ...

કિનારે અચાનક ઊપસી આવેલા હોય તેવા સેવન સિસ્ટર્સ અથવા સેવન વર્જિન્સ નામના ખડકો દેખાય છે. અહીંથી તીવ્ર વળાંકે વળતાં અને ખળખળતાં વહેણને માથે ઝળૂંબતી શિલા ઉપર સદીઓથી ગાઈ રહી છે. સુંદરી લોરેલેઇ. કોણ જાણે કયા કારણથી, અને કોના શાપથી પથ્થર બની ગયેલી સાત બહેનો, જેમાંની છ તો સ્થિર નિષ્ક્રિય પાષાણ જેવી, અને સાતમી આ લોરેલેઇનો અતૃપ્ત આત્મા ન જાણે કેમ સદીઓથી ભટકતો રહી ગયો હશે ? અને એના મોહક સંગીતમાં ભાન ભૂલીને વળાંક પર ખડકો સાથે અથડાઈ પડતા, ને પ્રલયકારી અંતને પામતા ખલાસીઓની અને લોરેલેઇના છેતરામણા ગેબી સંગીતની પરિકથાનો પ્રદેશ છે આ. નિર્જન લોરેલેઇ હિલ્સ પર શિયાળાની લાંબી સાંજોમાં રેલાતું સુંદરીનું સંગીત સાંભળ્યાની વાત અહીંના ખલાસીઓ કહે છે. અદ્‌ભુત કિલ્લાઓનાં ખંડોરોમાં, સમય સાથે ખરી પડેલી વાતાં જેવા કાંગરા વેરાયેલા જોઉં છું, ને લોરેલેઇ સજીવ થઈ જાય છે. કવિ બ્રેન્ટેનો અને હેઇને અક્ષરદેહે અમર કરી દીધેલી આ સુંદરી લોરેલેઇ કોણ હશે ? કેમ ગાતી હશે એ આ ખડકાળ વળાંક પર ? શું એ કોઈ રાજકુમારી હશે, જેનું મન રજવાડાની સુખસાહ્યબીમાં નહીં લાગ્યું હોય, રાજભોગ અને હર્યાભર્યા જીવનમાં એને મનની શાંતિ નહીં મળી હોય ? અને પછી સંગીતમાં આત્માની તડપને શાંત કરવા મથી હશે એ રાજકુમારી ? કે પછી પ્રિયતમને શોધતી, નિરંતર પ્રતીક્ષા કરતી પ્રણયભગ્ન સુંદરી હશે લોરેલેઇ ?

માણસના મનનાં ઊંડાણ અને એની ઝંખનાઓ અગમ્ય હોય છે. ક્યારેક સર્વ સુખસગવડોથી હરીભરી જિંદગી સોંસરવો કાંઈ અજંપો જાગી ઊઠે, કારણ વગર મન વ્યાકુળ થઈ જાય. ન જાણે શું શોધ્યા કરે છે મન ? કઈ શાંતિ, કયું સાંત્વન, કઈ ઇચ્છા, કયું લક્ષ ? કાંઈ ખબર ન પડે, ને છતાંય અજંપો સતાવ્યા કરે. અજંપ આત્માની અનંત વ્યાકુળતા, જાણે લોરેલેઇનું સંગીત ! આ સંગીત ગુંજ્યા કરે છે સદીઓથી અને કદાચ ગુંજ્યા કરશે આવનારી સદીઓ સુધી. જ્યાં સુધી માણસને મન છે, ત્યાં સુધી તેમાંથી પ્રકટતું રહેશે આ લોરેલેઇ સંગીત ! કદાચ એટલે જ અહીંથી પસાર થતાં થતાં આપણાં કાન હજીય એને સાંભળી શકે છે. હૃદયનાં સ્પંદનો, ક્રૂઝના સ્પીકર પર વાગતું લોરેલેઇની કલ્પના કરી કોઈ સંગીતકારે રચેલું સંગીત, અને સમયના વાયોલીનના તાર ઉપર સ્ફૂરતું ને હવામાં લહેરાતું લોરેલેઇનું અમર સંગીત બધું એકાકાર થઈ જાય છે.

આ વૃક્ષાચ્છાદિત પહાડી, આ ઊંડાં પાણી, આ ખડકાળ કિનારો, દૂર ડુંગરાઓ પરથી પડું પડું થતા દુર્ગ અને મહાલયો,



લોરેલેઇ હિલ્સનો અનવદ્ય સ્વપ્નલોક

ર્‌હાઇન નદીને તીરે વસેલી આ જાદૂઈ દુનિયાને લોરેલેઇની ઝંખનાથી પામવાનો પ્રયત્ન કરું છું. આ કેડીઓ ઉપર સંગીતની સૂરાવલી જેમ નિર્બંધ ભટકી શકાય, અને એમ ર્‌હાઇન નદીના વળાંકે વળાંકે બદલતા ગૂઢ અપરિચિત સ્વરૂપને અલગ અલગ મુદ્રામાં પામી શકાય એવી ક્ષણો શક્યતાના બંધ પટારામાં કેદ છે. અમારી સફરના પગમાં નૌકાની બેડી છે. આ મોસલ નદીનો સંગમ આવી લાગ્યો. હવે નદીમાં પાતળી જમીનની પટ્ટી બનાવી, ઉપર વૃક્ષો ઉગાડી, નદી પર રચેલું કૃત્રિમ માર્ગ ડિવાઇડર દેખાઈ રહ્યું છે. ગૉથિક ઢબનાં દેવળોના ટાવર, રોમન કાળનાં ખંડેરો, મધ્યકાલીન દુર્ગ, બેરોક ઢબના ભવ્ય પ્રવેશદ્વારોથી સોહતા કિલ્લા, અને દંતકથાઓના રંગે રંગાયેલો ર્‌હાઇનનો રોમૅન્ટિક કિનારો બધું પૂરું થઈ રહ્યું છે. કૉબલેન્ઝ પાસે આ આવ્યું બારાકાશ ઊફેં બૅકકસની વેદી. અગણિત દ્રાક્ષના માંડવા નીચે બૅકકસની વેદી ! હવે રૂડીશેમ થઈને રાહિનગાઉમાં પ્રવેશી અમારે મેનહેઇમ સ્ટેશને ઊતરવાનું છે. જોહાનીસ ગુટનબર્ગની સ્મૃતિમાં સ્થપાયેલ યુનિવર્સિટીથી વિખ્યાત ર્‌હાઇનના તીરે ઊભેલાં શહેરોમાં શ્રેષ્ઠ એવા મેનહેઇમના કિનારે અમારી નૌકા લાંગરે છે.

મોટરબોટની બારીમાં ખૂલે તેટલું આકાશ, કલ્પનામાં ઊઘડે તેટલો ઇતિહાસ અને માત્ર પગ ઝબકોળાય તેટલો ર્‌હાઇનનો અહેસાસ લઈને આજે તો અહીં જ ઊતરી જવાનું છે. ㄱ

ઈતિહાસધારા

અશોક હર્ષ

પંદરમી સદીનો સમય. દક્ષિણનો બેલગામનો કિલ્લો ત્યારે વિજયનગરના સમ્રાટ કૃષ્ણદેવરાયની હકૂમત નીચે હતો, અને સાલુવ તિમ્બ નાયક તેનો સૂબો હતો. દુર્જેય એવા એ કિલ્લા પર એક બાજુ પોર્ટુગીઝોની તો બીજી બાજુ બિજાપુરના સુલતાનની ગીધનજર ખંડાયેલી જ રહેલી. બંનેની ફોજના પ્રયત્નો ચાલુ છતાં સાલુવ તિમ્બનાં સૈન્યે બંનેનાં આક્રમણો પાછાં હઠાવ્યે રાખેલાં.

કર્ણાટકના ક્ષત્રિય વીરો ભલભલાના છક્કા છોડાવી દે તેવા હતા, પરંતુ કુંચનૂરનો રાયગોડ એમાં અપવાદ હતો. માબાપના અંકના એક સંતાન તરીકે ઊછરેલા રાયગોડમાં આથી ક્ષાત્રધર્મનો ઉદય જ થવા ન પામેલો. એને શસ્ત્રવિદ્યા કે ઘોડેસવારી શીખવવાનું તો એક બાજુ, પણ ભણવા સુધ્ધાં બેસાડવામાં નહોતો આવ્યો.

આ રાયગોડનાં લગ્ન એકવીસમા વર્ષે નાગનૂરની નાગલબા સાથે કરવામાં આવ્યાં. ત્યારે અઢાર વર્ષની વયની નાગલબાની રગેરગમાં ક્ષાત્રવટ ધબકી રહી હતી. તેના રૂપમાં અંજાઈ ગયેલા રાયગોડની રૂપલાલસાને નાગલબાએ મુદ્દલ પ્રોત્સાહન ન આપ્યું, તેના સ્પર્શ સુધ્ધાંથી તે દૂર રહેવા લાગી. તેની એ મજાલ નહોતી કે નાગલબાની ઇચ્છા વિરુદ્ધ તે એને આંગળી પણ અડાડી શકે.

રાયગોડની મા લકબ્બાએ વહુનું આ વર્તન જાણી તેને સમજાવવા માંડી, પણ નાગલબાએ સ્પષ્ટ જણાવી દીધું કે, 'તમારો દીકરો જ્યાં સુધી વીર યોદ્ધો નહિ બને ત્યાં સુધી મારું પડખું તે સેવી શકશે નહિ. હું એક ક્ષત્રિયાણી છું, સાસુજી ! પોતાનું ક્ષત્રિયપણું ખોઈ બેઠેલા પતિને હું મારી જાત શી રીતે સમર્પિત કરી શકું ?'

સાસુવહુ વચ્ચેનો આ સંવાદ જોડેના કમરામાં બેઠેલા રાયગોડે સાંભળ્યો. લાડકોડે એની આંખ આડે આણેલાં પડળ એ જ ક્ષણે હટી ગયાં. પોતાનું વીરત્વ વિકસાવવાની તેને મહેચ્છા જાગી. તે ઘોડેસવારી અને શસ્ત્રવિદ્યા શીખીને તેમાં પારંગત બનતાં નાગલબા પણ પતિના આ નવા અવતાર પર ધન્યતા અનુભવવા લાગી. બંનેનો સંસાર સુખે ચાલવા લાગ્યો. રાયગોડ એક પુત્રનો પિતા પણ બન્યો.

એ જ અરસામાં એવા સમાચાર આવ્યા કે બિજાપુરનો અસદખાં મોટી ફોજ સાથે બેલગામ કબજે કરવા નીકળી પડ્યો છે. કર્ણાટકની જુવાનીએ આ પડકાર ઝીલી લીધો. રાયગોડ પણ તે માટે તૈયાર થતાં નાગલબાએ તેને પ્રેમભરી વિદાય આપી. અસદખાં બેલગામ આવી પહોંચે તે પહેલાં જ તેને અધવચ્ચે આંતરવામાં આવ્યો. કર્ણાટકી ફોજને ભારે ખુવારી વેઠવી પડી, પણ તેના વીરત્વે અસદખાંના છક્કા છોડાવી દીધા અને તેને ભૂંડા હાલે મેદાન છોડી નાસવું પડ્યું. સારા યે કર્ણાટકમાં આ વિજય ઉજવાયો.

વિજયી વીરોના સ્વાગત માટે પતિની રાહ જોતી પત્નીઓમાંની એક નાગલબા પણ હતી. વિજય બાદ મારતા ઘોડે એક ઘોડેસવાર તેના ઊંબરે આવી પહોંચ્યો અને એક પત્ર તેની સામે ધર્યો. શંકાકુશંકાથી ઘેરાયેલા મને નાગલબાએ પત્ર હાથમાં લીધો. પત્ર કર્ણાટકના સૂબા સાલુવ તિમ્બ નાયકનો લખેલો હતો. નાગલબાએ ધડકતા દિલે પત્ર ખોલી વાંચવા માંડ્યો. પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે વીરગતિ પામેલાઓમાં રાયગોડનું વીરત્વ ખરેખર અવિસ્મરણીય હતું.

નાગલબાએ પોતાના વીર પતિ પાછળ સતી થવાનો નિર્ણય કર્યો. લોકવાયકા પ્રમાણે, તેના સતીત્વના ભાવે ચિતા સ્વયં પ્રજળી ઊઠેલી. પતિનું શબ ખોળામાં લઈ જીવનનો અંત આણનાર નાગલબાનાં અસ્થિફૂલ વીણવા ગયેલા લોકોએ જોયું તો તેના હાથમાંનાં સોનાનાં કંકણ જેમનાં તેમ ભસ્મમાં પડેલાં હતાં. લોકોએ શ્રદ્ધાપૂર્વક તે ઊંચકી લીધાં અને ચાંદીનો હાથ ઘડાવી તેને આ કંકણ પહેરાવી તે પર દહેરી ચણાવી જેની આજ સુધી પૂજા-માનતા ચાલી આવે છે. ⌐

અનુ.| અર્થ, શબ્દકોશ... |પૃ. ૧૪થી

ખાનામાંથી લાવેલી છબી આંખે લગાવી, શબ્દકોશનાં પાનાંઓ પાસે રાખી બંનેની પૂજા કરી - કંકુ, ચોખા, પુષ્પ... આંખો બંધ કરી... સુધા પડખું ફરી ગઈ.

ત્યાર પછીના કોઈ એક દિવસે ઘરમાં એક ચિઠ્ઠી મૂકીને સુધા ચાલી ગયેલી. તેણે લખેલું :

પ્રિય સુધીર,

મને છેલ્લા આઠેક મહિનાથી તમે આગ્રહપૂર્વક તમારા સિંહાસન પર બેસાડી રહ્યા હતા. હું બેઠેલી. અલબત્ત, તમે જ એ સિંહાસનના માલિક છો, તમારી રાજીખુશીથી, તમારી પૂર્વસંમતિથી તમે મને બેસાડેલી. તેમાં અંકુરાવા માટે મેં મારી રીતે મૂળિયાં પણ નાખેલાં. પણ તાજેતરમાં જ પ્રતીતિ થઈ કે હું કોઈની મુકરર થઈ ગયેલી ભૂમિ પર અંકુરાવાની કોશિશ કરું છું. ગુલાબ માટે ફળદ્રૂપ કરેલી જમીનમાં મને લાગે છે કે નાળિયેરી નહિ થઈ શકે.

માફ કરશો.

-અયુક્તા : અભાગી

સુધા

તૈયાર થઈ રહેલા શબ્દકોશનાં પાનાંઓ ફેરવતાં ફેરવતાં સુધીરને થતું હતું કે આ શબ્દકોશમાં સમાવિષ્ટ ન થઈ શકે એવા કેટલાક જીવન-ટુકડાઓ છે એનું શું ? જેનું હજુ કોઈ નામ નથી પડ્યું એવાં અર્થવલયોને ક્યા શબ્દકોશમાં સમાવી શકાશે ? □

ધારાવાહી બંગાળી નવલકથા

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

ડૉક્ટર ! હું ભાગ્યમાં સારી પેઠે માનું છું. મારું જીવન જ ભાગ્યની રમત છે. હું ગરીબ હતો, તે પણ ભાગ્યની જ રમત હતી. તેવી રીતે હું કંપનીનો માલિક બન્યો તે પણ એની રમત. પણ માણસ વિધાતાને તો જોઈ શકતો નથી તેથી આપણે આપણા માઠા દિવસોમાં દલીલો કરીને સમસ્યાનું સમાધાન ઢૂંઢીએ છીએ. તેથી જ ક્યારેક નિશાળ માથે દોષનો ટોપલો ઓઢાડિયે છીએ. ક્યારેક ચોકીદારનો વાંક કાઢીએ, અથવા ક્યારેક ત્રીજી જ કોઈ વ્યક્તિને ગુન્હેગાર માનીએ છીએ. પણ ત્યારે શી ખબર કે મારે માટે વિધાતાની મુઠ્ઠીમાં કેવી કરુણ દશા સંતાડી રાખી છે.

તેથી એ વાત હું તમને કહું છું. હવે મયરાડાંગાની વાત કરું. 'એ જ જૂનું મયરાડાંગા. રસ્તામાં ધૂળ અને કાદવ હતાં. મારી ગાડીનાં પૈડાં કાદવમાં ખૂંપી જવા લાગ્યાં. ગાડી આગળ જઈ શકે એમ નહોતું. હું રીટાને લઈને ગાડીમાંથી ઊતર્યો.

પહેલાં તો રીટાએ ઊતરવાની ના જ પાડી. એક દિવસ આ મયરાડાંગામાં જ એનું અપમાન થયું હતું. એ દિવસે એ અહીંથી જ રડતી રડતી અપમાન પચાવીને કલકત્તા પાછી ફરી હતી. એ મયરાડાંગામાં એ કયે મોઢે પાછી ફરે ?

તો પણ મેં ઘણું સમજાવી, ત્યારે એ ગાડીમાંથી નીચે ઊતરી.

મેં એને સમજાવી કે બાબલાની માસી તો પેલી બાઈ જેવી નથી. એ તો જાતે આવીને એના ભાણેજને સોંપી ગઈ છે. તેથી એને મળવામાં સંકોચ રાખવાનું કારણ નથી. તું જોજે. એ તારી જોડે સારી રીતે વર્તશે. એવું પણ હોઈ શકે કે બાબલાને માસી બહુ યાદ આવતી હોય તેથી એ ત્યાંથી અહીં ચાલ્યો આવ્યો હોય.'

રીટાએ કહ્યું, 'એણે જો આપણને કહ્યું હોત કે એને માસીને મળવા જવું છે, તો શું આપણે એને આવવા ન દેત ?'

મેં કહ્યું, 'તું એને આ જ વાત કરજે.'

રીટાને લઈને હું એ કાદવકીચડ ભરેલો રસ્તો ખૂંદવા લાગ્યો. પહેલાં જ્યારે હું આવ્યો હતો ત્યારે પણ ગાડીમાંથી ઊતરી ચાલતાં ચાલતાં ત્યાં ગયાં હતાં. થોડે દૂર ગયાં. ત્યારે મયરાડાંગાના બે એક જણ મળ્યા. એક જણને પૂછ્યું કે તમે અહીનાં કોઈ ભૈરવ અડ્ડીને ઓળખો છો ?

એણે જવાબ આપ્યો, 'ભૈરવ અડ્ડી તો મરી ગયો છે.'

હું તો જાણે જમીન જોડે જકડાઈ ગયો હોઉં એમ ઊભો રહ્યો. થોથવાતા અવાજે મેં પૂછ્યું, 'મરી ગયો ?'

'જી. હા. છએક મહિના પહેલાં. બિચારાને એના સંસારમાં કોઈ નહોતું. એટલે અમે જ એને સ્મશાને લઈ જઈને અગ્નિદાહ કર્યો. બિચારો બહુ દુ:ખી હતો. બહુ ભલો હતો. પરોપકારી હતો.

મેં કહ્યું, 'તો એની એક માસી હતી, તેને તમે ઓળખો છો ?'

'હા, માસીનો એક ભાણેજ હતો. એનું નામ બાબલો હતું.'

'તેનું ઘર બતાવશો ?'

એને યાદ આવ્યું. એણે કહ્યું. 'એના ભાણેજને તો એણે કલકત્તામાં એના કોઈ પૈસાવાળા સગાને સોંપ્યો છે. એ લોકોએ એને દત્તક લીધો છે. એ બિચારી વિધવા હતી. લોકોનાં ઘરકામ કરીને ગુજારો કરતી હતી. એથી એનું પેટ ભરાતું નહોતું. તે પછી માસીએ અહીંનાં કામ છોડ્યાં ને અહીંથી ચાલી ગઈ. હવે એ કોઈ બાબુને ત્યાં રાંધવાનું અને બીજું ઘરકામ કરે છે. ત્યાં જ રહે છે.'

મેં કહ્યું, 'તો એ અહીં નથી એમને ?'

એણે કહ્યું. 'ના. જી.'

રીટાએ કહ્યું, 'ચાલો હવે અહીં રોકાવાની જરૂર નથી. અમે જઈને ગાડીમાં બેઠાં. ગાડી કલકત્તા તરફ જવા લાગી.

ડૉક્ટર ! તમે એ વખતની મારા મનની દશાને સમજી શકો છો ? તમે કદાચ એમ માનશો કે આ સાધારણ વાતથી હું આટલો અકળાઈ શા માટે ગયો ? પણ એનાથી રીટાના હૃદયને કારમો ધક્કો ન પહોંચે તો બીજા શાનાથી પહોંચે ?

અમે પાછાં કલકત્તા આવી પહોંચ્યાં ઘર જાણે ખાવા ધાતું હતું. આટલો મોટો બંગલો અને ઘરમાં ફક્ત ત્રણ જ જણ. ફક્ત એક જણ નહોતું. તોયે એમ લાગતું કે આખું ઘર ખાલીખમ છે. તે પછીને દિવસે સવારના પહોરમાં નરસિંહમનો ફોન આવ્યો. નરસિંહમે આટલી વહેલી સવારે શા માટે ફોન કર્યો તે સમજાયું નહિ.

મેં પૂછ્યું, 'શી ખબર છે ? વહેલી સવારે કેમ ફોન કર્યો ?'

નરસિંહમે કહ્યું, 'આજે મને રજા જોઈએ છે, સર ? આજે ઑફિસમાં જઈ શકું એમ નથી. અચાનક મારે કામનું રોકાણ થાય એમ છે.'

'શી વાત છે ? એવું શું કામ છે જે તમને જકડી રાખે ?'

'મારી પત્નીએ છોકરાને જન્મ આપ્યો છે. કાલે રાતે નર્સિંગ હોમમાંથી ખબર આવ્યા, એટલે હું અત્યારે ત્યાં જાઉં છું.'

'ત્યાં કેટલું રોકાણ થશે ?'

'તે મને ખબર નથી એટલે જ તમને ફોન કર્યો.'

મેં પૂછ્યું. 'તમારી પત્ની કેમ છે ?'

નરસિંહમે કહ્યું, 'ત્યાંથી કહ્યું કે ઑપરેશન કરવું પડ્યું છે. હજી એ ભાનમાં આવી નથી.'

'તો તમે તરત જ ત્યાં પહોંચો. હું આજે ઑફિસમાં જઈશ.' મે કશું વધારે એને કહ્યું નહિ.

રીસિવર નીચે મૂકતાં પહેલાં ફક્ત કહ્યું, 'તો તમારા ઘરમાં કોણ હશે ? તમે મને એક વાર ફોન કરીને માદીકરો કેમ છે તે જણાવજો.'

નરસિંહમે કહ્યું. 'તરત જ તમને જણાવીશ.'

મેં પાછું પૂછ્યું, 'તમારા ઘરમાં કોઈ નહિ હોય ને ? તમારી ખાવાપીવાની શી વ્યવસ્થા છે ? અગવડ હોય તો મને જણાવજો.' નરસિંહમે કહ્યું. 'ના સર, મને એક રસોઈ કરનાર બાઈ મળી છે. એક મહિનાથી એ રાંધે છે. બહુ સારી બાઈ છે. રાંધે છે, ઘરકામ કરે છે. કામગરી બાઈ છે. તે વિશ્વાસુ છે.'

મેં કહ્યું, 'ઠીક છે. કંઈ અગવડ હોય તો કહેજો. ઑફિસની ચિંતા ન કરતા. પહેલાં તમારું કુટુંબ પછી ઑફિસ. સમજ્યા ?' જીવનમાં પૈસા મેળવવાના તો અનેક ઉપાય છે. પણ પત્ની તરફ જો ધ્યાન ન આપો તો આખું જીવન પસ્તાવું પડે. હું ફોન મૂકું છું.' કહીને મેં ફોન મૂક્યો.

તે પછી ઑફિસે જવા માટે મેં તૈયારી કરી. નરસિંહમને ત્યાં બાળકનો પ્રસવ થયો. ને મેં મારું બાળક ગુમાવ્યું. હું એનો માલિક, મારો કર્મચારી. આપ હોવા છતાં હું એક રીતે જોતાં એની નીચી પાયરીએ ઊતર્યો.

પણ મેં નરસિંહમને આવું કશું કહ્યું નહિ. બીજા આગળ આપણને નીચી પાયરીએ દેખાડતાં મને શરમ લાગી. આ શરમને કારણે જ આપણે નીચા પડીએ છીએ, અને દુઃખ ભોગવીએ છીએ.

આવા આવા વિચાર કરતો હું ઑફિસે પહોંચ્યો. નરસિંહમ નહોતો એટલે ઑફિસનું કામકાજ બહુ ધીમી ગતિએ ચાલતું હતું. મને જોતાં જ બધા સાવધ થઈ ગયા. હું કામમાં ગૂંથાયો, પણ સતત બાબલાના ખોવાયાનો કાંટો હૃદયને કોરતો હતો. રીટા ઘરમાં હતી. એની પણ ચિન્તા કાળજું કંપાવતી હતી. મેં ક્યાંક વાંચ્યું હતું કે મન જ્યારે ચંચળ થઈ જાય છે ત્યારે દાંતથી જીભ કરડાઈ જાય છે. ત્યારે જીભમાંથી લોહી નીકળતું હોય તો યે કશું દર્દ થતું નથી. શરીરમાં જેટલું કષ્ટ થાય તેટલું મન શાન્ત થાય. એ કઈ ચોપડીમાં વાંચ્યું હતું તે યાદ નથી. પણ વારેવારે એ પ્રયોગ કરવા લાગ્યો. થોડી વારમાં મન શાન્ત થયું. ઘણી વાર પછી મન શાન્ત થઈ ગયું. ઘણા સમય પછી જરા રાહત વળી. ઑફિસથી ઘેર જતી વખતે. પાર્ક સ્ટ્રીટ થાણામાંથી ફોન આવ્યો. ફોનમાંથી અવાજ આવ્યો. 'હું પાર્ક સ્ટ્રીટનો ઓ.સી. બોલું છું, સર ! તમારે ઘેર ટેલિફોન કર્યો હતો. ત્યાંથી ખબર પડી કે તમે ઑફિસમાં છો. એટલે મેં ઑફિસે ફોન કર્યો. તમે તરત જ થાણામાં આવી જાઓ. તમારો છોકરો મળી ગયો છે.'

હું લાગલો જ થાણામાં પહોંચી ગયો. મને જોતાં જ ઓ.સી. ઊભો થઈ ગયો ને એણે કહ્યું, 'આવો સર ! આવો. તમારા છોકરાને પાસેની ઓરડીમાં રાખ્યો છે.'

પાસેની ઓરડીમાં જઈને જોઉં છું તો મેં ધાર્યું હતું તેવું જ દૃશ્ય જોયું. બાબલો સ્કૂલના યુનિફોર્મમાં હતો. એનું મોઢું સુકાઈ ગયું હતું. આંખો ઊંડી ઊતરી ગઈ હતી. મેં એને કહ્યું, 'બાબલા ! તું ક્યાં આવી ગયો હતો ?'

બાબલો માથું નીચું કરીને બેઠો હતો. માથું ઊંચી કરીને મારી તરફ જોવાનું સાહસ એ કરી શક્યો નહિ.

ઓ.સી.એ મને પૂછ્યું, 'સર ! આ જ તમારો દીકરોને ?'

મેં કહ્યું, 'હા. આ જ છે મારો છોકરો. એનું નામ દેવવ્રત છે. લાડનું નામ બાબલો છે. હવે હું એને ઘેર લઈ જાઉં તો કંઈ વાંધો છે ?' ઓ.સી.એ કહ્યું, 'જરૂર લઈ જાઓ. પણ સર ! કેસને દિવસે એને લઈને તમારે કોર્ટમાં હાજર થવું પડશે.'

મે કહ્યું, 'તો હું અહીંથી ઘેર ટેલિફોન કરું ? હું મારી પત્નીને ખબર આપું.'

'હા જી, ટેલિફોન પાસેના ખંડમાં છે.'

'મેં તરત જ ઘેર રીટાને ટેલિફોન કરીને ખબર આપી કે બાબલો જડી ગયો છે તારે આવવું હોય તો તરત જ પાર્ક સ્ટ્રીટ થાણામાં આવ.'

રીટા લાગલી જ પહેરેલ કપડે થાણામાં આવી પહોંચી. આવીને તરત જ એણે પૂછ્યું, 'ક્યાં છે બાબલો ! ક્યાં છે ?'

ઓ.સી. એને અંદરની ઓરડીમાં લઈ ગયો, ને બાબલાને દેખાડ્યો.

'આ જુઓ, તમારો જ છોકરો છે ને ?'

રીટા દોડતી ગઈ અને બાબલાને ભેટી પડી. એણે કહ્યું. 'બાબલા ! તું અમને કહ્યા વગર ક્યાં ચાલી ગયો હતો ? અમે કેટલી શોધાશોધ કરી.'

તો પણ બાબલાએ મોઢું ઊંચું કર્યું નહિ. એણે રીટાની તરફ એક વાર પણ નજર ન કરી.

રીટાએ પૂછ્યું, 'કહે, તું ક્યાં ગયો હતો ? તું અમને તદન ભૂલી ગયો કે શું ?

મદને તને કેટલો શોધ્યો પણ તું ક્યાંય મળ્યો નહિ, એટલે આખરે ખાલી ગાડી લઈને એ ઘેર આવ્યો. તને એક વાર પણ અમારો વિચાર ન આવ્યો ? અમે તારું શું બગાડ્યું છે?'

મે. ઓ.સી.ને પૂછ્યું. 'છેવટે એ મળ્યો ક્યાંથી ?

ઓ.સી.એ. કહ્યું, 'નેબુબાગાનની ઝૂંપડપટ્ટીમાંથી' 'નેબુબાગાનની ઝૂપડપટ્ટીમાં ! એ તો અમારા ઘરની પાછળ જ છે.'

ઓ.સી.એ. કહ્યું, 'હા.સર ! ત્યાં જ એ મળી ગયો. હું તો વધારે અવાક્ થઈ ગયો. જો કોઈ ભાગી જાય તો એ સ્વાભાવિક છે. કે એ ઘણે આઘે ચાલી જાય કે જેથી કોઈ ખોળી ન શકે. પણ

અમારા ઘરની પાછળ જ સંતાવાનો અર્થ શો ?'

ઓ.સી.એ કહ્યું, 'એક બદમાશ છોકરાએ એને ફસાવ્યો હોય એમ લાગે છે. એ જ એને ભોળવીને ત્યાં લઈ ગયો.'

મેં પૂછ્યું, 'એમ કરવાનો ઉદ્દેશ શો ?'

ઓ.સી.એ કહ્યું, 'તમે પાસેની ઓરડીમાં આવો. એને પણ અહીં પૂર્યો છે. એને ડરાવ્યો, ધમકાવ્યો, પણ મોઢામાંથી એક હરફ એણે કાઢ્યો નહિ.'

પાસેની ઓરડીમાં જઈને એ છોકરાને જોયો. એને જોતાં જ સમજી શકાય કે એ પાકો ખિસ્સાકાતરુ ને ગુંડો છે. એમ લાગતું હતું કે એ છોકરાને પોલીસે સારી પેઠે પીટ્યો છે. એના શરીર પર જખમના ડાઘ હતા.

ઓ.સી.એ કહ્યું, 'આ છોકરાની સાથે તમારો છોકરો ઝૂંપડીઓની સામે પાણીના નળ આગળ રમતો હતો. અમારા કૉન્સ્ટેબલે એને જોયો, કે તરત જ પકડીને એને લઈ આવ્યો. મને શંકા છે કે આ છોકરો જ તમારા છોકરાને કશી લાલચ આપીને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં લઈ ગયો.'

મેં એને કહ્યું, 'તું એને કેમ ઉપાડી ગયો ?'

એ છોકરાએ બીકથી મોં ઊંચું કર્યું. મેં પાછો એનો એ જ સવાલ પૂછ્યો, 'શા માટે એને ભગાડી ગયો ?' છોકરાએ કહ્યું, 'હું એને ઉપાડી ગયો નથી, હજૂર, એ પોતાની મરજીથી મારી સાથે આવ્યો હતો.'

ઓ.સી.એ પૂછ્યું, 'ત્યાં તારા સગાં રહે છે ?' છોકરાએ કહ્યું, 'મારાં કોઈ સગાં નથી, હજૂર ! હું એની નિશાળના દરવાજા આગળ ઊભો હતો. તે વખતે એણે મને પૂછ્યું કે હું માણિકને ઓળખું છું ?'

મેં પૂછ્યું, 'માણિક ! એણે તને માણિક વિષે પૂછ્યું ?'

છોકરાએ કહ્યું, 'હા હજૂર ! મેં એને કહ્યું, 'હું માણિકને ઓળખું છું. હું તને માણિકની પાસે તારે જવું હોય તો લઈ જઈશ. અને પછી એ મારી સાથે નેબુબાગાન વસ્તીમાં આવ્યો.'

એણે આ વાત પોલીસે એની ઊલટપાલટ તપાસ કરી ત્યારે પણ કહી હતી. પણ પોલીસને એ સાચું કહે છે એમ લાગ્યું નહોતું.

મેં પૂછ્યું, 'તું જ્યાં રહે છે. ત્યાં માણિક રહે છે ?'

છોકરાએ કહ્યું, 'હા, હજૂર !'

'એ શું કામ કરે છે ? નોકરી ?'

છોકરાએ કહ્યું, 'એ કશું કામ કરતો નથી.'

મેં પૂછ્યું, 'કામકાજ નથી કરતો તો એનું પેટ શી રીતે ભરે છે ?'

'ભીખ માગે છે. કામ ક્યાં મળે છે ? અમને કોઈને કશું કામ મળતું નથી.'

મેં પૂછ્યું, 'તો તું માણિકની પાસે બાબલાને લઈ ગયો ?'

છોકરાએ કહ્યું, 'હા, હજૂર !'

તે પછી ?'

છોકરાએ કહ્યું, 'પણ એ માણિક નહિ સાહેબ ! અમારો માણિક જુદો જ માણિક છે. બાબલાના દેશનો માણિક નહિ. કે જેને એ ઢૂંઢતો હતો.' ઓ.સી.એ આ બધું પહેલાં પણ સાંભળ્યું હતું. એણે કહ્યું, તમે બાબલાને ઘેર લઈ જાઓ, સર. આખરે અમે તમારા છોકરાને શોધી શક્યા એ ઘણું છે. આ છોકરાને અમે કાલે જ કોર્ટમાં રજૂ કરીશું.' (ક્રમશઃ)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

બરલા વિશ્વકલા મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ જુન્નરકર સાહેબ કલાભવન વડોદરામાં સને ૧૯૫૨માં ઉછીની સેવા આપવા ગયા અને વિદ્યાનગરમાં બી.વી.એમ.માં શ્રી રામદાસ ગુલાંટી સાહેબ ઈનચાર્જ પ્રિન્સિપાલ બન્યા. અમારી હૉસ્ટેલમાં મારી રૂમમાં રહેતા સહાધ્યાયી મોહનભાઈ શાહના પિતાને વ્યાપારમાં જબરી ખોટ જતાં તેઓ વ્યગ્ર રહેવા લાગ્યા અને છેલ્લા વર્ષમાં તેની કૉલેજમાં પૂરી હાજરી ન હોઈ ગુલાંટી સાહેબે તેનું પરીક્ષા દેવાનું અરજીપત્રક અટકાવ્યું. મોહનભાઈ શાહ આમ હોશીઆર વિદ્યાર્થી. જો તેનું વર્ષ બગડે તો આર્થિક સંકડામણમાં આવી પડેલા પિતાનો આધાર તૂટી પડે. અમે ગુલાંટી સાહેબને વિગતે વાકેફ કર્યા તો તેમણે એક વર્ષમાં મોહનભાઈ કમાઈ આપે તેટલા પગારનો ચેક પોતાના ખાતામાંથી લખી આપ્યો પણ અરજીપત્રક સ્વીકારવા ના પાડી. એક વર્ષ નપાસ થાય તો મોહનભાઈ શાહની કેરિયર બગડી જાય. કદાચ ભણવાનું છોડી દેવું પડે તેવી સ્થિતિ હતી. અમે આ વિગત લઈ વડોદરા પ્રિ. જુન્નરકર 'કાકા' પાસે ગયા. જેમણે સાંભળ્યું. પણ ગુલાંટીસાહેબને વિનંતી કરે તો તેઓ કદાચ માન્ય ન રાખે એટલે કાકા બે દિવસ માટે વિદ્યાનગર આવ્યા. પ્રિન્સિપાલ તરીકે ચાર્જમાં તેમણે પોતાના અધિકારમાં મોહનભાઈનું અરજીપત્રક સ્વીકાર્યું, અને ગુલાંટી સાહેબને બોલાવી માફી માગી. ગુલાંટીસાહેબે જણાવ્યું : 'આપ અહીં આવ્યા એટલે હવે આપ પ્રિન્સિપાલ છો, આપે મારી માફી માગવાની ન હોય ! આપના ખાસ અધિકારમાં આપે મોહન શાહનું ફોર્મ સ્વીકાર્યું તે આપનો મુખત્યાર છે. તે માટે કોઈ ફરિયાદ કરું તો તે અશિસ્ત ગણાય. આ બાબતને હું પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવું તે મારે માટે શોભાસ્પદ નથી. આપ આવતી કાલે નિશ્ચિંત મનથી વડોદરા જજો, હું હવે મોહન શાહને પરીક્ષા આપતાં અટકાવીશ નહિ. સ્વમાન અને અભિમાન વચ્ચેનો ફરક હું સમજું છું.

એક ચોરનો ઇન્ટર્વ્યૂ

—— રિદ્ધિ દેસાઈ ——

નમસ્તે ચોરજી !

ચોરજી ? હવે ફરી વાર બોલ્યા છો તો અજવાળી રાતે લૂંટાઓ એવા શરાપ આપીશ !

કેમ ભાઈ ?

નેતાઓ અને સ્વામીઓનું મેલું પૂછડું 'જી' અમને ના લગાડશો માઈબાપ ! અમારો ઈમાન ઘવાય છે !

તમારામાં ઈમાન જેવું ખરું કે ?

ત્યારે શું ચોરબજારમાં વેચીને આવ્યા હોઈશું ?

ઓ.કે.... સૉરી ! હવે મને એ કહો કે લોકો તમને ચોર, લૂંટારું અને ચાર સો વીસ કહે છે તો તમને માઠું નથી લાગતું ?

નેતાઓને, મોટા મોટા સરકારી અધિકારીઓને અને મહાત્માઓને નથી લાગતું તો પછી મારા જેવા મામૂલી માણસને કેવી રીતે લાગે ભાઈશા'બ !

શું એ સત્ય છે કે ચોર પણ એક ઘર છોડી ચોરી કરતા હોય છે ?

અમે તો પૂરો મહોલ્લો છોડી દઈએ છીએ ! બાઇ ધ વે, જેણે એ કહેવત લખી છે એને વાણિયાની તિજોરીમાં પડેલા પરચૂરણ જેટલા સલામ છે. ભગવાન કરે એને ઘેર સાગનાં બારણાં ઘડાય ! ગૉડ બ્લેસ હિમ !

અરે વાહ ! તમે તો અંગ્રેજી પણ બોલો છો. કંઈ ભણેલા-ગણેલા છો ?

ત્યારે તમે મને સાવ ચિંદીચોર સમજો છો ? હું બી.એ. ફેઈલ છું... બી.એ. ફેઈલ !

તો પછી આ વ્યવસાયમાં કેવી રીતે ?

આ બાકી તમે ભોંયરામાં ટૉર્ચ મારી હોં ! તો સાંભળો ! કૉલેજકાળે હું સાવ ભોળા પોઠિયા જેવો હતો. પ્રિન્સિપાલથી લઈને પ્યૂન સુધી બધા જ મને દબડાવતા. એક વાર કૉલેજની પરીક્ષામાં દયાળુ નિરીક્ષકસાહેબની છત્રછાયામાં અમારો આખો વર્ગ નિરાંતે ચોરી કરતો હતો 'એક હું જ 'ચોરી કરીએ તો નરકમાં પડાય !' જેવી શ્રદ્ધામાં માનતો. અમારા વર્ગમાં અચાનક બહારથી સુપરવાઈઝરો આવ્યા. સહુ કોઈએ સત્વરે કાપલી નાખી દીધી. મારી પાછળ બેઠેલાએ ગભરાટમાં કાપલી મારા પગ કને નાખી દીધી...

અરરર... પછી ?

પછી મને એક હિંમતવાન ચોર ગણીને ઉઠાડી મૂકવામાં આવ્યો; પરંતુ ત્યાર બાદ ચમત્કારિક રીતે કૉલેજમાં મારું માન-પાન વધી ગયું. કૉલેજના કુમળા સાહેબો ફફડતા હૈયે ઈંટરનલમાં મને વધારે ગુણાંક આપવા માંડ્યા. જે ખૂંખાર વિદ્યાર્થીઓ મારી પર લુખ્ખી દાદાગીરી મારી ખાતા હતા તે ય મને ઝૂકીને સલામ ભરવા માંડ્યા. જે પ્રિન્સિપાલસાહેબ મને હંમેશાં કરડાકીભરી નજરે જોતા હતા તે જ મારી આગળથી સાપોલિયાની જેમ સરકી જતા. કૉલેજની બહાર આવેલો પાનના ગલ્લાવાળો જે મને એક ફાકી વરિયાળી માટે ટટળાવતો હતો તે જ મને આગ્રહ કરી કરીને કલકત્તી અને બનારસી ખવડાવવા માંડ્યો. ચૌર્યકળાના આવા અદ્ભુત ચમત્કારે મને ખુલ્લા બારણાવાળા ઘરની પેઠે એકદમ આંજી નાખ્યો. બસ ! ત્યારથી મેં સામાન્ય, વિનયન કે વિજ્ઞાન-શાખામાં આગળ વધવાને બદલે તસ્કર શાખા પર પસંદગીનો કળશ ઢોળી દીધો.

ચોરી કરવા માટે તમે કોઈ ટ્રેનિંગ-બેનિંગ લીધેલી ખરી?

ના રે ભાઈલા ! ભૂખ બધું જ શીખવી દે છે ! તમને જો બે દિવસ ભૂખ્યાં રાખું તો તમેય હાથમાં આ કલમની જગ્યાએ હથોડી, છીણી ને ચપ્પાં રાખતા થઈ જાઓ ! પણ એમ તો આપણી એંશી ટકા પ્રજા બિચારી ભૂખે મરે છે...

પરંતુ બધા કંઈ થોડા કળાકાર હોય છે, મારા ભાઈ !

એટલે ? તમે ચોરીને કળા માનો છો ખરું ને ?

ટૉર્ચના પ્રકાશ જેવી ચોખ્ખી વાત છે ! જઈને જરી વડાપરધાનને કહો કે આખો દેશ ચલાવો છો પણ ઘોર અંધારામાં નજર ચલાવી શકો છો ખરા ? દાક્તરોને પૂછી આવો કે જીવતેજીવતા દર્દીને બાપડાને દુનિયામાંથી ઉઠાવી લો છો પણ દુકાનદારની હાજરીમાં બિસ્કુટનું એક પડિકુંય ઉઠાવી શકો છો ખરા ? આપણા સી.બી.આઈ.વાળાને જરી પૂછો કે મોટા મોટા ધુરંધરોની પોલ ખોલો છો પણ ચાવી વગર એકેય તાળું ખોલી શકો છો ખરા ? મોટાં મોટાં કૌભાંડમાંથી સિફતપૂર્વક નીકળી જતા નેતાઓ અને અધિકારીઓને જઈને પૂછો કે શેરીના દસ-બાર ખૂંખાર કૂતરાઓ વચ્ચેથી નીકળી શકો છો ખરા ? જાદુવિદ્યાથી મોટા મોટા પટારા ખોલતા જાદુગરોને જઈને પૂછો કે 'આબ્રા કા ડાબ્રા' અથવા તો 'ખુલ જા સીમ સીમ' બોલીને અંદરથી બંધ હોય એવું એકેય બારણું ખોલી શકો છો ખરા ? કોઈ પી.ટી. ઉષાને જઈને જરી પૂછે કે ભરેલા તમંચા સાથે સશ્વાન પોલીસ પાછળ પડી હોય ત્યારે દોડી શકાય છે ખરું ! ભાઈ ! આ કોઈ બચ્ચાના ખેલ નથી. એક મહાન કઠિન કળા છે.

તમારી દલીલ તો બાકી વિચાર માગી લે તેવી છે, હોં ! બાઈ ધ વે, તમે પરિણીત છો ?

હા ! હા ! તાળા-કૂંચી જેવો સુખી સંસાર છે અમારો ! બે બાળકોય છે. તિમિર અને નિશા અંગ્રેજી શાળામાં ભણે છે.

તમારી પત્ની તમને આ કામ કરતાં રોકતી નથી ?

ના રે ! એ તો બિચારી પતિવ્રતા છે. ઊલટાની રોજ મારા પાટલૂનના ખિસ્સામાંથી પરચૂરણ અને નોટો તફડાવી તફડાવીને મને ચોરી કરવા નૈતિક બળ પૂરું પાડે છે.

ચોરી કરવી એ ખરાબ કામ છે એવું તમને નથી લાગતું ?

લગીરે નહીં ! ચોરી તો આપણો કનૈયોય ક્યાં નહોતો કરતો ? કાળિયો માખણના લચકે લચકા ચોરતો'તો ! પણ અમને એવા ઠાઠ પરવડે નહીં ! અમે તો બસ દાળ-રોટી માટે ચોરી કરીએ છીએ.

અમે સાંભળ્યું છે કે પોલીસ તમને બહુ કનડે છે...

રામ ! રામ ! રામ ! રામ ! પોલીસ તો બિચારી ભૂખી ગાય. થોડુંક નીરીએ એટલે રાજી !

પણ કોઈ કોઈ શિંગડાં મારે એવીય હોય છે... તમને ડંડાનો ડર નથી લાગતો ?

ના ! ડંડાનો નહીં, ડિમાન્ડનો ખરો !

કહેવાય છે કે સિંહ ભૂખ્યો હોય ત્યારે જ એ શિકાર કરતો હોય છે. તમારેય એવું ખરું ?

ના રે ભાઈ ! જેમ તમે કલા ખાતર કલામાં માનતા હો છો તેમ અમેય ક્યારેક ચોરી ખાતર ચોરીમાં માનતા હોઈએ છીએ.

ચોરી ખાતર ચોરી ?

હોવે ! એક વાર અમે ત્રણ તસ્કરબંધુઓ ખૂબ ગમ્મતના મુડમાં હતા. બજારમાંથી પસાર થતી વેળાએ એક વાણિયા શેઠની પાઘડી ઉડાવવાની શરત મારી બેઠા. અમારામાંના એક ઉસ્તાદે ખૂબ સિફતપૂર્વક શેઠને માથેથી પાઘડી ઉડાવી. અમે જોયું તો પાઘડીમાં પાંચ સોની નોટોની ત્રણ ત્રણ થપ્પી હતી. બરાબર એ જ વખતે વાણિયાની દુકાને પોલીસની રેડ પડી, પરંતુ પોલીસને કાળું નાણું હાથ લાગ્યું નહીં. પોલીસના ગયા બાદ અમે ઇમાનદારીપૂર્વક રૂપિયા સહિત પાઘડી વાણિયાશેઠને પરત કરી. અમારી ઇમાનદારી જોઈને શેઠ તો બાપડો ધન્ય ધન્ય થઈ ગયો. લાગણીથી લાલ લાલ થઈ જતાં એણે અમને ત્રણેયને આઠ આઠ આની બક્ષિસ તરીકે વાપરવા આપી. બોલો.. હા..હા..હા..! (હસે છે)

વાહ ! તમે તો રમૂજ પણ કરી જાણો છો ! કંઈ લખતા-બખતા હો તો ! તમને ખબર છે ? વાલિયો લૂંટારો 'રામાયણ' લખીને વાલ્મીકિ તરીકે પૂજાયેલો... તમારોય એવો કોઈ પ્લાન ખરો ?

એવો વિચાર પણ કરું ને તો અલ્સેશિયનવાળા ઘરમાં નસીબ તાણી જાય ! વાલ્મીકિનો જમાનો બીજો હતો ભાઈ ! એ લોકો જંગલમાં કંદમૂળ અને ફળ ખાઈને લહેર કરતા હતા. હું કામધંધો છોડીને લખવા બેસી જઉં તો પછી પરિવારને ખવડાવું શું ? રેતીની રોટલી ને ઢેખાળાનું શાક ?

માઇન્ડ યૉર લૅંગ્વેજ ! તમે અમને લેખક-પત્રકારોને શું સમજો છો ? અરે !... તમે લખો એટલે તમને રીતસરના પૈસા મળે...

રે'વા દો... રે'વા દો હવે ! ડામચિયામાં હાથ ના નખાવશો. એક વાર મારા ભાગમાં શનિ-રાહુનો વિપરીત દારિદ્રયોગ આવ્યો હશે કે હું એક લેખકને ઘેર ખાતર પાડવા પેઠો. ઘરના ખૂણેખાંચરે જ્યાં હાથ ઘાલું ત્યાં નર્યા કાગળ જ કાગળ ! રાવણની જેમ સોનાની લંકા હતી તેમ એ કાગળની લંકા જોઈ લ્યો ! ઘરમાંથી કાંઈ ન જડતાં 'ચાલો, કમ સે કમ ફ્રીઝમાંથી કાંઈક ખાતા જઈએ' એવા વિચારે ફ્રીઝ ખોલ્યું તો એમાંય ટાઢાં પાણીના બાટલા અને કાગળો જ મળ્યા ! તે હેં ભાઈ, લેખકો શું કાગળ ખાતા હશે ?

એમ તો ના કહેવાય ભાઈ. લેખક એટલે ભૂલકણા જીવ. ભૂલમાં કાગળો ફ્રીઝમાં મૂકી દીધા હશે... પછી ?

પછી શું થાય... કાટલું ? તિજોરી તોડી તો એમાં એમની જવાનીના પીળા પડી ગયેલા પ્રેમપત્રો જ મળ્યા. છેવટે જીવદયા ખાતર હું મારા ખિસ્સાનું સમગ્ર પરચૂરણ ત્યાં મૂકી આવ્યો.

ખેર ! જવા દો એ વાત ! ચોરી કરવાથી પાપ લાગે એવું તમને નથી લાગતું ?

સ્હેજેય નહીં ! ઊલટાનું પુણ્ય મળે. તમને ખબર છે કે દ્વારિકા જતાં શ્રીકૃષ્ણ પાસે ગોપીઓએ કયું વરદાન માગ્યું હતું ?

કયું ?

હે પ્રભુ ! અમને દુઃખ આપજો, જેથી અમે તમને ક્યારે ય ન ભૂલીએ. પ્રભુ શ્રીકૃષ્ણનું આ મહાન ભગીરથ કાર્ય અમે કરીએ છીએ. અમે જેને ઘેર ચોરી કરીએ છીએ તે બંદો દુઃખી દુઃખી થઈને ભગવાનને યાદ કરે છે. અમે ન હોઈએ તો લોકો ભગવાનને સાવ ભૂલી જાય ! સરવાળે અમે તો ધરમનું જ કાર્ય કરીએ છીએ.

તમારાં બાળકોનેય તમે આ ધરમના કામમાં જ નાખવાના, ખરું ને ?

ના રે બાપા ! એમને તો અમારી આ ચોરીચકારીથીય આગળ વધવું છે. એમને હજારોમાં નહીં કરોડોમાં રસ છે. મારો તિમિર રાજકારણમાં જવા માગે છે, પણ મેં કહ્યું કે ભાઈ પહેલાં આપણા ધંધાની સરખી ટ્રેનિંગ તો લઈ લે ! નહીંતર રાજકારણમાં જઈને શું માખો મારીશ ?

ખરી વાત છે ભાઈ ! હવે એક છેલ્લો સવાલ... તમે અમારી મારફતે સરકારને કોઈ સંદેશો આપવા માગો છો ?

મારા વાલીડા ! આ તે લાખ રૂપિયાની વાત કરી !

ભગવાન કરે તારું બધું ધન લોકરમાં હજો ! તો સાંભળ વીરા ! આજે બૅન્ક-પેઢી, શેર-સટ્ટો, લૉટરી, ખાનગી કંપનીઓ અને ઉદ્યોગો વગેરે તમામનું સરકારીકરણ થઈ ગયું છે. તો પછી

અમને જ આવા અન્યાય શીદને ? અમારા વ્યવસાયનું જો સરકારીકરણ થશે તો એમાં સૌથી મોટો ફાયદો સરકારને જ થશે ! બીજું આજે રૂપજીવિકાઓને 'સેક્સ-વર્કર' જેવું ફાંકડું નામ આપવામાં આવ્યું છે એ જ રીતે અમનેય 'રૉબ-વર્કર' જેવું 'થેફ્ટ વર્કર' કે 'ચૌર્ય-ચતુર' જેવાં માનવંતાં, ગરિમાપૂર્ણ નામ મળવાં જોઈએ. અમારા અત્યંત કઠિન અને સાહસપૂર્ણ વ્યવસાયને અપરાધ ન માનતા એને એક હસ્તકળા તરીકે માન્યતા મળવી જોઈએ. અન્ય ક્ષેત્રોના કળાકારોને જેમ સરકાર પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ જેવાં પ્રદાન કરે છે એમ અમનેય છદ્મશ્રી, છદ્મભૂષણ તથા છદ્મ-વિભૂષણ જેવા ઇલકાબો મળવા જોઈએ. આંતરરાષ્ટ્રિય કક્ષાએ અમને રૉબેલ પ્રાઇઝ પણ મળવું જોઈએ. અમારા ઉદ્યોગના વિકાસને રૂંધતાં મોટાં મોટાં તાળાંઓનું ઉત્પાદન સત્વરે બંધ થવું જોઈએ. બસ ભાઈ ! હવે અમારે આનાથી વિશેષ કાંઈ કહેવું નથી. છેલ્લે, માઈબાપ સરકારને બે હાથ જોડીને વિનંતી કે રિવૉલ્વર અને ગનના ભાવ આસમાને છે એટલે બૅન્ક લૂંટવા બૅન્ક તરફથી લોન-બોન મળતી હોય તો.... ! ❐

સ્વપ્નરોજનીશી

બહાદુરભાઈ જ. વાંક

આશ્રમમાં ગુરુ બજુવાને ખાસ મળવા ત્રણ મનોચિકિત્સકો આવ્યા. એક મનોચિકત્સકે ગુરુ બજુવાને પૂછ્યું : 'અમે સાંભળ્યું છે કે ભૂતકાળમાં આપ રાત્રિ દરમ્યાન જે કાંઈ સપનાંઓ આવે તેની સવારની ડાયરીમાં નોંધ ટપકાવી લેતાં એ વાત સાચી છે?' 'હા, કેટલાંક વરસો સુધી આ રીતે સ્વપ્નરોજનીશી લખવાની મેં ટેવ પાડેલી.' બજુવાએ કહ્યું.

બીજા મનોચિકિત્સકે પૂછ્યું : અમે આપની પાસેથી એ જાણવા માગીએ છીએ કે સ્વપ્નરોજનીશી મેઇનટેઇન કરવાનું કંઈ કારણ ?

'કારણ ફક્ત એટલું જ કે સપનામાં જ આપણે સાચી રીતે જીવતાં હોઈએ છીએ ! બીજી રીતે કહું તો આપણા દૈનિક જીવન કરતાં આપણાં સપનાંઓ વધુ સાચાં હોય છે.'

'હા, આ વાત તો અમે મનોવિજ્ઞાનમાં પણ ભણી ગયા છીએ. પણ આથી વિશેષ સ્વપ્નરોજનીશી નિમિત્તે આપને કંઈ ઉપલબ્ધિ થઈ હોય તો એ વિશે જ અમે ખાસ જાણવા માગીએ છીએ.' ત્રણે મનોચિકિત્સકોએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

'સ્વપ્નરોજનીશીને કારણે જ દિવસ દરમ્યાન હું જે કંઈ પ્રવૃત્તિ કરતો એટલે કે રોજનું મારું જીવન પણ એક સ્વપ્નથી વિશેષ નહીં, તેની મને તીવ્ર પ્રતીતિ થયેલી અને આ પ્રતીતિને કારણે જ હું રાત્રિના સપનામાંથી મુક્ત થઈ ગયેલ.'

'એ કઈ રીતે ?' પાછું એક મનોચિકિત્સકે પૂછ્યું.

બજુવા હસતાં હસતાં બોલ્યા : 'દિવસનાં સપનાંઓએ રાત્રિનાં સપનાંઓનો છેદ ઉડાડી દીધો ને રાત્રિનાં સપનાંઓએ દિવસનાં સપનાંઓનો... આ રીતે આજે દિવસ મારા માટે ચોવીસ કલાકના જાગરણનો દિવસ બની ગયો છે !'

'તો પછી આપ ઊંઘ ક્યારે કરો છો ?' એક મનોચિકિત્સકે પૂછ્યું.

'ઊંઘ તો સપનાંઓ આવે ત્યારે જ આવે. સપનાંઓ જ આવતાં બંધ થઈ જાય, પછી વળી શેની ઊંઘ ?' ને બજુવા હસી પડ્યા.

'આપની જેમ અમે પણ સ્વપ્રરોજનીશી લખવાનું શરૂ કરીઓ તો કેમ ? આ અંગે આપનો શો અભિપ્રાય છે ?' એક મનોચિકિત્સકે પૂછ્યું.

'હું મનોવૈજ્ઞાનિક નથી, પછી હું તમને મારો શો અભિપ્રાય આપું ?'

'હા, આપ મનોવૈજ્ઞાનિક નથી, પણ મનોઋષિ તો છો જ, એટલે આપનો અભિપ્રાય અમારે માટે મહત્ત્વનો બની રહેશે.' ત્રણે મનોચિકિત્સકોએ આગ્રહ વ્યક્ત કર્યો.

'હું તો કહું છું કે તમે ત્રણે દિવસની રોજનીશી લખી શકો તો પણ એ તમારા માટે ઉત્તમ બની રહેશે.'

'કઈ રીતે ? જરા આપ સમજાવશો' ? મનોચિકિત્સકોએ કંઈક વિશેષ જાણવા ઉત્સુકતા દર્શાવી.

'એથી તમારું આત્મનિરીક્ષણ થશે. ને તમારા દૈનિક જીવનને તમે વધુ સમૃદ્ધ બનાવી, બીજાની સારી રીતે સેવા કરી શકશો.' બજુવાએ અભિપ્રાય વ્યક્ત કર્યો.

'હા, આપની વાત સાચી છે. પણ સ્વપ્નરોજનીશી અમે લખીએ તો એ વિશે આપ શું કહેવા માગો છો ?'

'ના, એ તમારું કામ નથી. એ તો એ જ લખી શકે જે દિવસ અને રાત્રિને અતિક્રમીને દિવસ-રાત્રિની પેલે પાર જીવવા માગતો હોય...' 'આમ છતાંય થોડા દિવસો સ્વપ્નરોજનીશી લખીને અમારા જીવનમાં શું ફેરફાર થાય છે તે અમે જોવા માગીએ છીએ...' ત્રણે મનોચિકિત્સકોએ પોતાની લાગણી દર્શાવી. ને બજુવા મર્મમાં બોલ્યા : 'જેવી તમારી ઇચ્છા. પણ એક વાત ભૂલશો નહીં, એથી કરીને તો તમે તમારા દિવસને પણ 'રાત્રિ' જ બનાવ્યા વગર નહીં રહી શકો !'

દેલોલનાં ગુપ્તકાલીન શિલ્પો

મુનીન્દ્ર વેણીશંકર જોશી

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના દેલોલ ગામ પાસેથી વહેતી ગોમાનદીના પટમાંથી રેતી કાઢવાની કામગીરી સાથે પ્રાપ્ત થયેલ અનુ. ગુપ્તકાલીન શિલ્પો અત્રે પ્રસ્તુત છે.

(૧) ભગવાન શિવ : (જુઓ ચિત્ર-૧)

રેતિયા પથ્થરમાંથી કંકારેલ પ્રતિમાની પીઠિકા સહિત જમણી તરફનો પરિકરનો કેટલોક ભાગ ખંડિત છે. પ્રતિમા રેતિયા પથ્થરની હોવા સાથે નદીના પટમાં રેતી નીચે ધરબાયેલી રહેવાને કારણે પાણી તથા રેતીના ઘસારાની અસર થયેલ હોવા છતાં તેની મનોરમ્ય અભિવ્યક્તિને કારણે નોંધપાત્ર છે. સાદી પીઠિકા ઉપર દેવ સ્વામીત્વ સહિત પૌરુષત્વથી છલકતી દેહાકૃતિ સાથે ત્રિભંગમાં સ્થિત છે. મસ્તક પાછળ પરિકરથી સ્વતંત્ર પ્રભામંડળના છે. ખભા પર ફેલાતી જટાલટો સહિતનો જટાબંધ આકર્ષક છે. મુખાકૃતિ તથા કર્ણાભરણ ઘસાયેલ હોઈ સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ નથી. પહોળા ખભા નીચે પાતળી કટિ છે. ચતુર્ભુજ દેવે જમણા નીચેના હાથમાં ધારણ કરેલ વસ્તુ અસ્પષ્ટ છે, જે કટિ પર છે. જમણા ઉપરના હાથના આયુધનો દંડભાગ જોવા મળે છે, જે ત્રિશૂળ હોવાનું જણાય છે. ડાબા ઉપલા હાથમાં સર્પ ધારણ કરેલ છે, જેનો પૂંછડીનો ભાગ સ્પષ્ટ છે. જ્યારે વામ અધો હસ્ત નીચે ઊભેલ ગણના ખભા પર ટેકવેલ છે. ઘૂંટણ સુધીનું ટૂંકું વસ્ત્ર સંભવતઃ વ્યાઘ્રર્મનું સૂચક છે. ડાબા ખભાથી અધો વસ્ત્ર પર થઈ જમણી તરફ જતી વનમાલા છે.


ભગવાન શિવ (ચિત્ર ૧)


ઐન્દ્રી (ચિત્ર ૨)

કંઠાભરણની વિગતો સ્પષ્ટ નથી. જ્યારે હસ્તવલય કડા જેવા છે. વામઅધોહસ્ત ટેકવેલ ગણ ઊર્ધ્વમુખી છે. બેઠીદડીનું ભારે શરીર તેના ગણ તરીકેના લક્ષણો સ્ફુટ કરે છે. સાથે તેની ગુંચળાવાળી કેશ રચના પણ નોંધપાત્ર છે. પ્રતિમાનું માપ ૭૭x૧૮x૧૨ સે.મી. છે.

(૨) માતૃકા ઐન્દ્રી : (જુઓ ચિત્ર-૨)

રેતિયા પથ્થરમાંથી કંડારેલ પ્રતિમામાં દેવી ઉભડક બેઠેલ છે. વામ ઉત્સંગમાં બેઠેલ બાળકથી નીચેનો ભાગ હયાત નથી જ્યારે દક્ષિણપાદનો પંજાથી નીચેનો ભાગ ખંડિત છે. બાળકની ઉત્સંગમાં બેસવાની સ્થિતિ દેવી અર્ધપર્યંકાસનસ્થ હોવાનું સૂચવે છે. દેવીના મસ્તક પાછળ પ્રભામંડળ છે. મસ્તક પર ભારે ધમ્મિલ મુકુટ જણાય છે જેને મધ્યભાગે આડા અલંકૃત કેશબંધથી કંડારેલ છે. મધ્યભાગે લંબવૃત્ત પદક છે. ગોળાકાર મુખાકૃતિ ઘસાયેલ હોઈ આંખ, નાક, ઓષ્ઠની વિગતો સ્પષ્ટ નથી. ગળાના આભૂષણની વિગતો પણ સ્પષ્ટ નથી. દ્વિભૂજ દેવીના દક્ષિણ કરમાં વજ જણાય છે, જ્યારે વામહસ્ત બાળકના મસ્તક પર છે. દેવીનું મુખ બાળક પ-અમીદૃષ્ટિ કરતાં હોય તે રીતે સાધારણ વળાંક સહિત દર્શાવેલ છે. ઉન્નત વૃક્ષ : સ્થળ માતૃત્વની અભિવ્યક્તિને સાકાર કરે છે. સિંહ કટિ નીચે ભારે નિતંબ શિલ્પના સમયાંકન માટે સબળ પરિમાણ છે. શિલ્પનું માપ ૫૧x૭૭x૭


ભગવાન શિવ (ચિત્ર ૩)


વિષ્ણુ ભગવાન (ચિત્ર ૪)

સે.મી. છે.

(૩) ભગવાન શિવ : (જુઓ ચિત્ર-૩)

રેતિયા પથ્થરમાંથી કંડારેલ પ્રતિમામાં સાદી પીઠિકા પર ત્રિભંગસ્થિત દેવના મસ્તક પાછળ વૃત્તાકાર પ્રભામંડળ છે. પૃષ્ઠભાગે દક્ષિણાભિમુખ નંદીને અઢેલીને ભગવાન શિવ ઊભેલા છે. ભારે જટામુકુટના વાંકડિયા કેશ ખભા પર ફેલાયેલ છે. મુખાકૃતિ ઘસાયેલ છે. કાનમાં કુંડળ છે. પહોળા ખભા છે. ચતુર્ભુજ દેવે દક્ષિણ અધોહસ્તમાં પદ્મ ધારણ કરેલ છે. જે છાતી તરફ રાખેલ છે. ઊર્ધ્વ હસ્તમાં ત્રિશૂળ છે. વામોર્ધ્વ હસ્તમાં ધારણ કરેલ આયુધ સ્પષ્ટ નથી. વામ અધો હસ્ત કટયઅવલંબિત મુદ્રામાં છે. ચુસ્ત ધોતી વસ્ત્ર પગના પંજાથી સહેજ ઊંચે દર્શાવેલ છે. જેની મધ્ય પાટી પણ સ્પષ્ટ છે. નંદીનો મુખભાગ ખંડિત છે. પ્રતિમાનું માપ ૪૩x૧૬x૮ સે.મી. છે.

(૪) વિષ્ણુભગવાન (જુઓ ચિત્ર-૪)


પારેવા પથ્થરમાંથી કંડારેલ પ્રતિમામાં દેવ અર્ધપર્યંકાસનસ્થ છે. નીચે ગરુડ પુરુષ હશે, જે ખંડિત છે. પરિકરનો ઉપરનો ભાગ ખંડિત છે. પ્રતિમાનો કિરીટ મુકુટ તથા મુખભાગ ઘસાયેલ છે. કિરીટ મુકુટ ટૂંકો છે એ તથા મુખની કંડારકામની શૈલી પ્રાચીનતાનાં સૂચક છે. ભગવાન વિષ્ણુના મધ્યમુખની ડાબી તરફ ઊર્ધ્વદૃષ્ટિ વરાહમુખ છે જ્યારે જમણી તરફના મુખની વિગત સ્પષ્ટ નથી પરંતુ ભગવાન વિષ્ણુના વૈકુંઠ સ્વરૂપની પ્રતિમામાં જમણી તરફ સિંહ મુખ કંડારવાનું વિધાન છે. ગળાની ત્રિવલ્લી સ્પષ્ટ છે. જ્યારે અલંકારોમાં કટિમેખલા મધ્યમાં લૂપ સાથે કંડારેલ છે. ચતુર્ભુજ દેવના નીચેના બન્ને હાથ ઘૂંટણ પર ટેકવેલ છે જેનાં આયુધ સ્પષ્ટ નથી. જ્યારે જમણા ઉપલા હાથમાં ગદા અને ડાબા ઉપલામાં ચક્ર છે. પ્રતિમા હોલો પ્રકારની છે.

સમયાંકન : ચર્ચિત પ્રતિમાઓનાં પ્રાથમિક નિરીક્ષણથી મસ્તક પાછળનું પ્રભામંડળ, દેહાંકનની શૈલી, કેશકલાપ કે મુકુટની શૈલી વગેરે પરથી તમામ પ્રતિમાઓ પ્રાક્ સોલંકીકાલીન હોવાનું સ્વયંસ્પષ્ટ છે. પ્રથમ ચર્ચિત ભગવાન શિવની પ્રતિમાની જટાભારની શૈલી, મસ્તક પાછળનું લંબવૃત્ત પ્રભામંડળ, હસ્તવલય, સર્પની કંડારકામની શૈલી વગેરે કારણથી નોંધાયેલ શિવ-પાર્વતીની ઊભી પ્રતિમા સાથે સામ્ય ધરાવે છે. વધુમાં દેહાંકનની શૈલી પણ એ જ શૈલીની છે.

જ્યારે માતૃકા ઐન્દ્રીની પ્રભામંડળની શૈલી, દેહાંકનની શૈલી દેલવાડા-માઉન્ટઆબુની કૌમારી, કોટ્યર્કની માતા અને બાળકની પ્રતિમા, જગતની ઐન્દ્રી માતૃકા, કોટેશ્વરની માતૃકા પ્રતિમાઓ સાથે સામ્ય ધરાવે છે.

જ્યારે ભગવાન વિષ્ણુની પ્રતિમાનો લૂપ સહિતની કટિમેખલા, દેહાંકનની શૈલીની, ટૂંકો મુકુટ વગેરે સમયાંકન માટે મહત્ત્વના છે. આમ તમામ પ્રતિમાઓના અભ્યાસ પરથી ચર્ચિત પ્રતિમાઓ પ્રથમ ત્રણ સમયાંકનની દૃષ્ટિએ ઈ.સ.ની ૬ઠ્ઠી ૭મી સદીમાં મૂકી શકાય. જ્યારે વિષ્ણુ પ્રતિમા ઈ.સ. ની ૭-૮મી સદીમાં મૂકી શકાય.

ચેસ-કૉર્નર : કોયડો-૧૪



સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.
(White to play and mate in two moves).

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ke7,Qf3,Rd8 Ba7, P-e2, d2.**

કાળાં : **Ke5, Rb5, Bc8, Nd7, P-d4**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાનનગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (e-mail - **shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ૨૦૦૨ના માર્ચ 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના નવેમ્બર ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં. ૧૨નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **Rh5**	
જો....	**KxB**
(૨) **Ra5#**	
જો....	**RxB**
(૨) **Qb5#**	
જો....	**Rb7**
Qa3#	
જો....**R** ઉપર સિવાય ગમે ત્યાં અથવા **P** – ગમે ત્યાં	
(૨) **Qb6 #**	

આ વખતે સાચો ઉકેલ મોકલેલ છે તેમનાં નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા, (૨) ડૉ. દિલીપ અહલપરા, (૩) ગૌતમભાઈ વખારિયા (અમદાવાદ), (૪) હર્ષદ એમ. દવે (રાજકોટ), (૫) કુણાલ કિરણભાઈ શાહ (આણંદ) -અર્પી શાહ

એક હોકે દડ કો

રાધા અને ગવરી

ચંદ્રકાન્ત શેઠ

રાધા ડોશીની ગવરી ગાય ગામ આખામાં જાણીતી હતી. સુંદર વળાંકવાળાં અણિયાળાં શિંગડાં, સફેદ આરસ જેવો વાન, મોટા આઉ ને રૂપાળી ઝાલર-આ બધાથી ગવરી ગાય સહેજેય સૌનું ધ્યાન ખેંચતી. એમાં વળી એની દૂધ આપવાની શક્તિયે સારી હતી. રાધા ડોશીની તો એ અન્નપૂર્ણા હતી. છેલ્લાં બેત્રણ વરસથી રાધા ડોશીનો એકમાત્ર સહારો આ ગવરી ગાય હતી. રાધા ડોશી ગવરીને ખવડાવીને જ ખાતાં; એને નવડાવીને જ નાહતાં. ડોશી પોતાની લે તે કરતાંય વધારે કાળજી ગવરીની લેતાં.

આ રાધા ડોશીની તબિયત ધીરે ધીરે લથડાતી જતી હતી; ગવરીનીયે દૂધ આપવાની શક્તિ ઘટતી જતી હતી. છેવટે એવો સમય આવ્યો કે ગવરી સાવ વસૂકી ગઈ. રાધા ડોશીને પોતાનું ને ગવરીનું કેમ ગુજરાન ચલાવવું એ જ મોટો સવાલ થઈ ગયો. એકબેએ 'રાધા ડોશીને કહ્યું પણ ખરું, આ તમે તો ભૂખે મરો છો, સાથે ગવરીનેય મારો છો ! આના કરતાં વધારે સારું તો એ છે કે તમે ગવરીને ક્યાંક ગૌશાળામાં કે પાંજરાપોળમાં મૂકી આવો.' એકે તો એમેય કહ્યું કે શહેરની ગુજરીમાં વેચી આવો, ને રાધા ડોશી તો 'શહેરની ગુજરી'ના નામથી જ ભડકી ગયાં; કેમ કે એ જાણતાં હતાં કે ત્યાંથી ઘણી ગાયો વેચાઈને ખાટકીવાડે જતી હતી. તેઓ ગવરીના એ હાલ થાય એ તો સહી જ ન શકે; બીજી બાજુ ગવરીને ભૂખથી રિબાતીયે તેઓ જોઈ શકતાં નહોતાં.

કાળ કપરો હતો. ઘાસની પૂળીયે સહેલાઈથી મળતી નહોતી. પીવાનાં પાણીનીયે રામાયણ હતી. આ પરિસ્થિતિમાં ડોશી માટે હવે વધારે વખત ગવરીનો ભાર ખેંચવો મુશ્કેલ હતો.

એક દિવસે ડોશીએ પોતાના દૂરના એક સગાને બોલાવ્યો ને કહ્યું, 'હવે મારાથી ગવરીનું દુઃખ વેઠ્યું જતું નથી. એ તો સાવ હાડપાંસળીનો માળો થઈ ગઈ છે. તું હવે એને આપણા રામજી મંદિરની ધર્મશાળામાં મૂકી આવ.'

ડોશીએ કપાતે કાળજે ગવરીને વિદાય આપી. વિદાયવેળાએ ગવરી જાણે કોઢમાંથી ખીલા આગળથી ખસવા જ માગતી નહોતી, પણ બીજો ઉપાય નહોતો. ડોશીએ પરાણે તેને કોઢ બહાર કાઢી ને રામજીમંદિરે લઈ જવા એક ભાઈને સોંપી. તે દિવસે રામજી મંદિર જતાં ગાય જે ભાંભરી છે, જે ભાંરી છે...

માંડ બેચાર દિવસ થયા હશે ને એક વહેલી સવારે ફળીમાં રાધા ડોશી ખાટલો નાખીને સૂતેલાં ત્યાં એમની પડખે ગવરીને ઊભેલી જોઈ. ડોશી તો નવાઈ પામ્યાં : 'આટલી વહેલી ગવરી અહીં ક્યાંથી.' જોયું તો ગળામાં દોરડું ને તે જેની સાથે બાંધેલું તે ખીલોયે હતો. ડોશી સમજી ગયાં. ગવરી ખીલો ઉખેડીને મંદિરની ગૌશાળામાંથી ભાગી આવેલી. ડોશી તો ઊઠ્યાં. ધીમે પગલે ઘરમાં થઈ બાલદી ભરીને પાણી લઈ આવ્યાં ને ગવરીની આગળ મૂક્યું, પીવા માટે સ્તો. એ પછી એના ખાણ માટે ખાંખાંખોળાં કરવા લાગ્યાં અહીંતહીંથી થોડાં ચારપાંદડાં ભેગાં કરી એને નીર્યાં. ગવરીએ તો આનંદથી ગળામાંની ઘંટડી રણકાવતાં રણકાવતાં આ નીરણ આરોગવા માંડ્યું. ડોશી ભીની આંખે એ જોતાં જાય અને એના ડિલે પ્રેમથી હાથ પસવારતાં જાય.

આમ થોડો સમય વીત્યો ત્યાં મંદિરની ગૌશાળાનો રખેવાળ હાકોટા પાડતો અને ડાંગ ખખડાવતો ત્યાં ધસી આવ્યો. ગવરીએ તેને જોયો, પણ તેણે જરાય ડોશી આગળથી ભાગવાનું નામ ન લીધું. પેલાએ તો આવીને ડોશીનેય કંઈ પૂછ્યાગાછ્યા વિના જ ગવરીના વાંસા પર બેચાર વાર ડાંગ ફટકારી. ગવરીના શરીરમાં હાડકાં સિવાય કંઈ બચ્યું નહોતું. તેથી ડાંગ હાડકાં સાથે અથડાતાં કંઈક જુદો જ અવાજ કરતી હતી. એ અવાજથી ડોશી તો ચીખી ઊઠ્યાં. એમણે પેલા રખેવાળનો ઊધડો લઈ નાખ્યો ને કહ્યું, 'ચાલતો થા અહીંથી. ગવરી મારી ગાય છે, હવે એ ગૌશાળાએ નહીં આવે.'

રખેવાળ ધૂઆંપૂઆં થતો, બડબડતો ચાલ્યો ગયો. ડોશી ને ગવરી હવે બટકામાંથી બટકું રોટલો વહેંચીને ખાતાં જાતનો ઢસરડો ખેંચતાં હતાં. છેવટે કપરા દહાડાયે વીત્યા. વરસાદ સારો થયો. ગવરીનું શરીર ઉંમરના કારણે દદડેલું તે કંઈ સુધરે ? ડોશીની તબિયત કથળતી હતી પણ એ સાથે ગવરીની તબિયત સુધરતી જતી જોવાનો આનંદ પણ એમને હતો. છેટવે ડોશીને લાગ્યું, હવે પોતાનાથી નહીં જિવાય. ભગવાનનું તેડું હવે નહિ ઠેલાય. ડોશી મનથી તો પરલોક જવા


(અનુસંધાન પૃ. ૫૬)

અતીતમાં અવગાહન

['કુમાર'ની સ્થાપના ઈ.સ ૧૯૨૪માં (પોષ, સંવત ૧૯૮૦માં) થએલી. તેના સ્થાપક-તંત્રી શ્રી રવિશંકર મ. રાવળે પ્રકટ કરેલા પ્રથમ અંકમાંની થોડી વાનગી.]



પૂઠું-૧



સાંકળિયુ

પ્રથમ લેખ 'મિજલસ'માંથી...

"મિત્રો-હવે હું તમને મિત્રો જ કહીશ- તમને ખબર તો છે, ને કે સવારથી સાંજ સુધીનો રોજનો વખત આપણી જીંદગીનો ભાગ છે. રોજનો એટલો વખત કેવી રીતે જાય છે તેનો વિચાર કરશો તો તમને લાગશે કે 'કાલ' અને કાલની વાતો તો ગઈ; હવે તો 'આજ' સામી ઉભી છે. પણ તે 'આજ' કેમ બની તેનો વિચાર તમને થયો છે ?

કાલે રાત્રે તમે માફકસર જમ્યા હતા, કાલ રાત્રે તમને સારી ઉંઘ આવી હતી, તેથી સવારે તમે તન્દુરસ્ત ખુશ ચહેરે જાગ્યા. પણ કાલે રાત્રે તમે વાળુ ઉપર ખુંબ હાથ માર્યો, ખાધેલું પચ્યું નહિ, રાત આખી શાંત ઉંઘ ન મળી - આજે સવારે તમે ઉઠી ન શક્યા. શરીર ભારે લાગ્યું; માથું દુખવા માંડ્યું. શાથી ? કાલે તમે એક જણને મળવા આવવાનું કહેલું. આજે સવારમાં તે ભાઈ તમારી પાસે તમે કહેલી ચીજો લઈને આવ્યા. પણ તમે કાલની ગોઠવણ આજે પાર પાડી શકો એમ નથી. શાથી ? કાલે તમે નિશાળના પાઠ ન વાંચ્યા; રજા ગુમાવી. આજે નિશાળમાં તમને આવડ્યું નહિ. ગુરુજીએ ઠપકો આપ્યો, બીજા છોકરાઓએ ઉપહાસ કર્યો. શા માટે ? - કાલની ભૂલ આજે નડી. કાલ આજનો સંબંધ સમજ્યા?



પૂઠું-૨



પૃ.-૧

કાલમાંથી આજ બની. કાલની બધી ભુલો આજે વેઠવી પડી. પણ તમે નિરાશ થઈ કાં બેઠાં? હજી તમારે માટે એક મોટી તક બાકી છે. 'આજ' સહન કરી લો; પણ હજી 'આવતી કાલ' અખંડ તમારી છે. 'આજ'ની તે સુંદર પુત્રા છે. આજે તમે હેરાન થયા હો, નિરાશ થયા હો, દુઃખી થયા હો, પરંતુ આવતી કાલનું સુંદર હસતું મોં જોવાની આશા ગઈ નથી. પણ ગઈ કાલની પેઠે જો આજે પણ ભુલો જ કરી બેસશો તો એ આશા સફળ થવાની નથી. સુંદર 'આવતી કાલ'નું દર્શન કરવા સારું 'આજ' તમારે બહુ વિચારપૂર્વક, નિશ્ચયથી અને સંયમથી ગાળવી પડશે. આજે તમે જમવામાં લ્હેર માણશો તો આવતી કાલનું સુંદર મોં જોઈ રહ્યા. આજે તમે આળસમાં રહ્યા તો આવતી કાલનો આનંદ ગયો સમજજો. આજે જ તમે બધી સારી રીતભાત, સારા વિચારો, સારાં કામોને તમારા હૃદયના મિત્રો બનાવી લો, અને જુઓ કે આવતી કાલ હસતે મુખડે રૂમઝુમ કરતી તમારી સાથે રમવાને આવે છે કે નહિ. એવી આવતી કાલ રોજ જોવાનો યત્ન કરશો તો તમારી જીંદગી વધુ તેજસ્વી, યશસ્વી અને આરોગ્યભરી થશે. તમારા સૌનું દીર્ઘાયુ હો. આવતી કાલનો વિજય આજે ગાઓ."

બીજો ચરિત્રલેખ 'કરસનદાસ મૂળજી'માંથી-

"ગુજરાતમાં મોટું નામ પામેલા 'મોટા મહીપતરામ' કરસનદાસનું ચરિત્ર લખતાં એમને ભલા, રૂડા, બહાદુર, વીર વગેરે વિશેષણોથી વારંવાર અભિનંદન દે છે. કરસનદાસની કદર કરનાર એ ખરે જ લાયક નર હતા. છતાં આજે કેટલા જાણે છે કે એ સમયમૂર્તિ વીરનર હતા? મોટાની મોટાઈ સમજવાને હૃદય પણ મોટાં હોય. જગતના ઈતિહાસ તરફ જોઈશું તો જણાશે કે સાંકડા મનના લોકો પોતાના મહાપુરુષોને ભુલ્યા છે. એમ ન હોત તો ઈશુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચડવા વારો ન આવત, સ્વામી વિવેકાનંદને અમેરિકામાં ઉપદેશ કરવા જવું ન પડત, મહાત્મા ગાંધીજીને જેલ બેસવાનું ન બનત. સદ્‌ભાગ્યે હવે માણસને વિશેષણથી ઓળખવાનો વખત ગયો છે. કરસનદાસનું નામ એનાં કામોથી જીવતું છે, એટલે ગરવી ગુજરાતના એ 'વીરના વીર'ને (કવિ નર્મદ 'વીર નર્મદ' કહેવાય છે. એના સમકાલીન કરસનદાસ એના પણ કર્મવીર હતા.) કર્મવીર કરસનદાસ કહેવાને બદલે 'સાદા કરસનદાસ' કહીશું તો વધુ માનભર ને સુઘડ દેખાશે."

પુરક લેખ 'જરા ચેતજો'માંથી...

"ઘણા માણસોને એવી ટેવ હોય છે કે ટાંકણી ભરાવેલા કાગળ આડાઅવળા થઈ ગયા હોય તો તેમાંથી ટાંકણી કાઢીને દાંત વચ્ચે ભરાવે છે, અને પછી કાગળ સરખા ગોઠવી લઈ પાછી ટાંકણી કાગળમાં ભરાવી દે છે. રમતમાં તે રમતમાં ટાંકણી મોંમાં નાખીને કે દાંત વચ્ચે પકડીને વાતોના ગપાટા મારવાની ટેવ પણ ઘણાને હોય છે. વળી, કેટલાક લોકોને આપણે દાંત વચ્ચે ટાંકણી રાખીને ઊંડા વિચારમાં ડૂબેલા જોઈએ છીએ.

મારા એક મિત્ર રેલવે ઑફિસમાં કારકુન હતા. એ બહુ જ વાતોડીઆ. એક દહાડો ભાઈસાહેબ ખાસ્સી એકાદ ઈંચની ટાંકણી મોંમાં રાખીને જોડેના કોઈ કારકુન સાથે વાતોના ગપાટા મારવા લાગ્યા. એટલામાં અચાનક, કોણ જાણે કેમ, ટાંકણી ગળે ઉતરી ગઈ! હવે શું થાય? ભાઈસાહેબ તો ગભરાયા. તરત જ ઑફિસના સાહેબની રજા લઈ દોડ્યા દાક્તર પાસે. દાક્તરે કહ્યું, 'તમે બહુ ગંભીર ભુલ કરી છે. જો એ ટાંકણી સીધીસમી પેટમાંથી નીકળી જાય તો તમે નશીબદાર; નહિતર આડીઅવળી થતાં જો એની અણી ક્યાંક આંતરડામાં ભરાઈ ગઈ, અને પાછળ ખોરાકનો ધક્કો લાગશે તો આંતરડું ચીરાઈ જશે; અને તમે ભારે જોખમમાં આવી પડશો.' પેલા ભાઈ તો શીયાંવીયાં થઈ ગયાં. તેણે કહ્યું, 'પણ એ કેમે કરીને પેટમાંથી કાઢી શકાય?' દાક્તરે કહ્યું, 'એવો કશો ઉપાય નથી. માત્ર એક હિકમત છે. તમે ડઝનેક કેળાં કે ખજુર ઠાંસી ઠાંસીને ખાઓ; પછી ઉપર લાડુ વગેરે સખત લોચો વળે એવી ચીજ ખાઓ; અને પછી એરંડીઆનો જુલાબ લો. કદાચ પેલા ચીકણા, ઠાંસીને ખાધેલા ખોરાકની વચ્ચે ટાંકણી આવી જાય અને જુલાબના હડસેલાથી તે ખોરાક સાથે બહાર નીકળી જાય. પેલા ભાઈએ દાક્તરના કહ્યા પ્રમાણે કર્યું. તપાસ કરતાં ત્રીજે દહાડે પેટમાંથી ટાંકણી નીકળી ત્યારે એમના જીવમાં જીવ આવ્યો. રમતરમતમાં પણ મોંમાં કે દાંત વચ્ચે ટાંકણી રાખવી એ કેટલું ભયભરેલું છે એ આ ઉપરથી સમજાશે."

કવિ ત્રિભુવન ગૌરીશંકર વ્યાસનું કાવ્ય 'શીઆળો'માંથી....

"નવીન આયુ નવચેતનવંતા,
પાક નવા ધરતીએ દીધા;
નવીન આશ, નવલા ઉરભાવે
પંથ નવલ સુજનોએ લીધા:
જીવનની શુભ રાહ સુચવતો
શીઆળો આવ્યો સુસવતો.

...

શીળો વાયુ વાવા લાગ્યો,
મધુર ગુલાબી ઠંડી ચમકી,
ઢોલ લગનસરાનો વાગ્યો,
ઝાંઝરની ઘુઘરીઓ ઘમકી;
સ્નેહીનાં ગૌરવ ગુંજવતો,
શીઆળો આવ્યો સુસવતો.

...

ગોરીના ઝીણા સુર ઝીલી
ઘંટી મધુરા ઘોર કરે,
મહી વલોવતી શ્યામા ઝુલી
હાથણીઓનાં માન હરે:
ઘર ઘર મંગલગાન ગજવતો
શીઆઓ આવ્યો સુસવતો."

જુગતરામ દવેનો લેખ 'ઘોડાનું બંધન'માંથી...

"માણસે કહ્યું કે 'ઘોડા, તારા જેવા સુંદર પ્રાણીનું કામ કોણ ન કરે? પણ તું જાણે છે કે હું તો સાવ નાનો છું.મારાથી ઉતાવળે

દોડી પણ શકાતું નથી. તારો વેરી હાથી કેવડો જબરો ! એનું બળ કેટલું ? છતાં હું કહું તેમ તું કરે તો મને ઉમેદ છે કે હું તને મદદ કરી શકીશ.'

ઘોડાએ કબુલ કર્યું, 'જેમ કહેશો તેમ કરીશ. મારે માટે કરવું છે ને ? ક્યાં તમારું કામ છે ?'

ઘોડાએ મોંમાં આંગળી આપી, એટલે હવે માણસ હળવે હળવે એનો પોંચો ગળવાની તૈયારી કરવા લાગ્યો. એણે કહ્યું, 'મને તારી પીઠ પર ચડીને બેસવા દે.' ઘોડો કહે, 'ખુશીથી.'

'મારે કઈ તરફ જવું છે એ તને ખબર પડે તેટલા માટે તારા મોંમાં લગામ નાખવા દે.'

ઘોડા કહે, 'કબૂલ.'

'મારે ઉતાવળું કે ધીમું ચાલવું છે તે તું સમજે તે માટે તારાં પડખાંમાં લોખંડી એડીઓ મારવા દે.'

ગરજુ ઘોડાએ કહ્યું, 'ભલે તેમ.'

કબુલાત થઈ ગઈ. ઘોડા ઉપર ચડીને માણસ હાથીને હરાવવા ચાલ્યો. યુદ્ધમાં બુદ્ધિમાન માણસે હાથીને પાડ્યો.

માણસ એ બીડમાં જ રહ્યો. ઘોડાના મોંમાં લગામ કાયમ હતી.

માણસ હવે આજ જશે, કાલ જશે, એમ ઘોડો દહાડા ગણતો હતો. પણ પેલાની તો જવાની દાનત જરાયે જણાતી ન હતી. એક દિવસ ઘોડાએ કહ્યું, 'માણસ કાકા, આ જન્મમાં તો હું તમારું ઋણ નહિ ફેડી શકું પણ મારી ખાતર હવે તમારે તમારાં બૈરીછોકરાંનો વિયોગ ખમવાની જરૂર નથી. હવે તો હું મારૂં ફોડી લઈશ.'

પરોપકારી માણસ બોલ્યો, 'તને એમ એકલો મુકીને મારાથી કેમ જવાય ? બૈરીછોકરાંને તો હું અહીં જ તેડી લાવનાર છું. તેં મારું શરણ લીધું તો મારે તને પુરી મદદ કરવી એ મારો ધર્મ છે. તું તારા પોંતાના જ જોર વડે એકલો રહેવા જેટલો હોશીઆર થઈ જા, ત્યાર પછી જ હું અહીંથી ખસી શકું.'

ઘોડાને કાળજે હવે ફડકો પેઠો. થોડા દિવસ રહીને એણે ડરતાં ડરતાં પુછ્યું. 'મારી જીભમાં છાલું પડ્યું છે. મારા મોંમાંથી આ લગામ....'

ડોળા કાઢીને મોટો ઘાંટો તાણીને માણસ બોલ્યો, 'ફિટકાર છે તને, નિમકહરામ ! તારે માટે મેં મારાં ઘરબાર છોડ્યાં, જીવનું જોખમ ખેડીને મેં હાથી જેવા મહા બળવાન પ્રાણી સાથે યુદ્ધ કર્યું. અને આટલી એક લગામ પણ તારાથી નથી ખમાતી ? આવા નિમકહરામનો ભરોસો શો ? કાંટાવાળી લગામ પહેરાવ્યા વગર તું પાંસરો ચાલવાનો જ નથી.'

ઘોડાએ ઘડીક ઠેકડા માર્યા. લગામના કાંટાથી તાળવું ફૂટી જતું હતું. ચાબુકના ફટકાથી પીઠ ચીરાઈ જતી હતી. એડીના ઘાથી પડખાં વીંધાઈ જતાં હતાં, તેના ઠેકડા બધા સુકાઈ ગયા.

ઘોડાનો આજની ઘડી સુધી છુટકારો થયો નથી. સ્વતંત્રતા શું એ હવે તો એને યાદ પણ નથી રહ્યું. ''

તે પછી 'જેસલ-તોરલનું ભજન અને તેનું વિવરણ, 'દિગ્વિજયનું મૂળ' પ્રભુદાસ ઠક્કરનો નાનો લેખ, 'મોટેરો' અને 'બુઢ્ઢો દાદખાં' જેવી નાની વાર્તા, કવિ દલપતરામની 'નમેલી ડોશી' કવિતા. 'ધૂમકેતુ'નું 'ઇતિહાસ દર્શન'માંથી....

''મોગલ સમ્રાટ ઔરંગઝેબને ભુલથાપ આપી દક્ષિણનો વાઘ શિવાજી આગ્રામાંથી નાઠો. માળવા અને ખાનદેશ તરફથી દક્ષિણમાં ટુંકે રસ્તે થઈને જવાય, પણ શિવાજી મહારાજે મથુરા, અલ્હાબાદ, કાશી ને જગન્નાથપુરીને લાંબે રસ્તે પ્રયાણ કર્યું.

એક ગામમાં ત્યાંના ફોજદાર અલીકુલીએ શિવાજીને શક ઉપરથી રોક્યા ને કેદમાં પુર્યા. બરાબર મધરાતે શિવાજી ફોજદાર પાસે પહોંચી ગયા અને હિમ્મતથી કહ્યું કે 'હું શિવાજી છું.' ફોજદાર તો આ હિમ્મતથી દંગ થઈ ગયો. શિવાજીએ તેના હાથમાં એક લાખ રૂપીઆનો એક હીરો મુકી દીધો. ફોજદારે શિવાજીને તરત જવા દીધા.

...

રાજગૃહી નગરીમાં બિમ્બિસાર રાજ્ય કરતો હતો. એકવાર એવું બન્યું કે નગરીમાં આગ લાગી.

રાજાને લાગ્યું કે એક માણસ બેદરકાર રહે તેને લીધે આખી નગરીને સોસવું પડે તે ઠીક નહિ. આગ બુઝાયા પછી તેણે આજ્ઞા કરી કે હવેથી જેના ઘરમાં આગ લાગે તેણે જંગલમાં રહેવા જવું.

આ આજ્ઞા પ્રસિદ્ધ કર્યા બાદ થોડા દિવસે તેના પોતાના જ મહેલમાં આગ શરૂ થઈ.

અમલદારોએ કહ્યું કે, 'રાજાનું કામ કાયદા બાંધવાનું છે, પણ કાયદા બાંધનારથી કાયદો વધારે મોટો હોઈ શકે નહિ.'

લોકોએ કહ્યું કે, 'આપે આજ્ઞા પ્રસિદ્ધ કરી છે ખરી; પણ આપ તો રાજા છો, માટે ઈચ્છામાં આવે તેમ આજ્ઞા ફેરવી શકો છો.'

પણ રાજા બિમ્બિસાર પોતાનો મહેલ છોડીને જંગલમાં રહેવા જવા ચાલી નીકળ્યા અને સૌને કહ્યું, 'હવે પછી આવું નબળું મન રાખશો નહિ. કાયદા બાંધનાર માટે તો કાયદો સૌથી વધારે બંધનકર્તા છે.''

અરદેશર ફરામજી ખબરદારનું કાવ્ય 'હાથ જોડી ના બેસો' અને 'રસાયણ વિદ્યાના ચમત્કાર' લાભશંકર અંબાશંકર ભટ્ટનો વિજ્ઞાનલેખ, 'કુમાર'ના પહેલા તંત્રીઓ 'અનંત અને ઉપેન્દ્ર'નો પરિચય લેખ, 'ચંદ્રમાં કોણ રહે છે ?'નો પૂરક લેખ, 'મિ. એરૂંડેલ અને ઉગતી પ્રજા'નો લેખ અને 'માધુકરી' વિભાગના ટૂંકા લેખો ઉપરાંત 'પૂછો તંત્રીને' નામનો વિભાગ પણ છે. અંકનું પૂઠું ઉઘાડતાં તરત ચિત્રકાર રવિશંકર રાવળનું ત્રિરંગી ચિત્ર 'અરુણ' નજરે પડે છે અને અંદર વચ્ચે આર્ટપેપર પર છાપેલો એકરંગી ફોટો 'આબુ પર્વત પર આવેલાં, દેલવાડાનાં સુંદર જૈન મંદિરમાંનો એક ભાગ' તથા મૌ. મહમદઅલી, મૌ. શૌકતઅલી અને સર લેસ્લી વિલ્સનના ફોટા જોવા મળે છે. ☐

કંકાવટી

ઊર્મિલા - રામાયણનું એક અનોખું સ્ત્રીરત્ન

રામાયણમાં મહર્ષિ વાલ્મીકિએ ઊર્મિલાનું વર્ણન કર્યું નથી. તેવી જ રીતે તુલસીદાસજીએ પણ તેમના રામચરિત માનસમાં ઊર્મિલાના પાત્રનું વર્ણન કર્યું નથી. સામાન્ય લોકો ટીકા કરે છે કે ઊર્મિલાને ભારોભાર અન્યાય કરવામાં આવ્યો છે. લક્ષ્મણજી તો રામસીતા સાથે વનમાં ગયા હતા પણ ઊર્મિલાનો આટલો મોટો ત્યાગ કે જે ઘરે રહીને લક્ષ્મણજીનો વિયોગ સહન કરે એ ઊર્મિલા માટે બે શબ્દો પણ વાલ્મિકી રામાયણ અને રામચરિત માનસમાં ન જણાય તેથી ઊર્મિલાને ઉપેક્ષિત પાત્ર તરીકે સામાન્ય લોકો ગણે છે. કદાચ વાલ્મિકી અને તુલસીદાસ ઊર્મિલાનું વર્ણન કરવા અશક્તિમાન જણાય છે. કોઈ રીતે ઊર્મિલાના ત્યાગનું વર્ણન થઈ શકે તેમ નથી. ઊર્મિલાનું વ્યક્તિત્વ એટલા ઊંચા પ્રકારનું છે કે તેનું વર્ણન કરતાં કલમ થંભી જાય.

પંચવટીમાં રાત્રી દરમ્યાન રામજી અને સીતાજી સૂતાં છે. લક્ષ્મણભૈયા રોજના નિયમ પ્રમાણે ચોકી કરે છે. આઠ આઠ વરસ લક્ષ્મણજીએ આ રીતે જાગરણનાં પૂરાં કરેલાં. આઠમા વરસની આ છેલ્લી રાત હતી. હજી છ વરસ બાકી છે. રામના વનવાસનાં ચૌદ વર્ષ પર્યંત લક્ષ્મણજી રાત્રી દરમ્યાન પર્ણકુટિની પરિક્રમા કરશે. અર્થાત્ સીતારામ સીતારામ જાપ જપતા ચોકીપહેરો ભરશે. અર્ધી રાત્રીએ સફેદ વસ્ત્રધારી એક સ્ત્રી લક્ષ્મણજીના માર્ગમાં આવે છે. લક્ષ્મણ ચોંકી ઊઠે છે કે, અર્ધી રાત્રિએ આ સ્ત્રી કોણ ? પોતે તો નિયમિત આઠ વરસથી રાત્રી દરમ્યાન સીતારામની ચોકી ભર્યા કરે છે. આંખનું એક મટકું પણ મારતા નથી. લક્ષ્મણજી ઊભા રહી ગયા. પેલી સ્ત્રી પણ દૂર ઊભી છે. લક્ષ્મણજીએ બે હાથ જોડીને કહ્યું કે 'માતાજી, આપ કોણ છો ? આપનું બાળક એવો લક્ષ્મણ આપને પ્રશ્ન કરે છે. હું તો પરિક્રમા કરું છું. મારા પરિક્રમાના મારગમાં આપ કેમ ઊભાં છો ?' પેલી સ્ત્રીએ પ્રત્યુત્તર વાળ્યો કે 'લક્ષ્મણજી, હું નિદ્રાદેવી છું અને લક્ષ્મણ જગતમાં તારા જેવો નિદ્રાવિજયી અને તપસ્વી પુરુષ મેં જોયો નથી. આજે મારાથી રહેવાયું નહિ એટલે હું આ રૂપ લઈને આવી છું. હું જાણું છું કે તમે વૈરાગી છો, ત્યાગી છો. હું તમને સ્પર્શ પણ કરીશ નહિ. હું તમારા વ્રતને તોડવાની કોશિશ નહીં કરું. તમારે સૂવું નહીં પડે, તમારે આંખો બંધ નહીં કરવી પડે. તમારું વ્રત અખંડ રહેશે, ચૌદ વરસ જાગવાનું. લક્ષ્મણજી, તમારું આ તપ જોઈને હું રાજી થઈ છું, તેથી તમારી સેવા કરવા આવી છું. મને થોડીક સેવા આપો ?' લક્ષ્મણ તો નમ્રતાથી જવાબ આપે છે કે 'હું તો સેવક છું. સેવકને સેવા લેવાનો અધિકાર નથી. તમારી લાગણી બદલ ધન્યવાદ, વળી મારે સેવાની પણ શી જરૂર હોય !' નિદ્રાદેવી બોલ્યાં, 'લક્ષ્મણજી, તમારા વ્રતમાં વિક્ષેપ નહીં કરું પણ એક વાર મને મારો આ સફેદ પાલવ દૂરથી તમારા ઉપર ફેરવવા દો જેથી કરીને આઠ વરસનું તમને જે જાગરણ થયું છે એનો થાક ઊતરી જાય. તમારું વ્રત નહીં તૂટે. તમારે આંખો બંધ નહીં કરવી પડે. સૂવું નહીં પડે. હું તમને સ્પર્શ પણ નહીં કરું અને એક જ ક્ષણમાં હું પાછી જતી રહીશ. મારો પાલવ તમારા ઉપર ફેરવું એટલે તમારી આઠ વરસની જાગરણની જે થકાવટ છે તે દૂર થશે. મને આટલી સેવા મળે તો હું કૃતકૃત્ય બનું.' લક્ષ્મણજી પ્રત્યુત્તર આપે છે કે 'માતાજી, તમને મારા પ્રત્યે આટલી લાગણી થઈ છે તે બદલ આભાર. પણ હું એક પ્રશ્ન પૂછું કે આપને આવી ખોટી માહિતી કોણે આપી છે કે લક્ષ્મણને થાક લાગ્યો છે ? વળી આપે કેમ માની લીધું કે લક્ષ્મણને થાક લાગ્યો છે ?' માતાજીએ જવાબ આપ્યો કે 'એક રાતનું જાગરણ માણસ કરે તો તેના શરીર ઉપર બીજા દિવસે તેની અસર જણાય છે. ધન્ય છે સુમિત્રાના પુત્ર, તમે આઠ વરસથી જાગો છો, થાક તો લાગે ને !' લક્ષ્મણ નિઃસંકોચ જણાવે છે કે 'આપની વાત સાચી છે. પણ માતાજી, ચોવીસે કલાક મારી પાસે રામ છે. વળી હે દેવી, જેની સામે ચોવીસે કલાક રામ હોય એને થાક ન લાગે. મારે તો ચોવીસે કલાક રામદર્શન તથા મારી મા જાનકીનાં દર્શન હોય. મને બિલકુલ થાક નથી લાગ્યો. લાગણી બદલ હું ઋણી છું.' નિદ્રાદેવી કહે છે કે 'લક્ષ્મણજી, એ તો તમારી મહાનતા છે, ગૌરવ છે. સુમિત્રાનંદન, ભલે થાક ન લાગ્યો હોય પણ મને એક વાર સેવાનો લાભ આપો.' લક્ષ્મણ સ્પષ્ટ કહે છે કે 'નહીં, માતાજી. મારી સાધનામાં વિક્ષેપ થાય છે. મારી પરિક્રમામાં અવરોધ થાય છે. આપ મહેરબાની કરીને વચમાંથી ખસી જાઓ.' માતાજી તો આગ્રહ કરી રહ્યાં છે કે 'તમારે મને સેવા તો આપવી જ પડશે.'

આમ ચર્ચા ચાલતી હતી એમાં રામજી જાગી ગયા. રામ જાગ્યા એટલે સીતાજી જાગ્યાં. રામ કહે, 'વૈદેહી, આજે લક્ષ્મણ રાત્રીના સમયે કોઈની સાથે વાતો કરતા લાગે છે. તે વ્યક્તિ કોણ હશે ?' રામ અને સીતા કોઈને ખબર ન પડે એમ બહાર આવીને જુએ છે તો લક્ષ્મણ નિદ્રાદેવી સાથે વાતો કરે છે. દેવી તો રસ્તામાંથી હટતાં નથી અને વારેવારે કહ્યાં કરે છે કે બસ મને સેવા સોંપો. મારે તમારી સેવા જ કરવી છે. દેવીના ખૂબ આગ્રહને કારણે લક્ષ્મણ કહે છે કે 'જો તમારે સેવા કરવી હોય તો હું કહું તે કામ કરશો ?' પછી દલીલ નહીં કરો ને !' દેવીનો હકારાત્મક જવાબ સાંભળીને લક્ષ્મણજીએ કહ્યું, તો એક કામ કરો. હું અહીં આઠ વરસથી જાગું છું. પણ મને કાંઈ થાક નથી, કારણ મારી પ્રત્યક્ષ રામ અને જાનકીજી છે. નિદ્રા માતાજી, હું અહીં જાગું છું એમ મારી પત્ની ઊર્મિલા અયોધ્યામાં જાગે છે. એણે પણ આઠ વરસનું જાગરણ કર્યું છે. એની સામે પ્રત્યક્ષ રામ નથી એટલે

કદાચ તેને થાક લાગ્યો હોય. એટલે તમે ઊર્મિલાનો થાક ઉતારો.' માતાજી કહે, 'મારે તમારી આજ્ઞાનું પાલન કરવું છે.'

લક્ષ્મણને એક જ વાર પોતાના આઠ વરસના વનવાસ દરમ્યાન નિદ્રાદેવી સામે, એક ક્ષણ માટે ઊર્મિલાની યાદ આવી : 'મને તો થાક નથી પણ એ તપસ્વિની રઘુકુળની પુત્રવધૂને જો (થાક) લાગ્યો હોય તો આપ એનો થાક ઉતારો.' નિદ્રાદેવી તરત જ સેવા કરવા ઊપડી ગયાં.

લક્ષ્મણના મુખમાંથી ઊર્મિલા એ શબ્દ નીકળ્યો ને રામજીની આંખમાંથી આંસુ સરી પડ્યાં. જાનકીએ પૂછ્યું, 'મહારાજ, તમારી આંખમાં આંસુ ?' 'હા, વૈદેહી, આપણે ઊર્મિલાનો તો ક્યારે ય વિચાર જ નથી કર્યો. એ ગરીબ ઊર્મિલાની શું દશા હશે ?' સીતાજી પણ લાગણીપૂર્વક કહે છે, 'મહારાજ, આટલો બધો ભાવ જો ઊર્મિલા તરફ આપને જાગતો હોય તો પ્રભુ, એક વાર એને દર્શન આપો, એનો થાક ઊતરી જશે. આપ તો અંતર્યામી છો. ગમે તેમ પણ ઊર્મિલા તો મારી નાની બહેન છે. એને રાજભવનમાં દર્શન આપો.'

રામ અને સીતાના આઠમા વર્ષની વનવાસની રાત્રિએ આ ઘટના બની. એટલે અયોધ્યામાં ઊર્મિલાની સન્મુખ શ્રીરામસીતા પ્રગટ થાય છે. મૂળ સ્વરૂપે પર્ણકૂટીમાં છે. બીજા સ્વરૂપે ત્યાં પ્રગટ થયાં. ઊર્મિલા અખંડ જાગે છે. ઊર્મિલાએ રામસીતાને જોયાં તેથી તેને નવાઈ લાગી કે આ કોઈ ભ્રાંતિ છે કે પછી મને સ્વપ્ન આવ્યું છે ? હું સૂતી તો નથી. સ્વપ્ન તો આવે નહીં. પોતે જાગૃતાવસ્થામાં છે તેની તેણે પ્રતીતિ કરી. રામજી નજીક આવ્યાં. મસ્તક ઉપર હાથ મૂક્યો, 'દીકરી, હું રાઘવ, તને આશીર્વાદ આપવા આવ્યો છું. આજ અમારાથી રહેવાયું નહિ એટલે આશીર્વાદ આપવા આવ્યાં છીએ.' 'મારાં સદ્‌ભાગ્ય, પ્રભુ.' 'દીકરી, આઠ આઠ વરસ વીત્યાં છે. અમને તો યાદ ન આવી, પણ આજ તારા પતિ લક્ષ્મણે તને યાદ કરી.' ઊર્મિલા લાગણીવશ થઈ, આંખમાંથી દડદડ આંસુ સારે છે. એને તો આનંદ થઈ ગયો કે મારી સાધના સફળ થઈ ગઈ. કમ-સે-કમ મારા પતિએ મને યાદ કરી. મારું જીવન પૂરું થઈ ગયું. 'ઊર્મિલા બેટા, આજે દેવી નિદ્રાની સાથે ચર્ચામાં લક્ષ્મણે એને એમ કહ્યું કે, મારે તમારી સેવાની જરૂર નથી. મારી ઊર્મિલા આઠ વર્ષથી જાગે છે એનો થાક ઉતારો.' બેટા, અમને ઓચિંતા ખયાલ આવ્યો કે અમે તારો તો ખયાલ કર્યો જ નહીં ! માટે ઊર્મિલા, તારી પાસે હું અને જાનકી બંને કહેવા આવ્યાં છીએ કે માગ, ઊર્મિલા, શું આપું ? ધન્ય છે તારા ત્યાગને, ધન્ય છે તારા સમર્પણને.

ઊર્મિલાને માગવાનું કહ્યું છે, પણ રઘુકુળની પુત્રવધૂનો જવાબ સાંભળતાં જ મનમાં થાય કે ઊર્મિલાની ઉપેક્ષા થઈ નથી પણ તેનું વર્ણન ના થઈ શકે તેવું આ પાત્ર છે. રામજીને પગે લાગીને કહ્યું, 'ભગવાન, આપ મને માગવાનું કહો છો, પણ રઘુવંશમાં પુત્રવધૂ બનવાનું સદ્‌ભાગ્ય મળ્યું. હવે મારે માગવાનું શું બાકી રહ્યું ? દુનિયાની સર્વોત્તમ સ્થિતિ મને મળી કે હું રઘુવંશની પુત્રવધૂ બની. હવે મારે જીવનમાં શું બાકી છે કે હું તમારી પાસે માગું ? તમારા ચરણની ચોવીસે કલાક સેવા કરનાર આર્યપુત્રની હું પત્ની બની. છતાં રામજી આગ્રહ કરે છે અને કહે છે : 'ધન્ય હો દીકરી, પણ કાંઈક તો માગ'. એ વખતે ઊર્મિલાએ એક માગણી કરી છે. ઊર્મિલા પૂછે છે : 'હું જે માગું તે આપશો ?' 'હા માગ'. 'તો પ્રભુ એક માગણી કરું - ચૌદ વરસ પૂરાં થાય અને તમે અયોધ્યા પાછા આવો - તમારો રાજ્યાભિષેક થાય ત્યાં સુધી મારા પતિને મારી યાદ આવવી ન જોઈએ. કારણ કે આજે મારી યાદ આવી તો તમારે ત્યાંથી ધક્કો ખાવો પડ્યો. હું નથી ઇચ્છતી કે રામજીને પરિશ્રમ થાય. મારા ઈશ્વરને, મારા પતિદેવને, મારું સ્મરણ ન થાય. મહારાજ નહિતર તમારી સેવામાં વિક્ષેપ પડશે. હું અહીં ત્યાગથી બેઠી છું. પ્રભુ, એક વખત યાદ થઈ તે ભલે, પણ હવે અવધિ પૂરી થાય ત્યાં સુધી મારા પતિ મને યાદ ન કરે. આટલી માગણી છે.'

આ ઊર્મિલા છે ! ત્યાગની પ્રતિમા ! તેનું વર્ણન રામાયણમાં કેમ કરવું ? એની ઉપેક્ષા કરવામાં નથી આવી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એક કવિતા લખી છે, તે 'ઉપેક્ષિત ઊર્મિલા'. પણ ઊર્મિલાનું પાત્ર અવર્ણનીય છે. આપણે તેને વંદન કરવાં એમાં જ આપણું મહત્ત્વ છે. -પ્રિયબાળા શાહ

રોયલ ટૉનિક ડ્રિંક

સામગ્રી : ૫ નંગ આમળાં, ૧૦૦ ગ્રામ લીલી દ્રાક્ષ, ૧ કપ ખાંડ, ૧૦ નંગ બદામ, ૨ ચમચી વરિયાળી, તજ-લવિંગ-એલચીનો મિશ્ર પાઉડર, ૧ ચમચી મરી પાઉડર, ૧/૨ ચમચી ખાવાનો લીલો કલર, થોડો બરફનો ભુક્કો, મીઠું ટેસ્ટ મુજબ.

રીત : આમળાને બાફી તેના ટુકડા કરી એક તપેલીમાં ખાંડ નાખો. તેમાં એક કપ પાણી નાખી ચાસણી થાય ત્યારે તેમાં આમળાંના ટુકડા તથા તેનું બાફેલું પાણી નાખી ઊકળવા દો. બદામ તથા વરિયાળીને ચાર કલાક પલળવા દો. દ્રાક્ષને બરાબર સાફ કરી તેમાં ૧ ગ્લાસ પાણી નાખી મિક્સીમાં ક્રશ કરી ગાળી લો. ત્યાર બાદ આમળાંનું મિશ્રણ ઠંડું થાય એટલે તેને પણ મિક્સીમાં ક્રશ કરી ગાળી લો. ગરણીમાં વધેલા આમળાંના માવામાં ફરી અડધો ગ્લાસ પાણી નાખી મિક્સીમાં ક્રશ કરી ગાળી લો. બદામ તથા વરિયાળીમાં અડધો કપ પાણી નાખી એકદમ ઝીણું ક્રશ કરી લો. એક તપેલીમાં દ્રાક્ષનો રસ જે તૈયાર કર્યો છે તે નાખો. તેમાં આમળાંનો રસ નાખો. તેમાં બદામ અને વરિયાળીનો માવો મિક્સ કરી તેમાં તજ-લવિંગ-એલચી અને મરી પાઉડર તથા ટેસ્ટ મુજબ નમક ઉમેરો. રૉયલ ટૉનિક ડ્રિંક તૈયાર.

-ધારા ડી. શાહ (સંદેશ)

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૧

સેઝાં

ફ્રાન્સના દક્ષિણ ક્ષેત્રમાં આવેલ પ્રોવેન્સ પરગણામાં જ્યાં પ્રકૃતિએ એનું સૌંદર્ય છુટ્ટે હાથે રેલાવ્યું છે ત્યાં વસેલા નાનકડા



અંઈક્સ (Aix) ગામમાં ૧૮૩૯ના જાન્યુઆરીની ૧૯મી તારીખે પૉલ સેઝાંનો જન્મ. એનો પિતા હૅટનો છૂટક વેપારી હતો. એ ધંધામાં બે પૈસા રળીને એણે ગામમાં પોતાની બૅન્ક ઊભી કરેલી. સેઝાં વીંચીની જેમ અનૌરસ પુત્ર હતો.

સેઝાંને નાનપણથી પિતાની ભારે ધાક લાગતી. એ કારણે એ ઓછાબોલો. અતડો, અતિ સંવેદનશીલ. બીકણ અને શંકાશીલ બની ગયેલો. એ ભારે માનસિક તનાવ અનુભવતો. એનામાં આત્મ-વિશ્વાસનોય અભાવ હતો.

એ ભણવામાં હોશિયાર હતો. મિત્રો ભેગો (વિખ્યાત નવલકથાકાર એમીલી ઝોલા એમાંનો એક) આર્ક નદીને કાંઠે એ ભટકવા નીકળી પડતો ને નદીમાં નહાવાની ને માછલાં પકડવાની મઝા માણતો. એનાં ચિત્રોમાં સ્નાનનાં દૃશ્યો બાલ્યાકાળની આ જળક્રીડાઓની સ્મૃતિને પ્રતિબિંબિત કરે છે. થોડો વખત એને કવિ બનવાની લગનીય લાગેલી, પણ પછી ચિત્રકલા તરફ એની અભિરુચિ વળેલી.

એના પિતાને તો અર્થોપાર્જન સિવાય બીજા કશામાં રસ નહીં. તે એને કાયદાની કૉલેજમાં દાખલ કરાવી દીધો. આ કૉલેજમાં એકાદ વર્ષ ગાળ્યાં પછી સેઝાંએ હિમ્મત કરીને પિતાને જણાવી દીધું કે પોતે ચિત્રકાર બનવા માગે છે. આખરે હારી-થાકીને પિતાએ એને ચિત્રકલા શીખવા પૅરિસ જવાની છૂટ આપી ને ભાઈ ૨૩ વર્ષની ઉમ્મરે ચિત્રકળા શીખવા પૅરિસ પહોંચી જાય છે.

પૅરિસમાં સેઝાંને ઝાઝું ગોઠ્યું નહીં. ઘણી વાર હતાશાની પળોમાં એ પોતાનાં ચિત્રોને ફાડી નાખતો. છ જ મહિનામાં પૅરિસ છોડીને એ વતન ભેગો થઈ ગયેલો. પિતાને તો એ જ જોઈતું હતું. એમણે પુત્રને ફરી પોતાની બૅન્કમાં જોતરી દીધો. પણ કલાકારના જીવને બૅન્કમાં તે કેમનું ગોઠે ! એકાદ વર્ષ પછી એ ફરી પૅરિસની વાટ ઝાલે છે.


આ વેળા સેઝાંને છાયાવાદી ચિત્રકાર હેમિલ પિસારોનો પરિચય થાય છે. સેઝાં વડીલ પિસારોને ગુરુપદે સ્થાપે છે. પિસારો ત્યારના ચિત્રકલાનાં ખેરખાંઓ સાથે સેઝાંની ઓળખ કરાવે છે પણ અન્ય કલાકારોની ઉપસ્થિતિમાં સેઝાં અકળામણ અનુભવતો રહે છે અને રોંચાની જેમ વર્તે છે ને બધાંને **Bastard** (વર્ણસંકર) કહીને ભાંડતો રહે છે. એ સમયના મહાન કલાકાર માને (**Manet**) સાથે હાથ મિલાવવાની એ ના ભણી દે છે, એવું બણનું આગળ ધરીને કે એણે આઠ દિથી સ્નાન કર્યું નથી. હકીકતમાં એ માનેની સિદ્ધિઓથી જલતો હોય છે.

પૅરિસમાં હતો એ દરમિયાન પોતાનાં ચિત્રો પ્રદર્શિત કરવા એ સેલાનમાં મકોલતો. એનાં ચિત્રો નાપસંદ થતાં. એટલે એ ગુસ્સે થઈને ફાઈન આર્ટ્સના સુપરિન્ટેન્ડેન્ટને નઠારા પત્રો લખતો. એ પોતાનાં ચિત્રોને ભડકાવનારાં મથાળાં આપતો ને છેલ્લી ઘડીએ મોકલતો બધા એને તરંગી અને વિચિત્ર સ્વભાવનો કહેતા. એ બધાંને કહેતો ફરતો, 'દુનિયામાં એક જ ચિત્રકાર છે. ને તે હું.'

આખરે ચિત્રકાર રેનોએ (**Renoir**) એનામાં કૌવત ભાળ્યું. ને એને જીનિયસ તરીકે બિરદાવ્યો.

સેઝાંની ત્રીસ વર્ષની વયે એના જીવનમાં અને એની ચિત્રશૈલીમાં પરિવર્તન આવે છે. એ એનાથી અગિયાર વર્ષ નાની એની મૉડેલ હોર્ટેન્સ સાથે પ્રેમ સંબંધ (લગ્ન નહીં) બાંધે છે. ને ત્રણ વર્ષ પછી એ એક પુત્રનો પિતા પણ બને છે. (સત્તર વર્ષ સહજીવન ગાળ્યાં પછી ૧૮૮૬માં એ હોર્ટન્સ સાથે લગ્ન કરી લે છે) આ જ અરસામાં ઝોલા સાથેની મૈત્રીનો અંત આવે છે. ઝોલાએ લખેલ એક નવલકથાનો નાયક નિષ્ફળ ચિત્રકાર હોય છે. હતાશાની પળોમાં એ આત્મહત્યા કરે છે. સેઝાં બંધ બેસતી પાઘડી પહેરી લે છે ને ઝોલા સાથેની મૈત્રીનો અંત આણી દે છે.

અગાઉનાં એનાં ચિત્રોમાં ખૂન-બળાત્કાર જેવા આવેગી ઉન્માદકારી વિષયો દેખાતા. ૧૮૬૯ પછીનાં એનાં



સેઝાંનું ચીતરેલું પોર્ટ્રેટ

ચિત્રો માર્મિક, ઓછાં બોલકાં સૂચક અને સંતુલિત બને છે. ને એ લૅન્ડસ્કેપ ચીતરવા તરફ વળે છે. આ અરસામાં એ l Estaque ગામમાં આવીને વસે છે ને માછીમારોના આ ગામમાં ઘણાં ચિત્રો દોરે છે. ૧૮૭૦માં ફ્રાન્સ અને પ્રશિયા વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધ ટાણે ફરજિયાત લશ્કરી ભરતીમાંથી બચવા ખાસ તો એ આ ગામમાં આવી જાય છે.

૧૮૭૨માં પુત્રના જન્મ પછી સેઝાં એના ગુરુ સમાન વડીલ મિત્ર પિસારોને ગામ - **Pontois**માં આવીને વસે છે. પિસારો એને છાયાવાદની ચિત્રશૈલીના સુપેરે પરિચય કરાવે છે ને ૧૮૭૪માં એનું ચિત્ર છાયાવાદીઓના ચિત્ર-પ્રદર્શમાં પ્રદર્શિત પણ કરાવે છે.

પછીનાં દસેક વર્ષ એ દુનિયાથી વિસરાઈ જાય છે, ને એકાકી જીવન ગાળતો રહે છે. આ સમયનો ઉપયોગ એ પોતાની આગવી ચિત્રશૈલી વિકસાવવા કરતો રહે છે.

૧૮૮૬માં પિતાનો સ્વર્ગવાસ થાય છે ને એ ૨૫,૦૦૦ ફ્રેન્ક જેવી માતબર (ત્યારે તો) રકમ વારસામાં મેળવે છે.

પણ જાણીતા આર્ટ ડીલર વોલાર્ડે ૧૮૯૫માં સેઝાંનાં ચિત્રોનો વનમેન-શૉ ગોઠવ્યો એ સાથે જ સેઝાંના નસીબ આડેનું પાંદડું ખસી ગયું. પછી તો બે વર્ષ પછી વોલાર્ડે સેઝાંના સ્ટૂડિઓમાં હતાં એટલાં બધાં જ ચિત્રો ખરીદી લીધાં. ત્યારથી સૌ સેઝાંને મહાન કલાકાર તરીકે સ્વીકારતાં થયાં.

છાયાવાદે સેઝાંને ખુલ્લા આકાશનો ચિત્રકાર બનાવ્યો. એ કુદરતને ખોળે બેસીને ચીતરતો. એણે છાયાવાદીઓની તાજગી અને રંગોના ઝાકઝમાળ જાળવી રાખ્યા. પણ એણે રેખાનેય અવગણી નહીં. એ પોતાનાં ચિત્રોને સંગીન અને દીર્ઘજીવી બનાવવા મથતો. એ માટે એણે ડેશ સ્ટ્રોક પદ્ધતિ અપનાવી. એ બ્રશને બદલે છરીથી



નાનીબહેન મેરીને પીઆનો બતાવતી મોટીબહેન (ચિત્રકાર : સેઝાં)

રંગોના લંબગોળ કે લંબચોરસ લપેડાનું પુનરાવર્તન કૅનવાસ પર કરતો. એ પ્રકૃતિની ભીરતી ભૂમિતિને સમજ્યો હતો. એણે એના કેનવાસની સપાટીને ખંડિત કર્યા વિના એનાં ચિત્રોમાં ત્રીજું પરિમાણ ઊભું કર્યું છે. ત્રીજું પરિમાણ સર્જવા એ કૅનવાસ પર ઉષ્ણ રંગો (લાલ, પીળો) અને શાંત રંગો (લીલો, ભૂરો)ને જોડાજોડ મૂકતો. ઉષ્ણ રંગો આગળ ધસતા લાગે, શીત રંગો દૂર સરકતા હોય એમ લાગે. આ **flat depth**નો આભાસ ઊભો કરવાની એની ટેકનિક ચિત્રજગતનો ચમત્કાર લેખાય છે. રંગોની સમજપૂર્વકની રમત દ્વારા એણે ચિત્રની ભાષાનું સર્જન કર્યું છે. એ કારણે એ આધુનિક ચિત્રકલાનો જનક લેખાય છે.

સેઝાં જાણીતાં સ્થળો, પદાર્થો વ્યક્તિઓને ચીતરવાનું પસંદ કરતો. એ એક જ વિષય અનેક વાર ચીતરતો. એના ગામથી દસેક માઈલ દૂરના **Mont saint Victoire** પહાડને એણે સાઠ વખત ચીતર્યો છે. ગૅલેરીના ડીલરનું પોર્ટ્રેટ બનાવવા એણે ડીલરનાં સો સીટિંગ લીધેલાં.

સેઝાનાં ચિત્રોમાં માનવ આકૃતિઓ, મકાનો લૅન્ડસ્કેપના ભાગ રૂપે જ રજૂ થતાં. લૅન્ડસ્કેપ સાથેનું પોતાનું તાદાત્મ્ય દર્શાવવા એ ઘણી વાર પોતાની જાતને પણ ચિત્રમાં ગોઠવી દેતો. **Modern Olympia** ચિત્રમાં જે તાલિયો દૃષ્ટિગોચર થાય છે એ સેઝાં પોતે જ છે. નગ્નતા ચીતરવાનું એને ફાવતું નહીં એટલે એવે ટાણે એ મૉડેલના નગ્ન ફોટાથી કામ ચલાવતો. શહેરી કરતાં ગ્રામીણ દૃશ્યોને એણે વધારે ચીતર્યાં છે. પ્રકૃતિ જેવી છે તેવી નિરૂપવામાં એને રસ નથી. એ ચિત્રકલા અને વાસ્તવિક જગત વચ્ચેનો તફાવત દર્શાવવા ચીતરતો. એને મન ચિત્ર એટલે કૅનવાસ પર સમજપૂર્વકની રંગોની ગોઠવણી. એણે એનાં ચિત્રોમાં પ્રકૃતિને શિસ્તબદ્ધ કરી. એનામાં વ્યવસ્થા આણી. આ જ કારણે એ મૉડર્ન આર્ટનો પ્રણેતા લેખાય છે. સેઝાંએ સ્ટીલ લાઈફને પણ એનું ગૌરવવંતું સ્થાન અપાવ્યું. સ્ટીલ લાઈફ ચીતરવા એ પદાર્થો જાતે પસંદ કરતો તથા એની ગોઠવણી પણ પોતાની રીતે કરતો. સ્ટીલ લાઈફ ચીતરતી વખતેય વસ્તુઓ સાચૂકલી છે, એવો આભાસ ઊભો કરવા જ એ મથતો. એનાં સ્ટીલ લાઈફ પણ સાદાં અને ભૌમિતિક લક્ષણોવાળાં પિકાસો જ્યાં અનેક ચિત્રકારો સેઝાંમાંથી પ્રેરણા મેળવીને સ્ટીલ લાઈફ ચીતરવા તરફ વળેલા.

સેઝાંની ક્રાંતિકારી ચિત્રશૈલી વીસમી સદીના ઘનવાદ અને ઍબ્સ્ટ્રેક્ટ આર્ટનાં શ્રીગણેશ મંડાયેલાં.

ચીતરતાં ચીતરતાં પોતાનો અંત આવે એમ એ ઇચ્છતો ને બન્યુંય એવું જ કે એક દિવસ એના નિવાસેથી થોડેક દૂરના પ્લૉટ પરના પોતાના સ્ટૂડિઓમાં એ જઈ રહ્યો હતો ત્યાં પરસાદી તોફાનમાં એ ઝપટાયો. એને ન્યૂમોનિયા થઈ ગયો. એવી તબિયતેય એ બીજે દિવસે કૅનવાસ લઈને ચીતરવા બેઠો ને ત્યાં જ ઢળી પડ્યો. એ ઘડીએ એની પત્ની કે પુત્ર એની પડખે નહોતાં.


-નટુ પરીખ, હરિત પંડ્યા

ઇન્દ્રદેવ આચાર્યનાં કાર્ટૂનો ઇટલીમાં


કલાવિશ્વમાં કાર્ટૂનકલાનું એક આગવું સ્થાન છે. સમસામયિક ઘટનાઓ કે વિચારો-વ્યક્તિઓ પર જે લાંબું લખાણ કામ ન કરી શકે ત્યાં કાર્ટૂન આસાનીથી વ્યંગસભર અભિવ્યક્તિ દ્વારા ધાર્યું નિશાન પાડી શકે છે. જગતમાં વિવિધ વિષયો પર કાર્ટૂનચિત્રોની સ્પર્ધાનું આયોજન થતું હોય છે. તાજેતરમાં ઇટલી ખાતે 'ઇન્ટરનૅશનલ રિવ્યૂ ઑવ્ હ્યૂમર' સંસ્થાએ એક કાર્ટૂન સ્પર્ધા યોજી, જેનો વિષય હતો 'ગાંડી ગાય' (The Mad Cow).

'આચાર્યની આજકાલ'નાં કાર્ટૂનોથી ખ્યાત થયેલા આપણા કાર્ટૂનિસ્ટ ઇન્દ્રદેવ આચાર્યને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નિમંત્રણ મળ્યું હતું. તેમણે તે માટે ત્રણ કાર્ટૂનો મોકલ્યાં હતાં. આ કાર્ટૂનો સજા, શોષણ અને ક્રોધ શીર્ષકથી રજૂ થયાં છે. 'સજા'માં શીંગડાંમાં ગોથે ચડાવેલી વ્યક્તિનો મુક્તિ માટેનો તાર સ્વર અને ગાયના છીંકોટા, 'શોષણ'માં ગાયનાં હાડકાંપાંસળાં અને તેના ઉપર બેઠેલું પંખી જેને ઉડાડવા પણ તે નિર્બળ છે. 'ક્રોધ'માં ગાયને ગાળિયો નાખીને ઊભેલી વ્યક્તિ સામેનો ગાયનો મોંફાડ આક્રોશ : આ બધું સુપેરે અને સચોટતાથી વ્યક્ત થયું છે. અહીં વિષયના વક્તવ્ય સાથે રેખાઓની સબલ કલાક્ષમતાનો વિનિયોગ થયેલો માણી શકાય છે. શ્રી ઇન્દ્રદેવ આચાર્યની 'આચાર્યની આજકાલ' કાર્ટૂનકૉલમને ગત જુલાઈ માસમાં ૪૨ વર્ષ પૂરાં થયાં ! ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં આ એક મહત્ત્વનું સીમાચિહ્ન છે. પ્રત્યેક ગુજરાતીને માટે આ ગૌરવનો વિષય છે


-ધીરુ પરીખ



સજા



શોષણ



ક્રોધ

કલાસ્મૃતિ

સત્યજિત રાય

મનોરંજનની દુનિયામાં, સિનેમા, નાટક, નૌટંકી, જાત્રા, ભવાઈ, લાવણી, ખેલૈયા જેવાં વિવિધ માધ્યમો દ્વારા, કલાકારો લોકોનું મનોરંજન કરતાં આવ્યાં



છે. ભારતમાં મૂંગી ફિલ્મોથી શરૂઆત થઈને, બોલતી ફિલ્મો અને પરદેશની અસર નીચે નિમ્ન કક્ષાની ફિલ્મોનાં ઘણાં સર્જન થયાં છે. ટેલિવિઝન આવ્યા પછી દુનિયાભરનું મનોરંજન ઘરઆંગણે જોવા મળે છે. જેનો મુખ્ય ધ્યેય છે સામાન્ય પ્રકારનાં દર્શકોને માત્ર મનોરંજન પીરસીને હૃદય પીગળાવવાં.

ભારતીય ફિલ્મ-જગતના, વિચારશીલ મગ્ન અને જ્ઞાનગંગા વહાવનારાં નામો જેવાં કે, ન્યૂ થીએટર્સ, બૉમ્બે ટોકીઝ, નીતિન બોઝ, મિનર્વા મુવીટોન, રણજિત ફિલ્મ્સ, રાજકમલ ફિલ્મ્સ, ફિલ્મીસ્તાન, જેમીની, મહેબુબખાન, પ્રભાત પિક્ચર્સ, બિમલ રાય જેવાઓએ સામાજિક, ઐતિહાસિક, અને સંગીતપ્રધાન ફિલ્મોનું નિર્માણ કરીને, ભારતીય સંસ્કૃતિની પરંપરા અને વાતાવરણ જાળવી રાખ્યાં.

સન ૧૯૫૦ના દાયકાથી ફિલ્મોના સર્જનમાં, હોલીવુડ તેમજ અન્ય યુરોપના દેશોની અસર વધારે પ્રમાણમાં દેખાવા લાગી. માત્ર મનોરંજન આપવાની ખેવનામાં સાંસ્કૃતિક મૂલ્યો હણાવા લાગ્યાં. આ બધું જોઈને કેટલાંક કલાકારોએ કલાત્મક ફિલ્મો બનાવવાની શરૂઆત કરી જેમાં બંગાળના તપન સિંહા, ઋત્વિક ઘટક, મૃણાલ સેન, સત્યજિત રાયે ઉત્તમ ફિલ્મો સમાજને આપી અને નવાં મૂલ્યોનું સ્થાપન કર્યું. સત્યજિત રાયની ફિલ્મોએ પોતાની કલાત્મક સૂઝબૂઝવાળી ફિલ્મોથી જગતભરમાં ભારતીય ફિલ્મોનો ડંકો વગાડ્યો.

સત્યજિત રાયનું બાળપણનું નામ માનીક, અને જન્મ સન ૧૯૨૧માં કલકત્તામાં. તેમના પિતા સુકુમાર ખાનદાન ધાનિક કુટુંબના અને, ચિત્રકલા, કવિતા, ફોટોગ્રાફી પ્રિન્ટિંગમાં સારું જ્ઞાન ધરાવતા હતા. સુધારાવાદી પ્રકૃતિના હોવાથી હંમેશાં સમાજમાં ચર્ચાસ્પદ રહેતા. માતા સુપ્રભા ઊંચા શિક્ષિત પરિવારનાં હતાં. સુકુમાર રાયને સન ૧૯૧૧માં કલકત્તા યુનિવર્સિટીની ફોટોગ્રાફી અને પ્રિન્ટિંગ માટેની શિષ્યવૃત્તિ મળતાં તેઓ ઈંગ્લન્ડ ભણવા માટે ગયા. સન ૧૯૧૪માં પાછા આવીને નિજ કાર્ય ઉપરાંત 'નોન સેન્ટ' નામની ચર્ચાસ્પદ ક્લબ ચલાવતા, જેથી વિવિધ પ્રકારના કલાકારોની ઘરમાં આવનજાવન રહેતી એટલે સત્યજિત રાયને લલિતકલાઓના સંસ્કાર બાળપણથી ઉજાગર થયા હતા. કલકત્તાની પ્રસિદ્ધ પ્રેસિડેન્સી કૉલેજમાં અભ્યાસ, બંગાળી અડ્ડામાં ચર્ચાઓમાં સામેલ થવું, અઠવાડિયામાં બેત્રણ ફિલ્મો જોવી, કૉલેજિયન સ્ટ્રીટમાં પુસ્તકો, મેગેઝીનોની દુકાનોમાં રખડવું વગેરે પ્રવૃત્તિઓથી કલાત્મક પોષણ મળતું ગયું. માતા સુપ્રભાના આગ્રહથી સત્યજિતને શાંતિનિકેતન કલાભવનમાં કલાભ્યાસ કરવા મોકલ્યા જ્યાં રવીન્દ્રનાથ, અવનીન્દ્રનાથ, નંદબાબુ વગરેનું સાન્નિધ્ય સાંપડ્યું. અભ્યાસમાં સારા ચિત્રકાર, રેખાંકનકાર, તસ્વીરકાર તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી. કલકત્તા પરત આવ્યા બાદ, ઈંગ્લન્ડની 'કેમર' નામની વિજ્ઞાપન સંસ્થામાં આર્ટિસ્ટ તરીકેની કારકિર્દીમાં જોડાયા. એ જમાનામાં કલકત્તા ભારત દેશનું સાંસ્કૃતિક કેન્દ્ર ગણાતું હતું. એટલે સ્થાનિક કલાકારોને ઉત્તમ પ્રકારના કાર્યક્રમોનો લાભ મળતો. સત્યજિત રાય પણ મોટાભાગના કાર્યક્રમો માણતા. ફ્રેન્ચ ફિલ્મ નિર્દેશક રેનોઆર, જપાનીસ નિર્દેશક અકીરા કુરુસાવા, સ્વિડિશ નિર્દેશક ઈંગમાર બર્ગમાનની ફિલ્મોની સત્યજિત રાય ઉપર ખૂબ જ અસર પડી અને ફિલ્મોનું સર્જન કરવાનો સંકલ્પ મજબૂત બનતો ગયો.

શ્રી સત્યજિત રાયને થોડાં વર્ષો બાદ કેમર વિજ્ઞાપન સંસ્થાના ડિરેક્ટરનું પદ પ્રાપ્ત થયું. સન ૧૯૫૦માં સંસ્થા તરફથી ઈંગ્લન્ડ જવાનું સદ્‌ભાગ્ય મળ્યું. પત્ની સાથે યુરોપમાં ગમતી ફિલ્મો જોઈ. મ્યૂઝીઅમ તેમજ આર્ટ ગૅલરીઓ જોઈ. ફિલ્મ ફેસ્ટિવલોમાં હાજરી આપી. આ પ્રવાસ દરમ્યાન તેમના મનમાં પડેલી ફિલ્મસર્જનની લાગણીઓ અત્યંત મજબૂત બની અને સ્વદેશ પાછા ફરીને ફિલ્મનિર્માણમાં ઝંપલાવવું તેમ નક્કી કર્યું.

અભ્યાસકાળ દરમ્યાન તેમજ વ્યવસાયના સમયમાં વાંચેલી અને સ્મરણમાં રહેલી વાર્તાઓ ફિલ્મરૂપે સ્વપ્નમાં દેખાવા લાગી અને 'પાથેર પાંચાલી' નામની બંગાળના એક નાના ગામડાના જીવન ઉપર આધારિત ફિલ્મના નિર્માણની શરૂઆત કરી, સાથેસાથે તકલીફોની શરૂઆતનો અનુભવ કરતા ફિલ્મ નિર્માણમાં પૈસા રોકનાર, નિર્માતા, ફિલ્મ ચલાવનારા વિતરકો, ફિલ્મ દર્શાવનારાં થીએટરો અને વચેટિયા દલાલો, ફિલ્મ દર્શાવવાની મંજૂરી આપનારા અધિકારીઓની વીટંબણામાં સારો એવો પરિશ્રમ અને વર્ષો પસાર થયાં. પરિશ્રમ-પૂર્વક ફિલ્મ પૂર્ણ કરી અને

(અનુસંધાન પૃ. ૬૦)

સાહિત્યસંપર્ક

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૧મું અધિવેશન

૧૯૦૫માં આરંભાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી ગુજરાતી સાહિત્યની મહાન સંસ્થા હવે શતાબ્દી નજીક પહોંચી રહી છે ત્યારે તેનું ૪૧મું અધિવેશન શ્રી રઘુવીર ચૌધરીના પ્રમુખપદે પાટણમાં ૨૯-૩૦ ડિસેમ્બર ૨૦૦૧ના બે દિવસો માટે મળી ગયું. આ અધિવેશનમાં ગુજરાત ઉપરાંત મુંબઈ અને વિદેશથી પણ પ્રતિનિધિઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. સ્થાનિક લોકોનો ઉત્સાહ અને ઉત્તર ગુજરાત જેવી નવીનવી યુનિવર્સિટીની યજમાનપદની સંતોષકારક જવાબદારી યુવાન કુલપતિ ડૉ. બલવન્ત જાનીની રાહબરી નીચે પ્રમાણાતાં હતાં.

અધિવેશનમાં ઉદ્ઘાટન બેઠક સહિત કુલ છ બેઠકો રાખવામાં આવી હતી. અધિવેશનનું ઉદ્ઘાટન શ્રી નિરંજન ભગતે તેમના ટૂંકા પણ મનનીય ઉદ્બોધનથી કર્યું હતું. પરિષદપ્રમુખ રઘુવીર ચૌધરીએ વિવિધ ભાષાની નવલકથાઓમાં 'પાત્રવિધાનના મહિમા પર મનનીય વાત કરી હતી. શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી ભગવતીકુમાર શર્માએ પણ પોતાના અંગત અનુભવોને આવરી લઈ પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં.

બીજી બેઠક સર્જનાત્મક સાહિત્યની હતી. નિબંધના સ્વરૂપની આ બેઠક જાણીતા નિબંધકાર ગુણવંત શાહની અધ્યક્ષતામાં મળી હતી. તેમણે પોતાના પ્રવચનમાં નિબંધસર્જકની હેસિયતથી પોતાની કેફિયત આપી હતી, જેમાં કેટલાક વિચારણીયં મુદ્દાઓ એમણે રજૂ કર્યા હતા. આ બેઠકમાં શ્રી મણિલાલ હ. પટેલ, શ્રી પ્રવીણ દરજી તથા શ્રી અમૃતલાલ વેગડે પોતાના નિબંધસર્જન અંગેની કેફિયતો રજૂ કરી હતી. શ્રી અમૃતલાલ વેગડે હળવી રીતે નિજી લાક્ષણિક શૈલીમાં પોતાની કેફિયત રજૂ કરી શ્રોતાઓને રસવિભોર કરી મૂક્યાં હતાં.

રાત્રિની આસ્વાદબેઠકમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિવિધ કૉલેજોએ કેટલાક રાસગરબા રજૂ કર્યા હતા તથા સ્વ. દર્શક, દિગીશ મહેતા અને યશવંત પંડ્યાનાં એકાંકીઓ રજૂ થયાં હતાં. આ બેઠકના અધ્યક્ષ શ્રી સતીશ વ્યાસે માર્મિક રીતે જણાવ્યું હતું કે એકાંકી સ્વરૂપને સજીવ રાખવામાં શાળા-મહાશાળાઓએ અત્યાર સુધીમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

બીજે દિવસે સવારે વિવેચન-સંશોધનની બેઠક આ નોંધ લખનારના અધ્યક્ષપદે મળી હતી. 'કવિતા અને અનુઆધુનિકતા' પરના અધ્યક્ષીય નિબંધવાચન પછી શ્રી વિજય શાસ્ત્રીએ વિવેચનમાં અંગત રુચિની સદૃષ્ટાંત સાધક-બાધક ચર્ચા કરતું વક્તવ્ય આપ્યું હતું. અન્ય અભ્યાસીઓ નીતિન વડગામા બિપિન આશર, કનૈયાલાલ ભટ્ટ આદિએ પોતાના વ્યક્તવ્યના ટૂંકા મુદ્દાઓ રજૂ કર્યા હતા. ડૉ. જગદીશ દવેએ ગુજરાતી ન જાણનાર બાળકોને વિદેશમાં ગુજરાતી ભાષા કેવી રીતે શીખવી શકાય છે તેનો નમૂનેદાર આલેખ રજૂ કર્યો હતો.

તે દિવસની બીજી બેઠક ડૉ. કુમારપાળ દેસાઈના હેમચંદ્રાચાર્યના પ્રદાનની મહત્તાનો ચિતાર આપતા અધ્યક્ષીય વ્યાખ્યાનથી આરંભાઈ હતી. રૂપાબહેન ચાવડા અને કાનજીભાઈ પટેલે હેમચંદ્રના ગ્રંથો વિષયક દસ્તાવેજીકરણ પૂરું પાડ્યું હતું. તો ડૉ. વસંત ભટ્ટે હેમચંદ્રાચાર્યની વ્યાકરણવિષયક પરંપરાને પૂર્વાપર સંબંધથી શાસ્ત્રીય શિસ્તપૂર્વક પણ સરળ શૈલીમાં ચર્ચી હતી.

તે દિવસની અંતિમ બેઠક, આ વર્ષ આંતરરાષ્ટ્રિય પુસ્તકવર્ષ હોવાથી, 'વીસમી સદી : પુસ્તકની પાંખે' એ વિષે રાખવામાં આવી હતી. વર્ષા દાસની અધ્યક્ષતામાં તેમણે તથા તુષાર ભટ્ટ આદિએ આ સમયગાળામાં પુસ્તકો સામેના પડકારની અને તેના મહિમાની રજૂઆત કરી હતી.

આ બીજા દિવસે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બલવન્ત જાનીને એમના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંના પ્રદાનને અનુલક્ષીને શ્રી કુમારપાળ દેસાઈને હસ્તે 'હેમચંદ્રાચાર્ય ચંદ્રક'નું પ્રદાન કરાયું હતું.

સમગ્ર અધિવેશનમાં ઉત્સાહ અને આનંદ વર્તાતા હતા. -ધી.પ.

અવલોકન

શરદ જોશીના હાસ્ય નિબંધો ગુજરાતીમાં

સાહિત્યમાં હાસ્ય-વ્યંગને શબ્દ દ્વારા નિષ્પન્ન કરવાનું કામ કપરું છે. કદાચ સ્થૂળ હાસ્ય તો નિપજી આવે, પણ સૂક્ષ્મ હાસ્ય દ્વારા વાચકને વિચારતા કરી મૂકે એવું ગર્ભિત હાસ્યકટાક્ષ સાથેનું સાહિત્ય વિરલ છે. હિન્દી સાહિત્યના હાસ્ય-વ્યંગકારોમાં શરદ જોશીનું નામ આદરથી લેવાય છે. એમના સર્જનમાં વર્તમાન સમાજ અને પરિસ્થિતિ પ્રત્યેનો કટાક્ષ સહજ રીતે પ્રગટ થતો રહે છે. ગુજરાતી સર્જક મહેશ દવેએ શરદ જોશીના 'જાદુકી સરકાર' અને બીજા હાસ્ય નિબંધ સંગ્રહોમાંથી મળીને કુલ ૩૫ હાસ્યલેખો પસંદ કરીને તેનો ગુજરાતી અનુવાદ 'હાસ્ય શરદની સાથે' આપ્યો છે. શરદ જોશીએ સાંપ્રત સ્થિતિ, સમાજ, શિક્ષણ, રાજકારણ, ધર્મ, રમતગમત, લાંચ, ભ્રષ્ટાચાર વગેરે વિષયો ઉપર કલમ ચલાવી છે. મહેશ દવેએ મૂળ લેખોને સરળ ગુજરાતીમાં

ઉતારવાનો પુરુષાર્થ કર્યો છે. અનુવાદકે નોંધ્યું છે તેમ 'હાસ્યનો અનુવાદ ન થઈ શકે, મૂળની સોડમ અનુવાદમાં ન આવે એ કદાચ સાચું હશે, પણ અનુવાદ કરવાનું દુઃસાહસ કરવાનો ગુનો કબૂલ કરું છું.'

અનુવાદમાં પ્રવેશતાં જ છઠ્ઠા લેખની વાત કરીએ. રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે ઘણાખરા હાસ્યકારોએ તેમને પોતાની કલમ વડે રમૂજનું પાત્ર બનાવ્યા હતા. શરદ જોશીએ 'પાની કી સમસ્યા' હાસ્યલેખમાં પાયલટમાંથી પોલિટિશિયન બનેલા રાજીવ ગાંધીના રાજકીય ભોળપણ અને દેશના સાંપ્રત પ્રત્યેની અજ્ઞાનતા છતાં કર્યાં હતાં. મૂળ લેખ જેવી સચોટતા અનુવાદમાં ન જ આવી શકે એની પ્રતીતિ આ લેખના અનુવાદ 'જાસંકટ'ના અંતે થયા વિના રહેતી નથી. રાજીવ ગાંધીના તકિયા કલામ જેવા ભાષણમાં બોલાતા મૂળ હિન્દી શબ્દો 'હમેં દેખના હૈ..., હમે સોચના હૈ, હમને દેખા કિં,...' ગુજરાતી અનુવાદમાં ધારી અસર નિપજાવી શકે ? જુઓ : 'અમે જોઈશું કે તમારે માટલું ઉપાડવું ન પડે.' (પા. ૨૦) પંદરમો લેખ પણ અનુવાદકના અનુવાદકર્મની ઊણપોને છતી કરે છે. શીર્ષક છે : 'બે જોડાની કથા' લેખનું પ્રથમ વાક્ય જ આમ છે : 'જમણા પગના જોડાએ ડાબા પગના બૂટને પૂછ્યું' (પા. ૫૪) 'જોડા' શબ્દ વાપરવો કે 'બૂટ' શબ્દ વાપરવો ? એની વિમાસણમાં આવો વર્ણસંકર તાલ રચાય છે. એકંદરે, અનુવાદકનો અનુવાદશ્રમ એળે જાય છે એવું નિરાશાજનક વિધાન તો નહીં જ કરીએ. પણ, શરદ જોશી અને હિન્દી ભાષાને જાણનાર મહત્તમ ગુજરાતી વાચકને આ અનુવાદનું વાચન સંતોષ આપી શકશે કે કેમ એ પ્રશ્નાર્થ તો રહે જ છે. [હાસ્ય શરદની સાથે (હાસ્યનિબંધો) : લે. શરદ જોશી, અનુ. મહેશ દવે, પ્ર. ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., ૧૯૯-૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨, અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬, પ્ર.આ. ઑગસ્ટ, ૨૦૦૧, પૃ. ૧૪૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, કિં.રૂ. ૧૦૦.]

શેર-સુભાષિત દ્વારા જીવનને મૂલવવાનો દૃષ્ટિકોણ

જુદી-જુદી ભાષાના સાહિત્ય પાસે જિંદગીને નવી નજરે નિહાળવાની દૃષ્ટિ મળી રહે છે. એમાં ધર્મ-અધ્યાત્મના ગ્રંથોના નિચોડ જેવાં ઉપદેશવચનો-કાવ્યકંડિકાઓ પણ મળી રહે છે. કવિ-લેખક પ્રો. બકુલ રાવલ 'એક ટહુકાનું આભ' પુસ્તકમાં વિવિધ શેર-સુભાષિતો દ્વારા જીવનને મૂલવવાનો દૃષ્ટિકોણ રજૂ કરે છે. દરેક લેખ વિવેચનાત્મક ચિંતન-નિબંધ પ્રકારનો છે. આવા કુલ ૫૧ લેખ-નિબંધ આ પુસ્તકમાં સમાવવામાં આવ્યાં છે. બકુલ રાવલે અગાઉ આ જ તરાહનું પુસ્તક 'યાદોના મધુવન'માં આપેલું છે. અત્રે પ્રસ્તુત નિબંધોમાં ગુજરાતી, ઉર્દૂ, હિન્દી, સંસ્કૃત, અને અંગ્રેજી ભાષાસાહિત્યના શેર, સુભાષિત, શ્લોક, ભજન, ગીતની પંક્તિઓ ટાંકી-ટાંકીને લેખકે જીવન પ્રત્યેની ફિલસૂફી વ્યક્ત કરી છે, રજૂ કરી છે. અગાઉ આ તમામ લેખો મુંબઈના એક સાંધ્ય દૈનિકમાં કટારરૂપે પ્રગટ થઈ ચૂકેલા છે. બકુલ રાવલના અહીં પ્રસ્તુત દરેક લેખમાં ધાર્મિકતા, આસ્થા અને આધ્યામિકતાનો રણકો સંભળાયા વિના રહેતો નથી. દરેક લેખના આરંભે ટાંકેલી શેર-સુભાષિતની પંક્તિને જ લેખના શીર્ષક તરીકે મૂકવામાં આવી છે. લેખકની કલમ અને શૈલી નિરાળી છે. શેર-સુભાષિતોના આસ્વાદ તો આવે જ ! સાથે સાથે લેખોમાં ધર્મકથા, રામકથા, લોકકથા, કૃષ્ણકથા, ભાગવત્ કથા, સૂત્રકથા અને કિંવદંતીઓ, કહેવતો પણ આલેખાયેલી મળી આવે છે. કેટલાંક આસ્વાદ્ય ઉદાહરણો જોઈએ : (૧) કર્ણ અને દ્રોણના પુત્ર અશ્વત્થામાના કલહને વિષય બનાવીને મહાકવિ ભાસે પોતાના 'ભાસનાટ્યચક્ર'માં એક સંસ્કૃત એકાંકી આપ્યું છે, 'કર્ણ અને અશ્વત્થામાનો કલહ' તેમાં પેલો અશ્વત્થામા કર્ણને અપશબ્દો કહે છે : 'અરે રે રાધાગર્ભધારભૂતા, સુતપુત્ર વગેરે.' ત્યારે કર્ણનો જવાબ છે : 'હું સારથિ હોઉં કે સારથિપુત્ર હોઉં કે પછી ગમે તે હોઉં. જન્મ તો દૈવાધીન હોય છે, પણ પુરુષાર્થ તો મારા વશમાં છે. (પા. ૬૪) (૨) ભાગવતની એક કથા છે, વિરહમાં ઝૂરતી ગોપીઓને કૃષ્ણની સર્વ-વ્યાપકતાનો ઉપદેશ આપવા, પ્રેમઘેલી ગોપિકાઓને જ્ઞાનની ડાહી ડાહી વાતો કરવા માટે ઉદ્ધવજી ગોકુળમાં પધારે છે. મથુરાની વાટે શ્યામ સિધાવ્યા પછી વિરહાગ્નિમાં વ્યથિત ગોપીઓને મળવા અને સાંત્વન આપવા રથમાં બેસીને ઉદ્ધવજી આવે છે. દૂરથી રથને જોતાં જ ગોપીઓને થયું કે, અમારો શ્યામ પાછો ફરી રહ્યો છે. એટલે ઘેલી બનીને રથની સામે આવીને ઊભી રહી, પણ રથમાં તો કેવળ કૃષ્ણ સમા ઉદ્ધવ જ હતા. ગોપીઓ નિરાશ વદને પૂછે છે, 'અમારો શ્યામ ક્યાં છે ?' જ્ઞાનમાર્ગી જવાબ આપે છે : 'શ્યામ તો સર્વવ્યાપક છે, આસપાસ છે. અંતરમાં ડોકિયું કરો તો તમને ત્યાં પણ મળશે.' (પા. ૭૨)

[એક ટહુકાનું આભ : (વિવેચનાત્મક ચિંતનનિબંધો) લે. બકુલ રાવલ, પ્ર. રેવતી પ્રકાશન, ૧૧, ઉમેદવીલા, વિશ્વભારતી સોસાયટી, સી.ડી. બરફીવાલા માર્ગ (જુહુગલી), અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૮, પ્ર.આ. જુલાઈ, ૧૯૯૯, પૃ. ૧૫૦, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, કિં. રૂ. ૮૦.]


-દિનેશ દેસાઈ

પ્રાપ્તપ્રકાશનો

સખી (પ્રિય સખી નામની કટારમાં પ્રગટ થયેલા ઋતુકલ્પ અને શૃંગારથી હર્યાભર્યા પ્રેમપત્ર શૈલીના લેખો) લે. દિનેશ દેસાઈ, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ અને ગાંધીરોડ


સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



આજ અંધાર ખુશબોભર્યો લાગતો,
આજ સૌરભભરી રાત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી,
પમરતી પાથરી દે પથારી.

-પ્રહ્લાદ પારેખ



કદાચ કાલે હું નહીં હોઉં-
કાલે જો સૂરજ ઊગે તો કહેજો કે
મારી બિડાયેલી આંખમાં
એક આંસુ સૂકવવું બાકી છે.

-સુરેશ જોશી

અમદાવાદ-૧, ફૂલસ્કેપ ૧-૮ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૨૦૦.

અનુ.] અડકોદડકો [પૃ. ૪૪થી

માટે બિલકુલ તૈયાર હતાં. મનમાં મૃત્યુનો જરાય ભય નહોતો. માણસ ઘરડું થાય ત્યારે ન મરે તો ક્યારે મરે ? છેવટે દરેકને એક દિવસ તો મરવાનું હોય છે જ ને ! ડોશીને મરતાં પૂર્વે એકમાત્ર ફિકર ગવરીની હતી. તેમણે ફરીથી પોતાના પેલા દૂરના સગાને તેડાવ્યો. તેને કહ્યું, 'વચન આપ, કે મારા મરણ બાદ ગવરીને મારી જેમ જ સાચવશે. આ મારું ઘર-કોઢ બધુંય તને લખી દઉં છું. તું એ ભોગવજે ને ગવરીના મરતાં સુધી તું એને સાચવજે. તારે ગવરીને કોઈને ત્યાં ક્યારેય આપવાની નહીં.' પેલાએ ડોશીને વચન આપ્યું. ડોશીને ખૂબ સંતોષ થયો. પોતાના મરણ બાદ ગવરીને તકલીફ નહિ પડે એ વાતનો તેમને આનંદ હતો. ડોશીએ ત્યાર બાદ હમેશ માટે આંખો મીંચી દીધી.

જે દિવસે ડોશી ગુજરી ગયાં તે દિવસે ગવરીએ ન જરાયે ખાધું કે પાણી સુધ્ધાં ન પીધું. એ પછી પેલા સગાની પ્રેમભરી માવજતે એણે ખાવાપીવાનું શરૂ કર્યું. કેટલાક મહિને ગવરીએ સુંદર મજાના વાછરડીને જન્મ આપ્યો ત્યારે ગામનાં લોકો શ્રદ્ધાપૂર્વક કહેવા લાગ્યાં. આપણાં રાધા ડોશીએ જ આ ગવરીના પેટે અવતાર લીધો છે ! તેમને તો આ વાછરડીનું નામ પણ ડોશીના નામેનામ 'રાધા' જ રાખી દીધું ! ગવરીનેય 'રાધા' નામ ખૂબ ગમ્યું હશે; કેમ કે, જ્યારે કોઈ 'રાધા' નામથી એની વાછરડીને બોલાવે છે ત્યારે તે હવે ગળાની ઘંટડી રણકાવીને એનો ઊંડો ઊમળકો વ્યક્ત કરતી રહે છે... ❏

કોડાઈકૅનાલ
(દેશાટન-૩૬)



કોઈએ અહીંના માટે પર્યાપ્ત વર્ણન કર્યું છે કે કોડાઈકૅનાલ નગર પ્રાકૃતિક રહસ્યોથી ભરપૂર અને લીલોતરી રૂપી શાલથી આચ્છાદિત છે. અહીંનું કુદરતી સૌન્દર્ય આપણાં મનઃચક્ષુને આહ્લાદનો અનુભવ કરાવે છે. પશ્ચિમ ઘાટીનું આ હિલસ્ટેશન છે અને પાલાનીના પહાડોમાં ૩૧૩૩ મીટરની ઊંચાઈ પર આવેલું છે. તામિલનાડુના મદુરાઈ શહેરથી ફક્ત ૧૨૦ કિ.મી.દૂર કોડાઈ તળાવની ચારે તરફ વસેલા આ શહેરનું ક્ષેત્રફળ ૬૦ એકર છે. સર્વેયર હેન્રી લી વિંજ મારફત આ તળાવ ઈ. ૧૮૬૩માં બંધાએલું છે. આ તળાવમાં નૌકાવિહાર કરી શકાય છે. તળાવની નજીક 'બ્રાયન્ટ્સ પાર્ક' આવેલો છે જ્યાંનું કુદરતી સૌન્દર્ય મંત્રમુગ્ધ કરે છે. કાચની પેટીઓમાં ફૂલોની પાંચ જાતિઓ ઉગાડેલી છે જે જોઈ કોઈ પણ પ્રકૃતિપ્રેમી ત્યાંથી આસાનીથી ખસી શકતો નથી.

સીધા ચઢાણવાળો 'કોકર્સ વૉક' નામનો રસ્તો છે જ્યાંથી કોડાઈનો દક્ષિણ તરફનો વિશાળ સુંદર ભાગ દેખાય છે. બીજી તરફ ગ્રીન વેલી વ્યૂથી 'વયગઈ બંધ'નું સુંદર દૃશ્ય નજરે પડે છે. કોડાઈકૅનાલમાં ગાઢ વૃક્ષોથી ભરપૂર ઢાળવાળા રસ્તા છે. અહીં કરંજી નામનું વિશિષ્ટ વૃક્ષ થાય છે જે ૧૨ વર્ષે એક વાર રંગબેરંગી ફૂલોથી રસ્તાઓને શોભાયમાન કરે છે. પિલર રૉક્સ, મોર પૉઇન્ટ, સાયલન્ટ વેલી વ્યૂ, સૌર વેધશાળા, ચટ્ટિયાર પાર્ક, ટેલિસ્કોપ હાઉસ, પેરુમલ પાર્ક, કરંજી મંદિર, શોલા ફૉલ્સ, શેન બગાનૂર મ્યૂઝીઅમ વગેરે જોવાલાયક સ્થળો છે. શેન બગાનૂર મ્યૂઝીઅમમાં ઑર્કિડ્સની ૩૦૦થી વધુ જાતિઓ જોવા મળે છે. ('યોગક્ષેમ'ને આધારે)





ક્ષણ હસવું, ક્ષણ રડવું,
પૃથ્વી વિણ ક્યાં જડવું ?
સ્વર્ગ મહીં નહીં, અહીં સુખદુઃખે જનમ જનમ રે જીવું;
પાય જગત જે, હસતે મુખે સકલ હોંશથી પીવું,
કંઈ મીઠું, કંઈ કડવું !

-નિરંજન ભગત

સદાબહાર ફિલ્મ-અભિનેતા અશોકકુમારનું નિધન

સતત સાત દાયકા સુધી અનેક વિવિધ પાત્રો દ્વારા, પોતાની આગવી અદાથી વિખ્યાત બનનાર જાણીતા ફિલ્મ કલાકાર અશોકકુમારનું ચૅમ્બુર (મુંબઈ)સ્થિત તેમના નિવાસ સ્થાને ૯૧ વર્ષની ઉંમરે તા. ૧૦મી ડિસેમ્બર ૨૦૦૧ને સોમવારે બપોરે ૨-૩૦ વાગ્યે અવસાન થયું. અશોકકુમાર મુંબઈની જૂની પેઢીના ફિલ્મ-અભિનેતા હતા. તેમનો જન્મ ઈ. ૧૯૧૧ની ૧૩મી ઑક્ટોબરે બિહારમાં આવેલા ભાગલપુર ગામમાં પિતાશ્રી ખેન્તીલાલ ગાંગુલી અને માતા ગૌરીરાણીને ત્યાં થયો હતો. પિતાએ તેમનું નામ કુમુદલાલ રાખ્યું હતું અને તે પછીના બે ભાઈ જેમનાં નામ કિશોર અને કલ્યાણ તથા એક બહેન સતી રાણી હતાં. બંગાળના અમાઠી બ્રાહ્મણ કુટુંબના પિતાનો વ્યવસાય જમીનદારીનો હતો, ઉપરાંત એ સમયના તેઓ પ્રસિદ્ધ વકીલ હતા તથા બ્રિટિશ શાસનકાળમાં મૅજિસ્ટ્રેટ હતા. તેમનાં માતા ગૌરીરાણી અંગ્રેજી શીખનારી પહેલી ભારતીય મહિલાઓ પૈકીનાં એક હતાં. પિતાની ઇચ્છા કુમુદલાલને (અશોકકુમારને) ભારતના ચીફ જસ્ટીસ બનાવવાની હતી.

ખેન્તીલાલના પૂર્વજો-કુટુંબીઓ અગાઉ મધ્યપ્રદેશના ખંડવામાં સ્થાયી થયા હોઈ અશોકકુમારનો ઉછેર ખંડવામાં થાય છે. પ્રાથમિક શિક્ષણ પૂરું કરી અશોકકુમાર જબલપુરની રૉબર્ટસન કૉલેજમાં દાખલ થાય છે અને વિજ્ઞાન શાખાના સ્નાતકની



ડિગ્રી મેળવે છે. પિતા અશોકકુમારને કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરવા કોલકાતા મોકલે છે. કોલકાતામાં ઈ. ૧૯૩૪માં કાયદાનો અભ્યાસ કરતાં કરતાં અવારનવાર ફિલ્મો જોવા જાય છે. અને અશોકકુમાર પર સિનેમાની ઘેરી અસર પડે છે - ફિલ્મોના નિર્માણ કાર્ય તરફ અને લૅબોરેટરી કાર્ય તરફ તેમનું મન આકર્ષાય છે અને ઈ. ૧૯૩૬માં અશોકકુમાર કોલકાતા છોડીને મુંબઈ આવી જાય છે. ત્રણે ભાઈઓની એકની એક બહેન સતી રાણી શશધર મુખર્જીને પરણ્યાં હતાં. એ શશધર મુખર્જીએ સ્થાપેલા ફિલ્માલય સ્ટૂડિઓની

લૅબોરેટરીમાં કુમુદ ગાંગુલી આસિસ્ટન્ટ કૅમરામૅન તરીકે જોડાય છે.

હવે એ સમયે બૉમ્બે ટૉકીઝના હિમાંશુ રૉય સાથે કુમુદ ગાંગુલીની મુલાકાત થાય છે. હિમાંશુ રૉય 'જીવનનૈયા' નામની ફિલ્મ બનાવી રહ્યા હતા ત્યારે તેમનો કાયમનો ઍક્ટર નજમલ હુસેન શૂટિંગ પર આવતો નથી અને તેમનાથી વિરોધમાં જાય છે અને તેથી હિમાંશુ રૉય પોતાની ફિલ્મ 'જીવનનૈયા' માટે કુમુદ ગાંગુલીને અભિનેતા તરીકે પસંદ કરે છે. આ ફિલ્મની હિરોઇન દેવિકારાણી કુમુદ ગાંગુલી તરફ તિરસ્કૃત નજરે જોવા લાગી અને કુમુદ ગાંગુલીને એવું સંભળાવી દે છે કે તે દેખાવે શ્યામ, ઓછો દેખાવડો, જડબું ઘણું મોટું છે અને ક્યારેય મોટો હિરો નહીં બની શકે. આ ટોણાથી કુમુદ ગાંગુલી હતાશ ન થતાં સારા તેજસ્વી અભિનેતા બનવાનો મનથી નિશ્ચય કરે છે અને સંઘર્ષ ચાલુ રાખે છે. ત્યારે તે પોતાનું નામ બદલીને 'અશોકકુમાર' રાખે છે. ઈ.સ. ૧૯૩૬માં તૈયાર થયેલું 'જીવનનૈયા' ચિત્ર ઘણું સફળ રહ્યું. ઈ. ૧૯૩૭માં હિમાંશુ રૉયનું ક્રાંતિકારી ચિત્ર 'અછૂત કન્યા' આવ્યું. દેવિકારાણી સાથે અશોકકુમારની આ બીજી ફિલ્મ હતી. આ ફિલ્મની વાર્તા નિરંજન પાલની 'ધ લેવલ ક્રૉસિંગ' પર આધારિત હતી. વાર્તા ક્રાંતિકારી હતી અને ચિત્રપટ દ્વારા રજૂ કરવાની કોઈ ડિરેક્ટર હિંમત કરી શકે નહીં તેવી હતી. પરંતુ ફિલ્મ રજૂ થતાં ભારતની જનતાએ એ ફિલ્મની વાર્તાનાં અને હિરો-હિરોઇનની અદાકારીનાં ભરપેટ વખાણ કર્યાં. એક બ્રાહ્મણ યુવક અને હરિજન કન્યા વચ્ચેના પ્રણયની એ વાર્તા હતી, જે એ જમાનાનાં રૂઢિચુસ્તોને અણગમતી વાત હતી. આ ફિલ્મમાં બ્રાહ્મણ યુવાનની અદાકારીમાં અશોકકુમારે કરેલા લાજવાબ અભિનયથી અશોકકુમાર આખા ભારતમાં ઘેર ઘેર જાણીતા થઈ ગયા અને કુશળ અભિનેતા તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી, ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાનો ચઢતા રહ્યા. 'ઇજ્જત', 'સાવિત્રી', અને 'નિર્મળા' જેવી ફિલ્મોમાં દેવિકારાણી સાથેના અશોકકુમારના અભિનયથી અશોકકુમાર લોકો માટે સુપરહિરો બની જાય છે. દેવિકારાણી સાથે તેમનાં છ ચિત્રો આવ્યાં, એ છએ ચિત્રોએ ટિકિટબારી પર ઘણી કમાણી કરાવી આપી.

બૉમ્બે ટોકીઝના 'કિસ્મત' ચિત્રે તો અશોકકુમારની અભિનયકલામાં એકદમ પરિવર્તન લાવી દીધું. બૉમ્બે ટોકીઝનું તેમનું આ છેલ્લું ચિત્ર હતું. અત્યાર સુધી ઝભ્ભા-ધોતિયામાં રહેતા અશોકકુમાર 'કિસ્મત'માં ખિસ્સાકાતરું બન્યા. પંજાબી-ટાઇપ લેંઘો, સાફો, શર્ટ અને કોટના પહેરવેશમાં સિગારેટ પીતા અશોકકુમારને જોતાં જ પ્રેક્ષકો એકદમ ખુશખુશાલ થઈ જતાં. 'કિસ્મત' ફિલ્મમાં હિરોઇન હતી મુમતાઝ શાંતિ. આ ફિલ્મ લગભગ બે વર્ષ સુધી ચાલેલી અને વધુ ચાલનારી ફિલ્મોમાં 'કિસ્મત'નું નામ ગણાતું.

એ સમયે દરેક અભિનેતા પોતાનાં ગીતો પોતાના અવાજમાં જ ગાતો. પાર્શ્વ ગાયકની પ્રથા નહોતી. અશોકકુમારે ગાયેલાં ગીતો એ સમયની પેઢીનાં દર્શકો આજે પણ ભૂલ્યા નથી. 'બંધન' ચિત્રનું 'ચલ ચલ રે નૌજવાન', 'ઝુલા' ચિત્રનું 'ન જાને કીધર આજ મેરી નાવ ચલી રે', વગેરે લોકપ્રિય થયાં છે. 'કિસ્મત' ચિત્રમાં અશોકકુમારે ગાયેલું 'ધીરે ધીરે આરે બાલમ' ગીત પ્રશંસા પામેલું. ૧૯૪૦થી ૧૯૬૦ દરમ્યાનના બે દાયકા અશોકકુમારનો સુવર્ણકાળ હતો. તે સમયના યુવાનો કેશકલાથી માંડીને સિગારેટ પીવાની, ચાલવાની વગેરે રીતિઓમાં અશોકકુમારની નકલ કરતા હતા. અશોકકુમારે ઘણી ઓછી ફિલ્મોમાં કૉમેડિનો રોલ કર્યો છે, પણ તેમના નિત્ય મુક્ત હાસ્યથી સર્વત્ર આવકારપાત્ર બન્યા હતા. મધુબાલા સાથેની 'મહલ' અને બંને નાનાભાઈ કિશોરકુમાર તથા અનુપકુમાર સાથે અશોકકુમારને અને મધુબાલાને એકસાથે દર્શાવતી ફિલ્મ 'ચલતી કા નામ ગાડી' આજે પણ સિનેમાના ઈતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે.

અશોકકુમારે ઉંમર વધતાં ૧૯૮૦ બાદ ધીમે ધીમે કામ કરવાનું ઓછું કરી દીધું હતું અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 'દાદામુનિ'ના નામથી સર્વત્ર ઓળખાવા લાગ્યા અને બોલીવુડના ભીષ્મ પિતામહ ગણાવા લાગ્યા. અશોકકુમારે જૂની શ્વેત-શ્યામ ફિલ્મોથી માંડી આધુનિક ટી.વી. સિરીઅલોમાં પોતાના અભિનયથી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. લગભગ ૨૨૫થી ઉપરાંત ફિલ્મોમાં એમણે અભિનય કર્યો હતો. અભિનય ઉપરાંત અશોકકુમાર જ્યોતિષવિદ્યા તથા હોમિયોપેથિક દવાઓના પણ સારા અભ્યાસી હતા. એમની દવાથી ઘણાઓ સાજા થયેલા છે અને કોઈ પણ બીમારી માટે તેમની પાસે તેનો ઇલાજ તૈયાર હોય જ. વળી, તેમની માતૃભાષા બંગાળી ઉપરાંત સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ, પર્શિયન ભાષાઓની પણ સારી જાણકારી હતી.

તેમને અનેક ઍવૉર્ડ મળ્યા છે, જેમાં મુખ્ય છે ૧૯૬૯માં 'આશીર્વાદ' ફિલ્મ માટે રાષ્ટ્રિય પારિતોષિક પ્રાપ્ત કરેલું તે, અને ફિલ્મ ઉદ્યોગમાં ૬૨ વર્ષનું યોગદાન આપવા માટે લાઇફ ટાઇમ અચિવમેન્ટ ઍવૉર્ડ અર્પણ કરાયો હતો. શ્રેષ્ઠ અભિનેતા તરીકેનો ૧૯૮૦નો સંગીત-નાટક અકાદમીનો પુરસ્કાર મળેલો. ભારત સરકારે એમને એમના અભિનય કૌશલ માટે 'પદ્મશ્રી'નો ખિતાબ આપેલો અને ૧૯૮૮નો પ્રતિષ્ઠિત સર્વોચ્ચ દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ એમને એનાયત કરીને બહુમાન કરાયું હતું. ૯૧ વર્ષે જીવનને અલવિદા કરવાનું આવે એ કંઈ અચાનક કે અનપેક્ષિત નથી, છતાં દાદામુનિની બાબતમાં એક વાત એ છે કે એમની ચિરંજીવ ફિલ્મો થકી એ હમેશ આપણી સાથે રહેશે. -કા.વ. રામી

વાલોળ

વાલોળની ત્રણચાર જાતો છે : શિંબી, પુસ્તશિંબી અને પુસ્તકશિંબિકા. આટલાં સફેદ વાલોળનાં સંસ્કૃત નામ છે. આ સંસ્કૃત નામોમાં ઋષિઓની જ્ઞાન, કલા તથા મનોરંજનાનંદની સદ્ભાવના અને પ્રકૃતિની-ઈશની કલા પ્રત્યે અહોભાવ દર્શાવવાની દૃષ્ટિ રહેલી છે. શીંગનું રૂપ છે એટલે શિંલી, એક જાતની કલાકૃતિ, આકર્ષક સુંદર કલારૂપે વાલોળના વેલાને વળગીને ઝૂલતી હોય છે એટલે પુસ્તશિંબી અને એકસાથે પંદર સત્તર શિંગો પુસ્તકના પાનાની જેમ ઝૂમખાં રૂપે વેલાને વળગેલી હોય છે તેનું રૂપ પુસ્તક જેવું લાગે છે એટલે પુસ્તક શિંબિકા.

ત્રીજી કાળી વાલોળ પણ થાય છે તેની શિંગો ભૂંડ જેવી કાળી હોય છે એટલે કોલશિંબીકા - કાળી વાલોળ. પર્યંકપટ્ટિકા એટલે જે વાલોળ પલંગની પાટી જેવી હોય છે તે પાટી જેવી પાપડી વાલોળ. આમ, વાલોળની ત્રણચાર જાત છે. તેના લાંબા વેલા થાય છે. ખેડૂતો વાડીમાં શેરડીના વાડ ફરતા એરંડા વાવે છે અને સાથે વાલોળનાં બીજ પણ રોપી દે છે. એરંડા વધીને મોટાં ઝાડ થાય છે, અને વાલોળના વેલા વધીને એરંડાના વેલાને વીંટળાય છે.

એરંડાનાં પીળાં ફૂલ અને મોટાં મોટાં રાખોડી રંગનાં પાન હોય છે તેને વીંટળાયેલી વાલોળના વેલામાં ત્રિદળ પાન થાય છે. એરંડામાં રાખોડી રંગનાં તેજસ્વી લીલાં ફળો લાગે છે તેનું લાકડું પણ સ્હેજ પીળાશ પડતું લીલું હોય છે અને વાલોળનો વેલો એકદમ લીલો, પાન પણ લીલાં, તેનાં ફૂલો સફેદ.

વાલોળ શિયાળાનું ખાસ શાક છે. વાલોળ શરૂ થઈ ગઈ છે અને લોકો વાલોળ, રીંગણાં, મેથી જેવા મીઠાં કડવાં-તૂરાં રસયુક્ત શાકભાજીનું મિશ્ર શાક ખાય છે.

સફેદ વાલોળ રસમાં મીઠી, કંઈક તૂરી, ઠંડી, પાચનમાં ભારે, બળ આપનારી, કંઈક દાહ કરનારી, કફકારક હોઈ વાયુ તથા પિત્તને મટાડે છે. કાળી વાલોળ પચવામાં ભારે, ગરમ, કફ તથા પિત્ત કરનાર, અત્યંત રુચિકારક, જઠરાગ્નિને ઘટાડનારી તથા તૂરી હોઈ મળને બાંધનારી છે.

ખાસ કરીને વાલોળનો સ્વતંત્ર શાકરૂપે ઉપયોગ થાય છે અને બપોરના કે સાંજના જમણ વખતે તેનું શાક બનાવીને લોકો ખાય છે. એકંદર વાલોળ કઠોળ જેવી, અડદની જેમ પૌષ્ટિક છે એટલે શિયાળામાં જેમ આખા અડદનું શાક કે અડદની દાળ ખાવાથી શરીરને બળ મળે છે તે પ્રકારે વાલોળ પણ શક્તિનો સંગ્રહ કરાવનારી છે. વઘાર તથા મસાલા નાખવાથી શાકભાજીમાં થોડોઘણો દુર્ગણ હોય છે તે લગભગ દૂર થઈ જાય છે અને તેમાં સત્ત્વગુણ વધે છે. જેથી સ્વાદને લીધે ઓછોવધુ ખવાયેલો આહાર પણ સહેલાઈથી પચી જાય છે. -વૈદ્ય રમણીકલાલ ઠાકર

જૂની આંખે નવા યુગની છબી

હાલમાં વિશ્વભરમાં વરિષ્ઠ નાગરિક દિનની ઊજવણી થઈ ત્યારે મુંબઈ મહાનગરપાલિકાના મેયર શ્રી હરેશ્વર પાટીલે એક નૂતન કાર્યક્રમ યોજ્યો. મુંબઈના શતાયુષી નાગરિકોને ઘેર જઈ તેમની મુલાકાત લઈને તેમનું સન્માન કર્યું. તે નાગરિકો હતાં



શતાયુષી ડાબી બાજુથી પ્રમિલા પાંડુરંગ શેલાર, કડવીબાઇ ડાહ્યાભાઈ સોલંકી મોતીબાઈ જીવા દેવલીઆ, મંગેશ પરશુરામ નાબર

શ્રીમતી પ્રમિલા પાંડુરંગ શેલાર, કડવીબાઈ ડાહ્યાભાઈ સોલંકી, મોતીબાઈ જીવા દેવલિયા તથા શ્રી મંગેશ પરશુરામ નાબર. એ નાગરિકોએ મેયરને પોતાની વીતેલી જિંદગીનાં સ્મરણો કહ્યાં હતાં. મહદંશે તેઓ કહેતાં હતાં : જે જીવન જીવવાનું હતું તે અમે જીવ્યાં. હવે મનમાં કોઈ ઇચ્છા બાકી રહી નથી. બદલાતા સમયને અનુકૂળ થઈને અમે જીવન વીતાવ્યું. પણ પલટાયેલા સમયની છબી બહુ માફક આવે તેવી નથી. અત્યારના લોકોમાં આત્મીયતા રહી નથી. સંબંધો સ્વાર્થી થઈ ગયા છે અને પ્રેમભાવ ઓછો થઈ ગયો છે.

એ પૈકી ૧૦૭ વર્ષનાં મોતીબાઈ જીવા દેવલિયા તો સાત વર્ષની વયે મુંબઈ આવી ઘરકામ કરીને ગુજરાન કરતી હતી. ૧૯૩૯માં પતિ દેવલોક પામ્યો. એણે પાંચ પુત્ર ને બે પુત્રીનું કુટુંબ ઘરકામ કરીને નિભાવ્યું. આજેય પોતાના ઘરનું કામ જાતે જ કરે છે. એની મોટી બહેનની પુત્રવધૂ કડવીબાઈ પણ ૧૦૧ વર્ષની છે.

૧૦૭ વર્ષની વયની શ્રીમતી પ્રમિલા શેલાર આજેય પરાવલંબી જીવન નથી વીતાવતી. તે ઘણું કરવાની તમન્ના ધરાવે છે. પણ ઢળતી વયને લીધે એની ઇચ્છા બર નથી આવતી. એની વિચાર-સ્મરણ-શક્તિ ઓછી થવા પામી છે, પણ મનોબળ સારું ધરાવે છે.

સો વર્ષની વયના શ્રી મંગેશ નાબર હાલ અખબારો વાંચીને તથા ટી.વી નિહાળીને પોતાનો સમય વીતાવે છે અને રોજિંદા તાજા બનાવોની ચર્ચા કરવાનો રસ ધરાવે છે. એમના મત મુજબ આજકાલના નેતા એ અગાઉના નેતાઓ જેવા સેવાભાવી રહ્યા નથી.

આ સઘળા વરિષ્ઠ નાગરિકો આધુનિક યુગમાં માનવતા

ઘટવાને કારણે નારાજ છે. આઝાદી પછીના જીવનનું બદલાયેલું રૂપ તેમને પસંદ નથી. લોકોમાં પરસ્પર વધેલાં અંતર ને વધેલા સ્વાર્થભાવથી તેઓ ચિંતાતુર છે. આજે વડીલોને આદર નથી, અતિથિઓનો સત્કાર નથી, નાના પ્રત્યે વત્સલ-લાડભાવ નથી. તહેવાર-પ્રસંગે એકઠા થઈ તેની ઊજવણી કરવાનો ભ્રાતૃભાવ નથી. પરસ્પરને નિસ્વાર્થભાવે મદદરૂપ થવાની ભાવના નથી. અન્યના સુખમાં સુખી ને દુ:ખમાં દુખી થવાની વૃત્તિ નથી, 'હું ને મારી વહુ તેમાં સમાયું સહુ' જેવી સંકુચિત વૃત્તિ આજે લોકોમાં વધી ગઈ છે. આવી બધી બાબતોથી આ જ્યેષ્ઠ નાગરિકો વ્યથિત છે ને તેવા ઉદ્‌ગાર તેમણે મુલાકાતમાં મેયર સમક્ષ કાઢ્યા હતા. આ છે જૂની આંખે નવા યુગની છબી. -ધર્મેન્દ્ર માસ્તર

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૫૩થી

વૈશ્વિક સ્પર્ધા માટે 'કેન્સ ફિલ્મ ફેસ્ટિવલ'માં બર્લિન મોકલી. બસ ! પછી તો આપણા દેશમાં હંમેશાં બનતું આવ્યું છે તેમ પુરસ્કાર, એવૉર્ડ અને પરદેશમાં ખ્યાતિ મળ્યા બાદ લોકોની લાઈનો લાગી જાય છે તેમ, સત્યજિત રાય માટે પણ બન્યું. એક પ્રખર નિર્દેશક અને ફિલ્મ નિર્માતા તરીકે તેમનું નામ ભારતમાં જાણીતું થઈ ગયું.

શ્રી સત્યજિત રાયની ફિલ્મોમાં, 'પાથેર પાંચાલી' સન ૧૯૫૫થી સને ૧૯૭૦ સુધીમાં અપરાજિતા, પારસપાથાર, જલસાઘર, અપૂર સંસાર, દેવી, ટાગોર, તીન કન્યા, કંચનજંઘા, અભિજાત, મહાનગર, ચારુલતા, કાપુરુષ-ઓ-મહાપુરુષ, નાયક, ચીડિયાખાના, અરણ્યેર દિનરાત્રિ, પ્રતિદ્વંદ્વી, ગણશત્રુ વગેરે સાથે થોડીક ડોક્યુમેન્ટરી પણ પ્રશંસનીય છે. તેમની ત્રીચિત્રાવલી પાથેર પાંચાલી, અપરાજિતા અને અપુર સંસારે ઘણાબધા ઍવૉર્ડ્ઝ મેળવ્યા. જલસાઘર'માં તેમણે જાણીતાં ગઝલગાયિકા બેગમ અખ્તરને ગઝલ ગાતાં ફિલ્મમાં રજૂ કર્યાં તેમજ છબી વિશ્વાસને એક મૃતપ્રાય થતા જતા જમીનદારના પાત્રમાં અદ્‌ભુત રીતે રજૂ કર્યા છે, 'મહાનગર' ફિલ્મમાં કલકત્તાની રોજનીશી દર્શાવી છે

'અરણ્યેર દિન- રાત્રિ'માં સાંથાલ લોકોનું જીવન દર્શાવ્યું જ્યારે 'દેવી' ફિલ્મમાં બંગાળના રીત-રિવાજોને વાચા આપી છે. તેઓ પોતાની ફિલ્મમાં નિર્દેશન ઉપરાંત કથા-પટકથા, સંગીત, ફોટોગ્રાફી, પોસ્ટર-ડિઝાઈન, સેટ-ડિઝાઈન ઉપરાંત કલાકાર પાત્રોના પહેરવેશના સ્કેચ પણ કરતા. ફિલ્મને શક્ય તેટલી પરિપૂર્ણ કરવામાં અથાક પરિશ્રમ લેતા.

સત્યજિતની જીવનકથાને આલેખતું જેમાં લેખિકા મેરી સીટોનનું 'પોર્ટ્રેટ ઑફ અ ડિરેક્ટર' ખૂબ જ સુંદર છે. સન ૧૯૯૧માં તેમને જીવનપર્યન્તની ફિલ્મ- સર્જનની સિદ્ધિ બદલ હોલીવુડનો 'ઑસ્કાર' ઍવૉર્ડ એનાયત થયો. સને ૧૯૯૨માં જીવનના છેલ્લા કાળ દરમ્યાન 'ભારતરત્ન'થી સત્કારવામાં આવ્યા.

અંતમાં એટલું કહી શકાય કે સત્યજિત રાયે કરાવ્યું તેવું ફિલ્મદર્શન કરાવનારા ઓછા થઈ ગયા છે. ફિલ્મોને કલાત્મક કૃતિઓનું સ્થાન અપાવનાર નિર્દેશક-કલાકાર સત્યજિત રાય આજે આપણી વચ્ચે નથી છતાં આમાર ભાલો બાશા, નોમોસ્કાર હોબે.

-ગજેન્દ્ર શાહ

> તજત અમિય ઉપદેશ ગુરુ, ભજત વિષય વિષખાન;
> ચંદ્રકિરિણિ ધોખે પયસ, ચાટત જિમ શઠ શ્વાન.
>
> —તુલસી

વિખ્યાત મરાઠી નવલકથાકાર હરિનારાયણ આપ્ટે વિધુર થતાં તેમણે રસોઈ માટે એક સેવાભાવી બહેનને રસોઈ કરવા માટે રાખી હતી અને એ બહેનની પાંચ-છ વર્ષની દીકરીને પોતાની સાથે જ જમવા બેસાડતા. એક વખત એક મહેમાને આ જોતાં આપ્ટેજીને પૂછ્યું, 'આપનાં સદ્‌ગત પત્નીની આ પુત્રી હશે, નહિ ?' ઉદારદિલ આપ્ટેજી બોલ્યા : 'ના ભાઈ, આ તો મારી ભાણેજ છે.'

*

ગણિતગમ્મત : ૯ના અંકની કરામત


ગમે તેટલા આંકડાની સંખ્યા લો. તે દરેક આંકડાનું અંતિમ યોગફળ જે આવશે તે જ અંતિમ યોગફળ તે મૂળ સંખ્યામાં આરંભે, અંતે કે વચ્ચે ક્યાંય પણ ૯નો અંક મૂકશો તો આવશે :

૧૫૪૨૧૮૬૨=૧+૫+૪+૨+૧+૮+૬+૨
= ૨૯ = ૨+૯ = ૧૧
હવે ૧૫૪૨૯૧૮૬૨=૧+૫+૪+૨+૯+૧+૮+૬+૨
=૩૮ : ૩+૮ = ૧૧

-લલિત શાહ

*

ઈસ્લામ ધર્મમાં મૂર્તિપૂજાનો નિષેધ હોવા છતાં, મહમંદ ઘોરીએ સુવર્ણમ્હોર ઉપર લક્ષ્મીજીનું ચિત્ર અને નાગરી લિપિમાં તેનો પરિચય છાપ્યો હતો.



દીવો આકારમાં દીવો શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

> जो चिंतेइ ण वंकं ण कुणादि वंकं ण जंपदे वंकं
> णय गोवदि णियदोसं अज्जव धम्मो हवे तस्य ॥
>
> જે મનથી વક્ર ચિંતન નથી કરતા, કુટિલતાયુક્ત વક્ર કાર્ય નથી કરતા, વક્ર બોલતા નથી તથા પોતાના દોષોને ગોપવતા નથી એ આર્જવ ધર્મને પામે છે.

૧૯૯૭ના રાષ્ટ્રિય આહાર સંશોધન મુજબ ભારતના ૨૯ ટકા લોકો શાકાહારી છે. જોકે શાકાહારી હોવાનું આ પ્રમાણ દરેક પ્રદેશમાં જુદું છે. ઉત્તર ભારતમાં ૪૭ ટકા, પશ્ચિમ ભારતમાં ૪૨ ટકા, દક્ષિણ ભારતમાં ૧૪ ટકા અને પૂર્વ ભારતમાં ૮ ટકા લોકો શાકાહારી છે.

*

યુઝ ઍન્ડ થ્રોની આ સંસ્કૃતિમાં હવે ડિસ્પોઝેબલ સેલ ફોન આવી રહ્યા છે. એક ક્રેડિટ કાર્ડ જેટલું વજન અને દેખાવ ધરાવતા આ સેલફોન કોઈ પણ દુકાનેથી ખરીદી શકાશે અને જ્યાં સુધી એમાં ફીડ કરેલા પૈસા પૂરા નહિ થાય ત્યાં સુધી વાપરી શકાશે. ૪૧ વર્ષની રૈનડિકા લીજા આલ્ટશુલે આની શોધ કરી છે.

*

જર્મન વિચારક શોપનહોરની માતા નવલકથા લખતી. જર્મન કવિ ગટેએ કહ્યું કે શોપનહોર તેમની મા કરતાં વધારે પ્રખ્યાત થશે. આથી બંને વચ્ચે થયેલ ઝઘડામાં શોપનહોરે માતાને ધક્કો મારતાં માતા નિસરણી પરથી ગબડી પડી અને પગ ભાંગી બેઠી હતી.

*

ઓરિઝટેલસ્ટોવ : અત્યાર સુધી આપણે જે વૃક્ષો જોયાં તે માત્ર જીવજંતુ કે માખી-પતંગિયાનાં ભક્ષણ કરનારાં હતાં. પરંતુ તાસ્માનિયાનાં પશ્ચિમનાં જંગલોમાં 'ઓરિઝટેલસ્ટોવ' નામનું એક વૃક્ષ થાય છે જે માણસનો શિકાર કરે છે. તેની નજીકથી પસાર થતા કોઈ પણ માણસને તે એટલી ઝડપથી પકડી લે છે કે બીજા કોઈની મદદનો અવકાશ પણ રહેતો નથી. વળી, તેની બાજુમાંથી કોઈ વ્યક્તિ દોડતા ઘોડા ઉપર જાય તો પણ તે વૃક્ષ તેને પોતાની ડાળીઓના ફંદામાં જકડી લે છે.



તમને કેવી રીતે ખબર પડી કે અમે સૌરાષ્ટ્રમાં અમારી દીકરીને ત્યાં મહેમાનગતિએ જઈ રહ્યાં છીએ ?

*

ખૂબ વિચારવાયુ કે વૃદ્ધાવસ્થાને લીધે ઊંઘ ઊડી જાય ત્યારે ગંઠોડાનું ચૂર્ણ ૨ ગ્રામ જેટલું ગોળ તથા ઘી સાથે ખાવાથી ઊંઘ આવી જાય છે.

*

પિતા : 'મારાં સંતાનોને પૈસાની કિંમત નથી સમજાતી. શું કરું ?'
મિત્ર : 'થોડા એમની પાસેથી ઉછીના માગો.'

*

કલાકણિકા : વિક્ટોરિયા આલ્બર્ટ મ્યૂઝીઅમમાં ચિત્ર એલ-૧૧માં રાજસ્થાની છાંટવાળી શૈલીમાં ભારતીય પનઘટનું ચિત્ર

